|| શ્રીહરિઃ ||
|| શ્રી વાક્પતયે નમઃ ||

વૈષ્ણવ પરિવાર

શ્રીભાગવતાર્થ પ્રકરણ : સ્કન્ધ-૧

● વાર્ષિક વિશેષાંક - ભેટપુસ્તક ●

■ રચયિતા ■

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી

■ અનુવાદ-વિવેચન ■

શ્રી ડૉ. પીયૂષ એન. પરીખ, ભરૂચ

આદ્યતંત્રી : **શ્રી રમેશભાઈ વિ. પરીખ**
તંત્રી : **વસંતબેન ર. પરીખ**
પરામર્શક : **શ્રી વિજયભાઈ દેસાઈ**
શ્રી મુકેશભાઈ દલાલ
વ્યવસ્થાપક : **શ્રી અમિતભાઈ પરીખ**

વર્ષ : ૨૭ ■ અંક : ૧૦ ■ સળંગ અંક : ૩૨૮
જાન્યુઆરી-૨૦૧૧ : માગશર-પોષ - ૨૦૬૭ : શ્રીવલ્લભાબ્દ - ૫૩૩

શ્રીભાગવતાર્થ પ્રકરણના રચયિતા



શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી

સમર્પણ

શ્રીવલ્લભહી કો ભારી ભરોસો

શ્રી વલ્લભ, સાક્ષાત્ સ્વરૂપે તથા વાઙ્મય સ્વરૂપે સમજવા મારા જેવા મૂઢ મતિ માટે અશક્ય છે. ‘અશક્યે વા સુશક્યેવા સર્વથા શરણં હરિઃ’ આ શ્રીવલ્લભ આજ્ઞાએ મારા અને સૌ. વર્ષાના માથે બિરાજતા અમારા શ્રી....... નું શરણ દૃઢ કરાવ્યું.

‘રાઈ જીતની સેવાકો ફલ માનત મેરૂ સમાન’ - તે ન્યાયે અમારા શ્રી....... ની કૃપાથી અત્યારે સ્વવંશ સ્વરૂપે બિરાજતા શ્રીવલ્લભનો અનુગ્રહ થયો. આ અનુગ્રહ આ નામ સેવા રૂપે ફલિત થયો.

સમગ્ર વલ્લભકુલનું આ ઋણ મારા માથે સદાય શોભશે. શ્રી વલ્લભકુલ શિરમોરકો. શ્રી વલ્લભવંશને અભીક્ષ્ણશઃ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ નિવેદિત કરું છું. આ નામ સેવા ચરણકમલોમાં ભેટ ધરું છું.

પીયૂષના
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

એક વૈષ્ણવ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

|| શ્રીહરિઃ ||
|| શ્રી વાક્પતયે નમઃ ||

પ્રાક્કથન

શ્રીવલ્લભના કૃપાબળે 'વૈષ્ણવ પરિવાર' તેના પ્રકાશનના ૨૭ વર્ષ પૂર્ણ કરી ૨૮મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે.

આ વર્ષો દરમ્યાન 'વૈષ્ણવ પરિવાર'ના દરેક ગ્રાહકને એક વાર્ષિક વિશેષાંક-ભેટપુસ્તક આપવાનો મનોરથ સિદ્ધ થતો રહ્યો છે. એ પરંપરામાં આ વર્ષે શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિત અને શ્રી ડૉ.પીયૂષભાઈ પરીખ દ્વારા અનુવાદિત અને સંકલિત 'શ્રીભાગવતાર્થ પ્રકરણ : સ્કંધ-૧' પુસ્તક ભેટ પુસ્તક તરીકે અપાઈ રહ્યું છે, તેનો આનંદ છે.

શ્રીવલ્લભના ભૂતલ ઉપર પ્રાકટ્યનો એક હેતુ શ્રીમદ્ ભાગવતના ગૂઢ અર્થો પ્રકટ કરવાનો છે. આપશ્રીએ 'શ્રીભાગવતાર્થ પ્રકરણ' અને 'શ્રી સુબોધિનીજી'માં શ્રીમદ્ ભાગવતના શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યાર્થ, શબ્દાર્થ અને અક્ષરાર્થ એમ સાત પ્રકારે અર્થ સમજાવ્યા છે, કારણ આ સાત પ્રકારે અર્થ જાણનાર સમગ્ર શાસ્ત્રને સારી રીતે સમજી શકે છે. તેની બધી શંકાઓ દૂર થાય છે. તેમાંથી પ્રથમ ચાર અર્થ શ્રીભાગવતાર્થ પ્રકરણમાં સમજાવેલા છે.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધ, જેમાં વક્તા અને શ્રોતાના અધિકાર વર્ણવેલા છે, જેના ત્રણ પ્રકરણ છે અને ઓગણીસ અધ્યાય છે, તેને સમજાવતી લેખમાળા 'વૈષ્ણવ પરિવાર'માં પ્રકાશિત થઈ રહી છે. આ લેખમાળા વૈષ્ણવોને 'શ્રીભાગવતાર્થ પ્રકરણ' સમજવામાં ઘણી મદદરૂપ થતાં, તે પુસ્તક સ્વરૂપે પ્રાપ્ત થાય તેવી વૈષ્ણવોની લાગણીને માન આપી, આજે પ્રથમ સ્કન્ધનો આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે.

શ્રીવલ્લભકૃપા... એક વૈષ્ણવ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

આ ગ્રંથમાં સંપ્રદાયના વિદ્વાન અને ભાવુક લેખક શ્રી ડૉ.પીયૂષભાઈ પરીખે શ્રીમદ્ ભાગવત અને 'શ્રીભાગવતાર્થ પ્રકરણ'ના સઘન અભ્યાસ બાદ સરળ ગુજરાતીમાં પ્રથમ સ્કન્ધની ૧૩૩ કારિકાઓ (શ્લોકો)ને સમજાવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં ત્યાં કારિકાઓ સાથે મૂળ શ્રીમદ્ ભાગવતના શ્લોકો અને તેનો ગુજરાતી અનુવાદ પણ આપ્યો છે, જેનાથી વાચકો અને અભ્યાસુઓ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અર્થ, દરેક સ્કન્ધનો અર્થ, પ્રકરણોનો અને અધ્યાયોનો અર્થ, જે શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં સમજાવ્યો છે, તેને સારી રીતે સમજી શકે. આનંદરૂપ શ્રીહરિની દશવિધ લીલાઓને સમજી શ્રીમદ્ ભાગવતના અભ્યાસ દ્વારા ભક્તિરસને પામી શકે. તે માટે શ્રી પીયૂષભાઈને ભૂરિ ભૂરિ ધન્યવાદ ઘટે છે.

પુસ્તક પ્રકાશનના મુખ્ય મનોરથી **શ્રી પ્રકાશભાઈ પારેખ અને શ્રીમતી વર્ષાબેન પારેખ** (ભાવનગર-હ્યુસ્ટન-યુ.એસ.એ.) ની શ્રીવલ્લભની નામસેવાનો લાભ લેવાની ઉમદા ભાવના અને ઉદાર હૃદયની દ્રવ્યસેવાથી આ પુસ્તક 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ ગ્રાહકોને ભેટ પુસ્તક તરીકે અપાઈ રહ્યું છે. તેમજ અન્ય મનોરથી વૈષ્ણવોએ પણ ઉદારતા અને ભક્તિભાવથી આ નામસેવા કરી છે, તેમનો સૌનો આ પ્રસંગે હાર્દિક આભાર માની, તેમની ભાવનાને બિરદાવી, વંદન કરી સૌને ધન્યવાદ આપી, વિરમું છું.

- વસંતબેન પરીખ

'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ'નું વાર્ષિક લવાજમ સ્વીકારવાની શરૂઆત થઈ ગઈ છે.

'વૈષ્ણવ પરિવાર' વા. લવાજમ રૂા. ૮૦/-
'બાલપુષ્ટિ' વા. લવાજમ રૂા. ૬૦/-

કલ્પનાબેન એન. પટેલ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

પ્રસ્તાવના



શ્રી મહાપ્રભુજીએ ૮૪ ગ્રંથો લખ્યા છે તેવું માર્ગના વિદ્વાનો સ્વીકારે છે. આ પૈકી પ્રથમ રચના 'તત્ત્વાર્થદીપ-નિબંધ' છે તેવું પણ પ્રાયઃ સ્વીકૃત છે. પૃથ્વી પરિક્રમા દરમ્યાન તથા શાસ્ત્રાર્થ વખતે પોતાના વિચારો વ્યક્ત કરવામાં સરળતા થાય એ માટે આ ગ્રંથ રચાયો હોય તેવું વિદ્વાનો માને છે.

'તત્ત્વાર્થદીપ-નિબંધ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ ત્રણ પ્રકરણોનો સમાવેશ કર્યો છે. (૧) શાસ્ત્રાર્થ (૨) સર્વનિર્ણય (૩) શ્રીભાગવતાર્થ.

શ્રીમહાપ્રભુજીને શ્રીભાગવત માટે પુષ્કળ આદર છે. આપશ્રીના પ્રાણપ્રેષ્ઠ અને ઈષ્ટ શ્રીગોવર્ધનનાથજી છે. શ્રીઠાકોરજીનું નામાત્મક સ્વરૂપ જ શ્રીભાવગત છે. શ્રીભાગવતના ભાવ રૂપ ભૂષણથી ભૂષિત શ્રીમહાપ્રભુજી છે. આપશ્રીના દ્વિતીયકુમાર શ્રી વિઠ્ઠલનાથજી આજ્ઞા કરે છે.

શ્રીભાગવત પ્રતિપદ મણિવર ભાવાંશુ ભૂષિતામૂર્તિઃ ।
શ્રીવલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસસૌભાગ્યમ્ ॥

શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, વ્રજભૂમિ, વ્રજલીલા, શ્રુતિઓ, વનસ્પતિ, વ્રજભક્તો, સ્ત્રીઓ, લક્ષ્મીજી તથા ભક્તિ વગેરેને શ્રીમહાપ્રભુજી અત્યંત પ્રિય છે. તેથી જ આપ શ્રીવલ્લભ છે.

શ્રીવલ્લભ ત્રિતયાત્મક સ્વરુપ છે. 'સૌંદર્યં નિજ હૃદગતં.....' પદમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આનંદ સ્વરૂપ સદાનંદ કૃષ્ણને પણ નિત્યસિદ્ધા સ્વામિનીજી સ્વરૂપે પરમાનંદ દેનાર સાક્ષીવત્ શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપ તે જ શ્રીવલ્લભાચાર્યજી.

પ્રવિણાબેન સી. પટેલ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

સારસ્વત કલ્પ અને શ્વેતવારાહ કલ્પમાં પ્રકટ થયેલ પુષ્ટિપુરુષોત્તમ નિત્ય તો ગોલોકમાં બિરાજે છે. અહીં આનંદરૂપ હરિ અને તેમની આનંદપૂર્ણ લીલાઓમાં શ્રીવલ્લભ સદાય રમમાણ રહે છે. ગોલોકમાં નિત્ય અલૌકિક આનંદ છે.

આવા ભગવાને પોતાને ખેલવા માટે પોતાની ઈચ્છાથી જ એક ક્રીડાંગણનું સર્જન કર્યું. તે જગત કહેવાયું. તે જડ છે. અહીં ખેલવામાં આનંદ આવે તે માટે વિવિધ તથા વિધવિધ ચૈતન્ય યુક્ત જીવોનું નિર્માણ કર્યું. ભગવાન, પરમાત્મા અને સચ્ચિદાનંદ એક જ તત્ત્વ છે.

જગત એ સચ્ચિદાનંદનો સદ્ અંશ છે. ચિદ્ અને આનંદ અંશ તેમાં તિરોહિત છે. જીવમાં ચિદ્ અને સદ્ અંશ પ્રકટ છે. આનંદ અંશ ગુપ્ત રીતે બિરાજે છે. આવા જીવો પણ મુખ્યત્વે ત્રણ પ્રકારના. પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા. આ પૈકી દૈવી પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે શ્રીભગવદ્આજ્ઞાથી દૈવોદ્ધાર પ્રયત્નાત્મા ભૂતલે પધાર્યા.

નિરાંનદ જગતમાં આથડતા ગુપ્તાનંદ જીવોને કૃતાર્થ કરવા શ્રીવલ્લભદેવ સદાનંદ ગોલોકને ત્યજી અવતર્યા. કેટલા મોટા કૃપાનિધિ! અહીં સ્વકીયો માટે આપશ્રી સાકાર બ્રહ્મવાદ નિરૂપકઃ બન્યાઃ શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ બન્યા. 'ગોપિકા:ગુરવઃ પ્રોક્તા' એમ સમજાવી સેવા રીતિ પ્રીતિ વ્રજજન કી જન હિત જગ પ્રકટાઈ અને કૃષ્ણસેવા સદા કાર્યાની આજ્ઞા કરી.

ગુરુઃ સ્વરૂપથી અનોસરમાં ભોજન કર વિશ્રામ છિનક લે નિજ મંડલી બુલાઈ। વેણુગીત પુન યુગલ ગીતકી રસ બરખા બરસાઈ॥ પ્રમાણે કૃષ્ણકથાની આજ્ઞા કરી. 'સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્, યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપિતી મતિર્મમ' કહી જીવોને કરાલ કલિકાલમાં જીવવાની નૈતિક હિંમત આપી. કૃષ્ણપરાયણતાનો પ્રબોધ કર્યો.

હિતેષ એલ. સાગર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

સેવા અને કથાનું ઉદ્‌ગમસ્થાન એટલે શ્રીમદ્ ભાગવત. ભગવદ્ આજ્ઞા હોવાથી શ્રીભાગવતના આપે અર્થો કર્યા.

શ્રીભાગવત ભાવાર્થ વિભાવાર્થાવતારિત ।
સ્વામી સંતોષ હેતુ શ્રીવલ્લભઃ શરણંમમ ॥
-શ્રી હરિરાયજી.

આપશ્રીની પૂર્વ થયેલા આચાર્યોએ પોતાના વાદો પ્રસ્થાપિત કરવા પ્રસ્થાન ત્રયી (વેદો, શ્રીગીતા, બ્રહ્મસૂત્રો) ને પ્રમાણ ગણી.

જગદ્‌ગરુ અખંડભૂમંડાલાચાર્ય શ્રીમહાપ્રભુજીએ પોતાના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને સુદૃઢ અને પુષ્ટ કરવા ઉપર્યુક્ત પ્રસ્થાનત્રયીમાં શ્રીભાગવતને ચોથા પ્રમાણ તરીકે પ્રસ્થાપિત કરી પ્રમાણ ચતુષ્ટયનો નિર્દેશ કર્યો.

વેદાઃશ્રીકૃષ્ણવાક્યાનિ વ્યાસસૂત્રાણિ ચૈવહિ।
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તચ્ચતુષ્ટયમ્ ॥
(તત્ત્વાર્થદીપ-શાસ્ત્રાર્થ પ્રકરણ કા.૭)

ચોથા પ્રસ્થાન શ્રીભાગવતને વધુ સ્પષ્ટ સમજાવવા આપશ્રીએ વિષ્ણુ (શ્રીઠાકોરજી) અને શ્રીવ્યાસજીને પ્રિય એવા અર્થો પ્રકટ કરી પોતાના વાક્પતિ તથા વૈશ્વાનર સ્વરૂપની ઓળખ કરાવી. શ્રી સુબોધિનીજીના આરંભમાં રહસ્ય પ્રકટ કરે છે કે-

અર્થં તસ્ય વિવેચિતું નહિ વિભુર્વૈશ્વાનરાદ્યાકપતે-
રન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવચ્છ્રીપતિઃ ।
દત્ત્વાજ્ઞાં ચ કૃપાવલોકનપટુર્યસ્માદતોહં મુદા
ગૂઢાર્થં પ્રકટીકરોમિ બહુધાવ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ્ ॥

શ્રી મહાપ્રભુજીએ શ્રીભાગવતના ગૂઢ અર્થો ભાવાર્થ અને વિભાવાર્થ પ્રકારે પ્રકટ કર્યા છે. સાત પ્રકારે આ અર્થો છે. (૧) શાસ્ત્રાર્થ (૨) સ્કન્ધાર્થ (૩) પ્રકરણાર્થ (૪) અધ્યાયાર્થ (૫) શ્લોકાર્થ (વાકયાર્થ) (૬) શબ્દાર્થ (૭) અક્ષરાર્થ. આ પૈકીના પ્રથમ ચાર ભાવાર્થ આપશ્રીએ તત્ત્વાર્થદીપ નિબંધના ત્રીજા પ્રકરણ શ્રીભાગવતાર્થ પ્રકરણમાં બતાવ્યા છે અને છેલ્લા ત્રણ વિભાવાર્થ શ્રીસુબોધિનીજીમાં નિર્દેશ્યા છે. આ સાતેય અર્થોની એક વાકયતા આપશ્રીએ સિધ્ધ કરી છે.

કોકીલાબેન ગોવિંદભાઈ પરીખ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

શાસ્ત્રે સ્કન્ધે પ્રકરણે-ધ્યાયે વાકયે પદેક્ષરે ।
એકાર્થં સપ્તધા જાનન્-નવિરોધેન મુચ્યતે ॥
શ્રીભાગવતાર્થ પ્રકરણ કારિકા-૨

ઉપર બતાવ્યા પ્રમાણે સાત અર્થોમાં શાસ્ત્રાર્થ એ હરિની લીલા છે.

આનન્દસ્યહરેર્લીલા શાસ્ત્રાર્થો દશધા હિ સઃ ।
અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતયઃ ॥
મન્વન્તરેશાનુકથા નિરોધોમુક્તિરાશ્રયઃ ।
અધિકારી સાધનાનિ દ્વાદશાર્થાસ્તતોત્ર હિ ॥
(શ્રી ભાગવતાર્થ પ્રકરણ કારિકા ૩ અને ૪)

આનંદરૂપ હરિની લીલા એ આ સમગ્ર ભાગવત શાસ્ત્રનો અર્થ છે. આ લીલા-સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રયના નામથી દશ પ્રકારની છે

અધિકારીના ભેદ પ્રથમ સ્કન્ધમાં છે. સર્વ પ્રકારના જ્ઞાનને કહેનાર સાધનરૂપ (ભક્તિના અંગને કહેનાર) દ્વિતીય સ્કન્ધ છે.

શ્રીભાગવતાર્થ પ્રકરણની શરૂઆત કરતાં પહેલાં શ્રીમહાપ્રભુજી સર્વનિર્ણય પ્રકરણની અંતિમ ૩૨૯ મી કારિકામાં નિશ્ચય પ્રકટ કરે છે કે

શ્રીભાગવતતત્વાર્થમ્ અતો વક્ષ્યે સુનિશ્ચિતમ્ ।
યજ્જ્ઞાનાત્ પરમા પ્રીતિઃ કૃષ્ણં શીઘ્રં ફલિષ્યતિ ॥

શ્રીભાગવતનો અર્થ ન જાણીએ કે વિપરીત અર્થ જાણીએ તો શ્રવણ કરીયે છતાંય ભક્તિ ન થાય, ભલેને અધિકાર હોય તો પણ. શ્રી ભાગવતના

એક વૈષ્ણવ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સાચા અર્થોના જ્ઞાનથી ભક્તિ ઉત્પન્ન થાય છે. આવી ભક્તિ સ્થિર ન રહેતાં પ્રતિદિન વધતી જાય છે અને કૃષ્ણરૂપ ફલને શીઘ્ર પ્રાપ્ત કરાવી દે છે. આથી ભક્તિની ઈચ્છાવાળાએ સર્વથા શ્રીભાગવતાર્થ પ્રકરણનું અનુસંધાન કરવું.

શ્રીભાગવતશ્રવણ માટે ત્રણ અંગો જોઈએ. (૧) શ્રીભાગવતના તાત્પર્યનું જ્ઞાન (૨) ભક્તના મુખથી શ્રવણ (૩) સંસારમાં વૈરાગ્ય. આ ત્રણ પૈકી પહેલું અંગ શ્રીભાગવતાર્થ પ્રકરણના અવગાહનથી સિધ્ધ થાય છે. આમ શ્રીભાગવતાર્થ પ્રકરણ સંદેહ રહિત સ્પષ્ટ સમજવું આવશ્યક છે.

શ્રીભાગવતાર્થના સૂત્રાત્મક વક્તવ્યને સમજાવવા શ્રીમહાપ્રભુજીએ 'પ્રકાશ' નામની ટીકા કરી છે. અને ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી (લેખવાલા) એ આ ગ્રંથ સમજાવવા 'યોજના' નામની ટીકા કરી છે.

શ્રીભાગવતાર્થ પ્રકરણ-પ્રથમ સ્કન્ધ શ્રી હરસાનીજી ટ્રસ્ટ દ્વારા 'વૈષ્ણવ પરિવાર' ના ભેટ પુસ્તક રૂપે પ્રકટ થઈ રહ્યો છે તે મારા માટે અત્યંત રોમાંચ અને અલૌકિક આનંદપ્રદ ઘટના છે.

- પીયૂષના વંદન સહિત ભગવદ્સ્મરણ

ગંગાદશહરા
જેઠ સુદ-૧૦ સંવત ૨૦૬૭, ૨૧-૬-૨૦૧૦

■

કાન્તિલાલ છોટાલાલ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

પૂ. પા. ગો. ૧૦૮ શ્રી દ્રુમીલકુમારજી મહોદયશ્રી

(સુરત-વડોદરા)

પષ્ઠનિધિ સ્વરૂપ:
શ્રી બાલકૃષ્ણ પ્રભુ
(સુરત)
શ્રી નાગદમન શ્રીનાથજીપ્રભ
(વડોદરા)

પૂજ્ય શ્રીગુરુદેવને અમારા સદૈન્ય દંડવત્ પ્રણામ.

કૈલાસબેન પારેખ

પ્રકાશભાઈ પારેખ - વર્ષાબેન પારેખ

રત્ના અને ફાલ્ગુન શાહ - નિશિતા પારેખ

શ્રીભાગવતાર્થ પ્રકરણ-સ્કન્ધ-૧

અધિકારલીલા

શ્રીઠાકોરજીનો દક્ષિણ (જમણો) ચરણ કમલ

અધ્યાયો-૧૯, પ્રકરણો-૩, કારિકાઓ-૧૩૩

મતાન્તરમાં પ્રકરણો અને અધ્યાયો :

(૧) હીન અધિકાર પ્રકરણ-૧ થી ૩ અધ્યાય
(૨) મધ્યમ અધિકાર પ્રકરણ-૪ થી ૬ અધ્યાય
(૩) ઉત્તમ અધિકાર પ્રકરણ-૭ થી ૧૯ અધ્યાય

શ્રીમહાપ્રભુજીના મતે પ્રકરણો અને અધ્યાયો :

(૧) સામાન્ય અધિકાર પ્રકરણ-૧ થી ૯ અધ્યાય
(૨) અસામાન્ય અધિકાર પ્રકરણ-૧૦ થી ૧૮ અધ્યાય
(૩) ગુણાતીત અધિકાર પ્રકરણ-૧૯ મો અધ્યાય

પ્રત્યેક અધ્યાયમાં રહેલ કથાવિષય :

(૧) જિજ્ઞાસુ શ્રોતા શૌનકના ભાગવતજ્ઞ વક્તા સૂતને છ પ્રશ્નો. પ્રશ્નાધ્યાય
(૨) મત્સરરહિત શૌનકને ચતુર સૂતનો કર્મ, જ્ઞાન, અવતાર પ્રયોજન. લીલા સંબંધી ઉત્તર
(૩) શૌનકના શ્રવણ આદરથી રહસ્યજ્ઞ સુતે સંક્ષેપમાં વર્ણવેલા ભગવાનના ૨૪ અવતારો
(૪) ભગવદીય વ્યાસજીને ભગવત્કૃપા રૂપ અસંતોષ, વ્યાસાશ્રમમાં નારદનું આગમન
(૫) વ્યાસ-નારદ સંવાદ, નારદની પૂર્વ કલ્પની કથા, સાધનથી નારદને મળેલ ભગવદીયત્વ
(૬) ભગવદીય નારદજીને કૃપાથી ભગવદેકત્વનો અનુભવ, વ્યાસજીને સમાધિની પ્રેરણા

શ્રી જીતેન્દ્રભાઈ, શાંતાબેન ભૂતા તથા શ્રી પ્રશાંત ભૂતા (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

---

(૭) વ્યાસજીનું સમાધિમાં ભાગવત દર્શન. અશ્વત્થામાએ કરેલ દ્રૌપદીપુત્રોનો વધ. મુંઝાયેલા અર્જુનની કૃષ્ણ શરણાગતિ. પરીક્ષિતની પિતૃશુધ્ધિનું નિરુપણ અશ્વત્થામાનો પરાભવ
(૮) અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી દુ:ખી ઉત્તરાની કૃષ્ણશરણાગતિ. ગર્ભમાં પરીક્ષિત રક્ષા. કુન્તીસ્તુતિ (માતૃ શુધ્ધિ નિરુપણ) યુધિષ્ઠિર સંતાપ
(૯) યુધિષ્ઠિરને ભીષ્મોપદેશ, ભીષ્મસ્તુતિ (પોષકાન્તશુધ્ધિ નિરૂપણ)
(૧૦) પાંડવોનું સુખ, સૌની પ્રભુપરાયણતા (સ્વજન-સંસર્ગ. શુધ્ધિ નિરૂપણ) કૃષ્ણનું દ્વારકા પ્રસ્થાન
(૧૧) કૃષ્ણના દ્વારકાગમનથી ઉત્સવ, ભક્તસુખ (આગંતુક દોષાભાવથી સર્વ શુધ્ધિ નિરૂપણ)
(૧૨) પરીક્ષિતનો જન્મોત્સવ (મુખ્ય શુધ્ધિ નિરૂપણ).

પ્રત્યેક અધ્યાયમાં રહેલ કથાવિષય.

(૧૩) વિદુરજીના ઉપદેશ થી ધૃતરાષ્ટ્રની મુક્તિ (બીજ મુક્તિ)
(૧૪) અપશુકન જોતાં યુધિષ્ઠિરની ચિંતા. દ્વારકાથી આવેલ અર્જુનને શંકાપ્રશ્નો
(૧૫) પ્રભુનું સ્વધામગમન સાંભળી વૈરાગ્યથી પાંડવ પ્રસ્થાન મુક્તિ
(૧૬) પરીક્ષિતના લૌકિક સામર્થ્યનો સૂચક દિગ્વિજય, ભૂમિ-ધર્મ સંવાદ
(૧૭) પરીક્ષિત-ધર્મ સંવાદ, અલૌકિક સામર્થ્યસૂચક કલિનિગ્રહ
(૧૮) પરીક્ષિતના વૈરાગ્યને પ્રકટ કરતો ઋષિકુમારનો તક્ષકદાહશાપ.
(૧૯) રાજયનો ત્યાગ કરી પરીક્ષિતનું ગંગા કિનારે પ્રાયોપવેશન, ઋષિસમાગમ, શ્રીશુકજીનું આગમન, સત્સંગ અને બે પ્રશ્નો.

કારિકાઓ :

ઉપોદ્ઘાત - કારિકા ૧ થી ૧૨½
પ્રથમ સ્કંધ વિચાર - કારિકા ૧૩ થી ૧૩૩. તેની અંતર્ગત

ભક્તિ આશર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

અન્ય મતમાં રહેલ પ્રકરણ વિભાગ : કારિકા ૧૩ થી ૧૪½ (બે શ્લોકો)

પ્રથમ પ્રકરણનો વિચાર : કુલ પર(બાવન) કારિકાઓથી ૧૫ થી ૬૬½

બીજા પ્રકરણનો વિચાર : કુલ ૧૩॥ કારિકાઓ ૬૭ થી ૮૦ આ પૈકી

૬૭ થી ૭૧½ આ પાંચ કારિકાઓમાં સૂત પૌરાણિકનાં વચનોનો વિચાર કરતાં આ પ્રકરણનો ઉપોદ્‌ઘાત છે.

૭૨ થી ૭૩(અડધી) આ દોઢ કારિકાથી નારદજીના કથનમાં પ્રથમ હેતુરૂપ પ્રસંગને કહ્યો છે.

૭૩(અડધી)થી ૮૦ આ ૬॥ કારિકામાં મધ્યમ અધિકાર પ્રકરણમાં શ્રોતા-વક્તાના અધિકારનો નિર્દેશ કર્યો છે.

ત્રીજા પ્રકરણનો વિચાર-કુલ ૫૩ કારિકાઓ-૮૧ થી ૧૩૩

■

રમાકાંત ચુનીલાલ શાહ, ગો. વા. જયાબેન રમાકાંત શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

તત્ત્વાર્થદીપ નિબંધ

પ્રકરણ-૩ : શ્રીમદ્ ભાગવતાર્થ પ્રકરણ-કારિકાઓ

શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા ।
સર્વભક્તસમુદ્ધારં વિસ્ફુરન્તં પરં નુમઃ ॥૧॥
શાસ્ત્રે સ્કન્ધે પ્રકરણેઽધ્યાયે વાક્યે પદેઽક્ષરે ।
એકાર્થં સપ્તધા જાનન્નવિરોધેન મુચ્યતે ॥૨॥
આનન્દસ્ય હરેર્લીલાશાસ્ત્રાર્થો દશધા હિ સા ।
અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતયઃ ॥૩॥
મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રયઃ ।
અધિકારી સાધનાનિ દ્વાદશાર્થાસ્તતોઽત્ર હિ॥૪॥
નિરુપ્ય સંખ્યાં સ્કન્ધા હિ દ્વાદશૈવ ન ચાન્યથા ।
તૃતીયાદિદશ સ્કન્ધેલીલા દશવિધોદિતા ॥૫॥
શ્રોતુર્વક્તુશ્ચ લક્ષ્માદ્ય દ્વિતીયે ત્વંગનિર્ણયઃ ।
ઈતીદંદ્વાદશસ્કન્ધં પુરાણં હરિરેવ સઃ ॥૬॥
પુરુષેદ્વાદશત્વં હિ સક્થૌ બાહુ શિરોઽન્તરમ્ ।
હસ્તૌ પાદૌ સ્તનૌ ચૈવ પૂર્વં પાદૌ કરૌ તતઃ ॥૭॥
સક્થૌ હસ્તસ્તતશ્ચૈકો દ્વાદશશ્ચાપરઃ સ્મૃતઃ ।
ઉત્ક્ષિપ્ત હસ્તઃ પુરુષો ભક્તમાકારયત્યુત ॥૮॥
સ્તનૌ મધ્યં શિરશ્ચૈવ દ્વાદશાંગતનુર્હરિઃ ।
પાદૌ સક્થૌ કટિર્ગુહ્યં ઉદર હૃદયં કરૌ ॥૯॥
મુખ લલાટો મૂર્ધાચ કેચિ દેવં હરિં જગુઃ ।
એતદ્ધારણમાત્રેણ કૃષ્ણો ભવતિ વૈ ધૃતઃ ॥૧૦॥
અર્થતસ્તુ પરિજ્ઞાતે જ્ઞાતો ભક્તિં પ્રયચ્છતિ ।
એષા સમાધિભાષા હિ વ્યાસસ્યા મિત તેજસઃ ॥૧૧॥
લૌકિકી ચાન્યભાષા ચ સમાધેઃ પૌષિકે તુ તે ।
તે પ્રમાણમભિપ્રાયાત્ સર્વથા પૂર્વવન્ન હિ ॥૧૨॥

ફ્રીમોન્ટ સત્સંગ મંડળ તરફથી હ. હસુમતી બી. શાહ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

ન તદ્વિરોધો દોષાય તે વક્ષ્યેડવસરે સ્બકે।
ભેદત્રયં તથા ચાદ્યે હીનમધ્યોત્તમત્વતઃ ॥૧૩॥
તલ્લક્ષણોડધિકારી હિ વકતું શ્રોતુમિહાર્હતિ ।
આદ્યેડધ્યાયત્રયં મધ્યે તથા ચાન્તે ત્રયોદશ ॥૧૪॥
એવમેકોનવિંશત્યા પ્રથમ સ્કન્ધ ઈરિતઃ ।
કથામાત્રં શુકો રાજ્ઞે કથયિષ્યતિ યદ્વિવૈ ॥૧૫॥
તત્રોતરાણિ પ્રશ્નાશ્ચ તચ્છ્રુત્વા સૂત આહયત્ ।
શૌનકેભ્યઃ પ્રશ્નપૂર્વં તત્સર્વં ભાવિ હૃદગતમ્ ॥૧૬॥
અનાગતકથારુપં શ્લોકરુપેણ વૈહરિઃ ।
વ્યાસરુપોડવતીર્યાદ્ય મંગલાદિપુરઃ સરમ્ ॥૧૭॥
પ્રસંગપૂર્વકં ચાહ સમાધાવુપલભ્ય હિ ।
સાકાર બ્રહ્મશુદ્ધંહિ માયા તચ્છકિતરુત્તમા ॥૧૮॥
તથા સર્વત્ર સમ્મોહઃ સાક્ષાદ્ભક્તિશ્ચમોચિકા ।
ઈમમર્થં હરિશ્ચાહ બ્રહ્મણે નારદાય સઃ ॥૧૯॥
કૃષ્ણો મોહં સમુત્પાદ્ય સાધનાનાં નિરાકૃતિમ્ ।
વ્યાસે પ્રોવાચ ધર્મજ્ઞે યદ્વાકયં સકલે પ્રમા ॥૨૦॥
અભિમાનાન્નારદોક્ત ન સમ્યગવભાતિ હિ ।
અતસ્તદુકતમેવાર્થં સમાધાવુપલભ્ય હિ ॥૨૧॥
વૈલક્ષણ્યં સમસ્તેભ્યો જ્ઞાત્વાપશ્ચાદિદં જગૌ ।
રીત્યા યદન્યયા પ્રાહઅધિકારાસ્તતો મતાઃ ॥૨૨॥
પ્રસહઃસાધનફલાન્યાહ પ્રકરણે ત્રયે ।
અન્તે મધ્યે તથા ચાદૌ તીર્થ યજ્ઞૈર્મહાઝશુચિઃ ॥૨૩॥
કૃષ્ણં પૃચ્છતિ યત્નેન કૃપાસત્સંગસંભવે ।
સામાન્યતો બુભુત્સાં હિ વક્તા વારયતિ સ્વયમ્ ॥૨૪॥
ઉત્કંઠા ચેત્તતોડપિસ્યાત્ કથા પ્રક્ષેપણં તતઃ ।
તતો વિશેષપ્રશ્નશ્ચે દ્વાચ્યં રીતિરિયં સદા ॥૨૫॥

પદ્માબેન શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

વક્તાધિકારી સર્વજ્ઞઃસમ્પ્રદાયેન સન્મુખાત્ ।
શ્રુતભાગવતો ભક્તો દ્ર વિરકતસ્તથા દિમઃ ॥૨૬॥
સૂતત્વાદ્ વૃત્તિરેષા હિ તસ્માન્ન ફલિતં તથા ।
યદ્યપ્યેષા ન વિક્રીતા નામવિક્રયણાત્તથા ॥૨૭॥
નારદસ્યાધિકારિત્વાત્ કાર્યાવેશાત્તુ સર્વતઃ ।
ન વૈરાગ્યં દૃઢં જાતં તેન મધ્યમ ઈર્યતે ॥૨૮॥
શુકેપૂર્વોકતદ્વિતયં નાસ્તિ તેનોત્તમઃ સદા ।
દૃઢભકતૌ શીઘ્રલયે કથૈવ પ્રતિબંધિકા ॥૨૯॥
યાગાદિકરણાસકત્યા શિષ્યાણાં ચૈવ સંગ્રહાત્ ।
વકતુઃ સ્વસ્યોત્તમજ્ઞાનાત્ ફલં સર્વં ન શૌનકે ॥૩૦॥
દૃઢજ્ઞાનાત્ કર્મણા તુ ભક્ત્યા યુક્તેન મોક્ષ્યતે ।
સ્વતસ્તર્કપરિજ્ઞાનાદવતારાચ્ચ મધ્યમઃ ॥૩૧॥
નાના સાધનવિજ્ઞાનાત્ સંવ્વાદન્નારદપ્રમા ।
શુકોકિત માત્રતસ્તસ્ય નિઃસંદેહહાત્ફલં ભવેત્ ॥૩૨॥
તસ્યોત્તમત્વં તત્રૈવ વક્ષ્યે પ્રકરણોત્તમે ।
સ્વાધિકારનિરુપાર્થં સામાન્યેનોત્તરં સ્મૃતમ્ ॥૩૩॥
કથાક્ષેપસ્તુમુખ્યાર્થઃ પ્રથમં તેન પૂરિતમ્ ।
અધિકારસ્તુ સમ્પન્નઃ કથા પશ્ચાદ્ભવિષ્યતિ ॥૩૪॥
નિષ્પત્તિશ્ચ પ્રવૃત્તિશ્ચ હેતુપૂર્વમુદીરિતે ।
સૂતેન નાધિકારેણ દ્વિરુપત્વમતસ્તયોઃ ॥૩૫॥
મધ્યમે સ્વાધિકારિત્વં હેતૂકત્યૈવ નિરુપણમ્ ।
અનિષ્પત્તોરાદ્યવચ્ચ પ્રશ્નોત્તર નિરુપણમ્ ॥૩૬॥
ઉત્તમે પ્રશ્ન એવાદ્યે સ્કન્ધે શ્રોત્રધિકારકૃત્ ।
સ્પષ્ટત્વાન્ન વિશેષેણ વક્તુરુકતાધિકારિતા ॥૩૭॥
સામાન્ય મંગકથનમેકોકત્યૈવોક્ત વાઝશુકઃ ।
સામાન્યશ્ચ વિશેષશ્ચ પ્રશ્ન આદ્યે દ્વિધા મતઃ ॥૩૮॥
અતોડધ્યાયદ્વયં પ્રોકતમુત્તરે સૂચિતં પરમ્ ।
સંપૂર્ણૈનૈવ સર્વેષામુત્તરં સંભવિષ્યતિ ॥૩૯॥

તરૂણાબેન અંબાણી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

અત એવ સમસ્તસ્ય પ્રશ્નાધ્યાયોઽયમીરિતઃ ।
ભગવાન્ પ્રતિપાદ્યોઽત્ર ષડર્થા ભગશબ્દ્ગાઃ ॥૪૦॥
તસ્માત્ષડેવ સંપ્રશ્ના અભિનંદસ્તથૈવયત્ ।
જ્ઞાનવૈરાગ્યધર્માણામૈશ્વર્યયશસોઃ શ્રિયઃ ॥૪૧॥
સમૂહો ભગશબ્દાર્થઃ કૃષ્ણસ્તદ્વાનિહોચ્યતે ।
ચતુર્ણાંપ્રથમેઽધ્યાયે દ્વયોઃ કૃષ્ણેન ચાપરે ॥૪૨॥
ઐશ્વર્યધર્મયો રુપમન્યેષાં પ્રથમે જગૌ ।
મંગલં પ્રકૃતોત્કર્ષઃ પ્રસંગઃ સુતસંસ્તુતિઃ ॥૪૩॥
પ્રશ્નઃ સાધારણો હેતુઃ પ્રશ્નો જ્ઞાન પરઃ પરઃ ।
કૃષ્ણે ચતુર્ધાવેદેતુદ્વયં તેન દ્વિધા મતમ્ ॥૪૪॥
પ્રયોજનક્રિયારુપૈર્વિદ્યમાનવિમોચકઃ ।
શ્રવણાદરમધ્યાસ્તે ત્રયઃપ્રશ્નાઃક્રમાત્ કૃતાઃ ॥૪૫॥
અગ્રે કેન વિમોચેત તદર્થં ચ સ્વયોગ્યતામ્ ।
પૂર્વમાહતતઃપ્રશ્નંપ્રથમાધ્યાયસંગ્રહઃ ॥૪૬॥
ઉત્સાહસંગતિઃ પ્રહ્મઃ શાસ્ત્રારંભોપદેશનમ્ ।
પ્રશ્નાભિપ્રાયકથને નાભિનન્દનમુક્તવાન્ ॥૪૭॥
પંચભિઃ પર્વનિર્ધારો દ્વિતીયે દ્વાદશ સ્મૃતાઃ ।
એવં વેદાર્થનિર્ધારે શ્લોકાઃ સપ્તદશ સ્મૃતાઃ ॥૪૮॥
ધર્મજ્ઞાનાર્થનિર્ધારાચ્છ્વણાદિભિરાદરાત્ ।
પ્રેમોત્પત્તૌ હરિઃ પ્રીતસ્તેન સર્વં ભવેદિતિ ॥૪૯॥
જન્મકારણલીલે ચ સપ્તભિઃપંચભિર્વ્યધાત્ ।
ભક્તોદ્ધારો ભક્તિસિદ્ધિઃ ક્રમાદેવતયોઃફલમ્ ॥૫૦॥
સત્વનિર્ધારણે પંચ ગુણાતીતે દ્વયં સ્મૃતમ્ ।
વિશેષભક્તિસિધ્યર્થં વિચારોઽત્ર નિરુપિતઃ ॥૫૧॥
સામાન્યતોઽસ્ય મૂલત્વકથનાય વિશેષતઃ ।
નોક્તં સ્વરુપાવિજ્ઞાનાત્ ફલવાક્યં મૃષા ભવેત્ ॥૫૨॥

પંકજભાઈ આર. પટેલ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

અતસ્તદુકત્વા પશ્ચાત્તુ કુન્તીવાકયે વદિષ્યતે ।
ઉત્પાદનં પ્રવેશશ્ચ નાનાત્વં યોગરક્ષણે ॥૫૩॥
પૂર્વં પંચવિધા લીલા દ્વિતીયસ્તેન પૂરિતઃ ।
આવિર્ભાવોઽવતારશ્ચતુલ્ય સત્ત્વ શરીરતઃ ॥૫૪॥
અશુદ્ધિશુદ્ધિભેદેન નિર્ગુણઃ કૃષ્ણ એવ હિ ।
જ્ઞાનશકત્યા ક્રિયાશકત્યા ચાવતારં કરોત્યજઃ ॥૫૫॥
વરાહાદિસ્વરૂપેણ બલકાર્યં જનાર્દનઃ ।
દત્તવ્યાસાદિરુપેણ જ્ઞાનકાર્યં તથા વિભુઃ ॥૫૬॥
મત્સ્યઃ કૂર્મો વરાહશ્ચ સિંહવામન ભાર્ગવાઃ ।
મન્વન્તરાવતારાશ્ચ વ્યાસબુધ્ધૌ ચ રાઘવઃ ॥૫૭॥
કપિલોદત્તઋષભઃ શિશુમારો રુચેઃ સુતઃ ।
નારાયણો હરિઃ કૃષ્ણસ્તાપસો મનુરેવ ચ ॥૫૮॥
મહિદાસસ્તથા હંસઃ સ્ત્રીરુપો હયશીર્ષવાન્ ।
તથૈવ વડવાવકત્રઃ કલ્કિર્ધન્વન્તરિઃ પ્રભુઃ ॥૫૯॥
ઈત્યાદ્યાઃ કેવલઃ કૃષ્ણઃ શુદ્ધસત્ત્વેન કેવલઃ ।
શ્રીબ્રહ્મરુદ્રશેષાશ્ચ વીન્દ્રેન્દ્રૌ કામ એવ ચ ।
કામપુત્રોઽનિરુધ્ધશ્ચ સૂર્યશ્ચન્દ્રૌ બૃહસ્પતિઃ ॥૬૦॥
ધર્મ એષાં તથા ભાર્યા દક્ષાદ્યા મનવસ્તથા ॥૬૧॥
મનુપુત્રાશ્ચ ઋષયો નારદઃ પર્વતસ્તથા ।
કશ્યપઃ સનકાદ્યાશ્ચ વહ્ન્યાદ્યાશ્ચૈવ દેવતાઃ ॥૬૨॥
ભરતઃ કાર્તવીર્યશ્ચ વૈન્યાદ્યાશ્ચક્રવર્તિનઃ ।
ગયશ્ચ લક્ષ્મણાદ્યાશ્ચ ત્રયો રોહિણીનંદનઃ ॥૬૩॥
પ્રદ્યુમ્નો રૌકિમણેયશ્ચ તત્પુત્રશ્ચાનિરુદ્ધકઃ ।
નરઃ ફાલ્ગુન ઈત્યાદ્યા વિશેષાવેશિનો હરેઃ ॥૬૪॥
જ્ઞાન ક્રિયોભયયુતઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્ ।
માહાત્મ્યજ્ઞાપને મુક્તિસ્તદર્થં બંધનિર્ણયઃ ॥૬૫॥
નિત્યમુકતત્વકથનં દુર્જ્ઞેયત્વં ચ વૈ હરેઃ ।
વિવૃતિસ્તસ્ય પૂર્વૈર્હિ કૃતા યેનાદિમધ્યયોઃ ॥૬૬॥

વિનોદબાળા સી. પરીખ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

ભક્તિઃ સિધ્યતિ તત્ક્ષેપઃ પ્રતિજ્ઞા ચાત્ર પૂરણમ્ ।
પૂર્વં સંભાવનામાત્રાત્ પૃષ્ટે દત્યોત્તરં સ્વતઃ ॥૬૭॥
ગ્રંથોડપ્યસ્તીતિતિરછ્રુત્વા શૌનકો હર્ષસમ્પ્લુતઃ ।
સ્વરુપોત્પત્તિહેતૂનાં પાઠાધ્યાપનયોરપિ ॥૬૮॥
અયુક્તત્વાત્તુ સંપ્રશ્નો હ્યર્થસ્યાલૌકિકત્વતઃ ।
શ્રોતુઃ સર્વપરિત્યાગાત્ શ્રવણે કિં પ્રયોજનમ્ ॥૬૯॥
સ્વત એવોત્તમત્વાચ્ચ કૃષ્ણાનુગ્રહણાદપિ ।
અતસ્તજન્મ સંપ્રશ્નઃ કૃષ્ણભક્ત્યા પ્રસંગતઃ ॥૭૦॥
પ્રશ્નત્રયેડથ સંપન્ને હેતુપૂર્વં દ્વિધોત્તરમ્ ।
ઉપોદ્‌ઘાતો હેતુરુપસ્ત્રયાણાં રૂપમેવ ચ ॥૭૧॥
મધ્યમોડયમુપોદ્‌ઘાતઃ ફલપર્યવસાનતઃ ।
યદ્ વાક્યાત્ સર્વવિશ્વાસઃ ફલે તસ્ય વિપર્યયઃ ॥૭૨॥
કલૌ ફલં તદુકતં કિમિત્યનિર્વૃતિવર્ણનમ્ ।
ઉત્તરં ચ કૃતિશ્ચૈકં નારદસ્ય ફલં પૃથક્ ॥૭૩॥
તદીયત્વં ચ તત્વં ચ મધ્યમોત્તમયોઃ ફલે ।
સત્સંગો જ્ઞાનવિજ્ઞાને કર્મનિર્ણય એવ ચ ॥૭૪॥
ઉક્તસ્યાનુભવાન્તત્વં વર્ણિતં નારદેન હિ ।
શબ્દબ્રહ્મણિ નિષ્ણાતો ન પરસ્નાનતઃ પુરા ॥૭૫॥
ફલં ભવેદિતિ સ્વસ્ય ફલાધ્યાય નિરુપણમ્ ।
શ્રોતુઃ ફલં નાવતારાદવતારફલં ફલમ્ ॥૭૬॥
તદુક્તમન્યશેષત્વાદુત્તરત્ર ન મધ્યમે ।
પ્રતિબંધ નિવૃત્તિશ્ચ સાધનાચરણં તથા ॥૭૭॥
રાગાભાવાત્ફલં કૃષ્ણવાકયાન્મધ્યમમીરિતમ્ ।
દુઃખાભાવાત્ સ્વતન્ત્રત્વાદ્ ભયાભાવાચ્ચ સંસૃતેઃ ॥૭૮॥
ફલત્વંસ્ફુરણં ચાપિ સર્વદાવાન્તરં ફલમ્ ।
નાત્મવત્કરણં યુક્તં બોધનં પ્રીણનાદ્ધરેઃ ॥૭૯॥

જમુબેન મહેતા (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

અવિશ્વાસાત્ સ્વકથંન વારિતં નારદેન વૈ ।
સત્યં તદિતિ વિજ્ઞાનાત્ સ્તુતિસ્તસ્યાત્રપૂરણમ્ ॥૮૦॥
ઉપોદ્‌ઘાતો ગ્રથંમાત્રે પ્રશ્ન એકસ્તતઃ કૃતઃ ।
વક્તુશ્ચાપિ પૃથક્ પ્રશ્નઃ ફલસિદ્ધેસ્તુ પૂર્વવત્ ॥૮૧॥
માહાત્મ્યં સર્વનિર્ધારો યસ્માદત્રૈવ વર્ણિતઃ ।
શ્રુતિમાત્રાત્તતો ભક્તિરવિશ્વાસાન્ન રાગિણઃ ॥૮૨॥
ફલે સિદ્ધેડપિસેવ્યેયં વિષયોત્કર્ષતઃ કૃતેઃ ।
અત એવૈષ્યવિજ્ઞાનાદાત્મજ્ઞાપનસૂચનમ્ ॥૮૩॥
સ્વરપરપ્રતિબંધોનં સ્ફીતં રાજયં જહૌ નૃપઃ ।
ઈતિ વૈરાગ્યદાર્ઢયોકત્યૈ પ્રોકતા દ્રૌણિજયાદયઃ ॥૮૪॥
ઈતિકેચિદિહપ્રાહુઃ નૈતત્ સાધુતરં વચઃ ।
દ્રોણેર્જયે ન સોડસ્ત્યેવ ન દાતુઃ પ્રતિબંધતા ॥૮૫॥
નચ કૃષ્ણકથા યુકતા સ્તુતિર્મોહકથાપિ વા ।
પ્રતિબંધસ્તુ સંપ્રાપ્તે તસ્માદષ્ટકથા મુધા ॥૮૬॥
પુરુષત્રયશુદ્ધસ્ય જનનેડપિ કૃપાવતઃ ।
સર્વત્યાગે સતાં સંગે વિશ્વાસઃ સર્વથા ભવેત્ ॥૮૭॥
ઈતિ તસ્યાધિકારિત્વ સિદ્ધયૈ પાંડવવર્ણનમ્ ।
અપૃષ્ટં ચ પ્રતિજ્ઞાતં તસ્માન્નાસ્ત્યત્ર દૂષણમ્ ॥૮૮॥
વિદ્યમાને સમુદ્ધારસ્તત્રાત્યાનાં સ્વયં કૃતઃ ।
સ્વાભાવે તુ કથૈવ સ્યાદિત્યનન્તર ઉકતવાન્ ॥૮૯॥
ઐહિકેડપિ સમસ્તં હિ યેષાં કૃષ્ણાનુભાવિતમ્ ।
તદ્‌વંશે વ્યવધાનેન જાતઃ શ્રદ્ધાત્ર તસ્ય હિ ॥૯૦॥
યત્રપાંડવસામર્થ્યં પ્રતીત્યાપિ વિભાવ્યતે ।
તત્યકત્વા કૃષ્ણસામર્થ્યં કેવલં યત્રતત્કથા ॥૯૧॥
અનન્યશરણત્વાય રક્ષણાશકિતતઃ સ્વતઃ ।
પુત્રમારણમારભ્ય મુકત્યન્તા વર્ણતે સ્ફુટા ॥૯૨॥

લીલાબેન દેસાઈ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

તેષામમુક્તૌ ભોગાર્થં પ્રતિબંધો ભવેત્ક્વચિત્ ।
પિતુઃ સમ્મુખયુદ્ધ હિ મૃતત્વાત્ કૃષ્ણબાંધવાત્ ॥૯૩॥
ચંદ્રાંશત્વાદવભાવાત્ પ્રતિબંધો ન વિદ્યતે ।
પાંડવાનાં દ્વિધા દુઃખં ભિન્નાભિન્ન વિભેદતઃ ॥૯૪॥
અભિન્નં પરતોઽજ્ઞાનાદ્વિધાજ્ઞાનં દ્વિધા પુનઃ ।
બ્રહ્મજીવવિભેદેન ત્રિધા તદ્વિફલિષ્યતિ ॥૯૫॥
અતોઽધ્યાયત્રયં તત્ર પ્રથમે સ્વેષ્ટપૂરણાત્ ।
દુઃખહાનિર્હરેરેવ તદર્થં સ્તોત્રમીરિતમ્ ॥૯૬॥
દુઃખે સુખે તથા મુકતૌ સ્તોત્રં કુર્યાદિતિ ત્રિધા ।
અધિકારે સ્તુતિઃ પ્રોક્તા તત્તદાસક્તિવારિકા ॥૯૭॥
અર્જુનઃ સર્વમુખ્યત્વાત્ પૃથા નૈકટયતો વરા ।
સર્વજયેષ્ટસ્તથા ભીષ્મઃ કર્તારઃ ક્રમતોઽવરાઃ ॥૯૮॥
સર્વથા સંસ્તુવીતે તિ મુખ્યે ફલતિ સર્વદા ।
સર્વત્ર ભકતરક્ષા હિ સામાન્યેન વિશેષતઃ ॥૯૯॥
અત્યાસકત્યા પિ તદ્રક્ષા ભજનોત્સાહવર્ધિકા ।
સુતાનાં નિધનં વિપ્રાદયુદ્ધ ઈતિ રોદનમ્ ॥૧૦૦॥
સાન્ત્વનં ચ પ્રિયાર્થં હિ ન સત્યવચનં મતમ્ ।
ભક્તેષ્ટપૂરણાત્ કૃષ્ણો ન વારયતિ દોષવિત્ ॥૧૦૧॥
સમથત્વાત્ પ્રેમસિદ્ધયૈ દૈત્યાંશત્વાત્તથાવચઃ ।
ભીમસ્યાસન્યાવતારાત્ સહજદ્વેષભાવતઃ ॥૧૦૨॥
સંહારશકતેર્દ્રૌપદ્યા ઉભયોઃ સમતા હરેઃ ।
ઉભયાત્મકત્વકથનં સર્વપ્રિયહિતાય હિ ॥૧૦૩॥
અર્જુનસ્ય તુ વિજ્ઞાનમાવેશિત્વાન્ન ચાન્યથા ।
આતુરત્વ વિલાપશ્ચ પૂર્વવત્ સુપ્તમારણમ્ ॥૧૦૪॥
પુનરસ્ત્રસમુત્ક્ષેપો ગર્વાભાવાય કારિતઃ ।
અનિવર્ત્યં નિવર્ત્યં ચ બ્રહ્માસ્ત્રં દ્વિવિધં મતમ્ ॥૧૦૫॥
અનિવર્ત્ય સમુત્ક્ષેપો નાસ્ત્યેવ મરણેઽપિહિ ।
શાસ્ત્રાદેવાત્તયોઃ સિદ્ધિસ્તેજ સ્તેન મહદ્ભવેત્ ॥૧૦૬॥

કુમુદબેન ઈન્દ્રદમન શાહ પરિવાર (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

સર્વોપાયપરિભ્રષ્ટો મૃતકલ્પો ગુરોઃ સુતઃ ।
અત્યુપાસનયા પ્રાપ્તં બ્રહ્માસ્ત્રં ક્ષિપ્તવાન્ પિતુઃ ॥૧૦૭॥
ઉત્તરા પરમાભકતારોહિણ્યંશા હરેઃ સુહૃત્ ।
શરણાગમનં કૃષ્ણસ્તુતિપૂર્વં ચ દર્શનમ્ ॥૧૦૮॥
ઉત્તરાયાસ્તુ ભકતત્વ જ્ઞાપનાયાવનં તથા ।
કૃષ્ણદૂરત્વતઃ પૂર્વં પ્રવિષ્ટસ્ય તથાવનમ્ ॥૧૦૯॥
પરીક્ષિજજ્ઞાન સિદ્ધયર્થં બહુકાલ સ્થિતિર્હરેઃ ।
અન્યતેજોલયઃ સ્વસ્મિન્ પ્રકાશકથનં તથા ॥૧૧૦॥
આસકિતર્ગર્વાભાવેન ભજનાર્થં યતઃ સ્તુતિઃ ।
પ્રતિભાતઃ કૃતેશ્ચાપિ જ્ઞાતઃ કૃષ્ણો વિશેષતઃ॥૧૧૧॥
સર્વનિર્ણયપૂર્વં હિ યાવન્ન ગુરુણોદિતઃ ।
તાવન્મોહસ્થિતિર્જીવ ઈતિ મોહસ્ય વર્ણનમ્ ॥૧૧૨॥
ઉકતેઃ સ્વાચારતો દાઢર્યજ્ઞાપનાયાં તતઃ સ્તુતિઃ।
મુકિતશ્ચાનુપદં તસ્ય સર્વસન્દેહવારિકા ॥૧૧૩॥
દુઃખહાનિસ્ત્રિભિઃ પ્રોક્તા સુખં ચાપિ તથા ત્રિભિઃ।
સ્વસ્ય સામાન્યતઃ પૂર્વ કૃષ્ણપ્રેમપુરઃ સરમ્ ॥૧૧૪॥
તદુદ્રેકો વિયોગે સ્યાત્તદર્થં કૃષ્ણ નિર્ગમઃ ।
કૃષ્ણસૌખ્યે હિ તત્સૌખ્યમિતિ મૂલે સુખાભિધા॥૧૧૫॥
પશ્ચાચ્ચ પુત્ર સમ્પત્યા વિશેષેણોપવર્ણ્યતે ।
મુકિતસ્ત્રિભિસ્તથા પ્રોકતા બીજકાર્યફલૈઃ સ્ફુટા ॥૧૧૬॥
પૂર્વજાનાં તથા મુકિતઃ સ્વસ્ય ત્યાગે હિ સાધનમ્ ।
ત્યાગેકૃષ્ણલયશ્ચૈવ સર્વેષામુદિતઃ સ્ફુટઃ ॥૧૧૭॥
તત્રત્યાનાં તદંગત્વં ટીકાયામેવ વર્ણિતમ્ ।
પરીક્ષિતસ્તથા ધ્યાયચતુષ્ટયમુદીર્યતે ॥૧૧૮॥
રાજ્યત્યાગવિભેદેન રાજયે દૈવિધ્યમેવ ચ ।
સાર્થ્યસ્ય દ્વિરુતત્વાલ્લૌકિકાલૌકિકત્વતઃ ॥૧૧૯॥
સર્વપૃથ્વીજયઃ પૂર્વઃ કલેશ્ચાપિ તથા પરઃ ।
ધરણીધર્મસંવાદસ્તયોર્ભીતત્વસૂચકઃ ॥૧૨૦॥

ભારતીબેન રણછોડભાઈ ઠક્કર (વિસનગર)ના જયશ્રીકૃષ્ણ.

તત્સ્થાસ્તેન કૃતાર્થાશ્ચ સુતરાં કલિના હતાઃ ।
યો રક્ષકસ્તયોઃ પશ્ચાત્કલિમિગ્રહતો મહાન્ ॥૧૨૧॥
તસ્યાપિ કૃષ્ણકથયાગતિરન્યકથા તુકા ।
કૃષ્ણાસકત્યા પાંડવાનાં નોત્સાહઃકલિનિગ્રહે ॥૧૨૨॥
કલિદોષાભિભૂતાનાં ન શ્રદ્ધા હરિવર્ણને ।
જ્ઞાનાગ્નિદગ્ધદેહસ્ય ન દાહો લૌકિકો મતઃ ॥૧૨૩॥
અતઃ શાપમિષેણેશસ્તક્ષકાગ્નિમવાસૃજત્ ।
કલેઃ સ્થાનપ્રદાનાદ્ધિ બ્રાહ્મણાતિક્રમે મતિઃ ॥૧૨૪॥
યુગાભિમાનિદેવસ્ય સ્વાધિકારપરિચ્યુતિઃ ।
નિગ્રહો રુપરક્ષાર્થં સ્થાનદાનં પ્રકીર્તિતમ્ ॥૧૨૫॥
દેશકાલાનુસારેણ શુદ્ધયશુધ્ધી પ્રકીર્તિતે ।
કલૌષણણાં તથાપેક્ષા નાસ્તિ ધર્મોન્નાતિસ્તતઃ ॥૧૨૬॥
અસિદ્ધત્વાત્તામસત્વાત્તામસં ફલમસ્ય તુ ।
ચિત્તશુદ્ધિર્ન ચૈવ સ્યાત્પંકિલોદકપૂરવત્ ॥૧૨૭॥
માલિન્યં મલિને લોકે ન સમ્યગુપજાયતે ।
દુઃખં ચ તામસં તસ્ય મૂઢં સહ્યમલૌકિકમ્ ॥૧૨૮॥
ભાગવતા, પ્રવૃત્તેર્હિ કીર્તનાદ્યાદરો ન હિ ।
અગ્રે તસ્ય કથા વાચ્યા સારોઽયમિતિ બુધ્યતામ્ ॥૧૨૯॥
કલ્પભેદાદ્ભારતાદિ કથયા ન વિરુધ્યતે ।
સર્વજ્ઞત્વાદષીણાં હિ શ્રવણાર્થં તથા ઽઽગતિઃ ॥૧૩૦॥
વ્યાસનારદયોશ્ચૈવ તત્પ્રવૃતિદિદક્ષયા ।
અવિરકતેર્મધ્યમત્વાદ્રામસ્ય ક્રિયયાઽઽગતિઃ ॥૧૩૧॥
શુકઃ શિવસ્તતોઽપ્યેવમીશ્વરાજજ્ઞાન સંસ્થિતિઃ ।
એતદર્થં હિ ભગવાનવતીર્ણો વૃષધ્વજઃ ॥૧૩૨॥
દ્વાવિંશલ્લક્ષણૈયુકતો ભકતાનાં સુરપાદપઃ ।
તત્ર પ્રશ્ન દ્વયં લોકે સર્વદોષમૃતિક્રમાત્ ॥૧૩૩॥

■

શ્રીમતી રૂકમણીદેવી (રાજપીપળા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીભાગવતાર્થ પ્રકરણ-સ્કન્ધ-૧

શ્રીમદ્ વલ્લભાચાર્યજી નિત્યલીલાના આનંદને છોડીને નિરાનંદ જગતમાં પધાર્યા છે. આ માટેના બે અત્યંત સબળ કારણો મળે છે. ભગવાનની ઈચ્છાથી ભૂતળ પર આપ પધાર્યા છે. તે આશય આપશ્રી સુબોધિનીના આરંભે મંગલાચરણના શ્લોકમાં જણાવે છે.

''અર્થં તસ્ય વિવેચિતું ન હિ વિભુર્વૈશ્વાનરા-દ્વાકપતેરન્યસ્તત્ર વિધાય માનુષ તનું માં વ્યાસવચ્છ્રી પતેઃ।

દત્વાજ્ઞાં માં ચ લોકે કૃપાવલોકન પટુર્યસ્માદતોઽહં મુદા ગૂઢાર્થં પ્રકટી કરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયમ ।''

શ્રી વ્યાસમહર્ષિ, ભગવાનની જ્ઞાનકલાના અવતાર છે. નારદજીની પ્રેરણાથી તેમણે સમાધિમાં શ્રી ભાગવતશાસ્ત્રનું દર્શન કર્યું. આ શાસ્ત્ર, જીવોના પરમ કલ્યાણ માટે છે. અને અલૌકિક અર્થોથી સભર છે. આ અર્થો પરમ કલ્યાણકારી છે. ભાગવતમાં ગૂઢતાથી ઊંડાણમાં છુપાયેલા છે. આ અર્થો પ્રકટ થાય તો જ જીવો ભાગવત માર્ગે ચાલે અને કલિકાલમાં પરમ કલ્યાણ ને પામે-ભાગવત માર્ગે ન ચાલવાથી આ જીવોને ભ્રાન્તિ થાય. બીજા માર્ગોમાં કલ્યાણ છે તેમ માને. આવા પ્રકારના દૈવી જીવોના પરમ કલ્યાણ માટે ભગવાને અતિશય કૃપાપૂર્વક ઈચ્છા કરી. શ્રીવલ્લભને ભૂતલે પ્રકટ થઈ, શ્રી ભાગવતના ગૂઢ અર્થો પ્રકટ કરવાની આજ્ઞા કરી. સન્મનુષ્યાકૃતિ સ્વરૂપે ભૂતલ પર આપ પ્રકટ્યા અને વિષ્ણુ તથા શ્રીવ્યાસજીના મતે સંમત, શ્રી ભાગવતનો ગૂઢ અર્થ પ્રકટ કર્યો.

શ્રીગુંસાઈજી, શ્રીવલ્લભના પ્રાગટ્યનો હેતુ જણાવે છે- ''દૈવી સૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજ ફલ રહિતા''- હે વલ્લભાધીશ! આ ધરાતલ પર જો આપ આવિર્ભાવ પામ્યા ન હોત તો વિવિધ વાદોના પ્રવાહમાં આ દૈવી સૃષ્ટિ તણાઈ રહી હતી તે ક્યારેય પણ પછી શ્રીવ્રજેશ્વર શ્રીકૃષ્ણને પામત

એક વૈષ્ણવ પરિવાર (નવજીવન) તરફથી (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

નહિ. દૈવી સૃષ્ટિમાં જન્મવું, તે જીવોનું વ્યર્થ થઈ જાત. કૃષ્ણ ભક્તિરૂપ ફલ મેળવ્યા વિના રહી જાત.

આ બંને હેતુઓ શ્રીસર્વોત્તમજીમાં જોવા મળે છે-''દૈવોદ્ધાર પ્રયત્નાત્મા'' અને ''શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણ'' નામોનું અવગાહન કરતાં સ્પષ્ટ થાય છે, આમ દૈવી જીવોનો ઉદ્ધાર કરવા માટે, તે જીવોને કૃષ્ણભક્તિની પ્રાપ્તિ કરાવવી, કૃષ્ણભક્તિની પ્રાપ્તિ માટે ભાગવતમાર્ગનો પ્રચાર કરવો અને તેના માટે શ્રી ભાગવતના ગૂઢ અર્થોને પ્રકટ કરવા તે આપશ્રીના પ્રાકટ્યનું મુખ્ય કારણ છે.

આપશ્રીએ ભાગવતના ગૂઢ અર્થો સાત રીતે પ્રકટ કર્યા. આ સાત અર્થોની એકવાક્યતા કરી ભાગવત સમજાવ્યું. શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, વાક્યા(શ્લોકા)ર્થ, શબ્દાર્થ અને અક્ષરાર્થ. આ પૈકી, શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ અને અધ્યાય ના અર્થ શ્રીભાગવતાર્થ પ્રકરણમાં સમજાવ્યા. આ ભાગવતાર્થ પ્રકરણ, આપશ્રીના તત્ત્વાર્થદીપ નિબંધ અંતર્ગત છે. નિબંધના ત્રણ પ્રકરણો છે. (૧) શાસ્ત્રાર્થ (ગીતાર્થ) પ્રકરણ (૨) સર્વનિર્ણય પ્રકરણ (૩) ભાગવતાર્થ પ્રકરણ.

શ્લોકાર્થ, શબ્દાર્થ અને અક્ષરાર્થ શ્રીસુબોધિનીજીમાં છે.

હવે આપણે તત્ત્વાર્થદીપ નિબંધ અંતર્ગત ''ભાગવતાર્થ પ્રકરણ'' નું અવગાહન કરીશું.

શ્રીમહાપ્રભુજી વિરચિત તત્વાર્થદીપ નિબંધ અંતર્ગત ત્રીજા પ્રકરણ શ્રીભાગવતાર્થ પ્રકરણ વિશે આપણે આ લેખમાળા દ્વારા સમજ મેળવી રહ્યા છીએ. આ નિબંધના શ્લોકો કારિકા તરીકે ઓળખાય છે. તત્વાર્થદીપ નિબંધનું બીજું પ્રકરણ છે. સર્વનિર્ણય પ્રકરણ. તેના અંતે ૩૨૯મી કારિકામાં આપ આજ્ઞા કરે છે કે:

શ્રીમદ્ ભાગવત તત્વાર્થમ્ અતો વક્ષ્યે સુનિશ્ચિતમ્ ।
યજજ્ઞાનાત્ પરમા પ્રીતિ:કૃષ્ણં શીઘ્રં ફલિષ્યતિ ॥

તેને જાણવાથી ભક્તિ ઉત્પન્ન થાય. પછી તે રોજ વધતી વધતી તરત જ શ્રીકૃષ્ણ રૂપ ફલને પ્રાપ્ત કરાવી દે. આથી ભક્તિની ઈચ્છા હોય તો ભાગવતાર્થ પ્રકરણનું સર્વદા અનુસંધાન કરતાં રહેવું જોઈએ.

રસિકલાલ જેઠાલાલ ગરાચ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

આટલું કહીને આપશ્રી તૃતીય પ્રકરણના આરંભનું સમર્થન કરે છે અને શ્રીભાગવતથી પ્રદિપાદિત શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે.

કારિકા-૧ :

શ્રીકૃષ્ણં પરમાનંદં દશલીલાયુતં સદા ।
સર્વભકત-સમુધ્ધારં વિસ્ફુરન્તં પરં નુમ: ॥૧॥

ભાવાર્થ :

પરમ આનંદરૂપ. સર્ગ-વિસર્ગ વગેરે દસ લીલાથી યુક્ત, સર્વદા સર્વ ભક્તોના ઉદ્ધારમાં પ્રકાશતા, સર્વથી પર શ્રીકૃષ્ણચંદ્રનું અમે સ્તવન કરીએ છીએ.

વિવરણ :

શ્રીમદ્ ભાગવતમાં પર વસ્તુ (પરબ્રહ્મ) ને શ્રીકૃષ્ણ કહેલ છે. તેથી શ્રી આચાર્યચરણ આરંભમાં પ્રથમ શ્લોકથી શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે.

કૃષિર્ભૂવાચક: શબ્દો, ણશ્ચ નિવૃત્તિ વાચક: ।
તયોરૈકયં પરબ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે ॥

કૃષ્ણમાં કૃષ્ શબ્દ સત્તાવાચક છે અને ણ આનંદવાચક છે. તે બંનેની એકતા તે જ કૃષ્ણ કહેવાય છે. શ્રુતિ કૃષ્ણ શબ્દની આ પ્રમાણે વ્યાખ્યા કરે છે.

સ્મૃતિ (શ્રીગીતાજી) આજ્ઞા કહે છે:

પુરુષ: સ પર: પાર્થ ભકત્યા લભ્યસ્તવનન્યયા ।
યસ્યાન્ત: સ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં તતમ્ ॥૮-૨૨॥

હે પાર્થ, જે પરમાત્માના અંતગર્ત સર્વભૂત છે અને જે સચ્ચિદાનંદ ઘન પરમાત્માથી આ સમસ્ત જગત પરિપૂર્ણ છે તે સનાતન અવ્યક્ત પરમ પુરુષ તો અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થવા યોગ્ય છે.

ઠાકોરભાઈ અમીન અને શૈલાબેન અમીન (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

ઉત્તમ:પુરુષસ્ત્વન્ય: પરમાત્મેત્યુદાહૃત: ।
યો લોકત્રયમાવિશ્ય વિભર્ત્યવ્યય ઈશ્વર: ॥૧૫-૧૭॥

ઉત્તમ પુરુષ તો અન્ય જ છે, જે ત્રણે લોકમાં પ્રવેશ કરીને બધાંને ધારણ કરે છે. તેમનું પોષણ કરે છે. આવી રીતે અવિનાશી પરમેશ્વર અને પરમાત્મા કહેવામાં આવે છે. આપ જ પરમેશ્વર છે તેવું અતોસ્મિ લોકે વેદે ચ પ્રથિત પુરુષોત્તમ: માં સમજાવે છે.

આવા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ એવી ઈચ્છા કરે છે કે પોતાની અંદર રહેલ પરમ સૌંદર્ય હું પ્રકટ કરું. આવી ઈચ્છાથી સાકાર થઈ અવતાર લે છે. તે સ્વરૂપ શ્રીકૃષ્ણ છે.

આ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે. વિભૂતિ નથી.

વૃષ્ણીનાં વાસુદેવોડસ્મિ (ગીતાજી-૧૦-૩૦)

યાદવોમાં વાસુદેવ હું છું વગેરે વાક્યોમાં પ્રતીતિ થતા વિભૂતિપણાનું નિવારણ થાય છે. શ્રીકૃષ્ણ પરમાનંદ છે. નિરવધિ આનંદ હોઈ ફલરૂપ પણ છે. સદા દસ પ્રકારની લીલા કર્યા કરે છે. (સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઉતિ, મનવન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ, આશ્રય) આવી દસ લીલાઓવાળા શ્રીકૃષ્ણ શ્રવણ કરવાથી પ્રાપ્ત થાય છે. ભગવાન પોતાનું સાકાર સ્વરૂપ પ્રકટ કરે છે. તેનું પ્રયોજન સર્વભક્તોનો સમુદ્ધાર કરવો તે જ છે.

'નમ:' સ્તુતિ કરીએ છીએ એ કહેવાનું તાત્પર્ય એ જ છે કે અવતાર સ્તુતિ પ્રિય છે. પર શબ્દ સૂચવે છે કે આનાથી મહાન કદી, કોઈ, ક્યાંય નથી જ. મંદ, મધ્યમ અને ઉત્તમ એ ત્રણે પ્રકારના ભક્તો નિ:સાધન હોય છતાં પણ હૃદયમાં પ્રવેશ કરી પ્રભુ પ્રકાશતા રહે છે.

શ્રીમહાપ્રભુજીએ પહેલાં શ્રીમદ્ ભાગવતથી પ્રતિપાદિત શ્રીકૃષ્ણચન્દ્રની સ્તુતિ કરી. હવે નિબન્ધ કરવાનું પ્રયોજન કહે છે. સ્વગ્રંથના વિષયનો સ્ફોટ કરે છે.

શાસ્ત્રે સ્કંધે પ્રકરણેડધ્યાયે વાક્યે પદેડક્ષરે ।
એકાર્થે સપ્તધા જાનન્નવિરોધેન મુચ્યતે ॥૨॥

માર્ગી નિરવ શાહ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમદ્ ભાગવતના સમગ્રશાસ્ત્રમાં, સ્કંધમાં, પ્રકરણમાં, અધ્યાયમાં, વાક્યમાં, પદમાં અને અક્ષરમાં એક અર્થને સાત પ્રકારે જાણનારની શંકા દૂર થાય છે.

શ્રીમદ્ ભાગવતનો અર્થ તથા અભિપ્રાય સારી રીતે જાણી શકાય તે માટે જ શ્રીઆચાર્યચરણે ભાગવતાર્થ પ્રકરણ રચેલું છે. તે સારી રીતે જાણવા માટે (૧) શાસ્ત્ર (૨) સ્કંધ (૩) પ્રકરણ (૪) અધ્યાય (૫) વાક્ય (શ્લોક) (૬) પદ (શબ્દ) તથા (૭) અક્ષર એ સાતેના અર્થ બરાબર જાણવા જોઈએ. આ સાતેના અર્થમાં કોઈપણ વિરોધ ન આવે તેવી રીતે ભાગવતમાં ગૂંથાયેલો એક જ અર્થ જાણવો જોઈએ.

શ્રીભાગવતનો અર્થ એવો કહેવો જોઈએ જે બારે સ્કંધોનો સમન્વયકારી હોય અને પોતપોતાના અંગોમાં પણ બરાબર બંધ બેસતો હોય, અને તો જ વિરોધ ન થાય.

સર્વ નિર્ણય પ્રકરણની ૧૫૩મી કારિકામાં શ્રીઆચાર્યચરણો આજ્ઞા કરે છે. ''વર્ણા: પદાનિ સર્વાણિ ભગવદ્વાચકત્વત:'' સર્વ વર્ણ (અક્ષર) ભગવાનના વાચક છે. વર્ણને નિરર્થક તો માન્યા નથી. આમ દરેક અક્ષરનો પણ અર્થ હોય તો, ઉપર કહ્યા મુજબ સાતેય નો 'એક અર્થ' એવું જે કથન છે તેનું કારણ એવું છે કે શબ્દોના કટકા કરી એકાક્ષરી કોશ વગેરેથી અર્થ કરવામાં આવે તો આખા વાક્યનો અર્થ કૃત્રિમ થઈ જાય.

પ્રભુ જેમ ષડ્ગુણ ઐશ્વર્યથી યુક્ત છે, તે પ્રમાણે ભાગવતાર્થ પણ સ્કંધ વગેરેના અર્થથી યુક્ત છે.

આ કારિકાના અર્થમાં એ પણ કહ્યું કે 'શંકા દૂર થાય છે.' આ કથન જ્ઞાનના અવાન્તર ફલનો નિર્દેશ કરે છે. શ્રીઆચાર્યચરણો ભક્તિવર્ધિની ગ્રંથમાં આજ્ઞા કરે છે. 'સ્નેહાદ્ રાગ વિનાશ: સ્યાત્...' બીજ દૃઢ થતાં પ્રભુમાં સ્નેહ થાય - તેથી લૌકિક રાગનો વિનાશ થાય. આ વાક્ય પ્રમાણે ભક્તિ માટે શંકા-મુક્તિની જરૂર છે કારણ કે શ્રીભાગવતના અગિયારમા સ્કંધમાં તથા શ્રીગીતામાં અતિ વિરક્ત અને ગુણને ઓળંગી ગયેલાને જ ભક્તિમાં અધિકાર થવાનું સિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રતિમા અરૂણકુમાર પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીમહાપ્રભુજીએ બીજી કારિકામાં નિબંધ કરવાનું પ્રયોજન કહીને સ્વગ્રંથના વિષયનો સ્ફોટ કર્યો. હવે ભાગવતાર્થ કહેવામાં આવે છે.

આનન્દસ્ય હરેર્લીલા શાસ્ત્રાર્થો દશધા હિ સા ।
અત્ર સર્ગો વિસર્ગશ્ચ સ્થાનં પોષણમૂતય: ॥૩॥
મન્વન્તરેશાનુકથા નિરોધો મુક્તિરાશ્રય: ।
અધિકારી સાધનાનિ દ્વાદશાર્થાસ્તતોઽત્ર હિ ॥૪॥
નિરુપ્ય સંખ્યાં સ્કંધા હિ દ્વાદશૈવ ન ચાન્યથા ।
તૃતીયાદિ દશસ્કંધેર્લીલા દશવિધોદિતા ॥૫॥
શ્રોતુર્વકતુશ્ચ લક્ષ્માદ્ય દ્વિતીયે ત્વઙ્ગનિર્ણય: ।
ઈતીદં દ્વાદશસ્કન્ધં પુરાણં હરિરેવ સ: ॥૬॥

અર્થ :

આનંદરૂપ હરિ ભગવાનની લીલા, એજ સકલ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો અર્થ છે. એ દસ પ્રકારે છે. (૧) સર્ગલીલા (૨) વિસર્ગલીલા (૩) સ્થાનલીલા (૪) પોષણ (૫) ઊતિલીલા (૬) મન્વન્તર કથા (૭) ઈશાનુકથા (૮) નિરોધ લીલા (૯) મુક્તિલીલા અને (૧૦) આશ્રય લીલા, અને અધિકારી તથા સાધન મળી, બાર અર્થોનું અહીં કથન છે. આ દસ પ્રકારની લીલાનું નિરૂપણ કરી સ્કંધોની સંખ્યા બાર નક્કી કરી છે. વધુ કે ઘટતું નથી. તૃતીય સ્કંધથી માંડી દ્વાદશ સ્કંધ સુધી સર્ગ-વિસર્ગ વગેરે દસ લીલાઓનું નિરૂપણ છે. પ્રથમ સ્કંધમાં શ્રોતા અને વક્તાનું લક્ષણ આપવામાં આવેલું છે. દ્વિતીય સ્કંધમાં શ્રવણના અંગોનું નિરૂપણ છે. આ બંને દશવિધ લીલાના અંગરૂપ હોવાથી, આ પ્રમાણે બાર સ્કંધવાળું આ પુરાણ હરિ ભગવાનનું જ સ્વરૂપ છે.

આનંદરૂપ હરિની લીલા એ શ્રીભાગવત શાસ્ત્રનો અર્થ છે. આનંદ રૂપ (ભગવાન)ની લીલા પણ આનંદરૂપ જ છે. અને હરિની લીલા સર્વના દુ:ખોને હરનારી છે. તેથી દુ:ખોનો નાશ કરનારી અને સુખ (આનંદ)રૂપ ભગવાનની લીલા પોતે જ પુરુષાર્થરૂપ છે એવો શ્રીભાગવત શાસ્ત્રનો અર્થ

અતુલ કે. જસાણી (એડવોકેટ) (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

છે. આથી જ વિદુરજીએ વરાહ અવતારની લીલા સાંભળ્યા બાદ પરમ આનંદ પ્રાપ્ત કર્યો. ''ક્ષત્તાનંદં પરં લેભે મહાભાગવતોદ્વિજ (શ્રીભાગવત ૩-૧૯-૩૩) આજ રીતે દશમ સ્કંધની શરૂઆતમાં રાજા પરીક્ષિત કહે છે. ''હે શુકદેવજી! આપના મુખારવિંદમાંથી ઝરતા હરિકથા રૂપી અમૃતનું પાન કરતાં મને આ અત્યન્ત દુ:સહ એવી ભૂખ, પાણીનો ત્યાગ કર્યો હોવા છતાં બાધા કરતી નથી.

નૈષાતિ દુ:સહા ક્ષુન્માં ત્યક્તોદમપિ બાધતે ।
પિબન્તં ત્વન્મુખામ્ભોજચ્યુતં હરિકથામૃતમ્ ॥
(શ્રીભાગવત ૧૦-૧-૧૩)

શ્રીમદ્ ભાગવત ભગવદ્રૂપ છે. તેથી પાઠ કરી તેને ધારણ કરવાથી, ભાગવતના સ્વરૂપથી ભગવાન જ ધારણ કરેલા જાણવા. હૃદયમાં રહેલા ભગવાન જે કાર્ય કરે છે તે આ પ્રમાણે ભાગવતના સ્વરૂપથી ધારણ કરેલા ભગવાન પણ કરે છે. જો તેનો અર્થ પણ સંપૂર્ણ જાણેલો હોય તો આ ભાગવત, ભગવદ્રૂપ છે એવું જ્ઞાન ભક્તિના અંગરૂપ થાય છે. તેથી ભગવાનનું જ્ઞાન થાય છે. ભગવાન ભક્તિ આપે છે.

લીલાઓ તો દસ છે અને ભાગવત સ્કંધો બાર છે. આમ કેમ? તો અહીં દશ લીલાઓનું નિરૂપણ ત્રીજાથી બારમા સુધીના દશ સ્કંધોમાં અનુક્રમે છે. આ દશ ઉપરાંત 'અધિકાર' પણ ભગવાનની લીલા છે. તે મુખ્યલીલા નથી પણ મુખ્ય લીલામાં ઉપયોગી છે. અધિકારની જેમ જ 'સાધન' એટલે સર્વ પ્રકારના જ્ઞાન પણ ભગવાનની લીલા છે કારણ સર્વ પ્રકારનાં જ્ઞાન શ્રવણ વગેરે રૂપ ભક્તિનાં અંગો છે. આથી શાસ્ત્રના અર્થમાં આ બંનેનો સમાવેશ છે. તેથી દશ મુખ્ય અને બે તેના અંગરૂપ લીલાઓનું નિરૂપણ બાર સ્કંધવાળા શ્રીભાગવતમાં છે.

પહેલા સ્કંધમાં અધિકારીનું અને બીજા સ્કંધમાં સાધનોનું નિરૂપણ કરેલું છે. મુખ્ય લીલાઓ તો દશ જ રહે છે. નથી વધતી કે નથી ઘટતી. આ પ્રમાણે શ્રીભાગવતના બાર સ્કંધો હોવા છતાં તે એક જ શાસ્ત્ર અથવા પુરાણ

રીટા સુભાષભાઈ પરીખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

છે અને તે હરિરૂપ જ છે. આ પુરાણ જ શબ્દથી અને અર્થથી પણ ભગવદ્રૂપ હોવાથી એકતા અને શાસ્ત્રાર્થતા છે આથી જ શ્રીભાગવત ૧૨-૧૩-૧૬માં આજ્ઞા છે -

નિમ્નગાનાં યથા ગઙ્ગા દેવાનામચ્યુતો યથા ।
વૈષ્ણવાનાં યથા શમ્ભુઃ પુરાણાનામિદં તથા ॥

અર્થાત્ જેમ નદીઓમાં ગંગા, દેવતાઓમાં વિષ્ણુ અને વૈષ્ણવોમાં શ્રીશંકરજી સર્વ શ્રેષ્ઠ છે, તેમ જ પુરાણોમાં શ્રીમદ્ ભાગવત છે.

સાતમી કારિકાથી સાડાદસ કારિકા સુધી પ્રભુનાં અંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પુરુષે દ્વાદશત્વં હિ સક્થૌ બાહૂશિરોન્તરમ્ ।
હસ્તૌ પાદૌ સ્તનૌ ચૈવ પૂર્વ પાદૌ કરૌ તતઃ ॥૭॥
સક્થૌ હસ્તસ્તતશ્ચૈકો દ્વાદશશ્ચાપરઃ સ્મૃતઃ ।
ઉત્ક્ષિપ્ત-હસ્તઃ પુરુષો ભક્તમાકારયત્યુત ॥૮॥
સ્તનૌ મધ્યં શિરશ્ચૈવ દ્વાદશાંગતનુર્હરિઃ ।
પાદૌ સક્થૌ કટિર્ગુહ્યં ઉદરં હૃદયં કરૌ ॥૯॥
મુખ લલાટો મૂર્ધા ચ કેચિ દેવં હરિં જગુઃ ।
એતદ્ધારણમાત્રેણ કૃષ્ણો ભવતિ વૈ ધૃતઃ ॥૧૦॥
અર્થતસ્તુ પરિજ્ઞાતે જ્ઞાતો ભક્તિં પ્રયચ્છતિ ।

શ્લોકાર્થ :

પુરુષમાં બાર અંગો રહેલાં હોય છે. બે સાથળ, બે બાહુ (ખભાથી કોણી સુધીના હાથને બાહુ કહે છે), મસ્તક, હૃદય, બે હાથ (કોણીથી આંગળીઓ સુધીના ભાગને હસ્ત કહે છે), બે ચરણ અને બે સ્તન.

પ્રથમ બે સ્કંધ તે બે ચરણ, ત્રીજો અને ચોથો સ્કંધ બે બાહુ, પાંચમો અને છઠ્ઠો સ્કંધ બે સાથળ, સાતમો સ્કંધ એક હાથ અને બારમો સ્કંધ બીજો હાથ. જેમ કોઈ પુરુષ બોલાવવા પોતાનો હાથ ઊંચો કરે તે પ્રમાણે પુરુષાકાર પ્રભુ પોતાના વામ (ડાબા) શ્રીહસ્તને ઊંચો કરી ભક્તોને શરણે

અલકાબેન હર્ષદકુમાર શેઠ (મોડાસા)ના જયશ્રીકૃષ્ણ.

આવવા માટે બોલાવે છે. આઠમો અને નવમો સ્કંધ પ્રભુનાં બે સ્તન, હૃદય દશમસ્કંધ, અગિયારમો સ્કંધ મસ્તક છે. આવા શરીરાકાર પ્રભુ છે.

કેટલાક ઉપાસકો આ ક્રમ જુદો પણ ગણાવે છે. પ્રથમ બે સ્કંધોને ચરણ, તૃતીય અને ચતુર્થ સ્કંધને બે સાથળ, પાંચમા સ્કંધને કેડ, ષષ્ઠ સ્કંધને ગુહ્ય, સાતમા સ્કંધને ઉદર, આઠમા સ્કંધને હૃદય, બે બાહુનાં મૂળ તે નવમો સ્કંધ, મુખ દશમો સ્કંધ, લલાટ અગિયારમો અને મસ્તક બારમો સ્કંધ. આ રીતે પણ પ્રભુનું ગાન કરે છે; કારણ તેઓ માને છે કે ક્રમ વડે જ ઉપાસના સફળ થાય.

આ બાર અંગરૂપ શ્રીમદ્ ભાગવતને ધારણ કરતાં શ્રીકૃષ્ણ પ્રભુ ધારણ થાય છે; પણ જ્યારે અર્થથી જ્ઞાન થાય છે ત્યારે પ્રભુ ભક્તિનું દાન કરે છે.

વિવેચન :

શ્રુતિ ભગવતી આજ્ઞા કરે છે કે 'દ્વાદશૌ વૈ પુરુષઃ' પુરુષ દ્વાદશાંગ છે. અહીં જે અંગ ગણવામાં આવેલાં છે તે શ્રુતિ અનુસાર છે. શ્રીમદ્ ભાગવતના બારે સ્કંધોનો એ અંગોમાં સમાવેશ છે. (૧) દક્ષિણ (જમણો) ચરણ-અધિકાર (૨) વામ (ડાબો) ચરણ સાધન અથવા જ્ઞાન (૩) જમણો બાહુ - સર્ગ (૪) ડાબો બાહુ - વિસર્ગ (૫) જમણો સાથળ - સ્થાન અથવા સ્થિતિ (૬) ડાબો સાથળ - પોષણ (૭) જમણો હસ્ત - જે કટિ ઉપર છે, તે - ઊતિ (૮) ડાબો હસ્ત - જે ઊંચો કર્યો છે તે બારમો - આશ્રય.

આમાં ઘણાં શંકા કરી શકે છે કે આ પ્રકારે જો ભાગવત હોય તો પછી તે વિકૃત જેવું થઈ જાય. અહીં તેનું સમાધાન કરે છે કે 'હાથ ઊંચા કરેલ પુરુષાકાર પ્રભુ ભક્તોને બોલાવે છે.' આ ક્રિયા કદી વિકૃત નથી.

જમણો સ્તન - મન્વંતર, ડાબો સ્તન - ઈશાનુકથા, હૃદય મધ્યમાં તે દશમ સ્કંધ - નિરોધ અને મસ્તક તે મુક્તિલીલા - અગિયારમો સ્કંધ. આ રીતે ભગવાન શ્રીમદ્ ભાગવતરૂપ થયા છે; અને તેવા જ અહીં કહ્યા છે. આ વર્ણન ભક્તિમાર્ગ અનુસાર છે.

કોકીલાબેન ગોવિંદભાઈ પરીખ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

આ શ્રીમદ્ ભાગવત ભગવદ્ રૂપ છે, તેથી કેવલ પાઠ માત્રથી શ્રીકૃષ્ણચંદ્ર ધારણ થાય છે. હૃદયમાં રહેલા પ્રભુ શ્રીમદ્ ભાગવતથી પણ મુક્તિરૂપ કાર્ય કરે છે. પ્રભુને અર્થથી જાણવામાં આવે તો આવું જ્ઞાન ભક્તિનું અંગ બનતાં પ્રભુ ભક્તિનું દાન કરે છે.

આ વર્ણન ભક્તિમાર્ગ અનુસાર કરવામાં આવ્યું છે. મંદજનોની દયા આવતાં, તેમના ઉદ્ધાર માટે શ્રી વ્યાસજીએ યત્ન કર્યો અને શ્રીમદ્ ભાગવત સુધીનો ઉપાય કહ્યો. જો કેવળ અર્થજ્ઞાનથી જ આ ફળે તો કોઈકનો જ ઉદ્ધાર થાય.

ઉપાસનામાં પણ આ પ્રમાણે જ છે. આથી જ સ્કંધ વગેરે અન્ય પુરાણોમાં કહ્યું છે કે :

શતશોઽથ સહસ્રૈશ્ચ કિમન્યૈઃ શાસ્ત્ર સંગ્રહૈઃ ।
ગૃહે ન તિષ્ઠતે યસ્ય શાસ્ત્રં ભાગવતં કલૌ ।
કથં સ વૈષ્ણવો જ્ઞેયઃ ।

અર્થાત્ જેના ઘરમાં શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર નથી બિરાજતું તેને હજારો અન્ય શાસ્ત્રો કલિકાલમાં કામ નથી લાગતાં. એ ચાંડાળથી પણ સવાયો છે.

ઘરમાં શ્રીભાગવત શાસ્ત્ર બિરાજતું હોય પણ બાંધેલું જ હોય, અર્થાત્ તેનું અવગાહન ન કરતાં હોઈએ. રસાસ્વાદ ન લઈએ તો કલિદોષોનો પ્રવેશ થઈ શકે. પણ શ્રીમદ્ ભાગવતના અવગાહનથી પ્રભુ હૃદયમાં ધારણ થાય અને હૃદયમાં સ્થિત પ્રભુ સઘળું સંપાદિત કરાવશે જ.

હવે ૧૧ થી ૧૨$\frac{૧}{૨}$ સુધીની કારિકામાં શ્રીમદ્-ભાગવતનું સ્વરૂપ દર્શાવવામાં આવે છે. જેથી શબ્દ અને અર્થથી ઉત્કર્ષ-જ્ઞાન થાય.

એષા સમાધિભાષા હિ વ્યાસસ્યામિતતેજસઃ ॥૧૧॥
લૌકિકી ચાન્યભાષા ચ સમાધેઃ પોષિકે તુ તે ।
તે પ્રમાણમભિપ્રાયાત્ સર્વથા પૂર્વવન્ન હિ ॥૧૨॥
ન તદ્વિરોધો દોષાય તે વક્ષ્યેઽવસરે સ્બકે ॥૧૨$\frac{૧}{૨}$॥

શ્રી વ્યાસજીનું તેજ અમાપ છે. આ આપની સમાધિ-ભાષા છે. લૌકિક અને પરમતભાષા આ સમાધિભાષાને પોષનારી છે. સમાધિભાષાના અભિપ્રાયને અનુકૂળ હોય ત્યાં સુધી જ તે પ્રમાણ છે. આથી જ આ બંને ભાષા, સમાધિ ભાષા જેટલી પ્રમાણ નથી જ. આથી આમાં દેખાતો વિરોધ દોષરૂપ નથી. એનું વિશેષ વિવેચન જ્યાં જ્યાં આ બે ભાષા આવશે ત્યાં કહીશ.

પુષ્પાબેન વોરા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

વિવેચન :

શ્રીવ્યાસચરણ અમિત તેજવાળા છે. શ્રીભાગવત આપે સમાધિમાં પ્રાપ્ત કર્યું. આથી આ સમાધિભાષા કહેવાય. માહાત્મ્યનું જ્ઞાન, ગુણ અને સ્વરૂપ એમ બેઉથી થાય છે. અહીં શ્રીભાગવતમાં ક્યાંક જ્ઞાન વગેરેની પ્રશંસા છે તો ક્યાંક કથામાં પૂર્વાપર વિરોધ પણ છે તો ક્યાંક વળી પુનરુક્તિ (એકવાર કહેલું ફરી કહેવું) વગેરે દોષો પણ છે.

આ સર્વના સમાધાન માટે કહ્યું - ''ભાષાસ્તુ ત્રિવિધાઃ પ્રોક્તાઃ''. શ્રીભાગવતમાં ત્રણ પ્રકારની ભાષા છે. સમાધિમાં પ્રાપ્ત કરી જેટલો અર્થ નિરૂપ્યો તે ''સમાધિ-ભાષા''. જ્યાં આનાથી વિરુદ્ધ અર્થ સમજાતો હોય ત્યાં ''અન્યભાષા-મતાન્તરભાષા'' અને લોકસિદ્ધ અનુવાદરૂપ હોય તે ''લૌકિકભાષા''. આમાં મતાન્તરભાષા અને લૌકિકભાષા - તે ભાષા કહેનારના અભિપ્રાય પૂરતી જ પ્રમાણ છે. સાક્ષાત સિદ્ધ કરેલા અર્થમાં તો સમાધિભાષા જ હોવાથી તેના જેટલું પ્રમાણ બાકીની બે ભાષાઓનું નથી.

આમ હોવાથી સમાધિભાષાને આ બે ભાષાઓ સાથે વિરોધ પણ નથી. શ્રીમદ્ ભાગવતમાં (આ ભાષાઓનું)સ્થાન કહેવાશે.

શ્રીશુકદેવજી જ્યાં પોતે કહે છે તે સમાધિભાષા કહેવાય. શ્રીશુકદેવજી એવી પણ આજ્ઞા ક્યાંક કરે છે ''આ અન્યનું કહેલું હું કહું છું.'' આ પરમત-અન્ય-મતાન્તર ભાષા કહેવાય. જ્યાં નિરૂપણ લૌકિક રીતે કરેલું હોય તે લૌકિક ભાષા કહેવાય. દા.ત. દશમસ્કંધમાં ૮૨મો અધ્યાય છે. કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ-બળદેવને ગોપ-ગોપીજનો મળે છે તેનું વર્ણન છે. ત્યાં ૧૬મા શ્લોકમાં સ્ત્રીઓના વર્ણનમાં કહ્યું ''સ્તનૈઃ સ્તનાન્ કુંકુમપંકરુજિતાન્'' - આમ આ લૌકિક.

નીલાબેન પ્રફુલભાઈ મણીલાલ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

આમ ત્રણ પ્રકારની ભાષા વડે સ્વતંત્ર પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણની લીલા તે જ ભાગવતાર્થ છે. આમ સાડા દશ કારિકાઓ વડે શાસ્ત્રના અર્થનો નિર્ણય કરવામાં આવ્યો.

આપણે આગળ જોયું તે પ્રમાણે, અધિકાર, સાધનો અથવા જ્ઞાન અને સર્ગ વગેરે ભગવાનની દશ લીલાઓ છે. અને આ બારેય, શ્રીભાગવતના બાર સ્કંધોનો અર્થ થયો.

દરેક સ્કંધમાં કેટલાંક પ્રકરણો હોય છે અને પ્રકરણમાં કેટલાક અધ્યાયો હોય છે. અહીં આપણે પ્રથમ સ્કંધ, તેના પ્રકરણો તથા અધ્યાયોનો વિચાર કરીશું.

પ્રથમ સ્કંધમાં અધિકારનું નિરૂપણ છે. ''ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે'' એ ન્યાયે દરેક જગાએ અધિકારનો વિચાર પ્રથમ હોય તે આવશ્યક છે. શ્રીભાગવતમાં કહેનાર વક્તા હોય. સાંભળનાર શ્રોતા હોય. આમ આ બંનેના અધિકારનો વિચાર કર્યો છે. આ અધિકાર કોઈ બાહ્ય વસ્તુઓ (કરણો) પરથી નક્કી નથી કર્યો પણ અંતઃકરણની સ્થિતિ પર આધારિત છે.

અધિકારથી શ્રીભાગવતનું સ્વરૂપ જણાય અને તેના અર્થનું તથા અભિપ્રાયનું જ્ઞાન થઈ શકે. શ્રોતા અને વક્તાનો અધિકાર બે પ્રકારે પાડી શકાય (૧) અધ્યાયોના અર્થ પ્રમાણે અને (૨) પ્રદેશ અને કાલને ધ્યાનમાં લઈને.

અધ્યાયોના અર્થ પ્રમાણે પ્રકરણનો વિભાગ સ્થૂળ રીતે થતા સૂક્ષ્મ રીતે એમ બે પ્રકારે છે. સ્થૂલ રીતે અધિકાર ત્રણ પ્રકારનો છે. (૧) સાધારણ (૨) અસાધારણ અને (૩) ગુણાતીત અથવા નિર્ગુણ.

સૂક્ષ્મ રીતે, શ્રોતા અને વક્તા એ દરેકનો વિચાર કરતાં, અધિકાર ઓગણીસ પ્રકારનો છે. આમ પ્રથમ સ્કંધના ત્રણ પ્રકરણો બને અને ત્રણેના થઈ ઓગણીસ અધ્યાયો મળે.

સાધારણ અધિકાર નવ પ્રકારનો જે પહેલા નવ અધ્યાયમાં જોવા મળે. અસાધારણ અધિકાર નવ પ્રકારનો જે દસમાથી અઢારમાં અધ્યાયમાં જોવા

ગં. સ્વ. જૈનિશ તૃષાર બક્ષી, હ. જીતેન્દ્ર છ. બક્ષી (દેવગઢબારીયા)ના જયશ્રીકૃષ્ણ.

મળે અને ગુણથી પર અધિકાર એક પ્રકારનો જે ઓગણીસમા અધ્યાયમાં જોવા મળે.

દરેક જાતિના હરકોઈ જીવો ગુણવાળા હોઈ શકે કે ગુણ વગરના હોઈ શકે છે. પણ જો તેમનામાં શ્રીભાગવતનું શ્રવણ કરવાની ઈચ્છા છે તો તે અધિકારી છે. અહીં શ્રવણ એટલે માત્ર સાંભળવું તેવું નહીં પણ આ શ્રવણથી કોઈ સંશય રહેવા ન જોઈએ તે પ્રકારે તેના અર્થોનું ગ્રહણ કરવું. પ્રથમ સ્કંધના અર્થનો આ વિચાર છે.

પ્રથમ સ્કંધમાં ત્રણ પ્રકરણો છે. તેની હવે સમજ જોઈએ.

ભેદ ત્રયં તથા ચાદ્યે હીનમધ્યોત્તામત્વતઃ ।।૧૩।।
તલ્લક્ષણોઽધિકારી હિ વક્તું શ્રોતુ મિહાર્હતિ ।
આદ્યેઽધ્યાય ત્રયં મધ્યે તથા ચાન્તે ત્રયોદશ ।।૧૪।।
એવમેકોનવિંશત્યા પ્રથમ સ્કંધ ઈરિતઃ ।।૧૪$\frac{૧}{૨}$।।

પ્રથમ સ્કંધમાં હીન, મધ્યમ અને ઉત્તમ એ રીતે ત્રણ ભેદ છે. આવા લક્ષણોવાળો અધિકારી કથા કહેવા માટે તથા સાંભળવા માટે લાયક છે. આમાં પ્રથમ હીન અધિકાર પ્રકરણમાં ત્રણ, વચલા મધ્યમ અધિકાર પ્રકરમમાં ત્રણ અને અન્તના ઉત્તમ અધિકાર પ્રકરણમાં તેર અધ્યાયો છે. આ રીતે ઓગણીસ અધ્યાયો વડે પ્રથમ સ્કંધ કહ્યો છે.

વિવેચન :

આગળ આપણે જોયું કે પ્રકરણો બે પ્રકારે પાડી શકાય (૧) અધ્યાયોના અર્થ પ્રમાણે - જે આપણે આગળ ઉપર જોયું. (૨) અન્ય જગાઓએ, દેશ-કાળ જોઈને પ્રથમ સ્કંધના પ્રકરણનો વિભાગ કરવામાં આવ્યો છે. આ રીતે પણ ત્રણ પ્રકરણો, કહ્યા છે હીન, મધ્યમ અને ઉત્તમ.

દેશ-કાલ જોઈને કરવામાં આવેલ આ પ્રકરણ વિભાગ સાથે શ્રીમહાપ્રભુજી સમ્મત થતા નથી. કારણ સાંપ્રતકાળમાં દેશ-કાલ અશુદ્ધ છે. અને આથી શ્રવણ જ સિદ્ધ થઈ શકે નહીં.

મીના અરવિંદ બાટવિયા (નાસિક)ના જયશ્રીકૃષ્ણ.

પ્રકરણનું લક્ષણ બતાવે છે ''ઉભયકાંક્ષા હિ પ્રકરણમ્'' - ઉભયની પરસ્પર આકાંક્ષા. અહીં ઉભય (ઓળખ) એટલે શેષ અને શેષી. પ્રથમ સ્કંધનો અર્થ અધિકાર છે. તે શેષી કહેવાય. પુરુષના ગુણ, અધિકારના શેષ કહેવાય.

આ સમયમાં દેશ અને કાલ, સંસર્ગ અને સ્વભાવથી દુષ્ટ છે. પુરુષોના ગુણોનો પણ અભાવ જોવા મળે છે. પરિણામે શ્રવણ શક્ય ન બને. જો શ્રવણ જ શક્ય ન બને તો પુરાણની રચના અને તેનો પ્રચાર વ્યર્થ બની જાય.

આથી જ શ્રીમહાપ્રભુજીને આવા અન્યમતમાં કહેલા પ્રકરણ-વિભાગ માન્ય નથી. માટે જ નવીન રીતે અધ્યાયના અર્થ વિચારી પ્રકરણ વિભાગ બતાવ્યો.

અગાઉ આપણે પ્રથમ સ્કંધના પ્રકરણોના પ્રકાર બે રીતે જોયા. એક અન્યમત-દેશ કાળ પ્રમાણે જે શ્રી મહાપ્રભુજીને સમ્મત નથી. બીજો શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત એવો અધ્યાયોના અર્થથી કરેલો પ્રકરણ વિભાગ.

હવે બાવન કારિકાઓ દ્વારા પ્રથમ પ્રકરણ ની સમજ આપે છે. અહીં અધિકારીઓ કહેવાના છે તેથી જે ભૂતકાળમાં થયા હોય તે જ યોગ્ય ગણાય. પણ અહીં તો સૂત પૌરાણિક-શૌનક આદિ ઋષિઓની કથા પણ જોવા મળે છે. આ બધા તો ભાગવતની રચના પછી થયા. આથી અહીં તે અસંગત લાગે છે. આવી શંકાનું નિરાકરણ કરતાં આજ્ઞા કરે છે -

કથામાત્રં શુકો રાજ્ઞે કથયિષ્યતિ યદ્ધિ વૈ ।।૧૫।।
તત્રોત્તરાણિ પ્રશ્નાશ્ચ તચ્છ્રુત્વા સૂત આહ યત્ ।
શૌનકેભ્યઃ પ્રશ્નપૂર્વં તત્સર્વં ભાવિ હૃદ્ગતમ્ ।।૧૬।।
અનાગતકથા રુપં શ્લોકરુપેણ વૈ હરિઃ ।
વ્યાસરુપોઽવતીર્યાદ્ય મઙ્ગલાદિપુરઃ સરમ્ ।।૧૭।।
પ્રસંઙ્ગપૂર્વકં ચાહ સમાધાવુપલભ્યહિ ।।૧૭$\frac{૧}{૨}$।।

શ્રીશુકદેવજી રાજા પરીક્ષિતને જે કથા માત્ર કહેશે અને જે પ્રશ્નો અને ઉત્તરો થશે, તે સાંભળી સૂતજી જે શૌનક વગેરેને એઓના પ્રશ્નપૂર્વક અગાઉ

દિલીપભાઈ વજુભાઈ સાવલીયા (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.

ન કહેવાયેલી કથાના રૂપમાં કહેશે, તે સર્વ ભાવી વાર્તા પ્રભુએ વ્યાસરૂપે અવતાર લઈ મંગલાચરણથી લઈ પ્રસંગપૂર્વક, સમાધિથી હૃદયમાં જાણી કહી છે.

વિવેચન :

બારમા સ્કન્ધના તેરમા અધ્યાયના ઓગણીસમાં શ્લોકમાં કહ્યું છે : શ્રીવ્યાસજીએ ભાગવત રચ્યું અને શુકદેવને જણાવ્યું. શુકે પરીક્ષિતને સંભળાવ્યું.

શુકદેવજી કથા કરતા હતા ત્યારે સૂતજીએ તે સાંભળ્યું અને શૌનક વગેરે ઋષિઓને કહ્યું- ભાગવત રચાયું ત્યારે ન હતા પરીક્ષિત કે શુકજી કે ન હતા સૂત અને શૌનક. તો પછી શ્રીભાગવતમાં આ બધા કેમ જણાય છે? આવી શંકા ન કરવી. કારણ કે શ્રીહરિએ જ વ્યાસનો અવતાર લીધો છે. વ્યાસજી, પ્રભુની જ્ઞાન કલાના અવતાર છે. આથી જ વ્યાસજીએ પહેલાં મંગલ કહ્યું અને પછી જે વૃત્તાંત (ઘટનાઓ) તે સમયે થયેલ નથી પણ ભવિષ્યમાં થશે તેવું સમાધિ દ્વારા જાણી લીધું.

શ્રીભાગવતના પ્રથમ સ્કન્ધના સાતમા અધ્યાયમાં ત્રીજા શ્લોકથી આઠમા શ્લોકનો ભાવ વિચારીએ તો આ સમજ મળી રહે છે. વ્યાસજી પોતાના આશ્રમમાં મનને સ્થિર કરી બેસે છે. નારદજીએ કહેલા યોગથી સમાધિમાં ભગવાન અને તેમની આશ્રિત માયાને જુએ છે. ભક્તિયોગને જુએ છે અને ભાગવત સંહિતા રચે છે અને આજ ભાગવત સંહિતા પૂર્વાપર અનુક્રમ આપી શુકદેવજીને ભણાવે છે.

અને આથી જ જે કથા શુકદેવ પરીક્ષિતને ભવિષ્યમાં કહેવાના હતા, તેમાં જે પ્રશ્ન રાજા કરવાનો હતો અને શુકદેવજી જે ઉત્તર આપવાના હતા તે અને તે જ કથા સાંભળી શૌનક વગેરેના પ્રશ્નો તથા સૂતજીની કથા જે થવાની હતી તે બધું વ્યાસજીના હૃદયમાં આવ્યું અને તે શ્લોકરૂપે શ્રીભાગવતમાં કહ્યું છે.

શ્રી વ્યાસમહર્ષિજી પ્રભુની જ્ઞાનકલાનો અવતાર છે. સમાધિમાં તેમણે શ્રીભાગવતનું દર્શન કર્યું છે. આમ સમાધિ તેમના માટે ફળ છે.

ગં. સ્વ. નગીનભાઈ હ. રમેશભાઈ લ. કાપડીયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ.

શુકદેવજી તથા પરીક્ષિતજી તેમજ સૂતજી તથા શૌનકાદિ ઋષિઓ વ્યાસજીની સમાધિભાષા પછી થયા. સમાધિમાં વ્યાસજીને પછીની ઘટનાઓનું પણ દર્શન થયું છે. આથી જ વ્યાસજીના વાક્યોનું પ્રમાણ સિધ્ધ થાય છે.

શ્રીમહાપ્રભુજી સમર્થ આચાર્ય છે; તેથી જ કોઈપણ વિષયમાં કોઈ જ શંકા રહે નહિ અને શંકા ઉદ્ભવે તો તેનું નિરસન થાય તેવી સજાગતા આપશ્રીના લેખનમાં જણાઈ આવે છે.

શ્રીભાગવતમાં એક પરંપરા એવી છે કે જ્યાં સનતકુમારો પ્રભુની પ્રેરણાથી અત્યંત ગુહ્ય જ્ઞાન (ચતુ:શ્લોકી ભાગવત) નારદજીને આપે છે. પ્રથમ સ્કંધના પાંચમા અધ્યાયમાં નારદજીએ પોતાના ચરિત્રનું વર્ણન કરતાં આ વાત વ્યાસજીને કહી છે.

જ્ઞાનં ગુહ્યતમં યત્તત્સાક્ષાદ્ભગવતોદિતમ્ ।
અન્વવોચન્ ગમિષ્યન્તઃ કૃપયા દીનવત્સલાઃ ॥
(૧-૫-૩૦)

હે વ્યાસજી, જનારા મુનિઓ દીનવત્સલ છે, આથી સાક્ષાત્ પ્રભુએ કહેલું છાનામાં છાનું જ્ઞાન, કૃપા કરીને મને ઉપદેશ્યું.

આવી જ રીતે બ્રહ્માજી આગળ ભગવાને ભાગવત પ્રકાશ કર્યાનો પ્રસંગ પણ છે. ‘ઇદં ભગવતા પૂર્વં બ્રહ્મણે નાભિપંકજે સ્થિતાય ભવભીતાય કારુણ્યાત્ સમ્પ્રકાશિતમ્॥’ (ભા.૧૨-૧૩-૧૦)

આ બે પ્રસંગો દ્વારા ઘણા શંકા કરે છે કે નારદજી અને બ્રહ્માજીને કહેવાયેલો ઉપદેશ અને તે પરંપરા વ્યર્થ છે. આગળ ઉપર સમાધિ ભાષા દ્વારા સંગતિ બતાવી છે તે રીત અહીં અયુક્ત છે અર્થાત્ આ શંકાનું સમાધાન તે રીતે શક્ય નથી.

શ્રીઆચાર્યચરણ આ બંનેને મળેલ ઉપદેશ તથા પરંપરાની સાર્થક્તા માટે સમાધિનું નિરૂપણ કરતાં આજ્ઞા કરે છે :

સાકારં બ્રહ્મ શુધ્ધં હિ માયા તચ્છક્તિરુત્તમા ॥૧૮॥
તથા સર્વત્ર સમ્મોહઃ સાક્ષાદ્ભક્તિશ્ચ મોચિકા ।
ઈમમર્થં હરિશ્ચાહ બ્રહ્મણે નારદાય સઃ ॥૧૯॥

ગં. સ્વ. સેવકશ્રી રામજીભાઈ, હ. રમેશભાઈ લ. કાપડીયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ.

બ્રહ્મ સાકાર અને શુદ્ધ છે. માયા તેની ઉત્તમ શક્તિ છે. આ માયાથી બધા સ્થળે મોહ થાય છે. સાક્ષાત્ ભક્તિ જ આ મોહમાંથી મુક્ત કરાવનાર છે. આવો અભિપ્રાય, આવો અર્થ હરિએ બ્રહ્માજીને કહ્યો અને બ્રહ્માજીએ નારદજીને કહ્યો.

સમાધિ બ્રહ્મ માટે છે તેથી તે સર્વ વિશિષ્ટતાને જણાવનાર છે. પરંપરાથી આ શક્ય નથી તેથી તે ગૌણ પ્રકારે નિરૂપવામાં આવી છે. અહીં ઉપોદ્ઘાત એજ સંગતિ હોવાથી પરંપરા અને ઉપદેશ વ્યર્થ નથી. આથી નારદજી અને બ્રહ્માજી અને તેમને થયેલ ઉપદેશનું નિરૂપણ યોગ્ય જ છે.

ભૂતકાળમાં થયેલા અધિકારીઓ ન કહેતાં અહીં ભવિષ્યમાં થનારા અધિકારીઓ કહ્યા છે. આ ભાવિ કથન સમાધિનું પ્રમાણપણું જણાવે છે. અને આવી સમાધિમાં આવતી ઉપર વર્ણવેલી પરમ્પરા-ઉપદેશ વગેરે વાતો સમાધિના પ્રમાણને દૃઢ કરવા માટે છે.

આગળ આપણે જોયું કે સમાધિ મુખ્ય છે. તેના અન્ય હેતુ શ્રીમહાપ્રભુજી ૨૦ થી ૨૧ કારિકાઓમાં જણાવે છે.

કૃષ્ણો મોહં સમુત્પાદ્ય સાધનાનાં નિરાકૃતિમ્ ।
વ્યાસે પ્રોવાચ ધર્મજ્ઞો યદ્વાક્યં સકલે પ્રમા ॥૨૦॥
અભિમાનાન્નારદોક્ત ન સમ્યગવભાતિ હિ ।
અતસ્તદુક્તમેવાર્થં સમાધાવુપલભ્ય હિ ॥૨૧॥
વૈલક્ષણ્યં સમસ્તેભ્યો જ્ઞાત્વા પશ્ચાદિદં જગૌ ॥૨૧$\frac{૧}{૨}$॥

વ્યાસજી ધર્મ જાણનારા છે. વ્યાસજીનું વાક્ય સર્વ સ્થળે પ્રમાણ ગણાય છે. શ્રીકૃષ્ણચંદ્રે વ્યાસજીને મોહ કર્યો. સાધનોનું નિરાકરણ કહ્યું. નારદજીએ શ્રીવ્યાસજીને કહ્યું, પણ અભિમાનને લીધે સારી રીતે જાણી ન શક્યા. નારદજીએ કહેલ આ અર્થ સમાધિમાં પ્રાપ્ત કર્યો. બીજાં બધાં સાધનો કરતાં તેની વિલક્ષણતા જાણી અને ત્યાર બાદ આ શ્રીમદ્ ભાગવતનું ગાન કર્યું.

જીવોના શ્રેય માટે વ્યાસજી પ્રયત્નશીલ છે. તે ધર્મને જાણે છે. પરમ શાસ્ત્રજ્ઞ છે. વ્યાસજી સૌના હિતનો વિચાર કરનારા છે. શ્રીભાગવતના

દીપ હેતલ ચિરાગ મહેતા, હ. મહેન્દ્રભાઈ (રાજકોટ)ના જયશ્રીકૃષ્ણ.

પ્રથમ સ્કંધના ચોથા અધ્યાયમાં ચૌદમા શ્લોકથી તેત્રીસમા શ્લોક સુધી આ વિસ્તારથી કહેવામાં આવ્યું છે.

બ્રહ્માજીનો એક દિવસ કલ્પ કહેવાય. સત્, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચાર યુગો એક હજાર વાર એક કલ્પમાં આવે. બ્રહ્મકલ્પ એ સૃષ્ટિનો પ્રથમ કલ્પ છે. તેમાં ત્રીજી વાર યુગચોકડીનો આરંભ થયો. દ્વાપરયુગ આવ્યો. તે સંદેહનો સમય છે. તેથી આ સમયમાં લોકોને સંદેહ થવા લાગ્યો. આ સંદેહ દૂર કરવા શ્રીભગવાન વ્યાસજીરૂપે ભૂતલ ઉપર પધાર્યા. ભક્તપિતા પરાશરજી અને માતા વાસવીજી(ઉપરિચર વસુની પુત્રી)નું તે સંતાન. શ્રીભગવાનની જ્ઞાનકલાનો તે અવતાર. એક વાર સરસ્વતી નદીને કિનારે, પોતાના આશ્રમમાં સમાધિ લગાવી બેઠા હતા. તેમાં તેમણે કાલથી થતા ધર્મ અને પદાર્થનો નાશ જોયો. કલિયુગના લોકોને શક્તિ અને સ્વાધ્યાય વગરના, પીડાતા, શ્રદ્ધા-બળ-વિવેક અને બુદ્ધિરહિત જોયા. અભિમાની, અલ્પ આયુષ્યવાળા અને દુર્ભાગ્યવાળા જોયા. આ બધા માટે વેદોના ચાર ભાગ કર્યા. સ્ત્રી, શૂદ્ર, પતિત અને સંસ્કાર રહિત બ્રાહ્મણ વગેરે સ્વતંત્રપણે કલ્યાણ પ્રાપ્ત કરે તે માટે મહાભારત આખ્યાન પ્રાપ્ત કર્યું.

મહાનુભાવો કહે છે : વ્યાસજીને વેદવ્રત બ્રહ્મમર્યાદા આચર્યાનું, વેદ, ગુરુને તથા અગ્નિને કપટ વગર માન આપ્યાનું તથા લોકોને ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે કરાવેલા અધ્યાપનનું અભિમાન છે, એના લીધે તે ખેદયુક્ત છે. આથી નારદજીએ પોતાના જીવનચરિત્રને કહ્યું, છતાં વ્યાસજી ભક્તિ સિવાયનાં સર્વ સાધનોની નિરર્થકતા ન સમજી શક્યા; પણ વ્યાસજીએ સમાધિમાં નારદજીએ કહેલ રહસ્યનું સંવાદીપણું જોયું. નારદજીના પધાર્યા પછી વ્યાસજીએ સમાધિમાં સાકાર, શુદ્ધ બ્રહ્મ, પૂર્ણપુરુષ, પુરુષોત્તમનાં દર્શન કર્યાં. પ્રભુની ઉત્તમ શક્તિરૂપ ચિદંશની માયા પણ જોઈ-જે જીવોને મોહ કરાવે છે, પણ ભગવદાશ્રયે રહે છે. આ મોહથી જીવને જન્મ-મરણ રૂપ અનર્થ મળે છે. આ અનર્થનું શમન કરનારો ભગવાનનો સાક્ષાત્ ભક્તિયોગ પણ જોયો.

આમ, નારદજીને મળેલું પરંપરાનું જ્ઞાન, વ્યાસજીને સમાધિમાં દેખાણું. મહાનુભાવોના મતે શ્રીવ્યાસજીમાં અભિમાન છે. અભિમાનથી પરંપરા દુર્બલ છે, તેથી તે ગૌણ છે. જ્યારે સમાધિ સંદેહ દૂર કરનારી હોવાથી પ્રમાણ છે.

શોભનાબેન સુરેશભાઈ રાજાણી (લંડન)ના જયશ્રીકૃષ્ણ.

વ્યાસજી જ પ્રમાણરૂપ છે. અન્ય કોઈ જ નથી. તેથી ભગવાને કહેવા ધારેલી ભક્તિનો બોધ નારદજી દ્વારા વ્યાસજીને જ કર્યો. નારદજીએ કહેલું તેમણે સમાધિથી જાણ્યું. પછી સર્વ સાધનો કરતાં ભક્તિ ઉત્તમ છે તેમ શ્રીભાગવતમાં જણાવ્યું.

શ્રીભાગવત સમાધિભાષા છે, તેથી પ્રમાણ છે. વળી ભગવાને બ્રહ્માને, બ્રહ્માએ નારદને અને નારદે વ્યાસને બોધ કર્યો. આવી પરંપરાના લીધે પણ તે પ્રમાણ છે.

પહેલા સ્કંધના ત્રણ પ્રકરણો છે. આપશ્રી આજ્ઞા કરે છે.

> **રીત્યા યદન્યયા પ્રાહ અધિકારાસ્તતો મતઃ ॥૨૨॥**
> **પ્રસહઃ સાધન ફલાન્યાહ પ્રકરણે ત્રયે ।**
> **અન્તે મધ્યે તથા ચાદૌ...**

જે અન્ય રીતે વડે કહ્યું તેનાથી અધિકાર મનાયા. આ સ્કંધનાં ત્રણ પ્રકરણ છે. તેમાં પહેલા ત્રણ અધ્યાયમાં પ્રસંગ, પછીના ત્રણ અધ્યાયના વચલા પ્રકરણમાં સાધન અને છેલ્લા તેર અધ્યાયના પ્રકરણમાં ફલ કહ્યું છે.

આ અગાઉની કારિકા ૧૭ થી ૨૧ માં શ્રી ભાગવતની પરંપરા કહી છે. ભગવાને બ્રહ્માને અને બ્રહ્માએ નારદને શ્રીભાગવત કહ્યું. આવું જ ભાગવત નારદે વ્યાસને અથવા સૂતે શૌનકને કહેલું નથી. નારદજી જેવું પોતે સમજ્યા તેવું વ્યાસજીને કહ્યું અને સૂતજી પોતે જેવો અર્થ સમજેલા તેવું પોતાના વચનોથી શૌનકાદિને કહ્યું. નારદજી અને સૂતજીને પોતપોતાનો અધિકાર છે. તે પ્રમાણે તેમને શ્રીભાગવતનો અર્થ ઓછો વત્તો જણાયો છે. બંનેને સંપૂર્ણ અર્થ નથી જણાયો. શ્રીભાગવતના સંપૂર્ણ અર્થના જ્ઞાન માટે મુખ્ય અધિકારીની જરૂર છે. પહેલા સ્કંધનો અર્થ આ રીતે કરવાનો છે. આથી અહીં ત્રણ પ્રકરણો છે.

આ ત્રણ પ્રકરણોનું બીજું એક પ્રયોજન પણ છે. તે દ્વારા શ્રીભાગવતનો પ્રસંગ, તેનું જ્ઞાન થવાના સાધનો અને તેનું ફલ જણાવવામાં આવ્યું છે.

મંજુલાબેન રસિકલાલ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

પહેલું પ્રકરણ પહેલા ત્રણ અધ્યાયનું છે. પહેલા અધ્યાયમાં શૌનકાદિ શ્રોતાઓ છે. તે સૂતજીને છ પ્રશ્નો પૂછે છે - બીજા અધ્યાયમાં સૂતજી કર્મ, જ્ઞાન, અવતાર પ્રયોજન અને લીલા સંબંધી ઉત્તર આપે છે. ત્રીજા અધ્યાયમાં સૂતજી સંક્ષેપમાં ભગવાનના ૨૪ અવતારો વર્ણવે છે. આ ત્રીજા અધ્યાયના ૩૯ થી ૪૫ શ્લોકો સુધી અવગાહન કરતાં જણાય છે કે સૂતજી, શૌનકાદિને ભગવાનો કહે છે. તેઓ બધા ધન્ય છે તેમ કહે છે. વળી એમ પણ કહે છે કે વ્યાસજીએ શ્રીભાગવત પ્રકટ કર્યું અને તેમાં ઉત્તમશ્લોક ભગવાનના ચરિત્રો છે. તે વેદતુલ્ય પણ છે. પરીક્ષિત રાજા ગંગાના તીરે બેઠા છે. મરણ પર્યન્ત ખાધા પીધા વિના જ રહેવાના છે. (પ્રાયોપ્રવેશ). શ્રી શુકદેવજીએ અહીં તેમને શ્રીભાગવત શ્રવણ કરાવ્યું. સુતજી કહે છે આ વખતે તેઓ ત્યાં હતા. શ્રીશુકજીની કૃપાથી ભાગવત ભણ્યો. અને પછી કહે છે 'હું જેવું ભણ્યો તેવું તમને મારી બુદ્ધિ પ્રમાણે કહીશ. આમ અહીં પહેલા પ્રકરણના અંતે શ્રીભાગવતનો પ્રસંગ જોવા મળે છે.

બીજા પ્રકરણના ૪ થી ૬ અધ્યાયો છે. આ પૈકીના પાંચમા અધ્યાયમાં વ્યાસ-નારદ સંવાદ છે. નારદની પૂર્વકલ્પમાંની આત્મકથા છે. નારદજીને સાધન દ્વારા પ્રાપ્ત થયેલ ભગવદીયત્વની કથા છે. અહીં નારદજી શ્રીવ્યાસજીને ૮મા શ્લોકથી ૨૨મા શ્લોક સુધીમાં વ્યાસજીનો આત્મા પ્રસન્ન કેમ નથી તે સમજાવે છે અને ભક્તિનો મહિમા ગાતા શ્રીભાગવતનું શ્રવણ, ભગવાનની પ્રાપ્તિનું મુખ્ય સાધન હોવાનું કહે છે.

ત્રીજા પ્રકરણમાં ૭ થી ૧૯ અધ્યાયો છે. શરૂઆતના સાતમા અધ્યાયમાં સૂતજી ૩જા શ્લોકથી ૮મા શ્લોક સુધીમાં વ્યાસજી મનને સ્થિર કરે છે યોગથી સમાધિ કરી ભગવાન અને તેમને આશ્રયે રહેલ માયાનાં દર્શન કરે છે. વળી ભગવાનમાં સાક્ષાત ભક્તિયોગ જુએ છે. તે બધાને જણાવવા ભાગવત સંહિતા રચ્યાનું કહે છે. આ સંહિતા સાંભળતા કૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે તેમ પણ કહે છે અને શ્રીવ્યાસજી, શુકદેવજી જેઓ નિવૃત્તિને શ્રેષ્ઠ માનતા તેમને આ સંહિતા ભણાવે છે વગેરે કથા કહે છે. આમ અહીં શ્રીભાગવત્‌ની ઉત્પત્તિ, પ્રવૃત્તિ અને તેનાથી ભક્તિ ઉત્પન્ન થાય છે તેમ જણાવ્યું છે.

હસમુખબેન જયંતકુમાર કડકીયા (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીભાગવત કેટલું બધું ઉત્કૃષ્ટ છે તે આ પરથી સમજાય છે. આથી જ મહાનુભાવો સમજાવે છે કે શ્રીભાગવતનો પ્રસંગ જ્યાં ત્યાં, જેમ તેમ કરવાનો નથી. જે મોટા પુરુષો શુદ્ધ તીર્થનો આશ્રય કરીને રહે છે તે શ્રી ભાગવત માટે પ્રાર્થના કરે તો જ ભાગવતનો પ્રસંગ કરવો. આ માટે તે મોટા પુરુષોને પોતાનું જ્ઞાન જણાવી દેવું જોઈએ, તેઓનો શ્રીભાગવત માટે આદર દૃઢ કરવો જોઈએ પછી શ્રીભાગવતનો પ્રસંગ કરવો. જો આમ ન થાય તો ફલ થતું નથી.

આપણે પ્રથમ સ્કંધના ૫મા અધ્યાયના ૮ થી ૧૨ શ્લોકો પણ વિચાર્યા. ત્યાં સાધન જણાવેલ છે. વ્યાસ નારદના આ સંવાદ પરથી એમ સમજાય છે કે જે જ્ઞાનના અભિમાનવાળો હોય, સિદ્ધાંત ન જાણવા છતાં પોતાને જ્ઞાની માનતો હોય તેને પણ શ્રીભાગવત કહેવું જોઈએ નહી. આથી જ નારદજી જે ભાગવત બ્રહ્માજીએ તેમને કહેલ તે વ્યાસજીને કહેતા નથી.

કેટલાક એવા હોય છે જે ખોટું જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને મોટા લોકોએ તેમને જ્ઞાન પહેલા આપ્યું હોય તે યથાર્થ જ્ઞાનને પોતાના ખોટા જ્ઞાનમાં સમાવેશ કરવા ઈચ્છે છે. આવા લોકોને પણ શ્રીભાગવત ન કહેવાય.

શ્રીમદ્ ભાગવતના શ્રવણથી ઘણા ફળ મળે. તેમાં પાંચ મુખ્ય છે. (૧) સાક્ષાત્ ભગવત્-પ્રવેશ-પ્રભુ પ્રાપ્તિ, (૨) ભગવાનમાં પરમ પ્રીતિ, (૩) ભગવત્ કૃપા, (૪) સર્વ સંશય દૂર થવા, (૫) સર્વત્ર અભયની પ્રાપ્તિ. પરીક્ષિત અને શુકના સમાગમમાં અંતે શ્રીભાગવતનું ફલ થયું છે, તે પણ આપણને બારમા સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં જાણવા મળે છે.

પ્રથમ સ્કંધ, શ્રીભાગવતના શ્રોતા અને વક્તાના અધિકારનું નિરૂપણ કરે છે. આ સ્કંધના ઓગણીસ અધ્યાયો પૈકી પ્રથમ ત્રણ અધ્યાયોમાં હીન અધિકાર, બીજા ત્રણ અધ્યાયોમાં મધ્યમ અધિકાર અને ત્રીજા તેર અધ્યાયોમાં ઉત્તમ અધિકાર કહ્યો છે.

હવે પ્રથમ અધિકારમાં શ્રોતા કેવો જોઈએ તે કહે છે.

તીર્થ યજ્ઞૈર્મહાગ્શુચિઃ ॥૨૩॥
કૃષ્ણં પૃચ્છતિ યત્નેન કૃપાસત્સઙ્ગસમ્ભવે ॥૨૩ $\frac{૧}{૨}$॥

મુદ્રા પટવારી (કોલકતા)ના જયશ્રીકૃષ્ણ.

શૌનકજી તીર્થો અને યજ્ઞો દ્વારા મહાન અને પવિત્ર છે. ભગવત્કૃપાથી સત્સંગનો લાભ થયો છે. યત્ન કરી કૃષ્ણ સંબંધી પ્રશ્ન કરે છે.

પ્રથમ સ્કંધના પ્રથમ અધ્યાયના ચોથા અને પાંચમા શ્લોકમાં કહે છે કે એકવાર શૌનકાદિ ઋષિઓએ ભગવાનની પ્રાપ્તિની ઈચ્છાથી, પરમ પુણ્યશાળી નૈમિષારણ્ય ક્ષેત્રમાં યજ્ઞનું અનુષ્ઠાન કર્યું. આ યજ્ઞ હજાર વર્ષો સુધી ચાલવાનો છે. એક દિવસ આ બધા ઋષિઓએ પ્રાતઃકાળમાં નિત્યકૃત્યોથી પરવારી સૂતજીનું પૂજન કર્યું અને તેમને ઊંચા આસન પર બેસાડી આદરપૂર્વક આ પ્રશ્ન કર્યો.

આ સ્કંધના ત્રણેય અધિકારીઓએ એક સરખું શ્રીમદ્ ભાગવત નથી જાણ્યું. સૂત-શૌનક, નારદ-વ્યાસ, શુકદેવજી-પરીક્ષિતે જુદા જુદા પ્રકારથી શ્રીભાગવત જાણ્યું છે. આ કારણથી જ તેમના અધિકારમાં તફાવત છે.

પ્રથમ ત્રણ અધ્યાયમાં વર્ણવેલા શ્રોતા-વક્તા કેવા હોવા જોઈએ એ ઉપરની કારિકામાં સૂચવે છે. શ્રીઆચાર્યચરણો શ્રીસુબોધિનીજીમાં આ વિષય લગતું વાક્ય કથે છે - **પુણ્યતીર્થે પુણ્યક્ષેત્રે યજ્ઞાદિભિ: શુદ્ધા: યજ્ઞરૂપ ભગવદાવિષ્ટા ભગવત્પ્રશ્ને પ્રથમાધિકારિણ: સ્વરૂપ-તોડધિકારિણ:** - પવિત્ર તીર્થમાં, પવિત્ર ક્ષેત્રમાં યજ્ઞ વગેરેથી શુદ્ધ થયેલા અને જેમાં યજ્ઞરૂપ ભગવાન આવિષ્ટ છે તેવા પ્રભુ સંબંધી પ્રશ્નમાં પ્રથમ અધિકારીઓ છે. તેઓ સ્વરૂપથી અધિકારીઓ છે. આવા અધિકારીઓનો હેતુ ભગવત્કૃપા છે.

આગળના લેખમાં આપણે જોયું શ્રીભાગવતનો શ્રોતા કેવો જોઈએ? શ્રી સુત અને શૌનકના પ્રસંગથી આપણને એ સમજાય છે કે સાંભળનાર પુરુષ તીર્થો અને યજ્ઞોથી પવિત્ર થયેલો જોઈએ. ભગવાનની કૃપાથી તેને સત્સંગ હોવો જોઈએ. આવા ઉત્તમ પુરુષનો પ્રશ્ન શ્રીકૃષ્ણ સંબંધી હોય છે. આવા શ્રોતાને શ્રીભાગવત કહેવાની શરૂઆત થાય.

શ્રીવલ્લભાચાર્યજી, શ્રીમદ્ ભાગવતને ખૂબ ઊંચો પદાર્થ માને છે. કારણ વાસ્તવ તત્ત્વ તેમાં બિરાજે છે. આથી ઉપર જણાવેલી યોગ્યતાવાળા શ્રોતા હોય તો પણ તરત જ શ્રીભાગવત કહેવું નહીં એવી આપ આજ્ઞા કરે છે. શ્રોતાના હૃદયને ખૂબ તપાસીને શ્રીભાગવત કહેવાની આજ્ઞા કરે છે. શ્રીવ્યાસચરણોએ આ માટે વક્તાઓને રીત બતાવી છે. શ્રીઆચાર્યચરણો તે રીતિને સ્પષ્ટ કરતાં આજ્ઞા કરે છે.

રક્ષા પટવારી (કોલકતા)ના જયશ્રીકૃષ્ણ.

સામાન્ય તો બુભુત્સાં હિ વક્તા વાચ્યતિ સ્વયમ્ ॥૨૪॥
ઉત્કણ્ઠા ચેત્તતોડપિ સ્યાત્ કથા પ્રક્ષેપણં તતઃ ।
તતો વિશેષ પ્રશ્નશ્ચેદ્વાચ્યં રીતિ રિયં સદા ॥૨૫॥

કૃષ્ણ સંબંધી પ્રશ્ન કરવામાં આવે ત્યારે સાધારણ રીતે વક્તા, શ્રોતાની જીજ્ઞાસા સંતોષે છે. હવે શ્રોતાને આથી પણ વધુ ઉત્કંઠા થાય તો જ કથા કહેવાય. આમાંય જો વિશેષ પ્રશ્ન કરવામાં આવે છે, તો તેનો ખુલાસો કરવામાં આવે છે. શ્રીઆચાર્યચરણો સમજાવે છે કે આજ રીત કાયમ હોવી જોઈએ.

શૌનકાદિ ઋષિઓની જીજ્ઞાસા તેમણે પૂછેલા છ પ્રશ્નોમાં દેખાય છે. પ્રથમ સ્કન્ધના પ્રશ્ન અધ્યાયમાં ૯મા શ્લોકથી ૨૩મા શ્લોક સુધીમાં આ પ્રશ્નો પૂછયા છે (૧) સૌના માટે સર્વ સામાન્ય કલ્યાણ (એકાન્તલઃ શ્રેયઃ) (૨) અનેક સાધનોમાં જે સાર હોય તે. (૩) પ્રભુ દેવકીજીના ઉદરમાં કેમ પ્રકટ્યા? (૪) ભગવાનની શુભ અવતાર કથાઓ (૫) કૃષ્ણ પોતાના સ્વરૂપને માનવ જેવું બતાવે છે તે લીલા (૬) પ્રભુ વૈકુંઠમાં પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો? આ પ્રશ્નો કૃષ્ણ સંબંધી જ છે.

આ પ્રશ્નોમાં દેખાતી જીજ્ઞાસાનું સમાધાન સૂતજી, બીજા અને ત્રીજા અધ્યાયમાં કરે છે. જીજ્ઞાસા પછી વિશેષ ઉત્કંઠા થવી જોઈએ. ચોથા અધ્યાયમાં સૂત અને શૌનકના સંવાદમાં તે જોવા મળે છે. શૌનક, સૂતજીને કહે છે - શુકદેવજીએ તમને ભગવત્સંબંધ વાળી પવિત્ર કથા કહી છે તે અમને કહો. આ કથા કયા યુગમાં થઈ? કયા સ્થાનમાં થઈ? કયા કારણથી થઈ? શ્રી વ્યાસજીએ કોની પ્રેરણાથી આ શ્રી ભાગવત સંહિતા કરી? ઉન્મત્ત, મૂંગા અને જડની જેમ ફરતા શુકદેવજીને હસ્તિનાપુરના લોકો કઈ રીતે ઓળખી શક્યા? પરીક્ષિત રાજાને શુકદેવજી સાથે

પ્રાણલાલ ર. મોદી તથા શ્રીમતી પ્રેમીલાબેન પી. મોદી (નૈરોબી)ના જયશ્રીકૃષ્ણ.

સમાગમ કઈ રીતે થયો? શ્રીશુકદેવજી એક સ્થાને ગાય દોહવાય તેટલો સમય જ રોકાય છે તો આટલા સમયમાં આ મોટી સંહિતા કઈ રીતે કહી શક્યા? પરીક્ષિત રાજાના જન્મ અને કર્મ કહો. શા માટે પરીક્ષિતે સામ્રાજ્ય અને લક્ષ્મીનો ત્યાગ કર્યો? શા માટે તેમણે ગંગાના તીરે આવીને મૃત્યુ સુધી અન્નનો ત્યાગ કર્યો? આ બધા પ્રશ્નોમાં શ્રોતા શૌનકજીની વિશેષ ઉત્કંઠા દેખાય છે.

પહેલાં જીજ્ઞાસા પછી વિશેષ ઉત્કંઠા અને ત્યારબાદ વિશેષ પ્રશ્ન. આ વિશેષ પ્રશ્ન જાણવા પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયનું અવગાહન જરૂરી બને છે. શ્રીશુકદેવજી નિવૃત્તિ પરાયણ છે. સર્વની ઉપેક્ષા કરી આત્મામાં રમણ કરે છે. પ્રવૃત્તિના ભયથી જનોઈ વગેરે સંસ્કારોની પણ ઉપેક્ષા કરી આત્મામાં રમણ કરે છે. પ્રવૃત્તિના ભયથી જનોઈ વગેરે સંસ્કારોની ઉપેક્ષા કરી છે. શૌનકજી એટલે જ પૂછે છે આ વિશેષ પ્રશ્ન - ''આવા શુકદેવજી આ વિશાળ ગ્રંથ, ભાવ સહિત અને અર્થના જ્ઞાન પૂર્વક સારી રીતે શા માટે ભણ્યા?

આ વિશેષ પ્રશ્નનો સૂતજી ઉત્તર આપે છે કે પ્રભુના ગુણો જ એવા છે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિવાળા સર્વને આનંદ આપે છે અને પોતાની તરફ ખેંચે છે - ''નિત્ય વિષ્ણુજન પ્રિયા:'' (૧-૭-૧૧) આ શ્લોકમાં કહે છે કે શુકદેવજી, શ્રીબાદરાયણ વ્યાસના પુત્ર છે. તે ભગવદ્ભક્તને પ્રિય છે. ભગવાનના ગુણોએ તેમની બુદ્ધિનું આકર્ષણ કર્યું છે. આવા શુકદેવજી આથી જ આ મોટું આખ્યાન ભણ્યા.

ત્યારબાદ સૂતજી, પરીક્ષિત રાજાના જન્મ, કર્મ, અવસાન તેમજ પાંડવોના દેહત્યાગની વાત કહે છે. આમ ભગવાનની કથાનો ઉદય કરનારી બધી કથા સૂતજી નિરૂપે છે.

શ્રીવ્યાસમહર્ષિજીએ શ્રોતાઓ માટેની આ શીખ વક્તાઓને દીધી છે. શ્રીમહાપ્રભુજી ત્રણેય કાળમાં આ રીત સદા પાળવાની આજ્ઞા કરે છે. આથી આજે પણ જેઓએ કહેવાનું છે તેઓએ આ રીતિથી જ કહેવાનું છે. જેમ તેમ હરકોઈ પૂછે તેને બધું ન કહેવું.

ગોવિંદદાસ પરસોત્તમદાસ (ચેન્નઈ)ના જયશ્રીકૃષ્ણ.

આથી જ શ્રીવ્યાસજીએ પ્રથમ, શ્રોતાઓનું લક્ષણ દર્શાવ્યું છે. શ્રીભાગવત સ્કંધ-૧ અધ્યાય-૧ શ્લોક ૪-૫માં તે જોવા મળે છે. જે આગળ આપણે પ્રભુકૃપાથી વિચાર્યું છે.

શ્રીઆચાર્ય ચરણો પોતાના આશ્રિતોને સેવા અને કથામાં દૃઢ આસક્તિ કરવાની આજ્ઞા કરે છે. સેવા માટે તો 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા:...' છે જ. શ્રીવલ્લભ અધિકાર માટે ખૂબ જ સજાગ છે. આથી જ અનોસરમાં કથા સમયે કેવા વક્તા પાસેથી ભગવદ્ ગુણાનુવાદ સાંભળવા તે આપશ્રી જલભેદ ગ્રંથમાં વીસ પ્રકારના વક્તાઓના વર્ણનથી સમજાવે છે. જલભેદ ગ્રંથ પહેલા ભક્તિવર્ધિની ગ્રંથ છે. ત્યાં ભક્તિને વધારવાના ઉપાયોમાં શ્રવણની આજ્ઞા પણ છે જ. ભગવદ્ ગુણાનુવાદ જુદા જુદા વક્તાઓના મુખમાંથી નીકળે ત્યારે તે વક્તાઓના અધિકારથી જુદી જુદી અસર ઉભી કરે છે. *''સ્વાતિજલ બુંદ પરત હૈ જાહીમેં તાહીમેં હોત તૈસો જુ બાનો.''* જે સ્વાતિ જલનું બુંદ કાલુમાછલીની છીપમાં મોતી પકવે છે તે જ સાપના મોંમાં પડી ઝેર બને છે.

આજ રીતે વક્તાઓએ પણ કેવા શ્રોતાઓ આગળ કહેવું તે બતાવવા પંચપદ્યાનિ ગ્રંથ રચે છે. પ્રેમલક્ષણા ભક્તિનો આ માર્ગ છે. શ્રીવલ્લભે શ્રીભાગવતમાંથી પ્રગટ કર્યો છે. આ ભાગવતમાં પણ પ્રથમ સ્કન્ધમાંથી શ્રોતા અને વક્તાના અધિકારનો વિચાર કર્યો છે.

હીન અધિકારના શ્રોતાઓનો અધિકાર વિચાર પ્રભુકૃપાથી જોયો. હવે પ્રથમ (હીન) અધિકારી વક્તાનું નિરૂપણ શ્રીઆચાર્યચરણો કરે છે :

વક્તાધિકારી સર્વજ્ઞઃ સમ્પ્રદાયેન સન્મુખાત્ ।
શ્રુતભાગવતો ભક્તો દ્ વિરક્તસ્તથા દિસઃ ॥૨૬॥

પ્રથમ અધિકારવાળો વક્તા કેવો હોય? તે સર્વજ્ઞ હોય. સંપ્રદાય-પરંપરામાં સત્પુરુષના મુખે તેણે ભાગવત સાંભળ્યું હોય. તે ભક્ત હોય. પણ તે વિરક્ત નથી.

ઘણાને વિચાર આવે કે વક્તાના અધિકારની જરૂર શી? કાર્ય સિદ્ધિ, શ્રોતાના અધિકારથી ન થાય? તો આચાર્યો સમજાવે છે વક્તાનો અધિકાર મુખ્ય છે. ભગવદ્ ગુણો તો એક સમાન જ છે. પણ જુદા જુદા વક્તાઓના

શ્રેયા નિલેષ મણકીવાળા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

હૃદગત્ભાવો જુદી જુદી અસરો કરતા હોય છે. ઉપર નિર્દેશેલ જલભેદ ગ્રંથના વિચારથી આપણે આ સ્પષ્ટ કરી શકીએ.

આ કારિકાનો વિચાર કરવા પ્રથમ સ્કન્ધના ત્રીજા અધ્યાયના ૪૦ થી ૪૫ સુધીના છ શ્લોકોનું અવગાહન આવશ્યક છે. પ્રથમ સ્કન્ધમાં શૌનકજીએ છ પ્રશ્નો પૂછ્યા છે. પ્રશ્નો કૃષ્ણસંબંધી છે. બીજા અધ્યાયથી શ્રીસૂતજી પૂછાયેલ પ્રશ્નોના જવાબ આરંભે છે. જવાબના આરંભ પહેલા કૃષ્ણ સંબંધી વચનો હોવાથી શૌનકાદિને અભિનંદે છે. પ્રભુના અવતાર સંબંધી પ્રશ્નનો જવાબ ત્રીજા અધ્યાયમાં મળે છે. અવતાર વર્ણન બાદ સૂતજી કહે છે - "શ્રીભાગવત પુરાણ ભગવાન વેદ વ્યાસે પ્રકટ કર્યું છે. તેમાં ઉત્તમ શ્લોક ભગવાનના ચરિત્રો છે. તે વેદતુલ્ય છે. લોક કલ્યાણ કરનારું આ ભાગવત, શ્રીવ્યાસજીએ પોતાના જિતેન્દ્રિયોમાં શ્રેષ્ઠ એવા શ્રીશુકદેવજીને જણાવ્યું છે. શ્રીશુકદેવજીએ, પરીક્ષિત રાજાને સંભળાવ્યું. શ્રીશુકદેવજી અત્યંત તેજસ્વી છે. જ્ઞાનવાન - પ્રકાશવાન છે. આવા વિપ્રર્ષિ જ્યારે કથા કહેતા હતા ત્યારે તેમની કૃપાથી હું ત્યાં બેઠો. શ્રી ભાગવત ભણ્યો. હું જેવું ભણ્યો તેવું મારી બુદ્ધિ પ્રમાણે તમને સંભળાવીશ." આ શ્લોકો, પ્રથમ અધિકારી વક્તા સૂતજીના લક્ષણો દર્શાવે છે. આ ૨૬મી કારિકા પ્રમાણે સૂતજીમાં ૧. સર્વજ્ઞતા, ૨. સત્પુરુષમુખે ભાગવતનું શ્રવણ, ૩. ભક્તપણું અને ૪. અવિરક્તપણું આ ચાર ગુણો દેખાય છે.

સૂત પૌરાણિક, શુકદેવજી પાસેથી ભાગવત ભણ્યા છે પ્રથમ સ્કન્ધના ત્રીજા અધ્યાયના ૪૪ અને ૪૫મા શ્લોકમાં આ કહ્યું છે. તત્ર કીર્તયતો વિપ્રા વિપ્રર્ષેર્ભૂરિતેજસઃ ॥ અહં ચાધ્યગમં તત્ર નિવિષ્ટસ્તદનુગ્રહાત્ । આમ છતાં સૂતજીનો હીન અધિકાર કેમ? તેમને કેમ સિદ્ધિ ન થઈ! તે સમજાવવા આજ્ઞા કરે છે :-

સૂતત્વાદ વૃત્તિરેષા હિ તસ્માન્ન ફલિતં તથા ।
નઘપ્યેષા ન વિક્રીતા નામ વિક્રયણાત્તથા ॥૨૭॥

પુરાણ વાંચવું, એ સૂતજીની વૃત્તિ છે. આથી તેમને ફળ્યું નહીં.

અન્નપૂર્ણાબેન દિલીપકુમાર મોદી (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સૂતજીએ શ્રીભાગવતનો વિક્રય નથી કર્યો, પણ અન્ય પુરાણ વાંચી આજીવિકા કરે છે. આને નામવિક્રય (ભગવદ્નામ વેચવું) ગણ્યો છે. તેથી તેમનો પ્રથમ હીન અધિકાર છે.

શ્રીમદ્ ભાગવત પ્રભુનું નામસ્વરૂપ છે. આમ શ્રીભાગવત ભગવદ સ્વરૂપ જ છે. આથી આ ગ્રંથનું વાંચન કરી, ગુજરાન ન ચલાવાય. જો આ રીતે આજીવિકા કરી તો તે નામવિક્રય દોષ કહેવાય.

સૂતજીમાં શ્રીભાગવતનું શબ્દજ્ઞાન છે. તેમનામાં વૈરાગ્ય નથી. વળી આપણે જોયું તે પ્રમાણે નામવિક્રય દોષ છે. પરિણામે સૂતજીનો વક્તા તરીકે હીનાધિકાર છે. આમ શ્રીભાગવતનો વિક્રય કરવાથી ધન વગેરે પ્રાપ્ત થયું. તે સિવાયનું બીજું ફલ તો ન જ મળ્યું.

શ્રીમહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવો પૈકી સેવક પદ્મનાભદાસ કનોજિયા બ્રાહ્મણ જે કનોજમાં રહેતા તેમની વાર્તા આ સાપેક્ષમાં વિચારવા જેવી છે. શ્રીમહાપ્રભુજીના શરણે ગયા તે પહેલાં, પદ્મનાભદાસજી વ્યાસાસન પર બેસી કથા કરતા અને ઘરનું ગુજરાન થતું. શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા ત્યારે આચાર્યચરણોએ આજ્ઞા કરેલી:

પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ ।
વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ ॥

ભલે પ્રાણ જવાની તૈયારી હોય, પ્રાણ કણ્ઠે અટક્યો હોય. ભગવદ્નામ વેચીને વૃત્તિ ન કરવી. ધન્ય છે પદ્મનાભદાસજીને. તેજ ક્ષણે અંજલી ભરી સંકલ્પ કર્યો કે કથા કરીને વૃત્તિ નહીં કરું.

વક્તાના અધિકાર નિરૂપણમાં આપણે જોયું કે શ્રી સૂતજીનો હિન અધિકાર છે. શા માટે? તે પણ શ્રીઆચાર્યચરણોએ સમજાવ્યું.

વક્તા તરીકે મધ્યમ અધિકાર શ્રીનારદજીનો ગણ્યો છે. અહીં વિચાર એ થાય કે શ્રીનારદજીએ શ્રીમદ્ ભાગવતનું શ્રવણ શ્રીબ્રહ્માજી પાસેથી કર્યું છે; છતાં મધ્યમ અધિકાર! આ શંકાનું નિરાકરણ કરતાં શ્રીઆચાર્યચરણો આજ્ઞા કરે છે.

નારદસ્યાધિકારિત્વાત્ કાર્યાવેશાત્તુ સર્વતઃ ।
ન વૈરાગ્યં દૃઢં જાતં તેન મધ્યમ ઈર્યતે ॥૨૮॥

ઉર્મિલા મધુસુદન શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

નારદજી અધિકારી છે પણ બધી બાજુએ તેમનામાં કાર્યનો આવેશ છે. દૃઢ વૈરાગ્ય નથી. આથી જ તેઓ મધ્યમ અધિકારી કહેવાય છે.

નારદજી બ્રહ્મર્ષિ છે. સર્વ સ્થળે કામકાજમાં ગૂંચવાયેલ રહે છે. આથી દૃઢ વૈરાગ્ય થયો નથી. સૂતજીમાં શબ્દથી જ્ઞાન છે - નારદજીમાં તો અર્થથી થયેલું જ્ઞાન છે. આમ જ્ઞાન તો પૂર્ણ હતું પણ વૈરાગ્યનો અભાવ છે. વૈરાગ્ય સહિત જ્ઞાન માત્ર શુકદેવજીને જ હતું.

વૈરાગ્ય ન હોય તો જ્ઞાનથી વિમૂઢ થઈ જવાય. એક સિદ્ધાંત એવો છે કે પ્રમાણ (શાસ્ત્રો) કરતાં પ્રમેય (ભગવાન)નું બલ અધિક છે. ૮૪-૨૫૨ના ઘણા વાર્તા પ્રસંગોમાં આ જોવા મળે છે. આથી ભગવદ્ ઈચ્છા જ એવી છે કે નારદજીને શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન છે. વૈરાગ્ય થયું નથી.

શ્રીભાગવતજીના શ્રવણનું ફલ પ્રથમ સ્કન્ધના ૭મા અધ્યાયના સાતમા શ્લોકમાં આ રીતે છે.

યસ્યાં વૈ શ્રૂયમાણાયાં કૃષ્ણે પરમ પુરુષે ।
ભક્તિરુત્પદ્યતે પુંસઃ શોક મોહ ભયાપહા ॥

એના શ્રવણ માત્રથી પુરુષોત્તમ પ્રતિ પરમ પ્રેમમયી ભક્તિ થઈ જાય છે. જેનાથી જીવના શોક, મોહ અને ભયનો નાશ થાય છે.

આમ અુનાથી અધિક ફલ મળતું નથી. આથી જ અધિકારના વિષયમાં વૈરાગ્ય જુદું કહ્યું છે. આ વૈરાગ્યની સિદ્ધિ માટે જ આ સ્કન્ધમાં સાતમાંથી અઢાર સુધીના બાર અધ્યાય નિરૂપાયેલા છે. ત્યારબાદ પરીક્ષિતને વૈરાગ્ય થયો અને શ્રવણના ઉત્તમ અધિકારી થયા અને પરીક્ષિતજી જ્યારે શુકદેવજી પાસેથી શ્રવણ કરતા હતા તે વખતે નારદજી અને વ્યાસજી પણ શ્રોતાઓમાં ભળેલા હતા.

પ્રભુના આવેશ માટે વૈરાગ્ય આવશ્યક છે. શ્રી આચાર્યચરણો આજ્ઞા કરે છે:

'વિષયાક્રાન્તદેહાનાં ન આવેશ સર્વથા હરેઃ।'

વિષયોમાં દોષનો અનુભવ થાય તો સંસારમાં વૈરાગ્ય થાય- વૈરાગ્ય ન હોય તો પ્રભુ-સાક્ષાત્કારને લીધે અહંકાર થાય. આથી જ વૈરાગ્ય આવશ્યક છે. તેથી જ સાક્ષાત્કારનો અભાવ હોવાથી સૂત હિન અધિકારી છે. નારદજીને પ્રભુનો સાક્ષાત્કાર છે; પણ દૃઢ વૈરાગ્ય ની આથી તે મધ્યમ અધિકારી છે.

પ્રેમીલાબેન ધનસુખભાઈ શાહ અને પરિવાર (કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

વક્તાઓના અધિકારમાં ૨૭મી અને ૨૮મી કારિકા દ્વારા આપણે ક્રમશઃ હીન અધિકારી શ્રી સૂતજી અને મધ્યમ અધિકારી શ્રી નારદજી વિષે જોયું. ઉત્તમ વક્તા શ્રીશુકદેવજી છે. પ્રશ્ન થાય કે શા માટે શુકદેવજી ઉત્તમ? તેનો જવાબ શ્રી આચાર્યચરણો કહે છે.

શુકે પૂર્વોક્તદ્વિતયં નાસ્તિ તેનોત્તમઃ સ્મૃતઃ ॥૨૮ $\frac{૧}{૨}$ ॥

શુકદેવજીમાં પૂર્વે કહેલાં બેય નથી. તેથી જ તેઓ સદા ઉત્તમાધિકારી છે. સૂતજીમાં નામવિક્રયરૂપી દોષ છે તો નારદજીમાં વૈરાગ્યનો અભાવ છે અને આ બંને દોષોનો અભાવ શુકદેવજીમાં છે. શુકદેવજીમાં વૈરાગ્ય છે. જેમ જેમ સંસારમાં વૈરાગ્ય વધે તેમ તેમ શ્રીભાગવતમાં અધિકાર વધે અને ભાગવતનું ફલ પણ જલદી મળે.

વૈરાગ્યપૂર્ણ મુખ્ય વક્તા શુકદેવજીનું દર્શન શ્રી ભાગવત માહાત્મ્યના પ્રથમ અધ્યાયના બીજા શ્લોકમાં સુંદર રીતે થાય છે. આ શ્લોકમાં શુકદેવજીને વંદન કરી મંગલાચરણ કર્યું છે. શુકદેવજી સ્વરૂપે શંકર ભગવાન પ્રકટ થયા છે. શિવજીને જ્ઞાન અને વૈરાગ્ય સિદ્ધ છે. શુકદેવજી વિરક્ત પુરુષ છે. પિતા વ્યાસજીના આશ્રમમાં સત્સંગનું વાતાવરણ છે, છતાં માના ઉદરમાં બિરાજેલા શુકદેવજીને પ્રબળ માયાની બીક લાગે છે. ૧૬ વર્ષ સુધી મા અરણીજીના ઉદરમાં રહ્યા. વ્યાસ મહર્ષિજીએ વચન આપ્યું કે માયાથી બંધન નહીં થવા દઈએ ત્યારે શુકદેવજી પ્રકટ થયા. વિરક્તપણું તો જુઓ કે જન્મતાની સાથે જ નાળ ખભા ઉપર નાખી, શરીરે ઓર વિંટળાયેલું હતું અને શુકદેવજી પિતાના આશ્રમમાંથી ચાલી નીકળ્યા.

શુકદેવજી મુનિ છે. મનનશીલ હોય તે મુનિ - મુનિની વ્યાખ્યા છે - 'વીતરાગ ક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે' રાગ, ભય અને ક્રોધ જેનામાં ન હોય તે મુનિ અને જેની બુદ્ધિ સ્થિર હોય તે મુનિ. આવા વૈરાગ્યવાળા શુકદેવજી પ્રાણીમાત્રના હૃદયને પ્રેરનારા સર્વભૂતહૃદય છે. તેમનામાં બ્રહ્મજ્ઞાન પણ

હીરાબેન શાહ અને પરિવાર (કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

છે. આનાથી તેમનામાં સર્વભાવ બિરાજે છે. પરિણામે વૃક્ષમાં પણ પ્રવેશ કરી વ્યાસજીને પ્રત્યુત્તર આપી શકે છે. વૈરાગ્યપૂર્ણ શુકદેવજી વિષે વધુ માહિતી પ્રથમ સ્કન્ધના ચોથા અધ્યાયમાં શૌનકજીના મુખેથી મળે છે. ચોથા શ્લોકથી સમજાય છે કે શુકદેવજી મહાયોગી છે. સમદર્શી છે. નિર્વિકલ્પ સમાધિમાં રહે છે, એકાંતમાં વસે છે. સદા જાગરૂક છે – પ્રસિદ્ધિમાં નથી આવતા. ગુપ્ત રહે છે તદ્દ્ન મૂઢ જેવા જણાય છે. પાંચમા શ્લોકથી એ જણાય છે કે શુકદેવજી આશ્રમ છોડીને ચાલી નીકળ્યા ત્યારે નગ્ન હતા. રસ્તામાં અપ્સરાઓ સ્નાન કરતી હતી. નગ્ન અવસ્થામાં હતી – છતાં શુકદેવજીને જોઈ વસ્ત્રો ન પહેર્યાં. જ્યારે પાછળ આવતા વ્યાસજીને જોઈ (અનગ્ન હતા છતાં) વસ્ત્રો પહેર્યાં – તેના કારણમાં, વ્યાસજીને સ્ત્રીપુરુષનો ભેદ છે – પણ ભગવન્નિષ્ઠ શુકદેવજીને આવો ભેદભાવ નથી – આઠમો શ્લોક સમજાવે છે કે શુકદેવજી, ગૃહસ્થોના ઘરોમાં ગાય દોહતા જેટલો સમય લાગે તેટલો સમય જ રોકાતા – અને તેટલા સમયમાં તે ઘર તીર્થરૂપ બની જતું. આથી જ આવા દઢ-વૈરાગ્યવાળા શુકદેવજી ઉત્તમ અધિકારી છે.

ઉત્તમ અધિકારી શુકદેવજીએ વ્યાસજી પાસેથી શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કર્યું. પરમ ભક્તિ થઈ. અહીં શંકા એ કરીકે પરમ ભક્તિ પ્રાપ્ત કરીને પણ શુકદેવજીનો પ્રભુમાં પ્રવેશ કેમ ન થયો. ત્યાં શ્રી આચાર્યચરણો આજ્ઞા કરે છે:

દઢભકતૌ શીઘ્રલયે કથૈવ પ્રતિબન્ધિકા ॥૨૯॥

દઢ ભક્તિ થતાં, જલદી લય થવામાં ભગવત્કથા જ પ્રતિબંધ કરનારી છે. ભક્તોનાં મરણ નથી થતાં. ભગવત્કથા મરણ થતાં અટકાવે છે. મરણમાં તે પ્રતિબન્ધ કરનારી છે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કન્ધમાં અધ્યાય ૩૧મો ગોપીગીત છે. તેનો ૯મો શ્લોક આ માટે પ્રમાણરૂપ છે. રાસમાંથી ભગવાન તિરોહિત થયા – ગોપીજનો પ્રભુને શોધતા શોધતા પાછાં પુલિનમાં આવ્યા ગોપીગીતથી ભગવાનની સ્તુતિ કરી પ્રેમની ધ્વજા-ગોપીજનો ગાય છે.

તવકથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ ।
શ્રવણમઙ્ગલં શ્રીમદાનનં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદા જનાઃ ॥

માલતીબેન જયંતિભાઈ શાહ અને પરિવાર (કેનેડા)ના જયશ્રીકૃષ્ણ.

ભગવાનની કથામાં પણ ભગવાનના જેવું જ સામર્થ્ય છે. શ્રીમદ્ ભાગવત પણ ભગવાનનું નામ સ્વરૂપ જ છે. આથી જેમ ભગવાન છ ગુણવાળા છે તે જ રીતે કથા પણ છ ગુણવાળી છે. કથા અમૃતરૂપા છે. અમૃત ભગવદ્રસ છે. આથી કથા સર્વમરણને દૂર કરનારી છે.

ભક્તો તપ્ત હોય છે – તપ્તભાવ એટલે પ્રભુ મને પ્રત્યક્ષ ક્યારે મળશે? એવો ભાવ. આવા ભાવવાળાઓને કથા જીવનપ્રદ છે તેનો અનુભવ થાય છે. શ્રી ભાગવતના માહાત્મ્યમાં પણ સ્પષ્ટ જ છે. પરીક્ષિતજી તપ્ત છે. આથી કથાનો અનુભવ તેમને જીવન રૂપા થયો – દેવો તપ્ત નથી – શ્રી શુકે તેમને કથામૃત ન પાયું. આવી અમૃતજલ રૂપા કથા સંસારના સકલ સંતાપ શમાવે છે. કોમલતાથી જીવન ટકાવે છે.

પ્રભુના વિરહવાળા ભક્તોનો વિરહ કથાથી ભલે ટળતો ન હોય પણ વિરહમાં ય જીવન તો ટકાવે જ છે. શ્રી શુકદેવજીએ કથામૃત ગ્રહણ કર્યું છે. સતત પ્રભુનાં ગુણગાન કરતાં વિચરે છે અને આથી જ ભગવાનના જેવું જ સામર્થ્ય ધરાવતું કથામૃત તેમના મરણમાં પ્રતિબન્ધ બની જાય છે.

૨૬મી કારિકા થી ૨૯મી કારિકા સુધીમાં ત્રણ પ્રકારના વક્તાના અધિકાર વિષે આપણે જોયું. હવે ત્રણ પ્રકારના શ્રોતાઓ વિષે વિચારીએ. શ્રી આચાર્યચરણો ૩૦મી કારિકાથી ૩૨$\frac{૧}{૨}$મી કારિકામાં આ માટે આજ્ઞા કરે છે.

યાગાદિકરણાસકત્યા શિષ્યાણાં ચૈવ સંગ્રહાત્ ।
વકતુઃ સ્વસ્યોત્તમજ્ઞાનાત્ ફલં સર્વં ન શૌનકે ॥૩૦॥
દઢજ્ઞાનાત્ કર્મણા તુ ભકત્યા યુક્તેન મોક્ષ્યતે ।
સ્વતસ્તર્કપરિજ્ઞાનાદવતારાચ્ચ મધ્યમઃ ॥૩૧॥
નાનાસાધનવિજ્ઞાનાત્ સંવ્વાદાન્નારદપ્રમા ।
શુકોક્તિમાત્રતસ્તસ્ય નિઃસન્દેહાત્ફલંભવેત્ ॥૩૨॥
તસ્યોત્તમત્વં તત્રૈવ વક્ષ્યે પ્રકરણોત્તમે ॥૩૨$\frac{૧}{૨}$॥

યાગ વગેરે કરવામાં આસક્તિ, શિષ્યો ઘણા એકઠા કરવા અને વક્તા સૂત કરતાં અમે ઉત્તમ છીએ એવું માનતા હોવાથી, શૌનકને સકળ

પલક, પ્રણય રજનીકાંત કાપડીયા (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ.

ફળ ન મળ્યું, પણ દઢતા હોવાથી ભક્તિથી યુક્ત કર્મ વડે એ મુક્ત થશે - ૩૦ થી ૩૦$\frac{૧}{૨}$.

પોતે તર્કના જ્ઞાનવાળા છે, તેમજ પ્રભુના જ્ઞાનાવતાર છે, તેથી વ્યાસજી મધ્યમ અધિકારી શ્રોતા છે. એઓને ઘણાં સાધનોનું જ્ઞાન છે અને નારદજીના ઉપદેશને સંવાદથી પ્રમાણ માન્યો છે - ૩૧ થી ૩૧$\frac{૧}{૨}$.

રાજા પરીક્ષિતને તો શુકદેવજીના કહેવા માત્રથી સન્દેહ ટળી ગયો છે. તેથી એમને ફળ વિશેષ છે. એમનું ઉત્તમપણું ઉત્તમ પ્રકરણમાં કહેવામાં આવશે. - ૩૨ થી ૩૨$\frac{૧}{૨}$.

શૌનકજીનો શ્રોતા તરીકે હીન અધિકાર છે. પ્રથમ સ્કન્ધ પ્રથમ અધ્યાયનો ચોથો શ્લોક જોતાં શૌનકજીને યજ્ઞ વગેરે કર્મમાં આસક્તિ છે તે દેખાય છે. ૮૮ હજાર ઋષિઓના તે કુલપતિ છે. આમ તેમની પાસે ઘણા શિષ્યો છે. પોતે બ્રાહ્મણ છે - વક્તા સૂતજી શુદ્ર છે. આમ તે પોતાને ઉત્તમ માને છે. આમ આ ત્રણ દોષો હોવાથી હીન અધિકાર મળ્યો. શ્રવણનું સર્વફલ ન મળ્યું. છતાં શ્રવણ વ્યર્થ તો નથી જ થયું. શ્રવણથી શાસ્ત્રનું દઢ જ્ઞાન થયું. ભગવાનમાં સાધનરૂપ ભક્તિ થઈ. ફલ સ્વરૂપે ભગવાનની કૃપાથી કર્મદ્વારા મુક્તિ થશે.

સૂતજીએ સમગ્ર ભાગવત શૌનકાદિને સંભળાવ્યું છે. તેમ છતાં હીન અધિકારનું આ પ્રથમ પ્રકરણ ત્રણ અધ્યાયોનું જ કેમ? શ્રી આચાર્યચરણો સમજાવે છે:

સ્વાધિકાર નિરુપાર્થં સામાન્યેનોત્તાર સ્મૃતમ્ ॥૩૩॥
કથાક્ષેયસ્તુ મુખ્યાર્થઃ પ્રથમં તેન પૂરિતમ્ ॥૩૩$\frac{૧}{૨}$॥

સૂતજીએ પોતાના અધિકારનું નિરૂપણ કરવા માટે સામાન્ય રીતે ઉત્તર આપ્યા. આથી 'મેં કથા સાંભળી', આટલો મુખ્ય અર્થ નીકળ્યો. અહીં આમ પ્રથમ પ્રકરણ પૂર્ણ થયું.

સૂતપૌરાણિક બે વિષય કહે છે. (૧) આ સ્કન્ધના બીજા અને ત્રીજા એમ બે અધ્યાયો તેમણે સ્વતંત્ર રીતે કહ્યા છે. પ્રથમ અધ્યાયમાં શ્રોતા શૌનકજીની જિજ્ઞાસા દેખાય છે. આથી તે ભાગવતજ્ઞ વક્તા સૂતજીને છ પ્રશ્નો પૂછે છે. આ પ્રશ્નોના જવાબમાં ચતુર સૂતજી, ઈર્ષ્યારહિત શૌનકજીને કર્મ, જ્ઞાન, અવતાર પ્રયોજન અને લીલા સંબંધી ઉત્તર આપે છે. જે બીજા અધ્યાયમાં છે.

ગો. વા. ચંપાબેન જમનાદાસ ચોકસી (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

ત્રીજા અધ્યાયમાં શૌનકનો શ્રવણમાં આદર દેખાતાં, રહસ્ય જાણનાર સૂતજી ભગવાનના ૨૪ અવતારો ટૂંકમાં વર્ણવે છે. આ બે અધ્યાયોથી સૂતજી પોતાનો અધિકાર શ્રી ભાગવત કથા માટે છે, તેમ બતાવે છે તેથી જ ત્રીજા અધ્યાયના અંતે ૪૫મા શ્લોકમાં તેઓ કહે છે.

અહં ચાધ્યગમં તત્ર નિવિષ્ટસ્તદનુગ્રહાત્ ।
સોऽહં વઃ શ્રાવયિષ્યામિ યથાધીતં યથામતિ ॥

જ્યારે મહાતેજસ્વી શુકદેવજી આ પુરાણની કથા કહેતા હતા ત્યારે હું પણ ત્યાં બેઠો હતો, ત્યાં તેમની કૃપાપૂર્ણ અનુમતિથી તેનું અધ્યયન કર્યું. મારું જેવું અધ્યયન છે અને મારી બુદ્ધિએ જેટલું જે પ્રકારે ગ્રહણ કર્યું છે, તે અનુસાર હું આપ સર્વેને કહીશ.

બીજો વિષય છે શ્રીમદ્ ભાગવત. ચોથા અધ્યાયથી તે શરૂ થાય છે.

આમ હજુ કથા પૂર્ણ નથી થઈ તો આ પ્રકરણ કેમ પૂરું થયું? તે સમજાવવા આપ આજ્ઞા કરે છે.

અધિકારસ્તુ સમ્પન્નઃ કથા પશ્ચાદ્ ભવિષ્યતિ ॥૩૪॥

અર્થાત્ અધિકાર તો પ્રાપ્ત થયો, પણ કથા પછી થશે.

સૂતજી ચોથા અધ્યાયથી શ્રી ભાગવત કથા કહેશે. આ કથા કહેવાનો અધિકાર સૂતજીએ મેળવ્યો છે. આટલું જ દર્શાવવાનું હોઈ અહીં પ્રથમ પ્રકરણ પૂરું થાય છે. આથી જ ત્રીજા અધ્યાયના અંતે કથા કહેવાની પ્રતિજ્ઞા છે. આ સાથે અગાઉ જોયેલી ૨૬મી કારિકાને પુનઃ યાદ કરીએ. વક્તાધિકારી સર્વજ્ઞઃ સમ્પ્રદાયેન સન્મુખાત્ । શ્રુત ભાગવતી ભક્તો હ્યવિરક્તસ્તથાદિમઃ ॥ અર્થાત્ સર્વજ્ઞ, સંપ્રદાય વડે સત્પુરુષના મુખથી જેણે ભાગવત સાંભળ્યું છે તેવો, ભક્ત પણ વિરક્ત નહીં તેવો, એવો વક્તા પ્રથમ અધિકારી છે.

તો આ ૨૬મી કારિકામાં કહેલા અધિકારનું સ્વરૂપ સિદ્ધ થયું છે અને હવે પછી કથા કહેવામાં આવશે.

બંસીલાલ ટી. શાહ (જરોદ)ના જયશ્રીકૃષ્ણ.

સૂતજી પ્રથમ પ્રકરણના વક્તા છે. તેજ રીતે મધ્યમ અને ઉત્તમ અધિકાર પ્રકરણમાં પણ તે વક્તા છે. આમ છતાં સૂતજી મધ્યમ અથવા ઉત્તમ અધિકારી કેમ નહિ? આનું સમાધાન કરતાં શ્રી આચાર્યચરણો કહે છે:

નિષ્પત્તિશ્ચ પ્રવૃત્તિશ્ચ હેતુપૂર્વમુદીરિતે ।
સૂતેન નાધિકારેણ દ્વિરુપત્વમતસ્તયો: ।।૩૫।।

સૂતજીએ શ્રીભાગવતનો હેતુ કહ્યો. શ્રીભાગવતની ઉત્પત્તિ તથા પ્રવૃત્તિ કહી. આ બંને કથાના પ્રસંગો જ છે. તેમણે પોતાના અધિકારથી તે નથી કહ્યા. આથી મધ્યમ પ્રકરણમાં હેતુ છે. ઉત્તમ પ્રકરણમાં ઉત્પત્તિ-પ્રવૃત્તિ છે.

જ્યારે બીજાનાં કહેલાં વાક્યો કહીએ ત્યારે અધિકાર સિદ્ધ નથી થતો. જો પોતે બીજાનું કહેલું ન કહે પણ સ્વતંત્ર પણે કહે તો જ તે અધિકાર બને છે.

ચોથા અધ્યાયમાં બીજા શ્લોકમાં શૌનકાદિ ઋષિઓને શુકદેવજીએ જે કથા કહી તે સાંભળવી છે. શૌનકજી વિશેષ પ્રશ્નો સૂતજીને પૂછે છે. આજ અધ્યાયમાં સૂતજી, ભગવદીય વ્યાસજીને ભગવત્કૃપા રૂપ થતા અસંતોષ અને સરસ્વતી તટે વ્યાસાશ્રમમાં નારદજીના આગમનની કથા કહે છે.

પાંચમાં અધ્યાયમાં વ્યાસ-નારદ સંવાદ, નારદજીની પૂર્વ કલ્પમાંની આત્મકથા તથા સાધન દ્વારા નારદજીને પ્રાપ્ત થયેલ ભગવદીયત્વની કથા કહે છે. છઠ્ઠા અધ્યાયમાં ભગવદીય નારદજીને ભગવદેકત્વનો અનુભવ અને વ્યાસજીને સમાધિથી લીલા દર્શનની પ્રેરણાની કથા કહે છે. આમ મધ્યમ અધિકાર પ્રકરણમાં નારદજી સ્વતંત્રપણે કહે છે. જે સૂતજીએ શૌનકજી આગળ રજૂ કર્યું. આમ મધ્યમ અધિકાર પ્રકરણમાં નારદજીનો અધિકાર છે.

શુકદેવજીનો અધિકાર તો સ્વત:સિદ્ધ છે જ, અને સ્પષ્ટ પણ છે. ચોથા અધ્યાયના બીજા શ્લોકમાં જોયું તે રીતે શૌનકને શુકદેવજીએ કહેલી કથા સૂતજી પાસેથી સાંભળવી છે. જે સૂતજી હવે પછી કહી રહ્યા છે. માટે જ મધ્યમ અને ઉત્તમ પ્રકરણમાં બે પ્રકારના ઉત્તરો છે. નારદજીએ કહેલા તથા સૂતજીએ કહેલા.

ચીનુભાઈ એન. સોની તથા સુલોચના સી. સોની (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

પહેલા પ્રકરણમાં ત્રણ અધ્યાય છે. આજ રીતે મધ્યમ પ્રકરણમાં પણ ત્રણ અધ્યાય છે. આનું કારણ બતાવતાં શ્રીઆચાર્યચરણો આજ્ઞા કરે છે.

મધ્યમે સ્વાધિકારિત્વં હેતૂક્ત્યૈવ નિરૂપણમ્ ।
અનિષ્પત્તેરાધવચ્ચ પ્રશ્નોત્તર નિરૂપણમ્ ।।૩૬।।

મધ્યમ પ્રકરણમાં (શ્રીભાગવતનો) હેતુ કહેવામાં આવ્યો છે. આ હેતુનું કથન કરી નારદજી પોતાનું અધિકારણપણું દર્શાવે છે. નારદજીને અધિકાર પ્રાપ્ત નથી થયો. આથી પ્રથમ પ્રકરણની જેમ જ પ્રશ્ન અને ઉત્તર કહ્યા છે.

ચોથા અધ્યાયમાં શૌનકજીના વિશેષ પ્રશ્નો છે. તેના જવાબમાં સૂતજી વ્યાસજીને થયેલા અસંતોષ વિષે કહે છે. બ્રહ્મકલ્પના પ્રથમ મન્વન્તરમાં ત્રીજી વાર આવેલ દ્વાપરયુગ છે. પરાશરજી તથા વાસવીજી દ્વારા શ્રીવ્યાસજી પ્રકટ થયા. ભગવાનની જ્ઞાન કલાના તેઓ અવતાર છે. તેઓ ભૂત અને ભવિષ્યને જાણે છે. તેમની દૃષ્ટિ અચૂક છે. સરસ્વતી કિનારે એકવાર તેઓ સમાધિમાં બેઠા. તેમણે કાલથી થતા ધર્મ અને પદાર્થના નાશને જોયો. કલિયુગના લોકોને શક્તિ અને સ્વાધ્યાય વગરના જોયા. શ્રદ્ધા, વિવેક વગરના, અભિમાન યુક્ત, ઓછા આયુષ્યવાળા તથા દુર્ભાગ્યવાળા જોયા અને સૌના હિતનો વિચાર કરી એક વેદના ચાર વિભાગ કરી પોતાના શિષ્યોને શીખવ્યા. સ્ત્રી, શુદ્રો અને પતિત બ્રાહ્મણો માટે મહાભારતની રચના કરી. સર્વના કલ્યાણનો આટલો બધો વિચાર કર્યા છતાં તેમના હૃદયને સંતોષ ન થયો. મહાનુભાવો સમજાવે છે કે શ્રીવ્યાસજીનો આ અસંતોષ ભગવત્કૃપા રૂપ છે. આથી જ વ્યાસજીને થયું કે પરમહંસો અને ભગવાનને પણ પ્રિય હોય તેવા ધર્મો, જે દ્વારા પ્રભુ મળે છે તેનું વર્ણન મેં નથી કર્યું. ભગવાનને શ્રીવ્યાસજીનો અસંતોષ દૂર કરવો છે. ફલત: શ્રીનારદજી પ્રભુપ્રેરણાથી જ વ્યાસજીની પાસે આવ્યા.

કામીની પ્રકાશભાઈ પરીખ (અતુલ)ના જયશ્રીકૃષ્ણ.

આમ નારદજી શ્રીમદ્ ભાગવતનો બોધ કરવા નથી આવ્યા. તેઓ જાણે છે કે વ્યાસજી તેમના કરતાં ઉત્તમ છે.

પાંચમા અધ્યાયમાં સંતોએ કરેલી નારદજી પરની કૃપા દેખાય છે. નારદજીને ચતુર્વ્યૂહાત્મક ભગવદ્-ગાયત્રી પ્રાપ્ત થઈ. આથી જ આ અધ્યાયમાં નારદજી વ્યાસજીને કહે છે કે આપ ભગવાનની જ કીર્તિ-તેમની પ્રેમમયી લીલાઓનું વર્ણન કરો. છઠ્ઠા અધ્યાયમાં નારદજી પોતાની વધુ કથા કહે છે અને અધ્યાયના અંતમાં કહે છે. 'હે વ્યાસજી! મારે જે કલેશ અનુભવવો પડ્યો અને આપને જે ખેદ થયો તેમાં ભગવાન કારણ છે. આપના આત્મસંતોષનો ઉપાય પણ મેં બતાવી દીધો છે.

આમ શ્રીભાગવતનો હેતુ આ બીજા પ્રકરણમાં છે. નારદજી આવ્યા ત્યાં સુધી ભાગવતની ઉત્પત્તિ નથી. આથી જ શ્રીભાગવત વ્યાસજીના મુખમાંથી નીકળશે ત્યારે જ અધિકારનું નિરૂપણ થશે.

આથી જ પ્રથમ પ્રકરણ માફક, અહીં બીજા પ્રકરણમાં એક અધ્યાયથી પ્રશ્ન અને બે અધ્યાયોથી ઉત્તર છે.

પ્રથમ સ્કન્ધ (અધિકાર લીલા) માં આપણે શ્રોતા તથા વક્તાના અધિકાર વિષે વિચારીએ છીએ. હીન અને મધ્યમ અધિકારનો આપણે આગળ ઉપર વિચાર કર્યો છે. હવે ઉત્તમ અધિકારી વિષે વિચારીએ. પ્રથમ સ્કન્ધના સાતમા અધ્યાયથી ઓગણીસમા અધ્યાય સુધીના તેર અધ્યાયોમાં ઉત્તમ અધિકારનું પ્રકરણ છે. આ પ્રકરણમાં વૈરાગ્યની પ્રધાનતા છે. શ્રીવલ્લભના માર્ગમાં, ભગવાનમાં એકતાનતા એજ વૈરાગ્યની દૃઢતા કહેવાય છે. ભગવાનને પુરુષોત્તમ કહેવાય છે. તે પુરુષથી અધિક છે. દ્વાદશ અંગ વૈ પુરુષઃ- પુરુષના બાર અંગ છે. તેનાથી અધિક પુરુષોત્તમ હોવાથી, તેર અધ્યાયોનું ઉત્તમ પ્રકરણ છે.

નિબંધમાં શ્રી આચાર્યચરણો આજ્ઞા કરે છે.

ઉત્તમે પ્રશ્ન એવાદ્યે સ્કન્ધે શ્રોત્રધિકારકૃત્ ।
સ્પષ્ટત્વાન્ન વિશેષેણે વક્તુરુક્તાધિકારિતા ॥૩૭॥

જશુબેન ગુણવંતલાલ પરીખ (અતુલ)ના જયશ્રીકૃષ્ણ.

સામાન્યમઙ્ગકથનમેકોકત્યૈવોક્તવાગ્શુકઃ ।
સામાન્યશ્ચ વિશેષેશ્ચ પ્રશ્ન આદ્યે દ્વિધામતઃ ॥૩૮॥
અતોઽધ્યાયદ્વયં પ્રોક્તમુત્તરે સૂચિતં પરમ્ ।
સમ્પૂર્ણેનૈવ સર્વેષામુત્તરં સમ્ભવિષ્યતિ ॥૩૯॥

ઉત્તમ પ્રકરણમાં શ્રોતાનો અધિકાર, પ્રશ્નથી જ સ્થાપિત થાય છે. અહીં શ્રોતા પરીક્ષિતજી છે. છેલ્લા ઓગણીસમા અધ્યાયના અંતભાગમાં તેઓ શુકદેવજીને પ્રશ્નો પૂછે છે. પ્રશ્નો આ પ્રમાણે છે. 'દરેક પુરુષે શું કરવું? જેનું મૃત્યુ નજીક છે એવા અને જીવતા દરેક મનુષ્યોએ સર્વથા શું કરવું જોઈએ?' 'જીવતા અને જેનું મૃત્યુ નજીક છે તેવાઓએ શું શ્રવણ કરવું? શાનો જપ કરવો? કર્મેન્દ્રિયો દ્વારા શું કરવા જેવું છે? કોનું સ્મરણ કરવું? કોનું ભજન કરવું? અને શું ન કરવું?' પરીક્ષિતજી દ્વારા પૂછાયેલા આ પ્રશ્નો તેમના ઉત્તમ અધિકારને સ્થાપિત કરે છે.

ઉત્તમ વક્તા શ્રી શુકદેવજી છે. તેઓ શંકરનો અવતાર છે. સંગનો ભય તેમને છે. આથી જન્મતાંની સાથે પિતાનો આશ્રય છોડી ચાલી નીકળ્યા છે. આમ તેઓ વૈરાગ્ય યુક્ત છે. આથી તેમનો અધિકાર તો સ્પષ્ટ છે, માટે જ અહીં તેમના અધિકાર વિષે વધુ કહ્યું નથી. પ્રથમ સ્કન્ધના અંતભાગમાં પરીક્ષિતજીએ જે પ્રશ્નો પૂછયા છે તેના જવાબ બીજા સ્કન્ધના પ્રથમ અઢી અધ્યાયોમાં આપ્યા છે અને આટલાથી જ વક્તા શ્રીશુકદેવજીનો અધિકાર સ્પષ્ટ થાય છે. ઉત્તમવક્તાનો અધિકાર પણ ભગવાનના ચરિત્રરૂપ જ છે. આમ ભગવાનની સમાનતા ઉત્તમવક્તામાં છે, માટે પ્રથમ સ્કન્ધમાં તેનું નિરુપણ નથી. આથી શ્રોતાનો જ અધિકાર મુખ્યત્વે વર્ણવ્યો છે.

ગંગાના તીરે પરીક્ષિતજીએ અનશન વ્રત લીધું. પ્રાયોપવેશ કર્યો. ત્યાં બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને સુરર્ષિઓ પણ આવ્યા છે. જેવા શ્રી શુકદેવજી પધાર્યા, આ બધાજ આદર આપતા ઊભા થયા. શુકદેવજીનો ઉત્તમ અધિકાર આનાથી પણ સમજાય છે. પહેલા સ્કન્ધના પહેલા અધ્યાયમાં શૌનકજીએ સામાન્ય અને ભગવાન સંબંધી એમ બે પ્રકારના પ્રશ્નો પૂછયા છે. આથી

મહેન્દ્ર ભીખાલાલ શાહ (વિરમગામ)ના જયશ્રીકૃષ્ણ.

જ શુકદેવજી બીજા સ્કન્ધના બે અધ્યાયોથી ટૂંકમાં ઉત્તર આપે છે. સંપૂર્ણ ભાગવત કહેવાથી સર્વ પ્રશ્નોના ઉત્તર મળે છે. બીજા સ્કંધથી શુકદેવજી સંપૂર્ણ ભાગવત કહે છે. બીજા સ્કંધની શરૂઆતમાં ભાગવતના અંગો કહી પોતાના અધિકારનું સૂચન પણ કરે છે-પહેલા અધ્યાયમાં પૂછેલા પ્રશ્નોના ઉત્તરરૂપ સમગ્ર ભાગવતજી છે. આથી જ પ્રથમ સ્કન્ધનો પ્રથમ અધ્યાય પ્રશ્ન અધ્યાય કહેવાય છે.

શ્રીભાગવતનો પ્રથમ સ્કન્ધ અધિકાર લીલા છે.

તેમાં આપણે પ્રકરણાર્થનો વિચાર કરતા હતા. ત્રણ પ્રકારના શ્રોતાઓ અને ત્રણ પ્રકારના વક્તાઓનો અધિકાર વિચાર પ્રકરણાર્થ પ્રકારે જોયો. હવે અધ્યાયાર્થનો વિચાર કરીશું. શ્રોતા અને વક્તાનો અધ્યાયાર્થી અધિકાર જોઈશું.

અધ્યાયાર્થમાં ખાસ કરીને શ્રોતાઓનો અધિકાર વિચાર્યો છે. શ્રીભાગવતના ઉપક્રમમાં શ્રોતા જ છે. પ્રથમ અધ્યાયના પ્રથમ ત્રણ શ્લોકો મંગલાચરણના છે.

ચોથો શ્લોક :

નૈમિષેડનિમિષક્ષેત્રે ઋષય: શૌનકાદય: ।
સત્રં સ્વર્ગાય લોકાય સહસ્રસમ માસત ।।૪।।

અર્થાત્-નૈમિષારણ્યના દેવતા વિષ્ણુ છે. આ ક્ષેત્રમાં શૌનકાદિ ઋષિઓ સહસ્ર વર્ષનો સત્ર કરવા ભેગા મળ્યા છે.

અહીં શ્રીસૂતજી આવે છે અને ઋષિઓ તેમને પ્રશ્નો પૂછે છે

આ રીતે શ્રીભાગવતની શરૂઆત આ શ્રોતાઓથી જ છે.

શ્રીભાગવતના અંતે ઉપસંહારમાં પણ આ જ ઋષિઓ શ્રોતાઓ તરીકે છે. બારમા સ્કન્ધના અગિયારમા અધ્યાયમાં ૨૭મા અને ૨૮મા શ્લોકમાં તેઓ સૂતજીને પૂછે છે:

શુકો યદાહ ભગવાન્ વિષ્ણુરાતાય શૃણ્વતે ।
સૌરોગણો માસિ માસિ નાના વસતિ સપ્તક: ।।૨૭।।

ચંદ્રિકા મહેન્દ્રભાઈ શાહ (વિરમગામ)ના જયશ્રીકૃષ્ણ.

તેષાં નામાનિ કર્માણિ સંયુકતાનામધીશ્વરે: ।
બ્રૂહિ ન: શ્રદ્ધાનાનાં વ્યૂહં સૂર્યાત્મનો હરે: ।।૨૮।।

ઋષિ, ગન્ધર્વ, નાગ, અપ્સરા, યક્ષ, રાક્ષસ અને દેવતાઓનું એક સૌર ગણ હોય છે. આ સાતેય પ્રત્યેક મહિનામાં બદલાતા રહે છે. બાર ગણો પોતાના સ્વામી આદિત્યોની સાથે રહી શું કામ કરે છે? અને તેમના અન્તગર્ત વ્યક્તિઓના કયા નામો છે? સૂર્યના રૂપમાં પણ સ્વયં ભગવાન છે. પાંચમા સ્કન્ધમાં શુકદેવજીએ પરીક્ષિતને આ કહ્યું છે. અમે શ્રદ્ધાથી આ સાંભળવા માંગીએ છીએ. આપ કૃપા કરી અમને આ કહો.

આમ શરૂઆતમાં અને અંતમાં શ્રીભાગવતમાં આ શ્રોતાઓ છે. અર્થાત્ એમના માટે જ આ ગ્રંથનું પ્રાકટ્ય છે. આથી જ અહીં અધ્યાયાર્થરૂપમાં ખાસ કરીને શ્રોતાઓનો અધિકાર વિચારવાનો છે. શ્રીવ્યાસજીએ, શૌનકને મોખરે કર્યા છે. આથી તેમના અધિકારનો વિચાર પ્રથમ કરવાનો છે. આ દ્વારા જ શ્રીભાગવતની શાસ્રસંગતિ છે. અર્થાત્ આ સંગતિથી જ શ્રીભાગવત શાસ્ર પ્રકટ થયું છે. એટલે હવે સાડાત્રણ શ્લોકો વડે પ્રથમ અધ્યાય, આખા શાસ્ત્રની રચના માટે છે એવું સમર્થન કરે છે.

અત એવ સમસ્તસ્ય પ્રશ્નાધ્યાયોડમીરિત: ।
ભગવાન્ પ્રતિ પાદ્યોડત્ર ષડર્થા ભગશબ્દગા: ।।૪૦।।
તસ્માત્ ષડેવ સમ્પ્રશ્ના અભિનન્દસ્તથૈવ યત્ ।
જ્ઞાનવૈરાગ્ય ધર્માણામૈશ્વર્યયશસો: શ્રિય: ।।૪૧।।
સમૂહો ભગશબ્દાર્થ: કૃષ્ણાસ્તદ્વાનિહોચ્યતે ।
ચતુર્ણાં પ્રથમેડધ્યાયે દ્વયો: કૃષ્ણેન ચાપરે ।।૪૨।।
ઐશ્વર્ય ધર્મયો રુપમન્યેષાં પ્રથમે જગૌ ।।૪૨$\frac{૧}{૨}$।।

સમસ્ત શ્રીભાગવતમાં આ પહેલો અધ્યાય પ્રશ્નાધ્યાય કહેવાય છે. સમગ્ર શ્રીભાગવતમાં ભગવાનનું પ્રતિપાદન છે. 'ભગ' એટલે ઐશ્વર્યાદિ છ ધર્મો. આ છ ધર્મોવાળા એટલે જ ભગવાન. તેથી આ પ્રથમ, પ્રશ્નાધ્યાયમાં છ પ્રશ્નો છે.

એક વૈષ્ણવ (જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

સૂતજીએ આ પ્રશ્નો માટે અભિનન્દન પણ આવા કારણે જ આપ્યા છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છનો સમૂહ એજ ભગ શબ્દનો અર્થ છે. આ છ ભગ જેમાં હોય તે કૃષ્ણ.

આ શ્રીભાગવતશાસ્ત્રમાં એનું જ વર્ણન છે. ચાર પ્રશ્નોના ઉત્તર બીજા અધ્યાયમાં છે. કૃષ્ણ, તેમનું ઐશ્વર્ય અને અનવતાર દશાના ધર્મો ત્રીજા અધ્યાયમાં છે. બીજાઓનું નિરૂપણ બીજામાં જ છે. (અહીં શ્લોકાર્થમાં અધ્યાયોનો સંખ્યાક્રમાંક ગણત્રીની દૃષ્ટિએ કર્યો છે.)

શ્રી ભાગવતમાં ઘણા સ્થળે પ્રશ્નો પૂછાયા છે. શૌનકજી જ એ પ્રશ્નો પૂછે છે. બીજાઓએ પણ પ્રશ્નો પૂછ્યા છે. તો પછી પ્રથમ અધ્યાય જ પ્રશ્નાધ્યાય કેમ કહેવાય? એનું કારણ એ છે કે શ્રીમદ્ ભાગવતમાં ભગવાનનું જ ગાન છે. ભગવાનનું જ પ્રતિપાદન છે. આથી ભગવાનના ઐશ્વર્ય, વીર્ય (ધર્મ), યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ ભગોનું જ્ઞાન હોવું જરૂરી છે. આ છ ધર્મો ખાસ જાણવાના છે. આ જો ન જાણીએ તો ભાગવતની પ્રવૃત્તિ જ વ્યર્થ થાય. પ્રથમ સ્કન્ધના આ પ્રથમ અધ્યાયમાં છ પ્રશ્નો સ્પષ્ટ છે.

ૠષિ આ પ્રથમ અધ્યાયના બારમા શ્લોકમાં ભગવાન્ સાત્વતાં પતિઃ - ભગવાન સાત્વતો (ભક્તો) ના પતિ છે, એમ સુંદર સમજ ધરાવે છે અને પ્રથમ પ્રશ્ન નવમા શ્લોકમાં પૂછે છે.

તત્ર તત્રાડઞ્જસાડડયુષ્મન્ ભવતા યદ્વિનિશ્ચિતમ્ ।
પુંસામેકાન્તતઃ શ્રેયસ્તન્નઃ શંસિતુમર્હસિ ॥

સૌ ૠષિઓએ સૂતજીને કૃપા કરી રહસ્ય સમજાવ્યા છે. આથી શોનકજી સૂતજીને વિનંતી કરે છે કે આપે શીખેલા બધા રહસ્યનો વિચાર કરી અમને એ કહો કે પુરુષ માત્રનું સહેલાઈથી સાચું શ્રેય કરનાર શું છે?

દશમા અને અગિયારમા શ્લોકમાં બીજો પ્રશ્ન પૂછે છે:

પ્રાયેણાડલ્પાડડયુષઃ સભ્ય કલાવસ્મિન્ યુગે જનાઃ ।
મન્દાઃ સુમન્દમતયો મન્દભાગ્યા હ્યુપદ્રુતાઃ ॥૧૦॥
ભૂરીણિ ભૂરિકર્માણિ શ્રોતવ્યાનિ વિભાગશઃ ।
અતઃ સાધોડત્ર યત્સારં સમુદ્ગૃહ્યમનીષયા ।
બ્રૂહિ ભદ્રં હિ ભૂતાનાં યેનાડડત્માસુપ્રસીદતિ ॥૧૧॥

વિજયાબેન વનમાળીદાસ ભૂતા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

કલિયુગમાં ઘણું કરીને માનવો ઓછા આયુષ્યવાળા, આળસુ, ઘણીજ મંદ બુદ્ધિવાળા, કમભાગ્યવાળા તથા રોગોથી પીડાય છે અને સાંભળવાનું તો બહુ છે. આથી શૌનકજી બીજો પ્રશ્ન કરે છે કે 'આપ બુદ્ધિપૂર્વક વિચાર કરીને જે સાર હોય તે અમને કહો. જે શ્રવણ કરવાથી સર્વનું કલ્યાણ થાય અને ભગવાન સારી રીતે પ્રસન્ન થાય.'

બારમા શ્લોકમાં ત્રીજો પ્રશ્ન પૂછે છે:

સૂત જાનાસિ ભદ્રં તે ભગવાન્ સાત્વતાં પતિઃ ।
દેવકયાં વસુદેવસ્ય જાતો યસ્ય ચિકીર્ષયા ॥૧૨॥

ભગવાન તો ભક્તોના પતિ છે. ભગવાન સર્વ સમર્થ છે. સ્વતંત્ર છે. અવતાર લીધા વિના પણ પ્રભુ બધું કરી શકે છે છતાં સામાન્ય લોકોની જેમ પ્રકટ થયા છે. આથી પૂછે છે 'વસુદેવજીનાં પત્ની દેવકીજીમાં, ભગવાન શું કરવા પ્રકટ થયા?'

સત્તરમા અને અઢારમા શ્લોકમાં ચોથો પ્રશ્ન પૂછે છે:

તસ્ય કર્માણ્યુદારાણિ પરિ ગીતાનિ સૂરિભિઃ ।
બ્રૂહિ નઃ શ્રદ્ધાનાનાં લીલયા દધતઃ કલાઃ ॥૧૭॥
અથાડડખ્યાહિ હરેર્ધીમન્નવતાર કથાઃશુભાઃ ।
લીલા વિદધતઃ સ્વૈરમીધરસ્યાડડત્મમાયયા ॥૧૮॥

પ્રાણીમાત્રનાં આલોક અને પરલોકના શ્રેય માટે પ્રભુ અહીં પધાર્યા છે. દુઃખી જીવ ભગવાનનું નામ ઉચ્ચારે છે અને દુઃખથી મુક્ત થાય છે. કાલ પણ ભગવાનથી ભય પામે છે. તેમના ચરણના આશ્રયમાત્રથી પવિત્ર થવાય છે. ભગવાનનો યશ કલિયુગના દોષોને દૂર કરે છે. વિદ્વાનો ભગવાનનાં કર્મોને ગાય છે. આથી ચોથો પ્રશ્ન પૂછે છે: 'લીલામાત્રથી અનેક કલાઓને ધારણ કરતા ભગવાનનાં ઉદાર કર્મ અમને શ્રદ્ધાળુઓને સંભળાવો. જીવોનાં દુઃખને હરનાર ભગવાનની શુભ અવતાર કથાઓ અમને કહો.'

વીસમા શ્લોકમાં પાંચમો પ્રશ્ન પૂછે છે:

કૃતવાન્ કિલ વીર્યાણિ સહ રામેણ કેશવઃ ।
અતિમર્ત્યાનિ ભગવાન્ ગૂઢઃકપટમાનુષઃ ॥૨૦॥

સરલાબેન પુરુષોત્તમભાઈ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ઉત્તમશ્લોક ભગવાનના પરાક્રમો જ એવા છે કે તે સાંભળતાં તૃપ્ત થવાતું નથી. કૃષ્ણાવતારમાં ભગવાને અવસ્થા અને સાધન વગર પણ અલૌકિક પરાક્રમ કર્યા છે. સાથે બળદેવજી પણ છે. આથી પ્રશ્ન કરે છે. 'કૃષ્ણ આનંદમય છે. સાક્ષાત્ ભગવાન છે. પણ લોકોની બુદ્ધિને મોહ કરે છે. પોતાના સ્વરૂપને માનવ જેવું બતાવે છે. તે લીલા અમને કહો.

ત્રેવીસમા શ્લોકમાં છઠ્ઠો પ્રશ્ન કરે છેઃ-

બ્રૂહિ યોગેશ્વરે કૃષ્ણે બ્રહ્મણ્યે ધર્મવર્મણિ ।
સ્વાં કાષ્ઠામધુનોપેત ધર્મઃ કં શરણં ગતઃ ॥૨૩॥

શ્રીકૃષ્ણ યોગેશ્વર છે. બ્રાહ્મણોના હિતૈષી છે. તેઓ ભૂતળ પર બિરાજ્યા ત્યાં સુધી ધર્મરક્ષા કરી. 'હવે ભગવાન પધારી ગયા છે તો ધર્મ પોતાની રક્ષા માટે કોને શરણે ગયો?' આમ આ છઠ્ઠો પ્રશ્ન પૂછ્યો.

આ છ પ્રશ્નો માટે સૂતજી બીજા અધ્યાયના પાંચમા શ્લોકમાં શૌનકજીને અભિનંદન આપે છે.

મુનયઃ સાધુ પૃષ્ટોઽહં ભવદ્ભિર્લોક મઙ્ગલમ્ ।
યત્કૃતઃ કૃષ્ણસંપ્રશ્નો યેનાઽઽત્મા સુપ્રસીદતિ ॥૧-૨-૫॥

કૃષ્ણના આવેશથી અંતઃકરણ પ્રસન્ન થાય છે. તમારા પ્રશ્નો કૃષ્ણ સંબંધી હોવાથી સરસ છે. વિશ્વનું કલ્યાણ કરનાર છે.

આથી જ અન્ય પૂછેલા પ્રશ્નો કરતાં આ પ્રશ્નાધ્યાયના છ પ્રશ્નો વિશિષ્ટ છે કારણ તે ભગવત્સંબંધી છે. લીલા કરનાર આ જ પ્રભુ સર્વ સ્થળે ગવાયા છે. આમ આ ગ્રંથની સંગતિ પણ થાય છે.

અહીં છ ભગોનું નિરૂપણ છે. પણ તેમાં ક્રમ નથી. પ્રત્યેક ભગ બે સ્કન્ધો વડે કહેવામાં આવ્યો છે. ભગનો ક્રમ છે ઐશ્વર્ય, ધર્મ (વીર્ય), યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય-અહીં પ્રથમ અને દ્વિતીય સ્કન્ધથી જ્ઞાન, તૃતીય અને ચતુર્થ સ્કન્ધથી વૈરાગ્ય, પાંચમા અને છઠ્ઠા સ્કન્ધમાં ક્રમશઃ સ્થાન અને પોષણના ભેદથી બે પ્રકારના ધર્મ (વીર્ય), સાતમા અને આઠમા સ્કન્ધમાં ઐશ્વર્ય, નવમા અને દસમા સ્કન્ધથી યશ અને અગિયારમા તથા બારમા સ્કન્ધથી શ્રીનું નિરૂપણ છે.

નિર્મળાબેન વિનોદભાઈ ખંભાયતા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

બધા વેદોથી શ્રીકૃષ્ણ ભગવાન જ જાણવા મળે છે. આમ સર્વ વેદોનો અર્થ ભગવાન શ્રીકૃષ્ણ છે. 'વાસુદેવ પરા વેદા' (૧-૨-૨૮). આ વેદના બે કાંડ છે. પૂર્વ અથવા કર્મ અને ઉત્તર અથવા જ્ઞાન. આથી આ છ પ્રશ્નો પૈકીના પહેલા બે પ્રશ્નો કર્મ અથવા ધર્મ સંબંધી અને જ્ઞાન સંબંધી છે. શ્રીકૃષ્ણ ભગવાન ચાર મૂર્તિ(વ્યૂહ) વાળા છે. આથી તે સંબંધમાં બાકીના ચાર પ્રશ્નો છે.

આ છ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ બીજા અને ત્રીજા અધ્યાયમાં સૂતજીએ આપ્યા છે. બીજા અધ્યાયનો છઠ્ઠો શ્લોકઃ

સ વૈ પુંસાં પરો ધર્મો યતે ભક્તિરધોક્ષજે ।
અહૈતુક્યપ્રતિહતા યયાઽઽત્મા સુપ્રસીદતિ ॥૧-૨-૬॥

શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ એવી હોવી જોઈએ કે તેમાં આપણી કોઈ કામના ન હોય. તે નિરંતર ટકી રહેવી જોઈએ. આ પ્રકારની ભક્તિનું આચરણ તે મનુષ્યોનો પરમ ધર્મ છે. બીજાથી ચોથા પ્રશ્નનો સંક્ષિપ્ત જવાબ સમગ્ર બીજા અધ્યાયમાં છે. શ્રીકૃષ્ણના અવતાર તથા ધર્મનું ત્રીજા અધ્યાયમાં નિરૂપણ કર્યું છે. ત્રીજા અધ્યાયનો પ્રથમ શ્લોકઃ

જગૃહે પૌરુષં રુપં ભગવાન્મહદાદિભિઃ ।
સભૂતં ષોડશકલમાદૌ લોકસિસૃક્ષયા ॥૧-૩-૧॥

અર્થાત્ ભગવાને બ્રહ્માંડની રચના કરવાની ઈચ્છા થતાં પોતે પુરુષ રૂપ ગ્રહણ કર્યું. આ પુરુષરૂપ મહત્તત્વાદિ તથા સોળ કલાઓવાળું હતું.

મહત્તત્વાદિમાં મહત્તત્વ સાથે અહંકાર અને પાંચ તન્માત્રા એમ કુલ સાત હોય છે. સોળ કલાઓમાં-દસ ઈન્દ્રિયો, મન અને પંચમહાભૂત હોય છે. આમ તેવીસ તત્ત્વો છે. અને ત્રીજા અધ્યાયનો પાંત્રીસમો શ્લોકઃ

એવં જન્માનિ કર્માણિ હ્યકર્તુરજનસ્ય ચ ।
વર્ણયન્તિ સ્મ કવયો વેદ ગુહ્યાનિ હૃત્પતેઃ ॥૧-૩-૩૫॥

કૃષ્ણ અજન્મા છે. અકર્તા છે. દરેકના હૃદયના પ્રેરક છે. વેદમાં ગુપ્ત રીતે તેમનાં જન્મ અને કર્મ છે. કવિઓ તેનું વર્ણન કરે છે.

ગો. વા. ઘનશ્યામભાઈ નટવરલાલ દેસાઈ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

આમ ત્રીજા અધ્યાયના ૧ થી ૩૫ શ્લોક સુધીમાં કૃષ્ણની અવતાર કથાઓથી ઐશ્વર્યનું વર્ણન છે. છત્રીસમા શ્લોકમાં ધર્મનું નિરૂપણ છે.

સ વા ઈદં વિશ્વમમોઘલીલ:
સૃજન્યવત્યત્તિ ન સજ્જતેડસ્મિન્ ।
ભૂતેષુ ચાન્તર્હિત આત્મતન્ત્ર:
ષાડ્વર્ગિકં જિઘ્રતિ ષડ્ગુણેશ: ॥૧-૩-૩૬॥

પુરુષોત્તમની લીલા અમોઘ અને સફળ છે. તે પોતાના વડે આ જગતને ઉત્પન્ન કરે છે. રક્ષણ કરે છે અને સ્વરૂપમાં લીન કરે છે. આમ છતાં તેઓ આમાં આસક્ત નથી થતા. છ ગુણવાળા ઈશ્વર પ્રાણીઓમાં ગુપ્ત રૂપે બિરાજે છે. સ્વાધીન રહે છે. ઈન્દ્રિયોના સુખની ગંધ લે છે.

બીજા અને ત્રીજા અધ્યાયમાં આ રીતે સૂતજીએ જવાબો આપી પોતાનો વક્તા તરીકેનો અધિકાર સિદ્ધ કર્યો છે. ઋષિઓની જિજ્ઞાસા પણ તપાસી છે અને રસ વધાર્યો છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતના સાત પ્રકારથી અર્થ કર્યા છે. આ પૈકી શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થ આપશ્રીએ શ્રીભાગવતાર્થ પ્રકરણમાં સમજાવ્યા છે. આપશ્રીએ લખેલ તત્ત્વાર્થદીપ નિબંધમાં ત્રીજું પ્રકરણ શ્રીભાગવતાર્થ પ્રકરણ છે.

વાક્યાર્થ (શ્લોકાર્થ), શબ્દાર્થ અને અક્ષરાર્થ આ ત્રણેનો સમાવેશ આપશ્રીએ સ્વલિખિત શ્રીમતી સુબોધિનીજીમાં કર્યો છે. આમ વાક્યાર્થ તો શ્રીમતી સુબોધિનીજીમાં હોય છે. પણ અધ્યાયની અંદર આવતા બધા વાક્યો (શ્લોકો) નો સરવાળો (સમૂહ) તે જ અધ્યાયનો અર્થ બનતો હોય છે. આથી આ પ્રથમ અધ્યાયના વાક્યો (શ્લોકો) નો અર્થ નીચે બતાવેલી કારિકાઓમાં આપશ્રી દર્શાવે છે.

મઙ્ગલં પ્રકૃતોત્કર્ષ: પ્રસઙ્ગ: સુતસંસ્તુતિ: ॥૪૩॥
પ્રશ્ન: સાધારણો હેતુ: પ્રશ્નો જ્ઞાન પર:પર: ।
કૃષ્ણે ચતુર્ધા, વેદે તુ દ્વયં તેન દ્વિધા મતમ્ ॥૪૪॥

હર્ષાબેન કુમુદચંદ્ર શેઠ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

પ્રયોજન ક્રિયા રુપૈર્વિદ્યમાન વિમોચક: ।
શ્રવણાદર મધ્યાસ્તે ત્રય: પ્રશ્નાઉ ક્રમાત્ કૃતા: ॥૪૫॥
અગ્રે કેન વિમોચેત તદર્થં ચ સ્વયોગ્યતામ્ ।
પૂર્વમાહ તત: પ્રશ્નં પ્રથમાધ્યાય સંગ્રહ: ॥૪૬॥

૪૩ થી ૪૬ કારિકાઓનો શબ્દાર્થ :

આ પ્રથમ અધ્યાયમાં મંગલાચરણ, શ્રીભાગવતનો ઉત્કર્ષ, પ્રસંગ, સૂત પૌરાણિકનાં વખાણ, સાધારણ પ્રશ્ન અને હેતુપ્રશ્ન છે. આમાં પ્રથમ પ્રશ્ન ધર્મવિષયક છે. બીજો પ્રશ્ન જ્ઞાનવિષયક છે. ત્યારબાદ શ્રીકૃષ્ણ સંબંધી ચાર પ્રશ્નો છે. વેદમાં તો બે પ્રશ્નો છે તેથી બંને બે પ્રકારના મનાયા છે. પ્રયોજન, ક્રિયા અને રૂપ વડે વિદ્યમાનોના વિમોચક પ્રભુ છે. એના શ્રવણમાં આદર બતાવનાર મધ્યમ શ્લોક વડે ત્રણ પ્રશ્ન ક્રમસર કરવામાં આવ્યા છે. 'આગળ શાથી મુક્ત થાય' એને માટે પોતાની યોગ્યતા પહેલાં કહેવામાં આવી (શૌનક વડે), ત્યાર પછી પ્રશ્ન કરાયો. પ્રથમ અધ્યાયમાં આટલો સંગ્રહ છે.

પહેલા અધ્યાયનો પ્રથમ શ્લોક :

જન્માદ્યસ્ય યતોડન્વયાદિતરત શ્ચાર્થેષ્વભિજ્ઞ: સ્વરાટ્
તેને બ્રહ્મ હૃદા ય આદિકવયે મુહ્યન્તિ યત્સૂરય: ।
તેજોવારિમૃદાં યથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા
ધામ્ના સ્વેન સદા નિરસ્તકુહકં સત્યં પરં ધીમહિ ॥૧॥

પરબ્રહ્મની પ્રથમ ઓળખ આપે છે. તે જ આ જગતનું સમવાયિ (ઉપાદાન) અને નિમિત્ત કારણ છે. જે સર્વે જીવોના સર્વે પુરુષાર્થોનું સારી રીતે જ્ઞાન ધરાવે છે. તે નિરપેક્ષ છે. પોતાના જ સ્વરૂપથી પ્રકાશમાન છે. બ્રહ્માજીને જેણે પુરાણ સહિત વેદો આપ્યા છે. આ વેદો વિદ્વાનોને પણ મોહ પમાડે છે. તેના સ્વરૂપમાં દેખાતા દેહ, ઈન્દ્રિય અને અંત:કરણના ધર્મો, જોનારના દષ્ટિકોણના લીધે છે. જેમ તેજમાં જલનો ભાસ થાય, જલમાં પૃથ્વીનો ભાસ થાય અને પૃથ્વીમાં અગ્નિનો ભાસ થાય છે પણ વાસ્તવમાં તે મિથ્યા છે તે જ રીતે પરબ્રહ્મમાં દેખાતા દેહ,

---

દિનબાળા શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

ઈન્દ્રિય અને અંતઃકરણના ધર્મો પણ જોનારના દૃષ્ટિકોણથી જ છે. તેથી મિથ્યા છે. આ પરબ્રહ્મ પોતાના સ્વરૂપથી જ સદાય કપટ અથવા અવિદ્યાને દૂર કરે છે. આવું પર બ્રહ્મ જ પરમ સત્ય છે. અમે તેનું ધ્યાન કરીએ છીએ અથવા પ્રીતિ કરીએ છીએ. આમ પ્રથમ શ્લોક મંગલાચરણ છે.

હવે બીજો અને ત્રીજો શ્લોક :

ધર્મઃપ્રોજ્ઝિતકૈતવોઽત્ર પરમો નિર્મત્સરાણાં સતાં
વેદ્યં વાસ્તવમત્ર વસ્તુ શિવદં તાપત્રયોન્મૂલનમ્ ।
શ્રીમદ્ભાગવતે મહામુનિકૃતે કિંવા પરૈરીશ્વરઃ
સદ્યો હૃદ્યવરુધ્યતેઽત્ર કૃતિભિઃ શુશ્રૂષુભિસ્તત્ક્ષણાત્ ।।૨।।

આ શ્રી ભાગવતમાં ઈર્ષ્યા વગેરના સત્પુરુષોનો ધર્મ કહ્યો છે. આ ધર્મ નિષ્કપટ છે. પરમ છે. આમાં વાસ્તવિક વસ્તુને જાણવાની છે. તે ત્રણ તાપને દૂર કરે છે. આજે કલ્યાણ પ્રાપ્ત કરાવી આપે છે. આ શ્રી ભાવગત, મહામુનિ શ્રી વેદવ્યાસજીએ પ્રકટ કર્યું છે. શ્રી ભાગવતની શ્રવણ કરવાની ઈચ્છાવાળા કુશળ પુરુષો તેનું શ્રવણ કરે છે અને તરત જ ભગવાનને પોતાના હૃદયમાં ધારણ કરે છે.

નિગમ કલ્પતરોર્ગલિતં ફલં શુકમુખાદમૃત્દ્રવસંયુતમ્ ।
પિબત ભાગવતં રસામલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ ।।૩।।

આ શ્રી ભાગવત વેદકલ્પતરૂનું ગળી પડેલું ફલ છે. શ્રી શુકદેવજીના મૂળ દ્વારા મળ્યું છે તેથી અમૃતવાળું છે. તે રસરૂપ છે. રસિક અને ભાવુક પ્રત્યેક જીવે મરણ પર્યન્ત શ્રીભાગવત રસનું પાન વારંવાર કરવું જોઈએ.

આમ ઉપર બતાવેલા બીજા અને ત્રીજા એમ બે શ્લોકો દ્વારા શ્રીભાગવતનો ઉત્કર્ષ બતાવ્યો છે. શ્રેષ્ઠતા દર્શાવી છે.

હવે ચોથો શ્લોક અને પાંચમો શ્લોક જોઈએ:

નૈમિશેઽનિમિષક્ષેત્રે ઋષયઃશૌનકાદયઃ ।
સત્રં સ્વર્ગાય લોકાય સહસ્રસમમાસત ।।૪।।

શૌનકાદિ ઋષિયો નૈમિષારણ્યમાં ભેગા મળ્યવ છે. આ ક્ષેત્રના દેવતા

દેસાઈ ગીતાબેન પ્રકાશભાઈ (દાહોદ)ના જયશ્રીકૃષ્ણ.

વિષ્ણુ છે. સ્વર્ગલોક (આત્મસુખ) ની તેમને ઈચ્છા છે, તેથી હજાર વર્ષનાં સત્ર કરવા મળ્યા છે.

ત એકદા તુ મુનયઃ પ્રાતર્હુતહુતાગ્નયઃ ।
સત્કૃતં સૂતમાસીનં પપ્રચ્છુરિદમાદરાત્ ।।૫।।

એક દિવસ પ્રાતઃકાળ હતો. મુનિઓ અગ્નિમાં હોમ કરીને બેઠા છે, ત્યાં સૂતજી પધાર્યા. મુનિઓએ સૂતજીનો આદરપૂર્વક સત્કાર કર્યો. પછી પૂછવા લાગ્યા.

આમ ચોથા અને પાંચમા એમ બે શ્લોકોથી સૂત અને શૌનકનો પ્રસંગ છે. શ્રીભાગવત માટેનો આ પ્રસંગ છે. પ્રસ્તાવનારૂપ છે.

હવે શૌનકાદિ ઋષિઓ બોલ્યા છે તે પૈકીના છઠ્ઠા, સાતમા અને આઠમા શ્લોકને જોઈએઃ

ત્વયા ખલુ પુરાણાનિ સેતિહાસાનિ ચાનઘ ।

આખ્યાતાન્યપ્યધીતાનિ ધર્મશાસ્ત્રાણિ યાન્યુત।।૬।। સૂતજી તમે નિષ્પાપ છો. તમે ઈતિહાસ સહિત પુરાણો જાણ્યાં છે. એનાં આખ્યાનો પણ કર્યાં છે. ધર્મશાસ્ત્રો પણ વ્યાખ્યા સાથે ભણ્યા છો.

યાનિ વેદવિદાં શ્રેષ્ઠો ભગવાન્ બાદરાયણઃ ।
અન્યે ચ મુનયઃ સૂત પરાવરવિદો વિદુઃ ।।૭।।
વેત્થ ત્વં સૌમ્ય તત્સર્વં તત્ત્વતસ્તદનુગ્રહાત્ ।
બ્રૂયુઃ સ્નિગ્ધસ્ય શિષ્યસ્ય ગુરવો ગુહ્યમપ્યુત્ ।।૮।।

સૂતજીને સૌમ્ય કહે છે. વેદ જાણનારા ભગવાન બાદરાયણ (વ્યાસજી) અને બ્રહ્માજીથી લઈ બીજા મુનિઓ જે જાણે છે તે બધું જ સૂતજી જાણે છે. કારણં તેમના પર તે બધાનો અનુગ્રહ છે. શિષ્ય સ્નેહવાળો હોય તો ગુરુઓ ગુપ્ત વાત પણ તેને કહી દે છે.

આમ સાતમા અને આઠમા એમ બે શ્લોકોમાં શૌનકાદિ ઋષિઓએ સૂતજીના વખાણ કરતી સ્તુતિ કરી છે.

આ રીતે આઠ શ્લોકોથી ઉપોદ્ઘાત છે. નવમો શ્લોક હવે વિચારીએ,

વિજયાબેન કીર્તિભાઈ પટેલ (સુરત)ના જયશ્રીકૃષ્ણ.

તત્ર તત્રાઽગ્જસાઽઽયુષ્મન્ ભવતા યદ્વિનિશ્ચિતમ્ ।
પુંસામેકાન્તતઃ શ્રેયસ્તન્નઃ શંસિતુમર્હસિ ॥૯॥

સૂતજીને અહીં દીર્ઘાયુષ્યવાળા કહે છે. દરેક પુરુષનું સાચું શ્રેય, સહેલાઈથી કરનાર વસ્તુ વિષે કહેવાની વિનંતી કરે છે. આ પ્રથમ પ્રશ્ન ઋષિઓ કરે છે. આ સાધારણ પ્રશ્ન છે. તેમાં શ્રેય વિષે પૂછ્યું છે આથી આ ધર્મ સંબંધી પ્રશ્ન છે.

હવે દસમા શ્લોકથી સાડા અગિયારમા શ્લોક સુધી જોઈએ.

પ્રાયેણાઽલ્પાઽઽયુષઃ સભ્ય કલાવસ્મિન્ યુગે જનાઃ ।
મન્દાઃ સુમન્દમતયો મન્દભાગ્યા હ્યુપદ્રુતાઃ ॥૧૦॥
ભૂરીણિ ભૂરિકર્માણિ શ્રોતાવ્યાનિ વિભાગશઃ ।
અતઃ સાધોઽત્ર યત્સારં સમુદ્ધૃગૃહ્ય મનીષયા ।
બ્રૂહિ ભદ્રં હિ ભૂતાનાં યેનાઽઽત્મા સુપ્રસીદતિ ॥૧૧॥

સૂતજીને સભ્ય કહી સંબોધે છે. કહે છે કે કળિયુગમાં પ્રાયઃ મનુષ્યોનું આયુષ્ય ઓછું છે. તેઓ આળસુ છે. ઘણીજ મંદબુદ્ધિ તથા મંદભાગ્યવાળા છે. રોગોથી પીડાય છે. સાથે સાંભળવા જેવું તો ઘણું છે. હવે સૂતજીને સાધુ કહીને વિનવે છે કે તેથી તમે તમારી બુદ્ધિથી જે સારરૂપ નક્કી કર્યું હોય તે કહો. આવું સારરૂપ સાંભળતા મનુષ્યોનું કલ્યાણ થાય છે અને ભગવાન સારી રીતે પ્રસન્ન થાય છે. અહીં આત્માની પ્રસન્નતા વિષે કહ્યું છે આથી ૧૦ થી ૧૧॥ શ્લોકોમાં જ્ઞાનસંબંધી પ્રશ્ન છે.

હવે બારમો શ્લોક :

સૂત જાનાસિ ભદ્રં તે ભગવાન્ સાત્વતાં પતિઃ ।
દેવક્યાં વસુદેવસ્ય જાતો યસ્ય ચિકીર્ષયા ॥૧૨॥

ભગવાન ભક્તોના પતિ છે. ભગવાન ભક્તોના કાર્ય કરવાની ઈચ્છાવાળા છે. તેઓ વસુદેવની પત્ની દેવકીજીમાં કેમ પ્રગટ થયા? આમ આ શ્લોકમાં શ્રીકૃષ્ણાવતારના પ્રયોજન સંબંધી પ્રશ્ન છે.

હવે તેરથી સોળ શ્લોકો જોઈએ.

તન્નઃ શુશ્રૂષમાણાનામર્હસ્ય ઽનુ વર્ણિતુમ્ ।
યસ્યાઽવતારો ભૂતાનાં ક્ષેમાય ય ભવાય ચ ॥૧૩॥

ગો. વા. ઈશ્વરલાલ કેશવલાલ મહેતા (જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

આપન્નઃ સંસૃતિં ઘોરાં યન્નામ વિવશો ગૃણન્ ।
તતઃ સદ્યો વિમુચ્યેત યદ્બિલેતિ સ્વયંભયમ્ ॥૧૪॥
યત્યાદસંશ્રયાઃ સૂત ઋષયઃ પ્રશમાયનાઃ ।
સદ્યઃ પુનન્ત્યુપસ્પૃષ્ટાઃ સ્વર્ધુન્યાપોઽનુસેવયા ॥૧૫॥
કો વા ભગવતસ્તસ્ય પુણ્યશ્લોકેઽયકર્મણઃ ।
શુદ્ધિકામો ન શ્રૃણુયાદ્યશઃ કલિમલાપહમ્ ॥૧૬॥

ભગવાન વૈકુંઠથી અહીં પધાર્યા છે. તેઓ પ્રાણીમાત્રના ઐહિક અને પારલૌકિક સિદ્ધ કરે છે. જીવો ઘોર સંસારમાં દુઃખ પામે છે. પણ ભગવાનનું નામ ઉચ્ચારતા જ દુઃખમાંથી મુક્ત થાય છે. બધા કાળથી ડરે છે. પણ કાળ પ્રભુથી છે. આવા ભગવાનના ચરણનો આશ્રય કરતાં જ્ઞાની ભક્તો તરત પવિત્ર થાય છે. ભગવાનનો યશ કલિના મલને દૂર કરે છે. આમ આ ચાર શ્લોકોમાં કૃષ્ણાવતારનું માહાત્મ્ય છે.

હવે સત્તરમો શ્લોક :

તસ્ય કર્માણ્યુદારાણિ પરિગીતાનિ સૂરિભિઃ ।
બ્રૂહિ નઃ શ્રદ્ધાનાનાં લીલયાધ્ધતઃ કલાઃ ॥૧૭॥

ભગવાન લીલામાત્રથી અનેક કલાઓને ધારણ કરે છે. આવા ભગવાનના ઉદાર કર્મો અમને કહો. હવે અઢારમાં શ્લોકમાં કહે છે.

અથાઽઽખ્યાહિ હરેર્ધીમન્નવતાર કથાઃ શુભાઃ ।
લીલા વિદધતઃ સ્વૈરમીશ્વરસ્યાઽઽત્મમાયયા ॥૧૮॥

ભગવાન આત્મમાયા વડે લીલાઓ કરે છે. તેનાથી લોકોનું કલ્યાણ થાય છે. આથી તેમની શુભ અવતાર કથા માટે કહે છે. આમ આ બે શ્લોકોથી ચોથો પ્રશ્ન થયો. ભગવાનના ઉદાર કર્મો અને તેમની અવતાર કથાઓ કહો. ઓગણીસમો શ્લોક હવે જોઈએ.

વયં તુન વિતૃપ્યામ ઉત્તમશ્લોક વિક્રમે ।
યચ્છૃણ્વતાં રસજ્ઞાનાં સ્વાદુ સ્વાદુ પદે પદે ॥૧૯॥

ઉત્તમશ્લોક ભગવાનના પરાક્રમ સાંભળતા અમે તૃપ્ત થતાં નથી તેવું કહે છે. વીસમો શ્લોક જોઈએ.

ગં. સ્વ. ચંપાબેન ધનસુખલાલ શાહ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

કૃતવાન્ કિલ વીર્યાણિ સહ રામેણ કેશવ: ।
અતિમર્ત્યાનિ ભગવાન્ ગૂઢ: કપટ માનુષ: ।।૨૦।।

ભગવાને બળદેવજી સાથે જે કર્મો કર્યા છે તે લોકોથી થઈ શકે તેવા નથી. આથી આ શ્લોકમાં પાંચમો પ્રશ્ન કરે છે. કપટથી મનુષ્ય ભાવ બતાવનાર ભગવાનની કથા કહો.

ત્રીજો, ચોથો અને પાંચમો આમ ત્રણ પ્રશ્નો એક સાથે કરેલા છે. તે એવું સૂચવે છે કે આમાં શ્રીકૃષ્ણજન્મના પ્રયોજન, તેમની ક્રિયા તથા રુપ સંબંધી પ્રશ્નો છે. આ ત્રણ દ્વારા ભગવાન જ્યારે ભૂતલ પર બિરાજતા હતા ત્યારે જે લોકો હતા તેમને મુક્તિનું દાન કરતા. અવતાર ધારણ કરી તેમણે ભક્તોને, યોગીઓને અને જ્ઞાનીઓને મુક્તિ આપી છે. (૧) ભક્તોના માટે તો તેમણે અવતાર ધારણ કર્યો છે. (૨) સૃષ્ટિ રચના વગેરે તેમનાં ચરિત્રો છે. તે જાણનાર જ્ઞાનીઓને મુક્તિ આપતા. (૩) પોતાના સ્વરૂપનું ધ્યાન કરનાર યોગીઓને મુક્તિ આપતા. અવિહિત (સ્વતંત્ર) ભક્તિ કરનારાઓને પણ પોતાના સ્વરૂપથી જ સંસારમાંથી મુક્ત કર્યા છે.

આગળ બતાવેલા સોળમા શ્લોકમાં ઋષિઓને ભગવાનનું શ્રવણ કરવામાં આદર છે તે વ્યક્ત થાય છે. હીન અધિકારી શ્રોતાનું આ લક્ષણ છે. હવે એકવીસમો શ્લોક જોઈએ -

કલિમાગતમાજ્ઞાય ક્ષેત્રેડસ્મિન્ વૈષ્ણવે વયમ્ ।
આસીના દીર્ઘસત્રેણ કથાયાં સક્ષણા હરે: ।।૨૧।।

ઋષિઓ જાણે છે કે હવે કલિયુગનો પ્રવેશ થયો છે. પોતાની સ્વયોગ્યતા - અધિકાર બતાવવા કહે છે કે બધાં કર્મ છોડી અમે કથારૂપ દીર્ઘસત્ર વડે આ વૈષ્ણવક્ષેત્રમાં બેઠા છીએ. હવે બાવીસમો શ્લોક :

ત્વં ન: સંદર્શિતો ધાત્રા દુસ્તરં નિસ્તિતીર્ષતામ્ ।
કલિં સત્ત્વહરં પુંસાં કર્ણધાર ઈવાડર્ણવમ્ ।।૨૨।।

કલિને તરવો મુશ્કેલ છે. અમારે કલિ સાગરને તરવો છે. સમુદ્રમાં નાવિક વગરના નાવમાં બેઠેલા માણસો જેવી અમારી સ્થિતિ હતી. દૈવેચ્છાથી તમે નાવિક થઈને અમારા માટે આવ્યા છો.

આમ ઓગણીસમા શ્લોકથી બાવીસમા શ્લોક સુધીમાં ઋષિઓની યોગ્યતા શ્રીભાગવતના શ્રવણ માટેની છે તેવું નક્કી થાય છે. અને હવે છેલ્લો ત્રેવીસમો શ્લોક જોઈએ :

બ્રૂહિ યોગેશ્વરે કૃષ્ણે બ્રહ્મણ્યે ધર્મવર્મણિ ।
સ્વાં કાષ્ઠામધુનોપેતે ધર્મ: કં શરણં ગત: ।।૨૩।।

યોગેશ્વર શ્રીકૃષ્ણ ધર્મનું રક્ષણ કરનારા છે. બ્રાહ્મણોના હિતૈષી છે. આથી છઠ્ઠો પ્રશ્ન પૂછે છે - શ્રીકૃષ્ણ વૈકુંઠમાં પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો? ધર્મની રક્ષા કોણે કરી?

ભગવાન શ્રીકૃષ્ણ ચાર મૂર્તિવાળા છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ - તેમના સંબંધી ચાર પ્રશ્નો છે. અને વેદમાં બે કાંડ (ભાગ) છે પૂર્વ અથવા કર્મકાંડ અને ઉત્તર અથવા જ્ઞાનકાંડ. આથી પહેલા બે પ્રશ્નો ક્રમશ: ધર્મ (કર્મ) સંબંધી અને જ્ઞાન સંબંધી છે. આમ કુલ છ પ્રશ્નો છે.

આમ આ પહેલા અધ્યાયમાં પ્રથમ અધિકારી શ્રોતા અને જેણે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કર્યું છે તેવા વક્તાનું નિરૂપણ કર્યું છે.

આગળ દર્શાવ્યા મુજબ શ્રીમહાપ્રભુજીએ સાડા ત્રણ કારિકાઓ વડે પહેલા અધ્યાયનો અર્થ આપણને સમજાવ્યો.

હવે બીજા અધ્યાયનો અર્થ સાડાસાત કારિકાઓથી કહે છે.

ઉત્સાહસઙ્ગતિ પ્રશ્ન: શાસ્ત્રારમ્ભોપદેશનમ્ ।
પ્રશ્નાભિપ્રાય કથને નાભિનન્દનમુક્તવાન્ ।।૪૭।।

(બીજા અધ્યાયના પ્રથમ પાંચ શ્લોકોમાં) સૂતજીના ઉત્સાહની સંગતિ, શુકનમન, શાસ્ત્રારમ્ભનો ઉપદેશ અને (આગળના અધ્યાયમાં પૂછાયેલા) પ્રશ્ન વિષયક અભિપ્રાયમાં અભિનન્દન કહે છે.

પઞ્ચભિ: પર્વનિર્ધારો દ્વિતીયે દ્વાદશ સ્મૃતા: ।
એવં વેદાર્થનિર્ધારે શ્લોકા: સપ્તદશ સ્મૃતા: ।।૪૮।।

સમીર મોહનન નાયર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

હીના વી. કપાસ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

(પ્રથમ અધ્યાયમાં પૂછેલા) પ્રથમ પ્રશ્નનો ઉત્તર પાંચ શ્લોકોમાં (શ્લોક ૬ થી ૧૦) તથા (પ્રથમ અધ્યાયમાં પૂછેલા) બીજા પ્રશ્નનો ઉત્તર બાર શ્લોકોથી (શ્લોકો ૧૧ થી ૨૨) આપ્યો છે. આમ વેદાર્થ નક્કી કરવા કુલ સત્તર શ્લોકો (શ્લોકો ૬ થી ૨૨) કહ્યા છે.

ધર્મજ્ઞાનાર્થનિર્ધારાચ્છ્રવણાદિભિરાદરાત્ ।
પ્રેમોત્પત્તૌ હરિઃ પ્રીતસ્તેન સર્વં ભવેદિતિ ॥૪૯॥

(સત્તર શ્લોકોનું) કારણ એ કે ધર્મ અને જ્ઞાનના અર્થ નક્કી કરી શ્રવણ કરતા આદર અને તેથી પ્રેમ ઉત્પન્ન થાય છે. આથી હરિ પ્રસન્ન થાય છે અને તેથી જ સર્વ કાંઈ થાય છે.

જન્મકારણ લીલે ચ સપ્તભિઃ પઞ્ચભિર્વ્યધાત્ ।
ભક્તોદ્ધારો ભક્તિસિદ્ધિઃ ક્રમાદેવ તયોઃ ફલમ્ ॥૫૦॥

સાત શ્લોકો (શ્લોક ૨૩ થી ૨૯)માં કૃષ્ણ જન્મનું કારણ અને પાંચ શ્લોકોમાં (શ્લોક ૩૦ થી ૩૪) લીલા કહી છે. આ બંનેનું ફળ ક્રમશઃ ભક્તનો ઉદ્ધાર અને ભક્તિની સિદ્ધિ છે.

સત્વનિર્ધારણે પઞ્ચ ગુણાતીતે દ્વયં સ્મૃતમ્ ।
વિશેષભક્તિસિદ્ધ્યર્થં વિચારોઽત્ર નિરૂપિતઃ ॥૫૧॥

જન્મ કારણના સાત શ્લોકો (શ્લોક ૨૩ થી ૨૯) સત્વ નક્કી કરવામાં પાંચ (શ્લોક ૨૩ થી ૨૭) અને ગુણથી અતીતપણું નક્કી કરવામાં બે શ્લોકો (શ્લોક ૨૮ થી ૨૯) છે.

સામાન્યતોઽસ્ય મૂલત્વકથનાય વિશેષતઃ ।
નોક્તં સ્વરૂપાવિજ્ઞાનાત્ ફલવાક્યં મૃષા ભવેત્ ॥૫૨॥

અહીં વિશેષ ભક્તિની સિદ્ધિ માટે વિચારનું નિરૂપણ કર્યું છે. આ ગુણાતીતપણું સર્વનું મૂળ છે એ સામાન્ય રીતે કહ્યું છે. વિશેષ રીતે નથી કહ્યું કારણ જો સ્વરૂપવિજ્ઞાન ન હોય તો ફલવાક્ય જ મિથ્યા થાય.

અસસ્તદુક્ત્વા પશ્ચાત્તુ કુન્તીવાક્યે વદિષ્યતે ।
ઉત્પાદનં પ્રવેશશ્ચ નાનાત્વં યોગ રક્ષણે ॥૫૩॥
પૂર્વં પઞ્ચવિધાલીલા દ્વિતીયસ્તેન પૂરિતઃ ॥૫૩$\frac{૧}{૨}$॥

આથી સામાન્ય રીતે કહી, પાછળથી કુન્તીજીના વાક્યમાં કહેશે. અવતાર પહેલાં રૂપ પ્રપંચની ઉત્પત્તિ, પ્રવેશ, ઘણાપણું, ભોગ અને રક્ષણ એ પ્રથમ પાંચ પ્રકારની લીલા છે. આ રીતે દ્વિતીય અધ્યાય કહે છે.

અગાઉના લેખાંકમાં ૪૭ થી ૫૩$\frac{૧}{૨}$ સુધી કારિકાના અર્થો જોયા. હવે ૪૭મી કારિકાનું વિવેચન વિચારીશું.

ઉત્સાહસઙ્ગતિઃ પ્રશ્નઃ શાસ્ત્રારમ્ભોપદેશનમ્ ।
પ્રશ્નાભિપ્રાયકથને નાભિનન્દનમુક્તવાન્ ॥

પ્રથમ શ્લોક (અધ્યાય-૨)માં સૂતજીના ઉત્સાહને દર્શાવ્યો છે અને કથાનું પ્રયોજન કહ્યું છે.

ઈતિ સમ્પ્રશ્નસંહૃષ્ટઃ વિપ્રાણાં રૌમહર્ષણિઃ ।
પ્રતિપૂજ્ય વચસ્તેષાં પ્રવક્તુમુપચક્રમે ॥૧॥

આ શ્લોક શ્રીવ્યાસજી બોલ્યા છે. નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિઓને સૂતજી કથા સંભળાવે છે. આ સૂતજીનું નામ ઉગ્રશ્રવા છે. તેઓ રોમહર્ષણના પુત્ર છે. શૌનકાદિ ઋષિઓના પ્રશ્નો સાંભળીને ઉગ્રશ્રવા સૂતજી પ્રસન્ન થયા. સૂતજીએ ઋષિઓના વચનને અભિનંદન આપ્યા. પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર આપવાનો તેમણે આરંભ કર્યો. પ્રશ્નોના જવાબ આપતાં પહેલાં સૂતજી પોતાના ગુરુ શુકદેવજીને નમસ્કાર કરે છે. બીજા અને ત્રીજા એમ બે શ્લોકોમાં નમસ્કાર કર્યા છે.

યં પ્રવજન્તમનુપેતમપેતકૃત્યં,
દ્વૈપાયનો વિરહકાતર આજુહાવ ।
પુત્રેતિતન્મયતયા તરવોઽભિનેદુસ્તં
સ્તં સર્વભૂતહૃદયં મુનિમાનતોઽસ્મિ ॥૨॥

શ્રીશુકદેવજી શંકરનો અવતાર છે. વ્યાસજી વિષ્ણુનો અવતાર છે. શ્રીશુકદેવજી તેમના પુત્ર છે. આ કારણે શુકદેવજીને દેહસંસ્કારની જરૂર નથી. આથી સોળ વર્ષના શ્રીશુકદેવજી જન્મીને તરત જ પિતાના આશ્રમમાંથી ચાલી નીકળ્યા. શુકદેવજીને સંગનો ડર છે. તેથી ચાલી નીકળ્યા છે. ઉપવીત વગેરે સંસ્કારો શુકદેવજીને હજુ થયા નથી. વ્યાસજીની

ઈચ્છા તે સંસ્કારો કરવાની છે. પણ શુકદેવજી સર્વભાવ પ્રાપ્ત કરી ચૂક્યા છે. તેમને કાંઈ કરવાનું બાકી નથી.

શુકદેવજી, પિતાનો આશ્રમ છોડી જઈ રહ્યા છે. તેમની પાછળ પિતા વ્યાસજી તેમને પાછા બોલાવવા જઈ રહ્યા છે. વ્યાસજીને વિરહ છે. પુત્ર, પુત્ર એમ બોલતાં તે જઈ રહ્યા છે. આ વખતે શુકદેવજી વૃક્ષમાં પ્રવેશી પ્રત્યુત્તર આપે છે. શુકદેવજી યોગ દ્વારા વૃક્ષમાં પ્રવેશ્યા છે. શુકદેવજી બ્રહ્મનું ચિન્તન કરનારા છે આથી તે સૌના હૃદયને પ્રેરનારા છે. આવા શુકદેવજી સર્વત્ર બિરાજે છે. આથી સૂતજી તેમના ગુરુ શુકદેવજીને સર્વ તરફ વંદન કરે છે.

યઃસ્વાનુભાવમખિલશ્રુતિસાર-
મેકમધ્યાત્મદીપમતિતિતીર્ષતાં તમોઽન્ધમ્ ।
સંસારિણાં કરુણયાઽઽહ પુરાણગુહ્યં
તં વ્યાસસૂનુમુપયામિ ગુરું મુનીનામ્ ॥

શ્રીભાગવત ભગવાનના જેવા જ પ્રતાપવાળું છે. તે સર્વ વેદોના સાર રૂપ છે. સંસારીઓ તો ઘોર અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાયા છે. આમાં જે સંસારીઓને આ અંધકાર તરવો છે, તેમનાં હૃદયમાં શ્રીભાગવત સ્વસ્વરૂપનો પ્રકાશ કરે છે. આમ શ્રીભાગવત અસાધારણ દીપક છે. શ્રીશુકદેવજીએ દયા કરી આવું ગુહ્યપુરાણ સંસારીઓને આપ્યું છે. આવા વ્યાસજીના પુત્ર શુકદેવજી મુનીઓના પણ ગુરુ છે. સૂતજી આવા શુકદેવજીને પુનઃ નમસ્કાર કરે છે.

હવે ચોથા શ્લોકમાં શાસ્ત્રનો આરંભ અને ઉપદેશ છે.

નારાયણં નમસ્કૃત્ય નરં ચૈવ નરોત્તમમ્ ।
દેવીં સરસ્વતીં વ્યાસં તતો જયમુદીરયેત્ ॥

શ્રીભાગવતના પાઠની શરૂઆત કરતાં પહેલાં ચાર મહાનુભાવોને નમન કરવા જોઈએ. (૧) નારાયણ ભગવાનને (૨) મનુષ્યોમાં ઉત્તમ નરને (૩) સરસ્વતી દેવીને (૪) વ્યાસજીને આ ચાર મહાનુભાવોને નમન કરીને હવે કથાનો આરંભ થશે.

પાંચમા શ્લોકમાં સૂતજી, શૌનકજીને અભિનન્દન આપે છે.

મુનયઃ સાધુ પૃષ્ટોઽહં ભવદ્ભિર્લોક મઙ્ગલમ્ ।
યત્કૃતઃ કૃષ્ણ સંપ્રશ્નો યેનાત્મા સુપ્રસીદતિ ॥

મુનિઓએ જે પ્રશ્નો કર્યા છે તે સરસ છે. આ પ્રશ્નો વિશ્વનું કલ્યાણ કરનારા છે. કારણ કે આ પ્રશ્નો કૃષ્ણસંબંધી છે. કૃષ્ણના આવેશથી અંતઃકરણ પ્રસન્ન થઈ જાય છે.

મુનિઓએ પ્રથમ પ્રશ્ન પ્રથમ અધ્યાયમાં પૂછયો છે. તેનો જવાબ બીજા અધ્યાયના ૬ થી ૧૦ એમ પાંચ શ્લોકોમાં સૂતજી આપે છે. પાંચ જ શ્લોકમાં જવાબ શા માટે? તેનું પણ કારણ છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''કર્મ પાંચ પ્રકારનું છે.'' શ્રીમહાપ્રભુજીએ આપશ્રીના લખેલ સર્વનિર્ણય પ્રકરણની બીજી કારિકામાં આ પાંચ પ્રકાર કહ્યા છે.

અગ્નિહોત્રં તથા દર્શપૂર્ણમાસઃ પશુસ્તથા ।
ચાતુર્માસ્યાનિ સોમશ્ચ ક્રમાત્પંચવિધા હરિઃ ॥

અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ અને સોમ. આમ આ પાંચ પ્રકારનાં કર્મ (યજ્ઞ) છે.

શ્રીભાગવતના પ્રથમ સ્કન્ધના પ્રથમ અધ્યાય (પ્રશ્ન અધ્યાય)માં પ્રથમ પ્રશ્ન પૂછાયો છે. મુનિઓએ આ પ્રશ્ન આ રીતે શ્લોકમાં પૂછયો છે :-

તત્ર તત્રાઞ્જસાઽઽયુષ્મન્ ભવતા યદ્વિનિશ્ચિતમ્ ।
પુંસામેકાન્તતઃ શ્રેયસ્તન્નઃ શંસિતુમર્હસિ ॥૧-૧-૯॥

સૂતજી પોતાના ગુરુજનો પાસે ઘણા શાસ્ત્રો અને પુરાણો ભણ્યા છે. આમાં પરમ કલ્યાણનું સહજ સાધન કયું? એમ પૂછયું. આના જવાબમાં પ્રથમ સ્કન્ધના જ બીજા અધ્યાયના છઠ્ઠા શ્લોકથી સૂતજી જવાબ આપે છે. દસમા શ્લોક સુધીમાં આ પ્રથમ પ્રશ્નનો જવાબ સંપન્ન થાય છે.

સ વૈ પુંસાં પરો ધર્મો યતો ભક્તિરધોક્ષજે ।
અહૈતુક્યપ્રતિહતા યયાઽઽત્મા સુપ્રસીદતિ ॥
(૧-૨-૬)

મનુષ્યોનો સર્વશ્રેષ્ઠ ધર્મ ભગવાન શ્રીકૃષ્ણમાં ભક્તિ કરવી તે છે. આ

ભક્તિ પણ કોઈપણ પ્રકારની કામના વગરની હોવી જોઈએ. આ ભક્તિ કોઈપણ પ્રતિબંધ વગર નિત્ય-નિરંતર થવી જોઈએ. આવી ભક્તિથી હૃદયમાં આનન્દસ્વરૂપ પરમાત્માની ઉપલબ્ધિ થાય છે. કૃતકૃત્ય થઈ જવાય છે.

વાસુદેવે ભગવતિ ભક્તિયોગઃ પ્રયોજિતઃ ।
જનયત્યાશુ વૈરાગ્યં જ્ઞાનઞ્ચ યદહૈતુકમ્ ॥
(૧-૨-૭)

શ્રીકૃષ્ણ ભગવાનમાં ભક્તિ થતાં જ ચિત્ત અનન્ય પ્રેમથી એમાં જોડાઈ જાય છે. પરિણામે નિષ્કામ જ્ઞાન અને વૈરાગ્યનો આવિર્ભાવ થઈ જાય છે.

ધર્મઃ સ્વનુષ્ઠિતઃ પુંસાં વિષ્વકસેન કથાસુ યઃ ।
નોત્પાદયેદ્યદિ રતિં શ્રમ એવ હિ કેવલમ્ ॥
(૧-૨-૮)

મનુષ્ય ધર્મનું સારી રીતે અનુષ્ઠાન કરે, પણ જો તેના હૃદયમાં ભગવાનની કથાઓ માટે અનુરાગ ઉત્પન્ન ન થાય તો તે ધર્મનું અનુષ્ઠાન કેવલ શ્રમ જ છે.

ધર્મસ્ય હ્યાપવર્ગ્યસ્ય નાઽર્થોઽર્થાયોપકલ્પતે ।
નાઽર્થસ્ય ધર્મૈકાન્તસ્ય કામો લાભાય હિ સ્મૃતઃ ॥
(૧-૨-૯)

ધર્મનું ફલ મોક્ષ છે. ધર્મની સાર્થકતા અર્થ પ્રાપ્તિમાં નથી. અર્થ કેવલ ધર્મના માટે છે. ભોગવિલાસને અર્થનું ફલ નથી ગણ્યું.

કામસ્ય નેન્દ્રિયપ્રીતિર્લાભોજીવેત યાવતા ।
જીવસ્ય તત્ત્વજિજ્ઞાસા નાઽર્થો યશ્ચેહ કર્મભિઃ ॥
(૧-૨-૧૦)

ભોગ વિલાસનું ફળ ઈન્દ્રિયોને તૃપ્ત કરવી તે નથી. પણ ભોગ વિલાસનું પ્રયોજન કેવલ જીવન નિર્વાહ છે. જીવનનું ફલ પણ તત્ત્વજિજ્ઞાસા છે. જીવનનું ફલ ખૂબ કર્મ કરી સ્વર્ગાદિ પ્રાપ્ત કરવાં તે નથી - આમ આ પાંચ શ્લોકોમાં પ્રથમ પ્રશ્નનો જવાબ છે.

પ્રથમ સ્કન્ધ પ્રથમ અધ્યાયની ૪૭મી કારિકાથી ૫૩ $\frac{૧}{૨}$ કારિકાઓનું વિવરણ :

પ્રથમ અધ્યાયમાં પૂછાયેલા દ્વિતીય પ્રશ્ન અને દ્વિતીય અધ્યાયમાં અપાયેલા જવાબ વિષે જોઈએ.

પ્રથમ અધ્યાયમાં આ રીતે દ્વિતીય પ્રશ્ન પૂછ્યો છે.

પ્રાયેણાલ્પાયુષઃ સભ્ય કલાવસ્મિન્ યુગે જનાઃ ।
મન્દાઃ સુમન્દમતયો મન્દભાગ્યા હ્યુપદ્રુતાઃ ॥૧૦॥

અર્થ : આ કલિયુગમાં ઘણું કરીને લોકોનું આયુષ્ય ઓછું થઈ ગયું છે. સાધન કરવામાં લોકોની રૂચિ અને પ્રવૃત્તિ પણ નથી. લોકો આળસુ થયા છે. એમનાં ભાગ્ય તો મંદ છે જ પણ સમજે થોડી છે. આ સાથે એઓ જુદા જુદા વિઘ્નોથી ઘેરાયેલા છે.

ભૂરીણિ ભૂરિકર્માણિ શ્રોતવ્યાનિ વિભાગશઃ ।
અતઃ સાધોઽત્ર યત્સારં સમુદ્ધૃત્ય મનીષયા ।
બ્રૂહિ નઃ શ્રદ્ધાનાનાં યેનાત્મા સમ્પ્રસીદતિ ॥૧૧॥

અર્થ : શાસ્ત્રો પણ ઘણાં છે. આ બધા શાસ્ત્રો એક નિશ્ચિત સાધન બતાવતા નથી. અનેક પ્રકારના કર્મોનું એમાં વર્ણન છે. આ શાસ્ત્રો એટલા વિશાળ છે કે એનો એક અંશ સાંભળવો પણ કઠણ છે. આપ પરોપકારી છો. આપની બુદ્ધિથી એનો સાર કાઢી અમને શ્રદ્ધાળુઓને સંભળાવો. આનાથી પ્રાણીમાત્રનું કલ્યાણ થશે અને અમારા અંતઃકરણની શુદ્ધિ થશે.

''દ્વાદશો વૈ પુરુષઃ'' અર્થાત્ પુરુષ દ્વાદશાત્મક (બાર અંગવાળા) છે. આથી ઉપર પૂછેલા બીજા પ્રશ્નનો જવાબ બીજા અધ્યાયના ૧૧મા શ્લોકથી બાવીસમા શ્લોક સુધી એમ કુલ બાર શ્લોકોમાં કહે છે. હવે આપણે જવાબના આ બાર શ્લોકો જોઈશું.

વદન્તિ તત્તત્ત્વવિદસ્તત્ત્વં યજ્જ્ઞાનમદ્વયમ્ ।
બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે ॥૧-૨-૧૧॥

અર્થ : તત્ત્વવેત્તાઓ જ્ઞાતા અને જ્ઞેયના ભેદ વગરના અખંડ અદ્વિતીય

સચ્ચિદાનન્દસ્વરૂપ જ્ઞાનને જ તત્ત્વ કહે છે. આ તત્ત્વને કોઈ બ્રહ્મ, કોઈ પરમાત્મા અને કોઈ ભગવાનના નામથી ઓળખે છે.

વિશ્વમાં વિલસતું તત્ત્વ એક જ છે. વેદ એને બ્રહ્મ કહે છે. શ્રીગીતામાં તે પરમાત્મા કહેવાયું અને શ્રીભાગવતમાં તે ભગવાનથી ઓળખાયું અને આ તત્ત્વ તે જ સચ્ચિદાનંદ કૃષ્ણ જે બાર અંગવાળા છે.

તચ્છ્રદ્દધાના મુનયો જ્ઞાનવૈરાગ્યયુક્તયા ।
પશ્યન્ત્યાત્મનિ ચાડડત્માનં
ભક્ત્યા શ્રુતિગૃહીતયા ॥૧૨॥

અર્થ : શ્રદ્ધાળુ મુનિજનો શ્રીભાગવત શ્રવણથી જ્ઞાન-વૈરાગ્યવાળી ભક્તિની પ્રાપ્તિ કરે છે અને તે દ્વારા હૃદયમાં તે પરમતત્ત્વરુપ પરમાત્માનો અનુભવ કરે છે.

શ્રીભાગવત શ્રવણમાં શ્રદ્ધા જરૂરી છે. શ્રવણ એટલે શબ્દ અને વાક્યનાં શક્તિ અને તાત્પર્યનો નિર્ધાર. ટૂંકમાં સાંભળ્યા પછી કંઈ જ સંદેહ ન રહે અને સંદેહ વગરનું સમજાય તે સાચું શ્રવણ. શ્રદ્ધાવાળું આવું શ્રવણ થાય તો ભક્તિની પ્રાપ્તિ થાય. આ ભક્તિ જ્ઞાન-વૈરાગ્યવાળી છે.

નોંધ : આપણે બીજા પ્રશ્નનો જવાબ વિચારી રહ્યા છીએ.

અતઃ પુમ્ભિર્દ્વિજશ્રેષ્ઠા વર્ણાશ્રમ વિભાગશઃ ।
સ્વનુષ્ઠિતસ્ય ધર્મસ્ય સંસિદ્ધિર્હરિતોષણમ્ ॥૧૩॥

અર્થ : પોતાના વર્ણ અને આશ્રમ અનુસાર મનુષ્ય જે ધર્મનું અનુષ્ઠાન કરે છે એની પૂર્ણ સિદ્ધિ ત્યારે થાય જ્યારે ભગવાન પ્રસન્ન થાય.

આમ વર્ણ અને આશ્રમના ધર્મો પણ પ્રભુની પ્રસન્નતા માટે કરવા.

શ્રીગીતામાં પણ શ્રીકૃષ્ણ આજ્ઞા છે કે 'હું ભક્તિથી જ જણાઉં છું.' આમ ભક્તિ પ્રાપ્ત થતાં હૃદયમાં પરમતત્ત્વરૂપ પરમાત્માનો અનુભવ થાય છે.

તસ્માદેકેન મનસા ભગવાન્ સાત્વતાં પતિઃ ।
શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ ધ્યેયઃ પૂજશ્ચ નિત્યદા ॥
(૧-૨-૧૪)

અર્થ : આથી એકાગ્ર મનથી ભક્તવત્સલ ભગવાનનું જ નિત્ય-નિરન્તર શ્રવણ, કીર્તન, ધ્યાન અને આરાધના કરવાં જોઈએ.

ભગવાનને ભક્તોના પતિ કહ્યા છે. સામાન્યતઃ બધા શ્રવણ, કીર્તન, ધ્યાન અને પૂજન કરતાં હોય છે. આ બધાંનો વિષય ભગવાન હોવા જોઈએ અને તે નિરન્તર ચાલવા જોઈએ.

યદનુધ્યાસિના યુક્તાઃ કર્મગ્રન્થિનિબન્ધનમ્ ।
છિન્દન્તિ કોવિદાસ્તસ્ય કો ન કુર્યાત્કથારતિમ્ ॥
(૧-૨-૧૫)

અર્થ : કર્મોની ગાંઠ ગાઢી છે. વિચારવાન પુરુષ ભગવાનના ચિન્તનની તલવારથી તે ગાંઠને કાપી નાખે છે. આથી એવો કયો મનુષ્ય હોય જે ભગવાનની લીલા કથામાં પ્રેમ ન કરે?

મનુષ્ય કર્મ વગર રહી ન શકે. આ કર્મો ફલો ઉત્પન્ન કરે. તે ફલો ભોગવવા પાછાં કર્મો કરવા પડે. આમ કર્મ તે ન ઉકેલી શકાય તેવી ગાંઠ છે. ભગવાનના ચિન્તનને તલવાર સાથે અહીં સરખાવ્યું છે. તલવારનું કામ કાપવાનું. વિચારવંત પુરુષ આવી ધ્યાન રૂપી તલવારથી કર્મની ગાઢી ગાંઠને કાપી નાખે છે. આવો મોટો લાભ પ્રભુના ધ્યાનથી થતો હોય તો પ્રભુ કથામાં રતિ કોણ ન કરે?

શુશ્રૂષોઃ શ્રદ્ધાનસ્ય વાસુદેવ કથારુચિઃ ।
સ્યાન્મહત્સેવયા વિપ્રાઃ પુણ્યતીર્થનિષેવણાત્ ॥
(૧-૨-૧૬)

અર્થ : હે ૠષિઓ! પવિત્ર તીર્થોનું સેવન કરવાથી મહત્સેવઃ તદનન્તરશ્રવણની ઈચ્છા પછી શ્રદ્ધા, તત્પશ્ચાત્ ભગવત્-કથામાં રૂચિ થાય છે.

ભગવતકથામાં રુચિ કઈ રીતે થાય? અહીં તે માટેની દિશાનું સૂચન છે. તીર્થો પવિત્ર હોય છે. આવા તીર્થોમાં મહાપુરુષો વસતા હોય છે. આથી તીર્થોનું સેવન કરવું. ત્યાં રહેતા મહાપુરુષોની સેવા કરવી. આ સેવાથી શ્રવણની ઈચ્છા થાય છે, શ્રદ્ધા થાય છે અને ત્યારબાદ વાસુદેવ કથામાં રુચિ થાય છે.

શૃણ્વતાં સ્વકથાઃ કૃષ્ણઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
હૃદ્યન્તઃ સ્થો હ્ય ભદ્રાણિ વિધુનોતિ સુહૃત્સતામ્ ॥
(૧-૨-૧૭)

અર્થ : ભગવાન કૃષ્ણના યશનું શ્રવણ અને કીર્તન બંને પવિત્ર કરવાવાળાં છે. તે પોતાની કથા સાંભળનારના હૃદયમાં આવીને સ્થિતિ કરે છે અને સાંભળનારની અશુભ વાસનાઓને નષ્ટ કરી દે છે કારણ કે શ્રીકૃષ્ણ સંતોના નિત્ય સુહૃદ છે.

શ્રીકૃષ્ણને અહીં ભક્તોના મિત્ર કહ્યા છે. મિત્ર મિત્રનું કામ કરે જ. ભક્તો પવિત્ર કરનારા શ્રીકૃષ્ણના યશોનું શ્રવણ અને કીર્તનનું કામ કરે છે. તો તે દ્વારા હૃદયમાં પ્રભુ પધારીને ભક્તોના હૃદયના મેલને ધોવાનું કાર્ય કરે છે.

નષ્ટપ્રાયેષ્વભદ્રેષુ નિત્યં ભાગવતસેવયા ।
ભગવત્યુત્તમશ્લોકે ભક્તિર્ભવતિ નૈષ્ઠિકી ॥
(૧-૨-૧૮)

અર્થ : જ્યારે શ્રીભાગવત અથવા ભગવદ્ ભક્તોના નિરન્તર સેવનથી અશુભ વાસનાઓ નષ્ટ થઈ જાય છે, ત્યારે પવિત્રકીર્તિ ભગવાન શ્રીકૃષ્ણના પ્રતિ નિષ્ઠાવાળી ભક્તિ પ્રાપ્ત થાય છે.

આગળના શ્લોકોમાં ભગવદ્ભક્તોનું તથા ભગવાનનું નિત્ય સેવન કરવાનું કહ્યું છે. આનાથી પ્રભુજી અશુભ વાસનાઓને નષ્ટ કરી દે છે. આમ થતાં જ શ્રીકૃષ્ણ માટે નૈષ્ઠિકી ભક્તિ પ્રાપ્ત થાય છે. કોઈપણ પ્રતિકૂળતાઓમાં જે જરાય ચલિત ન થાય તે જ નિષ્ઠા. નિષ્ઠા એટલે જ નિતરાં સ્થિતિ.

તદા રજસ્તમોભાવાઃ કામલોભાદયશ્ચ યે ।
ચેત એતૈરનાવિદ્ધં સ્થિતં સત્ત્વે પ્રસીદતિ ॥
(૧-૨-૧૯)

અર્થ : ત્યારે રજોગુણ અને તમોગુણના ભાવ - કામ અને લોભાદિ શાન્ત થઈ જાય છે. અને ચિત્ત એના વગરનું થઈને સત્ત્વગુણમાં સ્થિત અને નિર્મલ થઈ જાય છે. ચિત્તની ચંચળતા મુખ્યતઃ કામ અને લોભ વગેરે ભાવોથી થાય છે. આ ભાવો રજો અને તમો ગુણોના લીધે થાય છે. કૃષ્ણમાં નિષ્ઠાવાળી ભક્તિ થતાં આ ભાવો શાંત થઈ જાય છે. આથી ચિત્ત સત્ત્વગુણવાળું બને છે, જે નિર્મળ છે.

એવં પ્રસન્નમનસો ભગવદ્ભક્તિયોગતઃ ।
ભગવત્તત્ત્વવિજ્ઞાનં મુક્ત સ્ય જાયતે ॥
(૧-૨-૨૦)

અર્થ : આ પ્રકારે ભગવાનની પ્રેમમયી ભક્તિથી જ્યારે સંસારની સમસ્ત આસક્તિઓ મટી જાય છે, હૃદય આનંદથી ભરાઈ જાય છે, ત્યારે ભગવાનના તત્ત્વનો અનુભવ આપોઆપ થઈ જાય છે.

ચિત્તની અંદર સત્ત્વ મુખ્ય બન્યું. સંસારની આસક્તિ નષ્ટ થઈ. આ બધું ભગવાનની નિષ્ઠાવાળી પ્રેમમયી ભક્તિથી બન્યું. હૃદય હવે આનંદથી ભરાઈ ગયું. સાચો આનંદ જ કૃષ્ણ છે. આમ ભગવાન નો અનુભવ સ્વતઃ થવા લાગે છે.

ભિદ્યતે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વસંશયાઃ ।
ક્ષીયન્તે ચાઽસ્ય કર્માણિ દૃષ્ટ એવાત્મનીશ્વરે ॥
(૧-૨-૨૧)

અર્થ : હૃદયમાં આત્મસ્વરૂપ ભગવાનનો સાક્ષાત્કાર થતાં જ હૃદયની ગ્રન્થિ તૂટી જાય છે. બધા જ સન્દેહ મટી જાય છે. અને કર્મબન્ધન ક્ષીણ થઈ જાય છે.

ભગવાન આત્મસ્વરૂપ છે. ભગવાન હૃદયાસને બિરાજે પછી બીજું હૃદયમાં ટકી જ ન શકે, જેમ એક મ્યાનમાં બે તલવાર રહી ન શકે. ભગવાન હૃદયમાં બીરાજે તે સાથે કર્મ બન્ધનો પણ ક્ષીણ બને તેથી હૃદયની ગ્રન્થિઓ ભેદાઈ જાય.

અતો વે કવયો નિત્યં ભક્તિં પરમયા મુદા ।
વાસુદેવે ભગવતિ કુર્વન્ત્યાત્મપ્રસાદનીમ્ ॥
(૧-૨-૨૨)

અર્થ : આથી બુદ્ધિમાન લોકો નિત્ય-નિરંતર ખૂબજ આનંદપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણના પ્રતિ પ્રેમ ભક્તિ કરે છે, જેનાથી આત્મપ્રસાદની પ્રાપ્તિ થાય છે.

આનંદ રૂપ શ્રીકૃષ્ણની સદા અને સર્વદા પ્રસન્નતાથી કરવામાં આવતી ભક્તિ આત્મપ્રસાદની પ્રાપ્તિ કરાવી આપે છે. શ્રીવલ્લભ આજ્ઞા... 'સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ:।'

નૈમિષારણ્યમાં શ્રીભાગવતની કથા થઈ રહી છે. વક્તા સૂતજી છે. શ્રોતા સૌનકાદિ ઋષિઓ છે. ઋષિઓએ છ પ્રશ્નો સૂતજીને પૂછેલા. (જે આપણે આગળના લેખમાં જોયું છે.) છ પ્રશ્નો પૈકીના પ્રથમ બે પ્રશ્નોના જવાબો પણ આપણે આગળના લેખોમાં જોયા - પ્રથમ પ્રશ્નનો જવાબ સૂતજી પાંચ શ્લોકોથી આપે છે. દ્વિતીય પ્રશ્નનો જવાબ સૂતજી ૧૨ શ્લોકોમાં આપે છે. આમ શૌનકે પૂછેલા પ્રથમ બે પ્રશ્નોના જવાબ સૂતજી કુલ ૧૭ શ્લોકોમાં બીજા અધ્યાયમાં આપે છે.

શ્રીમહાપ્રભુજી આપણને એ સમજાવે છે કે શા માટે પ્રથમ પ્રશ્નનો જવાબ પાંચ શ્લોકોમાં અને શા માટે બીજા પ્રશ્નનો જવાબ ૧૨ શ્લોકોમાં? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શ્રીભાગવતના શ્રવણ માટે વેદાર્થ જાણવો જોઈએ. વેદાર્થનો નિશ્ચય જરૂરી છે. વેદમાં બે કાંડ (વિભાગ) છે. પૂર્વ કાંડ અને ઉત્તર કાંડ. વેદનો પૂર્વકાંડ ધર્મ અથવા કર્મ સંબંધી છે અને વેદનો ઉત્તર કાંડ જ્ઞાન સંબંધી છે. પૂછાયેલો પ્રથમ પ્રશ્ન ધર્મ અથવા કર્મ સંબંધી છે. આમ પ્રશ્ન વેદના પૂર્વકાંડની સંગતિ કરે છે. પૂર્વકાંડમાં કર્મ (યજ્ઞ) પાંચ પ્રકારનું કહ્યું છે, તેથી પ્રથમ પ્રશ્ન જે પૂર્વકાંડ ને દર્શાવે છે તેનો જવાબ પાંચ શ્લોકમાં કહ્યો.

બીજો પ્રશ્ન જ્ઞાન સંબંધી છે. તે વેદના ઉત્તરકાંડની સંગતિનું સૂચન કરે છે. શ્રુતિ કહે છે કે, ''પુરુષ બાર અંગવાળા છે.'' આથી આ તત્ત્વ (જ્ઞાન)ના વિચારમાં બીજા પ્રશ્નનો જવાબ બાર શ્લોકથી આપવામાં આવે છે.

આમ પહેલા બે પ્રશ્નોના જવાબ સત્તર શ્લોકોથી આપવામાં આવ્યા- એક શ્રુતિ કહે છે ''સપ્ત દશો વૈ પ્રજાપતિ:'' પ્રજાપતિ સત્તર રૂપવાળા છે.

આમ આ જવાબ રૂપી સત્તર શ્લોકો સમગ્ર વેદના અર્થનો નિર્ણય કરનારા છે. આનાથી અધિક ફલ વેદ આપી શકતું નથી. પણ આ રીતે વેદના અર્થનો નિર્ણય થવાથી ભગવાનના ગુણોનું શ્રવણ થઈ શકે છે. આમ ભગવાનની લીલાના શ્રવણની સિદ્ધિ માટે પ્રથમ એ ધર્મ જ્ઞાનનું નિરુપણ આવશ્યક છે. બે પ્રશ્નોના જવાબમાં કહેલા આ સત્તર શ્લોકો જ આ ધર્મજ્ઞાનનું નિરુપણ છે.

આ રીતે ધર્મજ્ઞાનનું નિરુપણ થાય પછી શ્રવણની સિદ્ધિ પ્રાપ્ત થાય. આ શ્રવણ જ્યારે આદરથી કરીએ ત્યારે પ્રેમ ઉત્પન્ન થાય છે અને આવો આ પ્રેમ હરિપ્રીતિ કરાવી દે છે. ત્યાર બાદ ભગવાનની પણ આ રીતે શ્રવણ કરનાર ઉપર પ્રીતિ થાય છે. ભગવાન પ્રીતિ કરે એટલે શ્રવણ કરનારનો ઉદ્ધાર પણ કરે જ. આના માટે જ ભગવાન અવતાર ધારણ કરે છે.

શૌનકજીએ પૂછેલા છ પ્રશ્નો પૈકી આ રીતે પહેલા બે પ્રશ્નો ધર્મ અને જ્ઞાન વિષયક છે. બાકીના ચાર પ્રશ્નો કૃષ્ણ સંબંધી છે. પ્રભુના જન્મ સંબંધી પ્રશ્ન સૌનકજી પૂછે છે.

તન્ન: શુશ્રૂષમાણાના મર્હસ્યહનનુવર્ણિતુમ્ ।
યસ્યાવતારો ભૂતાનાં ક્ષેમાય ચ ભવાય ચ ॥
(૧-૧-૧૩)

અર્થાત્ (આગલા બારમા શ્લોકના અનુસંધાનથી) ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવની ધર્મપત્ની દેવકીજીના ગર્ભથી શું કરવાની ઈચ્છાથી અવતીર્ણ થયા હતા એ અમારે સાંભળવાની ઈચ્છા છે. આપ કૃપા કરી અમારા માટે એનું વર્ણન કરો કારણ કે ભગવાનનો અવતાર જીવોના પરમ કલ્યાણ માટે અને જીવની ભગવત્પ્રેમવાળી સમૃદ્ધિ માટે જ હોય છે.

પ્રભુના અવતારથી જીવોનું કલ્યાણ થાય છે. જીવોને પ્રભુમાં પ્રેમ થાય છે.

આગલા લેખમાં આપણે જોયું કે પ્રભુનો અવતાર જીવોનું કલ્યાણ કરે છે. જીવોને પોતાનામાં પ્રેમ કરાવે છે. આવા કૃષ્ણ દેવકીજીના ગર્ભથી શું કરવા અવર્તીણ થયા? આ પ્રશ્ન શૌનકજીએ કર્યો છે. શ્રીકૃષ્ણના જન્મનું

કારણ નક્કી કરવા સૂતજી પ્રથમ સ્કન્ધના બીજા અધ્યાયમાં ત્રેવીસમાં શ્લોકથી લઈને ઓગણત્રીસમાં શ્લોક સુધી એમ સાત શ્લોકોમાં જવાબ આપે છે. જવાબના આ સાત શ્લોકોનો વિચાર કરીયે :

સત્ત્વં રજ સ્તમ ઈતિ પ્રકૃતેર્ગુણાસ્તૈ
ર્યુકતઃ પરઃ પુરુષ એક ઈહાસ્ય ધત્તે ।
સ્થિત્યાદયે હરિવિરંચિહરેતિ સંજ્ઞાઃ
શ્રેયાંસિ તત્ર ખલુ સત્ત્વતનોર્નૃણાં સ્મુઃ ॥૧-૨-૨૩॥

પ્રકૃતિના ત્રણ ગુણો છે. સત્વ, રજ અને તમ. પરમાત્મા આ ગુણોનો સ્વીકાર કરે છે. રજોગુણ સ્વીકારી વિશ્વની ઉત્પત્તિ કરે છે. સત્ત્વ ગુણથી વિશ્વની સ્થિતિ અને તમોગુણથી પ્રલય કરે છે. આ ત્રણ પ્રકારના કાર્ય માટે પરમાત્મા ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ(રુદ્ર) આ ત્રણ નામ ગ્રહણ કરે છે. આ બધામાં મનુષ્યનું કલ્યાણ તો સત્ત્વગુણવાળા શ્રીહરિથી જ થાય છે.

પાર્થિવા દ્‌રુણો ધૂમ સ્તસ્માદગ્નિસ્ત્રયી મયઃ ।
તમસસ્તુ રજ સ્તસ્માત્સત્વં યદ્ બ્રહ્મ દર્શનમ્ ॥૨૪॥

આ શ્લોકમાં સત્વ ગુણની શ્રેષ્ઠતા બતાવી છે. તે માટે લાકડી, ધુમાડો અને અગ્નિનું દૃષ્ટાંત આપે છે. લાકડી એ પૃથ્વીમાંથી થાય છે. આ લાકડી સળગતાં પહેલાં ધુમાડો થાય છે. આ ધુમાડો લાકડીથી શ્રેષ્ઠ છે. ધુમાડા પછી અગ્નિ થાય છે. આ અગ્નિ ધુમાડાથી શ્રેષ્ઠ છે. અગ્નિની શ્રેષ્ઠતા માટે કહે છે કે વેદોમાં કહેલા યજ્ઞ-યાગો કરીએ તો તે દ્વારા થતો અગ્નિ સદ્ગતિ આપનાર બની જાય છે. લાકડી તમોગુણ રૂપી છે. ધુમાડો રજોગુણ રૂપી અને અગ્નિ સત્ત્વગુણ રૂપી છે. આથી જ તમોગુણ કરતાં રજોગુણ શ્રેષ્ઠ છે અને રજોગુણ કરતાં સત્ત્વગુણ શ્રેષ્ઠ છે. જેમ યજ્ઞનો અગ્નિ સદ્ગતિ આપવાવાળો છે તેમ સત્ત્વગુણ ભગવાનનાં દર્શન કરાવી આપે છે. આમ સત્ત્વગુણ શ્રેષ્ઠ છે.

ભેજિરે મુનયોઽથાગ્રે ભગવન્તમધોક્ષજમ્ ।
સત્ત્વં વિશુદ્ધં ક્ષેમાય કલ્પન્તે યેઽનુ તાનિહ ॥૨૫॥

પ્રાચીન કાળમાં ઋષિઓ અને મુનિઓ થઈ ગયા. આ બધા મહાત્મા હતા. પૂર્વના આ બધા મહાત્માઓએ પોતાના કલ્યાણ માટે વિચાર કરેલો. પ્રયત્ન પણ કર્યો હતો. મહાત્માઓના કલ્યાણનું સાધન હતું વિષ્ણુની આરાધના. ભગવાન વિષ્ણુ વિશુદ્ધ સત્વનું સ્વરૂપ છે. આથી જ પ્રાચીન મહાત્માઓ પોતાના કલ્યાણ માટે વિષ્ણુનું આરાધન કરતા. આ યુગમાં પણ વિષ્ણુનું આરાધન એટલું જ અસરકારક છે. આથી જ આજે પણ જે લોકો વિષ્ણુનું આરાધન કરે છે તેમને પણ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

આગળના લેખોમાં આપણે જોયું કે કૃષ્ણના જન્મનું કારણ નક્કી કરવા સૂતજી બીજા અધ્યાયમાં ૨૩મા શ્લોકથી જવાબ આપી રહ્યા છે. ઓગણત્રીસમા શ્લોક સુધી આ જવાબ વિસ્તરે છે. આપણે અગાઉના લેખમાં બીજા અધ્યાયના ૨૩, ૨૪ અને ૨૫મા શ્લોકનો વિચાર કરેલો.

હવે બીજા અધ્યાયના ૨૬મા શ્લોકથી આગળ અવગાહન કરીશું -

મુમુક્ષવો ઘોર રૂપાન્ હિત્વા ભૂતપતીનથ ।
નારાયણકલાઃ શાન્તા ભજન્તિ હ્યનસૂયવઃ ॥
(૧-૨-૨૬)

કેટલાક લોકો મોક્ષ ઈચ્છે છે. તેઓ આ સંસાર સાગરને પાર કરવા ઈચ્છે છે. આ પ્રકારના લોકો કોઈની નિંદા કરતા નથી. કોઈના દોષ જોતા નથી. આ પ્રકારના લોકો પણ ઘોરરૂપવાળા તમોગુણી-રજોગુણી ભૈરવ વગેરે ભૂતપતિઓની ઉપાસના નથી કરતા. આ લોકો (મુમુક્ષુઓ) સત્વગુણી વિષ્ણુભગવાન અને એમના અંશ અને કલાના સ્વરૂપોનું જ ભજન કરે છે.

રજસ્તમઃ પ્રકૃતયઃ સમશીલા ભજન્તિ વૈ ।
પિતૃભૂતપ્રજેશાદીન્ શ્રિયૈશ્વર્યપ્રજેપ્સવઃ ॥
(૧-૨-૨૭)

કેટલાક લોકોનો સ્વભાવ રજોગુણી અથવા તમોગુણી હોય છે. એમનો સ્વભાવ આગળના શ્લોકમાં કહેલ ભૂતાદિને મળતો હોય છે. એ લોકોને ધન, ઐશ્વર્ય, સંતાન વગેરે કામનાઓ હોય છે. આવા લોકો આથી ભૂત, પિતર અને પ્રજાપતિઓની ઉપાસના કરતા હોય છે.

વાસુદેવ પરા વેદા વાસુદેવ પરા મખાઃ ।
વાસુદેવ પરા યોગા વાસુદેવપરાઃ ક્રિયાઃ ॥
(૧-૨-૨૮)

વેદો વાસુદેવ પરાયણ છે. વેદોનું તાત્પર્ય શ્રીકૃષ્ણમાં જ છે. યજ્ઞો વાસુદેવ પરાયણ છે. યજ્ઞોનો ઉદ્દેશ્ય શ્રીકૃષ્ણ જ છે. યોગ વાસુદેવ પરાયણ છે. યોગ શ્રીકૃષ્ણ માટે જ કરવામાં આવે છે. ક્રિયાઓ પણ વાસુદેવ પરાયણ છે. સમસ્ત કર્મોની પરિસમાપ્તિ શ્રીકૃષ્ણમાં જ છે.

વાસુદેવપરં જ્ઞાનં વાસુદેવપરં તપઃ ।
વાસુદેવપરો ધર્મો વાસુદેવપરા ગતિઃ ॥
(૧-૨-૨૯)

જ્ઞાન વાસુદેવ પરાયણ છે. જ્ઞાનથી બ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. તપ વાસુદેવ પરાયણ છે. તપસ્યા શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે જ કરવામાં આવે છે. ધર્મ વાસુદેવ પરાયણ છે. શ્રીકૃષ્ણ માટે જ ધર્મોનું અનુષ્ઠાન થાય છે. ગતિ વાસુદેવ પરાયણ છે. બધી જ ગતિઓ શ્રીકૃષ્ણમાં જ સમાઈ જાય છે.

શૌનકાદિ ઋષિઓએ સૂતજીને ત્રીજો પ્રશ્ન પૂછયો છે કે ભગવાન શ્રીકૃષ્ણ વસુદેવની ધર્મપત્ની દેવકીજીના ગર્ભથી શું કરવા અવતીર્ણ થયા છે? પ્રથમ અધ્યાયમાં પૂછાયેલા આ પ્રશ્નનો જવાબ ત્રીજા અધ્યાયમાં ૨૩ શ્લોકથી લઈ ૨૯મા શ્લોક સુધી સૂતજી એ આપ્યો. આ સાત શ્લોકોનો વિચાર આપણે કર્યો. જેનો સમન્વય કરતાં જોઈ શકાય છે કે મનુષ્યોનું પરમ કલ્યાણ શ્રીહરિથી જ થાય છે. શ્રીહરિએ સત્ત્વ ગુણનો સ્વીકાર કર્યો છે. કલ્યાણ કરનારા અન્ય દેવો હોઈ શકે છે પણ પરમ કલ્યાણ તો સત્ત્વગુણી શ્રીહરિથી જ છે. આથી જ જીવોનું પરમ કલ્યાણ રજોગુણી બ્રહ્મા કે તમો ગુણી રુદ્રથી થઈ ન શકે.

દૃષ્ટાંત દ્વારા આ હકીકત સમજીએ. લાકડું એ પૃથ્વીનો વિકાર છે. તેને પેટાવતાં પહેલાં ધુમાડો થાય. પછી અગ્નિ પ્રગટે. અહીં લાકડાથી ધુમાડો શ્રેષ્ઠ અને ધુમાડાથી અગ્નિ શ્રેષ્ઠ છે. વેદોક્ત યજ્ઞ-યાગમાં પ્રકટ થતો અગ્નિ સદ્ગતિ પ્રાપ્ત કરાવે છે. આથી અગ્નિ શ્રેષ્ઠ છે. તમોગુણને લાકડાં સાથે

સરખાવી, રજોગુણને ધુમાડા સાથે સરખાવી અને સત્ત્વગુણને યજ્ઞના અગ્નિ સાથે સરખાવીને વિચારીએ તો તમો ગુણથી રજોગુણ અને રજોગુણથી સત્વગુણ શ્રેષ્ઠ છે. સત્ત્વગુણથી સત્ત્વ ગુણ શ્રીહરિનું દર્શન થાય છે.

આને માટે પ્રમાણ પ્રાપ્ત થાય છે. પ્રાચીન કાળમાં પણ મહાત્માઓ સત્ત્વમય ભગવાન વિષ્ણુનું આરાધન કરતા હતા. આજના યુગમાં આથી એજ અનુસરણ છે. મોક્ષ ઈચ્છતા લોકો કોઈની નિંદા નથી કરતાં. કોઈમાં દોષ નથી જોતાં. તેમના માટે બ્રહ્મા અને રુદ્રમાં કોઈ પ્રકારનું દોષ દર્શન નથી, છતાં સત્ત્વગુણી વિષ્ણુ ભગવાન અને તેમના અવતારોનું જ તે ભજન કરે છે.

આમ છતાં ઘણાં લોકો બ્રહ્મા અને રુદ્રને પણ ભજે છે. તેનું કારણ કહે છે કે આ લોકોને પરમ કલ્યાણની ઈચ્છા નથી. આ લોકો સંપત્તિ, સંતાન વગેરે કામનાવાળા છે. આમ સ્વભાવ જ તેમનો રજો અને તમોગુણી છે આથી તેઓ તેવા સ્વભાવવાળા દેવોને ભજે છે.

આપણા ધર્મમાં વેદો છે. તેમાં કહેલાં યજ્ઞો છે. યોગ છે. ક્રિયાઓ છે. જ્ઞાન છે. તપ છે. ધર્મો છે અને ગતિ પણ છે. પણ આ બધાંજ વાસુદેવ શ્રીકૃષ્ણ પરાયણ છે. આ બધાં જ શ્રીકૃષ્ણ માટે જ છે. વેદોનું તાત્પર્ય હોય કે યજ્ઞોનો ઉદ્દેશ્ય હોય. યોગ હોય કે સર્વ કર્મોની પરિસમાપ્તિ હોય. જ્ઞાન હોય કે તપસ્યા હોય, ધર્મોનું અનુષ્ઠાન હોય કે બધી જ ગતિઓ હોય પણ તે શ્રીકૃષ્ણ માટે જ છે.

આમ પરમકલ્યાણ કરનારા શ્રીકૃષ્ણ જ છે. અન્ય દેવોનું તે સામર્થ્ય નથી આથી લોકોને પરમ કલ્યાણની પ્રાપ્તિ કરાવવા શ્રીકૃષ્ણે જ પ્રકટ થવું પડે. આથી બાલબોધગ્રંથમાં શ્રીમહાપ્રભુજી આવા પ્રકારની જ આજ્ઞા કરે છે કે બ્રહ્માજી મોક્ષ નહીં આપે. શિવજી ભોગ જ આપશે. ક્વચિત્ અનન્ય ભક્તને કોકવાર મોક્ષ આપે પણ તે ભાગ્યે જ બને. મુખ્યતઃ તો શિવજી ભોગ પ્રદાન કરે છે. જ્યારે મોક્ષ નિશ્ચિત પણે વિષ્ણુ-શ્રીકૃષ્ણ જ આપે છે.

આગળના લેખાંકોમાં ભગવાનના જન્મ(અવતારો) કેમ થયા. તેનું કારણ આપણે જાણ્યું. બીજા અધ્યાયના ૨૩થી૨૯ શ્લોક સુધીમાં આનું

વર્ણન છે. આ સાત શ્લોકો નો વિચાર આગળના લેખાંકોમાં આપણે વિચાર્યો છે. તેના આધારે એક નિષ્કર્ષ પર આપણે આવી શકીએ કે ભગવાનના અવતારો ભકતોનો ઉદ્ધાર કરવા થાય છે. પ્રભુના આવા જન્મ(અવતારો)માં બે પ્રકારો છે. (૧) સત્ત્વનિર્ધારણ (૨) ગુણાતીતતા.

સત્ત્વનિર્ધારણ એટલે - સત્ત્વગુણ હોવાનો નિશ્ચય - ભગવાનના અવતારોમાં સત્ત્વગુણ છે. આનો નિશ્ચય બીજા અધ્યાયના ૨૩થી૨૭ એમ પાંચ શ્લોકમાં કરવામાં આવે છે. (અગાઉના લેખાંકોમાં આ શ્લોકો સમજાવ્યા છે. જેમાં સત્ત્વગુણની પ્રતીતિ થાય છે). સત્ત્વગુણનો નિશ્ચય પાંચ શ્લોકથી કેમ કર્યો? તેનું પણ કારણ છે. શ્રીમદ્ભગવદ્ ગીતાના ૧૮મા અધ્યાયના ૧૪મા અને ૧૫મા શ્લોકને જોતાં તે સમજાય છે. આ બે શ્લોકો પ્રમાણે - દરેક મનુષ્ય કર્મ કરે છે. કર્મ, મન, વાણી અને શરીરથી થાય છે. આ કર્મ શાસ્ત્રને અનુકૂળ પણ હોય અને શાસ્ત્રથી વિપરીત પણ હોઈ શકે છે. મનુષ્ય દ્વારા થતાં આવાં કર્મનાં પાંચ કારણો છે. (૧) અધિષ્ઠાન, (૨) કર્તા, (૩) જુદાં જુદાં કારણ, (૪) જુદા જુદા પ્રકારની અલગ ચેષ્ટાઓ અને (૫) દૈવ.

જેના આશ્રયથી કર્મ થયા કરે તે અધિષ્ઠાન છે. જે જે ઈન્દ્રિયો અને સાધનો દ્વારા કર્મ થાય તે કારણ છે. પૂર્વે થયેલાં શુભ અને અશુભ કર્મોના સંસ્કારોના નામ દૈવ છે. ગુણાતીતતા - બીજા અધ્યાયના ૨૮ અને ૨૯માં શ્લોકમાં આ વર્ણન છે. આપણે ઉપર મુજબ જે વિચાર કર્યો તેનું પ્રયોજન ઉત્તમ પ્રકારની ભક્તિ થવી તે છે. વળી આ વિચારનું બીજું પ્રયોજન એ છે કે વાસુદેવ ગુણાતીત છે. બધા અવતારોનું મૂલ ભગવાન વાસુદેવ છે. તેઓ મૂલ ગુણોથી પર છે. આમ આ બે શ્લોકો ગુણોથી પર ગુણાતીત વાસુદેવના અવતારને કહે છે.

શૌનક વગેરેએ કૃષ્ણાવતારનું પ્રયોજન પૂછયું છે. તેના જવાબમાં સૂતજી અહીં સામાન્ય અવતારનું પ્રયોજન આપે છે. સૂતજીએ આવું કેમ કર્યું? આનું કારણ એટલું જ કે શૌનક વગેરેને કૃષ્ણસ્વરૂપનું વિશેષ જ્ઞાન નથી. નિયમ એવો છે કે સ્વરૂપજ્ઞાન થયા પછી જ જન્મનું કારણ કહેવાય. જેને સ્વરૂપનું જ્ઞાન નથી તેને જન્મનું પ્રયોજન ન કહેવાય. સ્વરૂપ અજ્ઞાનવાળાને જન્મ પ્રયોજન કહીએ તો તે પ્રયોજનરૂપી ફલ નકામું થાય છે. તે ફલને કહેનારું વચન પણ નકામું થાય છે. આથી એવું નકકી થયું કે સર્વ સ્થળે આજ રીતે સ્વરૂપજ્ઞાન છે એમ જાણીને જ જન્મનું પ્રયોજન જણાવવું જોઈએ.

શ્રીમહાપ્રભુજી આ દ્વારા સુંદર સિદ્ધાંતની વાત કરે છે. શ્રોતાને પહેલાં સ્વરૂપ વિષે વક્તા કહે. શ્રોતાને સ્વરૂપનું જ્ઞાન થયું? તે વક્તા તપાસે. જો શ્રોતાને જ્ઞાન થાય તો પછી એ શ્રોતાની શ્રદ્ધા જોઈ જન્મનું કારણ કહેવું. આથી જ કૃષ્ણના અવતારનું પ્રયોજન પ્રથમ સ્કંધના ૮મા અધ્યાયમાં કુંતીજીના વાક્યોથી સૂતજી કહેશે. અત્રે આનો ટૂંકાણમાં વિચાર કરીએ. ૮મા અધ્યાયના ૧૮મા શ્લોકથી બે શ્લોકમાં સૂતજી કુંતાજીએ વર્ણવેલ કૃષ્ણસ્વરૂપ કહેશે. આ સ્વરૂપ શૌનક વગેરેને શ્રધ્ધાથી સમજાયું કે નહિ? તે નિશ્ચય કરી ૮મા અધ્યાયના જ કુંતાજીનાં વાક્યો દ્વારા ૩૨મા શ્લોકથી કૃષ્ણના જન્મનાં કારણો સૂતજી શૌનક વગેરેને જણાવશે. આઠમા અધ્યાયનો પ્રભુ જ્યારે વિચાર કરાવશે ત્યારે આપણે તેને વિસ્તૃત રીતે વિચારીશું. પણ અહીં કુંતાજી પોતે કૃષ્ણજન્મનું કારણ જે સમજે છે તે જોઈ લઈએ. ભગવાન અવતીર્ણ કેમ થયા? કુંતાજી કહે છે તે જોઈ લઈએ. શુદ્ધહ્દયવાળા, વિચારશીલ, જીવન્મુક્ત પરમહંસોના હ્દયમાં આપની પ્રેમમયી ભક્તિના સર્જન માટે કૃષ્ણ અવતીર્ણ થયા છે.

પ્રથમ સ્કંધના બીજા અધ્યાયમાં કુલ ૩૪ શ્લોક છે. અગાઉના લેખાંકોમાં આપણે ૨૯ શ્લોક સુધી પ્રભુકૃપાએ વિચારી ગયા છે. હવે ૩૦ થી ૩૪ શ્લોકો (છેલ્લા પાંચ શ્લોકો)નો વિચાર કરીએ. આ પાંચ શ્લોકોમાં ભગવદ્લીલાનું નિરુપણ કર્યું છે. આ લીલા પાંચ પ્રકારની છે. (૧) જગત ઉત્પન્ન કરવાની (૨) ઉત્પન્ન કરેલા જગતમાં પ્રવેશ કરવાની (૩) બધા ભૂતોમાં આપ એક હોવા છતાં અલગ અલગ દેખાવાની (૪) ભોગ કરવાની (૫) રક્ષણ કરવાની. આ શ્લોકો આપણે જોઈએ.

સ એવેદં સસર્જાગ્રે ભગવાનાત્મમાયયા ।
સદસદ્રુપયા ચાસૌ ગુણમય્યા ગુણો વિભુઃ ।।
(૧-૨-૩૦)

ભગવાન કૃષ્ણ પ્રકૃતિ અને એના ગુણોથી અતીત છે. આમ છતાં પોતાની ગુણમયી માયાથી એમણે જ સર્ગના આદિમાં આ જગતની રચના કરી. આમ અહીં જગત ઉત્પત્તિની લીલા કહી.

તથા વિલસિતેષ્વેષુ ગુણેષુ ગુણવાનિવ ।
અન્તઃપ્રવિષ્ટ આભાતિ વિજ્ઞાનેન વિજૃમ્ભિતઃ ॥
(૧-૨-૩૧)

માયાના ત્રણ ગુણો છે. સત્ત્વ, રજ અને તમ. ભગવાન એમાં પ્રવેશે છે, આથી આ ગુણ જેવા માલૂમ પડે છે. વાસ્તવમાં તો તે પરિપૂર્ણ જ છે. વિજ્ઞાનાનન્દઘન છે. અહીં ઉત્પન્ન કરેલ જગતમાં પ્રવેશ રૂપી લીલા કહી.

યથા હ્યવહિતો વહ્નિર્દારુષ્વેકઃ સ્વયોનિષુ ।
નાનેવ ભાતિ વિશ્વાત્મા ભૂતેષુ ચ તથા પુમાન્ ॥
(૧-૨-૩૨)

વાસ્તવમાં અગ્નિ એક છે. આ અગ્નિ અનેક લાકડીઓમાં પ્રગટ થાય ત્યારે તે અનેક રૂપે માલૂમ પડે છે. આજ રીતે ભગવાન બધાના આત્મારૂપ છે. એક જ છે પણ અલગ અલગ પ્રાણીઓના લીધે અનેક જેવા લાગે છે. અહીં પ્રભુ બધા ભૂતોમાં એક હોવા છતાં અલગ અલગ દેખાવા રૂપ લીલાનું વર્ણન છે.

અસૌ ગુણમયૈર્ભાવૈર્ભૂત સૂક્ષ્મેન્દ્રિયાત્મભિઃ ।
સ્વનિર્મિતેષુ નિર્વિષ્ટો ભુઙ્ક્તે ભૂતેષુ તદ્ગુણાન્ ॥
(૧-૨-૩૩)

તન્માત્રા, ઈન્દ્રિય અને અંતઃકરણ આદિ ગુણોના ભાવો દ્વારા ભગવાન વિવિધ પ્રકારની યોનિઓનું નિર્માણ કરે છે. એમાં જુદા જુદા જીવોનાં રૂપમાં પ્રવેશે છે અને તે તે યોનિયોના અનુરૂપ વિષયોને ભોગવે છે. આમ અહીં ભોગ કરવા રૂપ લીલાનું વર્ણન છે.

ભાવયત્યેષ સત્ત્વેન લોકાન્ વૈ લોકભાવનઃ ।
લીલાવતારાનુરતો દેવતિર્યઙ્નરાદિષુ ॥
(૧-૨-૩૪)

આવા ભગવાન જ સંપૂર્ણ લોકની રચના કરે છે. અને દેવતા, પશુ-પક્ષી, મનુષ્ય વગેરે યોનિઓનાં લીલાવતાર લે છે. અવતાર લઈ સત્ત્વગુણ દ્વારા જીવોનું પાલન-પોષણ કરે છે. આમ અહીં રક્ષણ કરવા રૂપ લીલા કહી.

ભગવાન અવતાર લે છે તે પહેલાંની આ પાંચ પ્રકારની લીલાઓ છે. પોતાના જ સ્વરૂપમાં રહેલા ભગવાનની આ લીલાઓ છે. અવતાર લીધા પછીની લીલાઓનું વર્ણન પ્રથમ સ્કંધના જ ત્રીજા અધ્યાયમાં કહેવામાં આવ્યું છે. બીજા અધ્યાયના અર્થ વિષે અગાઉના લેખાંકોમાં પ્રભુ પ્રેરણાથી જે લખાયું છે તેનું અંતે ટૂંકમાં વિહંગાવલોકન કરી લઈએ. આ અધ્યાનના કુલ ૩૪ શ્લોકો છે. પહેલા શ્લોકમાં સૂતજીનો ઉત્સાહ અને કથાનું પ્રયોજન છે. ત્યાર પછીના બે શ્લોકોમાં શ્રીશુકદેવજીને નમસ્કાર છે. ત્યાર પછીના ચોથા શ્લોકમાં શાસ્ત્રનો આરંભ અને ઉપદેશ છે. પાંચમા શ્લોકમાં સૂતજીએ શૌનકને આપેલ અભિનંદન છે. છઠ્ઠા શ્લોકથી દશમા શ્લોક સુધીમાં પ્રથમ અધ્યાયમાં પૂછાયેલા પ્રથમ પ્રશ્નનો જવાબ છે. અગિયારમાં શ્લોકથી બાવીસમા શ્લોક સુધી બીજા પ્રશ્નનો પ્રત્યુત્તર છે. ત્રેવીસમાં શ્લોકથી ઓગણત્રીસમાં શ્લોક સુધી પૂછાયેલા ત્રીજા પ્રશ્નનો જવાબ છે. અને ત્રીસમાં શ્લોકથી ચોત્રીસમાં શ્લોક સુધીમાં અવતાર પહેલાંની પ્રભુની પાંચ પ્રકારની લીલાઓનું વર્ણન છે.

પ્રથમ સ્કંધના આ બીજા અધ્યાયમાં આટલો અર્થ છે. આનાથી શ્રોતા અને વકતાનું લક્ષણ મળ્યું કે શ્રોતા મત્સર(ઈર્ષા) રહિત હોવો જોઈએ અને વકતા કહેવામાં ચતુર હોવો જોઈએ. હીનઅધિકારમાં આમ દ્વિતીય અધિકાર આ રીતે કહ્યો છે. પ્રભુ કૃપાથી આમ પ્રથમ સ્કંધનો બીજો અધ્યાય અહીં સંપન્ન થાય છે.

બીજા અધ્યાયના આ સમગ્ર અધ્યાયનું વર્ણન મારા નિ. લી. ગુરુદેવ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજના આત્મજ મારા ગુરુરૂપ પૂ. પા. ગો. ૧૦૮શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના ચરણોમાં વિનિયોજું છું.

હવે શ્રીમહાપ્રભુજીની કૃપાથી તૃતીય અધ્યાયનો અર્થ વિચારીશું.

શ્રીવલ્લભના કૃપાબળથી હવે તત્વાર્થદીપ નિબંધ અંતર્ગત્ શ્રાભાગવતાર્થ પ્રકરણના પહેલા સ્કંધના ત્રીજા અધ્યાયનું આપણે અવગાહન કરીશું.

આવિર્ભાવોડવતારશ્ચ તુલ્યસત્ત્વશરીરત: ।।૫૪।।
અશુદ્ધિશુદ્ધિભેદેન નિર્ગુણ: કૃષ્ણ એવ હિ ।
જ્ઞાનશકત્યા ક્રિયાશકત્યા ચાવતારં કરોત્યજ: ।।૫૫।।
વરાહાદિસ્વરુપેણ બલકાર્યં જનાર્દન ।
દત્તવ્યાસાદિરુપેણ જ્ઞાનકાર્યં તથા વિભુ: ।।૫૬।।

શબ્દાર્થ : આવિર્ભાવ અને અવતાર સત્ત્વ શરીરમાં હોવાથી તુલ્ય છે. અશુદ્ધિ અને શુદ્ધિના ભેદ વડે નિર્ગુણ અજ શ્રીકૃષ્ણચંદ્ર જ્ઞાનશકિત અને ક્રિયાશક્તિથી અવતાર ધરે છે. વરાહજી, નૃસિંહજી વગેરે રૂપે જનાર્દને ક્રિયા-શક્તિથી અવતાર લીધો છે. એ જ રીતે વિભુએ દત્તાત્રેય, વ્યાસ વગેરેના રૂપે જ્ઞાનશક્તિથી અવતાર લીધો છે.

વિવેચન : પ્રથમ સ્કંધનો પ્રથમ અધ્યાય પ્રશ્નાધ્યાય છે, તે આપણે અગાઉના લેખોમાં જોયું. નૈમિષારણ્યના ઋષિઓએ પ્રભુસંબંધી છ પ્રકારના પ્રશ્નો સૂતજીને પૂછયા છે. ઋષિઓએ ચોથા પ્રશ્નમાં ભગવાનની શુભ કથાઓ જાણવાની પૃચ્છા કરી છે. આ ત્રીજા અધ્યાયના આરંભથી આ અવતાર કથા રૂપ પ્રશ્નોનો જવાબ પ્રાપ્ત થાય છે.

ભગવાનનો આવેશ પણ થાય છે અને ભગવાનનો અવતાર પણ થાય છે. આવેશ અને અવતારમાં ભગવાનનો આવિર્ભાવ જ છે તો પછી આવેશ અને અવતારમાં ભેદ શું?

એક સિદ્ધાંત નિશ્ચિત છે કે સત્ત્વવાળા શરીરમાંજ ભગવાનનો આવિર્ભાવ થાય છે. આ સત્ત્વના શુદ્ધ અને અશુદ્ધ એમ બે ભેદ છે. જ્યારે સત્વ સાથે બીજા રજસ્ વગેરે ગુણો ભળે ત્યારે તે અશુદ્ધ કહેવાય. અને જે સદાય માત્ર સત્ત્વવાળા છે તે શુદ્ધ કહેવાય.

આવેશ : આથી રજસ વગેરે સાથે રહેલા સત્ત્વવાળા દેહમાં જ્યારે સત્ત્વગુણ જ પ્રકટયો હોય ત્યારે તે દેહમાં થયેલ ભગવાનનો આવિર્ભાવ આવેશ કહેવાય છે. લોખંડના ગોળામાં અગ્નિના પ્રવેશની જેમ આ આવેશ છે. અગ્નિ પ્રવેશી અને જેટલો સમય રહે તેટલો સમય લોખંડનો ગોળો અગ્નિ જ લાગે. અગ્નિ ન પ્રવેશે ત્યાં સુધી તે લોહનો ગોળો જ છે. આમ લોખંડના ગોળામાં આ અગ્નિનો આવેશ છે. નારદજી વગેરે આવેશ છે.

અવતાર : શુદ્ધ અર્થાત્ સદાય સત્ત્વ જ રહેતું હોય (અન્ય ગુણોનો પ્રવેશ જ ન હોય) તેવા દેહમાં ભગવાનનો આવિર્ભાવ અવતાર કહેવાય છે.

એક રાજા તેની રાજધાનીના તેના મહેલમાં પણ રહે અને ફરતાં ફરતાં કોક સ્થળે તેના રહેવા માટેના રચેલા મકાનમાં પણ રહે. આ બંને પ્રકારનાં ઘરો મહારાજા જ્યાં સુધી તેમાં રહે છે ત્યાં સુધી તે મહારાજાનાં જ ઘરો ગણાય છે. આજ રીતે જયારે આવેશવાળામાં ભગવદ્ આવેશ હોય ત્યારે અવતાર અને તેમાં કંઈ ભેદ હોતો નથી. આમ આ બંનેમાં એક બીજાથી કાંઈ વિશેષતા નથી તેથી આવેશ અને અવતાર સમાન ગણ્યા છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી અવતાર માટે આજ્ઞા કરે છે.

અવતરણમવતાર: ।
વ્યાપિવૈકુષ્ઠાદ્ ભગવત: પ્રપઞ્ચે સમાગમનમ્ ।।

અવતરવું તે અવતાર. અર્થાત્ વ્યાપિવૈકુંઠમાંથી પ્રભુનું પ્રપંચ (જગત)માં આગમન.

ભગવાન ભક્તોનાં દુઃખ દૂર કરવા પધારે છે. આ દુઃખ બે પ્રકારનાં છે. બહારનાં અને અંદરનાં. ભગવાનની અચિન્ત્ય શક્તિઓ પૈકીની બે મુખ્ય શક્તિઓ છે. એક જ્ઞાનશક્તિ અને બીજી ક્રિયાશક્તિ. આ કારણોથી ભગવાન બે પ્રકારના અવતારો ધારણ કરે છે. બહારનું દુઃખ દૂર કરવા ક્રિયાશક્તિવાળા અવતાર ધારણ કરે છે. વરાહ, કૂર્મ, નૃસિંહ વગેરે ક્રિયાશક્તિવાળા અવતારો છે. અંદરનું દુઃખ દૂર કરવા જ્ઞાનશક્તિવાળા અવતારો ધારણ કરે છે. દત્તાત્રેય, વ્યાસ, કપિલ વગેરે જ્ઞાનશક્તિવાળા અવતારો છે.

ક્રિયાશક્તિવાળા અવતારો ક્રિયાથી અને જ્ઞાનશક્તિ-વાળા અવતારો જ્ઞાનથી ભક્તોનો ઉદ્ધાર કરે છે. આ બધા અવતારો સત્ત્વગુણવાળા દેહમાં રહેલા હોઈ સગુણ છે. માત્ર શ્રીકૃષ્ણ જ નિર્ગુણ અથવા ગુણથી પર છે.

આગળના લેખાંકમાં ભગવાનનો આવેશ કોને કહેવાય અને ભગવાનનો અવતાર કોને કહેવાય તેનું તારતમ્ય (ભેદ) આપણે જોયું હતું.

હવે ૫૭ થી ૫૯$\frac{૧}{૨}$ એમ સાડા ત્રણ કારિકાઓમાં ભગવાનના અવતારોની ગણના કરી છે.

મત્સ્યઃ કૂર્મો વરાહશ્ચ સિંહ વામન ભાર્ગવાઃ ।
મન્વન્તરાવતારાશ્ચ વ્યાસબુદ્ધૌ ચ રાઘવઃ ।।૫૭।।

અર્થ : મત્સ્ય(માછલું), કૂર્મ(કાચબો), વરાહ અને સિંહ(નૃસિંહ), વામન, ભાર્ગવ(પરશુરામ), મન્વન્તરમાં થયેલા અવતારો અને વ્યાસ, બુદ્ધ અને રાઘવ(રામ)

કપિલો દત્ત ઋષભઃ શિશુમારો રુચેઃ સુતઃ ।
નારાયણો હરિઃ કૃષ્ણસ્તાપસો મનુરેવ ચ ।।૫૮।।

અર્થ : કપિલ, દત્તાત્રેય, ઋષભદેવ, શિશુમાર, રુચિના પુત્ર (યજ્ઞ), નારાયણ, હરિ, શ્રીકૃષ્ણ, તાપસ અને મનુ

મહિદાસસ્તથા હંસઃ સ્ત્રીરુમો હયશીર્ષવાન્ ।
તથૈવ વડવાવકત્રઃ કલ્કિર્ધન્વન્તરિઃ પ્રભુઃ ।।૫૯।।

અર્થ : મહિદાસ તથા હંસ, સ્ત્રીરુપ(મોહિની), હયશીર્ષ(હયગ્રીવ), વડવામુખ, કલ્કિ, ધન્વન્તરિ, પ્રભુ

ઈત્યાદ્યાઃ કેવલઃ કૃષ્ણઃ શુદ્ધસત્ત્વેન કેવલઃ ।।૫૯$\frac{૧}{૨}$।।

અર્થ : આ વગેરે કેવલ શુદ્ધસત્ત્વવાળા અવતાર છે. (લેખાંક ૪૨માં અવતારની વ્યાખ્યા જોવા વિનંતી.)

વિવેચન : પ્રથમ સ્કન્ધ ત્રીજા અધ્યાયના શ્લોક ૨૬ અને ૨૭નું અવગાહન કરવાથી આ કારિકાઓ વધુ સમજાશે.

અવતારા હ્યસંખ્યેયા હરેઃ સત્વનિધેર્દ્વિજાઃ ।
યથાવિદાસિનઃ કુલ્યાઃ સરસઃ સ્યુઃ સહસ્રશઃ ।।૧-૩-૨૬।।

અર્થાત્ : જેમ અક્ષય જલ સરોવરમાંથી અસંખ્ય નાની નહેરોના પ્રવાહો નીકળે છે, તેમ સત્ત્વગુણના ભંડારરૂપ શ્રીહરિના અસંખ્ય અવતારો થાય છે.

આ શ્લોકમાં અવિદાસિનઃ સરસઃ એટલે કે અક્ષય-અખૂટ સરોવર કહ્યું. આવા અખૂટ અને અક્ષય સરોવરમાંથી જેમ હજારો નહેરો નીકળે છે, તે રીતે શ્રીહરિ સત્ત્વગુણનો અખૂટ અને અક્ષય ભંડાર છે અને તેમાંથી અસંખ્ય અવતારો થાય છે.

અત્રે અવતારો સરોવરમાંથી થયા તેમ કહ્યું છે. સાગરમાંથી થયા તેમ નથી કહ્યું. તેનું કારણ મહાનુભાવે આપ્યું છે. સાગર અગાધ જરૂર છે પણ એમાં પ્રવાહ અને માધુર્ય નથી. જ્યારે ‘સરતીતિ સરઃ’ એવા અર્થમાં સર શબ્દ લઈ સરસઃ એટલે સરોવર કહ્યું. છે.

દા.ત. ઉંચાઈ વાળા ઉત્કૃષ્ટ પ્રદેશમાં માનસ સરોવર છે. તેમાંથી અનેક પ્રવાહ નીકળે છે. અને અનેક નાના પ્રદેશમાં આ જલ આવે છે. આ રીતે ઉન્નત પરબ્રહ્મ રૂપી સરોવરમાં માધુર્ય, રસ અને પૂર્ણાનંદ છે અને તેમાંથી અનેક અવતારો નીચે ભૂમિ પર થાય છે.

ઋષયો મનવો દેવા મનુપુત્રા મહૌજસઃ ।
કલા : સર્વે હરેરેવ સપ્રજાપતયઃ સ્મૃતાંઃ ।।૧-૩-૨૭।।

અર્થાત્ : ઋષિઓ, મનુઓ, દેવો, મહાનઓજસ્વી(અતિ પરાક્રમી) મનુપુત્રો, અને પ્રજાપતિઓ આ સર્વ શ્રીહરિના જ અંશાવતારો કહ્યા છે.

આમ ૨૬ અને ૨૭મા શ્લોકમાં જે અવતારો ગણાવ્યા તેમાંના કેટલાક અવતારોનું નિરૂપણ શ્રીભાગવતમાં નથી દા.ત. મન્વન્તરાવતાર, શિશુમાર, મહિદાસ અને વડવામુખ. આ અવતારો નારદપંચરાત્ર વગેરેમાં કહ્યા છે. ચાલતા વિષયમાં તે ઉપયોગી છે. આથી શ્રીભાગવતમાં ન હોવા છતાં અહીં તેનું નિરૂપણ કર્યું છે.

ભગવાનના અવતારોનો વિચાર કર્યા પછી. હવે ભગવાનના આવેશ-અવતાર જોઈશું. સાડાચાર કારિકાથી આનું સૂચન છે.

શ્રીબ્રહ્મરુદ્રશેષાશ્ચ વીન્દ્રેન્દ્રૌ કામ એવચ ।
કામપુત્રોઽનિરુદ્ધશ્ચ સૂર્યશ્ચન્દ્રો બૃહસ્પતિઃ ॥૬૦॥
ધર્મ એષાં તથા ભાર્યા દક્ષાદ્યા મનવસ્તથા ॥૬૧॥
મનુપુત્રાશ્ચ ઋષયો નારદઃ પર્વતસ્તથા ।
કશ્યપઃ સનકાદ્યાશ્ચ વહ્ન્યાદ્યાશ્ચૈવ દેવતાઃ ॥૬૨॥
ભરતઃ કાર્ત્તવીર્યશ્ચ વૈન્યાદ્યાશ્ચક્રવર્તિનઃ ।
ગયશ્ચ લક્ષ્મણાદ્યાશ્ચ ત્રયો રોહિણિ નન્દનઃ ॥૬૩॥
પ્રદ્યુમ્નો રૌકિમણેયશ્ચ તત્પુત્રશ્ચાનિરુદ્ધકઃ ।
નરઃફાલ્ગુન ઈત્યાદ્યા વિશેષાવેશિનો હરેઃ ॥૬૪॥

શબ્દાર્થ :

શ્રીલક્ષ્મીજી, બ્રહ્મા, રુદ્ર, શેષજી, ગરુડજી, ઈન્દ્ર, કામદેવ અને કામદેવના પુત્ર અનિરુદ્ધ અને સૂર્ય, ચંદ્ર, બૃહસ્મતિ, ધર્મ, આ બધાની સ્ત્રીઓ, દક્ષ વગેરે મનુઓ તથા મનુના પુત્રો અને ઋષિઓ, નારદજી, પર્વત તથા કશ્યપ, સનકાદિ અને અગ્નિ વગેરે દેવતા, ભરત, કાર્ત્તવીર્ય અને વૈન્ય વગેરે ચક્રવર્તીઓ, ગય અને લક્ષ્મણ વગેરે ત્રણ, રોહિણિ નંદન, રુકમણિના પુત્ર પ્રદ્યુમ્ન, એમનો પુત્ર અનિરૂદ્ધ, નર ફાલ્ગુન, વગેરે હરિના વિશેષ આવેશવાળા છે.

વિવેચન :

જયારે કાર્ય કરવું હોય ત્યારે તે કાર્ય કરવા ભગવાન જેના દેહમાં પ્રવેશ કરે, તે ભગવાનના આવેશવાળા કહેવાય છે, જે ઉપર વર્ણવ્યા છે. આમાં કેટલાંક નામોની સમજ આ પ્રમાણે છે. અહીં ભરત એટલે દુષ્યંતના પુત્ર ભરત સમજવા. કાત્તિવીર્ય એટલે સહસ્ત્રાર્જુન રાજા. વૈન્ય એટલે પૃથુરાજા, લક્ષ્મણ વગેરે ત્રણ એટલે ભરત અને શત્રુઘ્ન ને સાથે ગણવા. રોહિણી નંદન એટલે બલદેવજી, નરઃ ફાલ્ગુન એટલે નરનો અવતાર ફાલ્ગુન એટલે અર્જુન અથાત્ નરનો અવતાર અર્જુન જેમ કેટલાક અવતારો ભાગવતમાં નથી છતાં ગણાય છે, તેમ અહીં આવેશોમાં પણ ભાગવતમાં કેટલાક ન ગણાવેલા પણ પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં ગણાવેલા આવેશો પણ ગણાવ્યા છે. આ આવેશોમાં કામ અને અનિરૂદ્ધ આ બંનેનું બે વાર વર્ણન છે. આનો અર્થ એ કે આ બંનેમાં હરિનો વિશેષ આવેશ છે.

આગળ ૫૮મી કારિકા આપણે જોઈ. અહીં કૃષ્ણનું નિરુપણ છે. શ્રીકૃષ્ણનું આ નિરુપણ સામાન્ય રીતે કર્યું છે. અહીં કૃષ્ણને અવતાર તરીકે ગણાવ્યા છે. વાસ્તવમાં અન્ય અવતારો કરતાં કૃષ્ણની વિશેષતા છે. શ્રીકૃષ્ણની આ વિશેષતા શ્રીમહાપ્રભુજી નીચેની કારિકામાં દર્શાવે છે.

જ્ઞાનક્રિયોભયયુતઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્ ॥૬૪॥

અર્થ :

જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ આમ ઉભય શક્તિવાળા શ્રીકૃષ્ણ પોતે ભગવાન જ છે.

વિવેચન :

શ્રીકૃષ્ણ પોતાની ઈચ્છાથી શુદ્ધસત્ત્વથી ભૂતલ પર અવતરણ કરે છે. આથી તેઓ પણ અન્ય અવતાર જેવા જ ગણાય. પરંતુ શ્રીકૃષ્ણ સ્વયં તો પૂર્ણપુરુષોત્તમ છે. શ્રીકૃષ્ણ ભગવાન છે. વેદમાં બે કાંડ છે. પૂર્વકાંડ અને ઉત્તરકાંડ. પૂર્વકાંડમાં શ્રીકૃષ્ણની ક્રિયાશક્તિનું નિરૂપણ છે. ઉત્તરકાંડમાં જ્ઞાનશક્તિનું નિરુપણ છે. આમ બંને કાંડ ભેગા થઈને શ્રીકૃષ્ણનું સમગ્રપણે વર્ણન કરે છે. શ્રીમદ્ ભાગવતમાં ક્રિયાશક્તિ અને ઉભયશક્તિવાળા શ્રીકૃષ્ણનું અને શ્રીકૃષ્ણલીલાનું વર્ણન છે. આ શ્રીભાગવતના ભગવાન ક્રિયાશક્તિ તથા જ્ઞાનશક્તિ એમ બંને પ્રકારની શક્તિ યુક્ત છે. આથી ઉપર દર્શાવેલ અવતારોમાં કોઈ પુરુષનો અંશ છે તો કોઈ કલાનો અંશ છે. જયારે કૃષ્ણ તો સ્વયં ભગવાન છે.

આગળના લેખાંકમાં આવેશ અને અવતારો વિષે આપણે જોયું. શ્રીકૃષ્ણ અવતાર પણ છે અને સ્વયં ભગવાન જ છે તે પણ આપણે જોયું. હવે આ ત્રીજા અધ્યાયના ૨૮-૨૯ શ્લોકોથી અવતારો ધારણ કરવાનું સામાન્ય પ્રયોજન કહ્યું છે. ૪૦મા શ્લોકથી અંત સુધીના સાડાપાંચ શ્લોકો વડે શ્રીમદ્ ભાગવતની પ્રસ્તાવના નિરૂપવામાં આવી છે. અને આ સામાન્ય

પ્રયોજન અને શ્રીમદ્ ભાગવત કહેવાની શરૂઆત કરે તે બંનેની વચ્ચે ચાર પ્રયોજન કહ્યા છે.

માહાત્મ્યજ્ઞાપને મુક્તિસ્તર્દ્થ્ર બન્ધ નિર્ણય: ॥૬૫॥
નિત્યમુક્તત્વકથનં દુર્જ્ઞેયત્વં ચ વૈ હરે: ।
વિવૃતિસ્તસ્ય પૂર્વૈર્હિ કૃતા યેનાદિ મધ્યયો: ॥૬૬॥
ભક્તિ: સિધ્યતિ તત્ક્ષેપ: પ્રતિજ્ઞા માત્ર પૂરણમ્ ॥૬૬ $\frac{૧}{૨}$॥

અર્થ :

શ્રીકૃષ્ણના માહાત્મ્ય જ્ઞાનમાં મુક્તિ છે, તેના માટે જ બન્ધ નિર્ણય છે. હરિ નિત્ય, મુક્ત અને દુર્જ્ઞેય છે. પૂર્વે થયેલાઓએ આ બધાનું વિવરણ ભાગવતરૂપ કર્યું છે, જેથી હીનાધિકારી અને મધ્યમાધિકારીને ભક્તિ સિદ્ધ થાય છે. પછી ભાગવત કથન અને પ્રતિજ્ઞા થતાં, આ હીનાધિકાર પ્રકરણ પૂર્ણ થાય છે.

વિવેચન :

ભગવાનના માહાત્મ્યજ્ઞાનને ૩૫ અને ૩૬મા શ્લોકમાં શ્રીવ્યાસજી આ પ્રમાણે વર્ણવે છે.

એવં જન્માનિ કર્માણિ હ્યકર્તુરજનસ્ય ચ ।
વર્ણયન્તિ સ્મ કવયો વેદગૃહ્યાનિ હૃત્પતે : ॥૧-૩-૩૫॥

વાસ્તવમાં હૃદયેશ્વર ભગવાનને જન્મ નથી અને તેમને કોઈ કર્મ પણ નથી. ભગવાનનો જન્મ અને કર્મ અપાકૃત છે. તત્ત્વજ્ઞાનીઓ આજ રીતે વર્ણન કરે છે તેનું કારણ એ છે કે ભગવાનના જન્મ અને કર્મ વેદોના અત્યન્ત ગોપનીય રહસ્ય છે.

સ વા ઈદં વિશ્વમમોઘલીલ:
સૃજત્યવત્યત્તિ ન સજ્જતેડસ્મિન્ ।
ભૂતેષુ ચાન્તર્હિત આત્મતન્ત્ર:
ષાડ્વર્ગિકં જિઘ્રતિ ષડ્ગુણેશ:
॥૧-૩-૩૬॥

ભગવાનની લીલા અમોઘ છે. આ લીલાથી જ તેઓ આ વિશ્વનું સર્જન, પાલન અને સંહાર કરે છે. આમ કરતા હોવા છતાં એમાં તેઓ આસક્ત નથી થતા. પ્રાણીમાત્રના અંત:કરણમાં તે છુપાઈને રહે છે, જ્ઞાનેન્દ્રિય અને મનના નિયન્તાના રૂપમાં તે ઈન્દ્રિયોના વિષયોને ગ્રહણ પણ કરે છે, છતાં એનાથી અલગ પણ રહે છે. તેઓ પરમ સ્વતંત્ર હોવાથી આ વિષયો તેઓને લેપી શકતા નથી.

શ્રીમદ્ભાગવત શ્રવણનું માહાત્મ્ય ભગવાનના ભજનની સિદ્ધિ માટે છે. આ ભગવાન નિત્ય અને દુર્જ્ઞેય છે.

ઉત્તમ અધિકારીને તો ટૂંકાણમાં પણ કહેવામાં આવે તોય તેમને તો ભક્તિ થાય છે. મધ્યમ અને હિન અધિકારીઓને માટે તે શક્ય નથી. આ પ્રકારના આ બે અધિકારીઓ માટે જ શ્રીભાગવતનું વિવરણ છે. આ વિવરણ મુક્તિ અને સ્વરૂપના ભજનને માટે છે. અહીં વાક્યવિભાગને નીચે મુજબ જાણવો જોઈએ.

જગૃહે પોરુષં(૧-૩-૧)થી કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ (૧-૩-૨૮) સુધીના સાડાસત્તાવીશ શ્લોકોમાં અવતારોનું વર્ણન છે. આ શ્લોકો આપણે હવે ક્રમશ: વિચારીએ.

જગૃહે પૌરુષં રુપં ભગવાન્મહદાદિભિ: ।
સમ્ભૂતં ષોડશકલમાદૌ લોકસિસૃક્ષયા ॥૧॥

સૃષ્ટિ પહેલાં માત્ર ભગવાન જ હતા. એમણે લોક નિર્માણની ઈચ્છા કરી. ઈચ્છા થતાં જ એઓએ પુરુષરૂપ ધારણ કર્યું. આ પુરુષરૂપ મહત્તત્વ આદિથી નિષ્પન્ન થયેલું હતું. એમાં દસ ઈન્દ્રિયો, એક મન અને પંચભૂત મળીને સોળ કલાઓ હતી.

યસ્યામ્ભસિ શયાનસ્ય યોગનિદ્રાં વિતન્વત: ।
નાભિહ્રદામ્બુજાદાસીદ્ બ્રહ્મા વિશ્વસૃજાં પતિ: ॥૨॥

ભગવાન જલમાં શયન કરતા હતા. તેમણે યોગનિદ્રાનો વિસ્તાર કર્યો. આથી ભગવાનની નાભિ સરોવરમાંથી એક કમલ પ્રકટ થયું. આ કમલમાંથી પ્રજાપતિઓના અધિપતિ બ્રહ્માજી ઉત્પન્ન થયા.

યસ્યાવયવસંસ્થાનૈઃ કલ્પિતો લોક વિસ્તરઃ ।
તદ્વૈ ભગવતો રૂપં વિશુદ્ધં સત્ત્વમૂર્જિતમ્ ।।૩।।

ભગવાનના એ વિરાટરૂપના અવયવરૂપ સ્થાનથી લોકોનો વિસ્તાર થયો છે. ભગવાનનું આ રૂપ સર્વ કાર્ય કરવાની શક્તિવાળું છે અને ખીલી ઉઠેલા વિશુદ્ધ સત્વરૂપ છે.

પશ્યન્તયદોરૂપમદભ્રચક્ષુષા
સહસ્રપાદોસભુજાનનાદ્ભુતમ્ ।
સહસ્રમૂર્ધશ્રવણાક્ષિનાસિકં-
સહસ્રમૌલ્યમ્બરકુણ્ડલોલ્લસત્ ।।૪।।

ભગવાનનું આ રૂપ હજારો ચરણ, સાથળ, ભુજા, મુખો, હજારો મસ્તક, કાન, આંખ અને નાસિકાઓ, હજારો મુકુટ, વસ્ત્ર અને કુંડલો વાળું છે. આવા અદ્‌ભુત રૂપને યોગી લોકો પોતાનાં યોગસિદ્ધ નેત્રો વડે જુએ છે.

એતન્નાનાવતારાણાં નિધાનં બીજમવ્યયમ્ ।
યસ્યાંશાંશેન સૃજ્યન્તે દેવતિર્યઙ્‌નરાધ્યઃ ।।૫।।

ભગવાનનું આ રૂપ અનેક અવતારોનું ધામ છે. નષ્ટ ન થાય તેવું બીજ છે. આવા સ્વરૂપના અંશના અંશ વડે દેવ, પશુ અને મનુષ્ય વગેરે ઉત્પન્ન થાય છે.

સ એવ પ્રથમં દેવઃ કૌમારં સર્ગમાસ્થિતઃ ।
ચચાર દુશ્ચરં બ્રહ્મા બ્રહ્મચર્યમખણ્ડિતમ્ ।।૬।।

એ ભગવાને પહેલા કૌમારસર્ગમાં સનક, સનન્દન, સનાતન અને સનત્કુમાર આ ચાર બ્રાહ્મણોના રૂપમાં અવતાર ધરી અત્યન્ત કઠિન (ન આચરી શકાય તેવું) અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું.

ભૂખનો અગ્નિ અસહ્ય છે. આ જ રીતે કામાગ્નિ પણ અસહ્ય છે. જેમ ભૂખમાં જલપાન છે તેમ કામમાં સ્ત્રીપ્રેક્ષણાદિ છે. જેમ ભૂખમાં અન્નતૃપ્તિ છે તેમ કામમાં રેતઃપાતથી તૃપ્તિ છે. જેમાં બીજરૂપ કામ હોય તે 'કુમાર' છે. તેને સ્ત્રીરૂપ જલના સેવનથી યૌવન થાય છે. સનકાદિને

સ્ત્રીનો સંસર્ગ ન હોવાથી સદા કૌમારવય છે. સ્ત્રીના સ્મરણાદિ વિના બીજને ધારણ કરવું એ બ્રહ્મચર્ય કહેવાય. તે સામર્થ્ય જીવમાં ન હોવાથી ભગવાન જ કામાગ્નિને સહન કરી શકે, તેથી જ 'કુમાર' રૂપે અહીં ભગવાનનો પ્રથમ અવતાર કહ્યો છે.

આપણે ભગવાનના અવતારોનો વિચાર કરીએ છીએ. તે અંતર્ગત હવે જોઈશું-

દ્વિતીયં તુ ભવાયાસ્ય રસાતલગતાં મહીમ્ ।
ઉદ્ધરિષ્યન્નુપાદત્ત યજ્ઞેશઃ સૌકરં વપુઃ ।।૭।।

ભગવાન બધા જ યજ્ઞોના સ્વામી છે. આ જગતનું કલ્યાણ કરે છે. આથી રસાતલમાં ગયેલી પૃથ્વીને લાવવા માટે એમણે બીજો વરાહ અવતાર ધર્યો.

તૃતીયમૃષિસર્ગં ચ દેવર્ષિત્વમુપેત્ય સઃ ।
તન્ત્રં સાત્વતમાચષ્ટ નૈષ્કર્મ્યં કર્મણાં યતઃ ।।૮।।

ઋષિઓની સૃષ્ટિમાં એમણે દેવર્ષિ નારદનો ત્રીજો અવતાર ધર્યો. નારદજી એ વૈષ્ણવ તંત્ર - નારદપંચરાત્ર પ્રકટ કર્યો. આ તંત્રમાં કર્મો દ્વારા કર્મબંધનમાંથી કઈ રીતે મુક્તિ મળે તેનું વર્ણન છે.

તુર્યે ધર્મકલાસર્ગે નરનારાયણાવૃષી ।
ભૂત્વાઽઽત્મોપશમોપેતમકરોદ્ દુશ્ચરં તપઃ ।।૯।।

ધર્મની પત્ની મૂર્તિ છે. તેના દ્વારા ભગવાને નર-નારાયણનો ચોથો અવતાર ધારણ કર્યો. અને કોઈથી થઈ ન શકે તેવું આત્માની શાંતિયુક્ત શાન્ત તપ આચર્યું.

પંચમઃ કપિલો નામ સિદ્ધેશઃ કાલવિપ્લુતમ્ ।
પ્રોવાચાસુરયે સાંખ્યં તત્વગ્રામવિનિર્ણયમ્ ।।૧૦।।

પાંચમો અવતાર કપિલદેવજીને થયો. તે સિદ્ધના ઈશ્વર છે. તેમણે સાંખ્યને પુનઃ પ્રકટ કર્યું. કાળક્રમે સાંખ્યશાસ્ત્ર નષ્ટ થઈ ગયું હતું. આ શાસ્ત્રમાં તત્ત્વસમુદાયનો નિર્ણય છે. કપિલજીએ સાંખ્ય પ્રકટ કરી આસુરિ નામના મુનિને કહ્યું.

ષષ્ઠે અત્રેરપત્યત્વં વૃતઃ પ્રાપ્તોઽનસૂયયા ।
આન્વીક્ષિકીમલર્કાય પ્રહલાદાદિભ્ય ઊચિવાન્ ॥૧૧॥

છઠ્ઠા અવતારમાં અનસૂયાથી અત્રિમાં દત્તરૂપે પ્રકટયા. યોગસહિત આત્મજ્ઞાનરૂપી આન્વીક્ષિકી વિદ્યા આલર્ક રાજાને અને પ્રહલાદ્‌ને કહી.

તતઃ સપ્તમ આકૂત્યાં રુચેર્યજ્ઞોઽભ્યજાયત ।
સ યામાદ્યૈઃ સુરગણૈરપાત્સ્વાયમ્ભુવાન્તરમ્ ॥૧૨॥

સાતમા અવતારમાં રુચિ પ્રજાપતિની આકૂતિ નામની પત્નીથી યજ્ઞ સ્વરૂપે પ્રકટ થયા. પોતાના પુત્ર યામ વગેરે દેવતાઓની સાથે પોતે સ્વાયંભુવ મન્વન્તરની રક્ષા કરી.

અષ્ટમે મેરુદેવ્યાં તુ નાભેર્જાત ઉરુક્રમઃ ।
દર્શયન્ વર્ત્મ ધીરાણાં સર્વાશ્રમનમસ્કૃતમ્ ॥૧૩॥

આઠમો અવતાર નાભિરાજાથી મેરુદેવીમાં ઋષભદેવજી તરીકે થયો. તેમણે સર્વ આશ્રમોએ નમસ્કાર કરવા યોગ્ય ધીર પુરુષનો નિવૃત્તિમાર્ગ બતાવ્યો.

ઋષિભિર્યાચિતો ભેજે નવમં પાર્થિવં વપુઃ ।
દુગ્ધે મામોષધીર્વિપ્રાસ્તેનાયં સ ઉશત્તમઃ ॥૧૪॥

ઋષિઓની પ્રાર્થનાથી નવમો અવતાર પૃથુરાજાનો થયો. તેમણે આ પૃથ્વીમાં સર્વ ઔષધિઓનું દોહન કર્યું, જેનાથી એ 'ઉશત્તમ' સૌથી સુંદર-સૌથી કલ્યાણકારી કહેવાયા.

અગાઉના લેખમાં નવ અવતારોનો વિચાર કર્યો હતો. હવે આગળ જોઈએ.

રુપં સ જગૃહે માત્સ્યં ચાક્ષુષોદધિસમ્પ્લવે ।
નાવ્યારોપ્ય મહીમય્યામપાદ્વૈવસ્વતં મનુમ્ ॥૧૫॥

ચાક્ષુષ મન્વન્તરના અંતે પ્રલય થયો હતો. આ વખતે એમણે જ મત્સ્ય રૂપ ધારણ કર્યું. પૃથ્વીરૂપ નૌકામાં સર્વ બીજ અને વૈવસ્વત મનુને લઈને એક મન્વન્તર સુધી એઓનું રક્ષણ કર્યું. આ દસમો અવતાર થયો.

એક કલ્પમાં ૧૪ મનુઓ થાય છે. આથી ૧૪ મન્વંતર થાય છે. તે પછી પ્રલય થાય છે. કલ્પની સમાપ્તિ થતાં જે પ્રલય થાય તે દૈનંદિન નામથી ઓળખાય છે. (બ્રહ્માજીના એક દિવસને કલ્પ કહે છે.) અત્રે ચાક્ષુષ મનુનો ઉલ્લેખ આ શ્લોકમાં છે. ચાક્ષુષમનુ છઠ્ઠા છે તેથી પ્રલય ન થવો જોઈએ એમ શ્રીધરજી(શ્રીભાગવતના એક ટીકાકાર) માને છે. કારણ ૧૪ મનુઓ પછી જ પ્રલય થાય છે. આથી આ પ્રલય માયિક છે એમ શ્રીધરજી માને છે. પણ આ યોગ્ય કથન નથી. કારણ કે મનુઓ ક્રમ પ્રમાણે જ થાય એવો નિયમ નથી. તેથી ચાક્ષુષ મનુ પણ કોઈવાર ૧૪ મા મનુ તરીકે હોઈ શકે છે. પ્રલય ૧૪ મનુઓ પછી જ થાય તે નિશ્ચિત છે, પણ મનુઓ કાયમ ક્રમમાં જ આવે તેવું ન પણ બને. મત્સ્ય પુરાણમાં વૈવસ્વત મનુ પછી ક્રમથી સાવર્ણિ, રોચ્ય, ભૌત્ય, મેરુસાવર્ણિ, ઋતુ, ઋતુધામ, વિશ્વકસેન એમ કહેલ છે અને માર્કંડેય પુરાણમાં પાંચ સાવર્ણિ, રૌચ્ય, ભૌત્ય આવો ક્રમ છે. આનાથી એટલું કહી શકાય કે શ્રીધરજી જેને માયિક પ્રલય કહે છે તે વાસ્તવમાં થયેલ પ્રલય જ છે.

સુરાસુરાણામુદધિં મથ્નતાં મન્દરાચલમ્ ।
દધ્રે કમઠરુપેણ પૃષ્ઠ એકાદશે વિભુઃ ॥
(૧-૩-૧૬)

દેવતા અને દાનવોએ સમુદ્રમંથન કર્યું. મંથનમાં રવાઈ (રવૈયો) તરીકે મન્દરાચળ પર્વતને લીધો. મન્દરાચલને ડૂબતો બચાવવા ભગવાને કચ્છપ(કાચબા)નો અગિયારમો અવતાર ધર્યો. તેમણે પોતાની પીઠ પર મન્દર પર્વત ધર્યો. આનાથી સમુદ્રમંથન બરોબર થઈ શક્યું.

ધાન્વન્તરં દ્વાદશમં ત્રયોદશમમેવ ચ ।
અપાયયત્સુરાનન્યાન્મોહિન્યા મોહયન્ સ્ત્રિયા ॥
(૧-૩-૧૭)

બારમા અવતારમાં ધન્વન્તરી રૂપમાં અમૃત લઈને સમુદ્રમાંથી પ્રકટ થયા અને તેરમા અવતારમાં મોહિનીરૂપ ધારણ કરીને દૈત્યોને મોહિત કર્યા અને દેવતાઓને અમૃત પાયું.

ચતુર્દશં નારસિંહં બિભ્રદ્દૈત્યેન્દ્રમૂર્જિતમ્ ।
દદાર કરજૈર્વક્ષસ્યેરકાં કટકૃદ્યથા ॥
(૧-૩-૧૮)

ચૌદમો અવતાર નૃસિંહજીનો થયો. એમણે અત્યંત બલવાન દૈત્યરાજ હિરણ્યકશિપુની છાતી પોતાના નખોથી અનાયાસ(સહજતા પૂર્વક) એ પ્રકારે ફાડી નાખી જેમ ચટાઈ બનાવનાર ઘાસને કાપતો હોય. ચટાઈ બનાવનાર જેમ સરળતાથી ઘાસને ચીરી નાખે છે તેજ રીતે નરસિંહ ભગવાને કોઈ પણ જાતના પ્રયત્ન વગર સહજતાથી જ હિરણ્યકશિપુની છાતીને આપના નખો દ્વારા ફાડી નાંખી.

આગળ આપણે ચૌદમા અવતાર શ્રીનૃસિંહજી સુધી વિચાર્યું. હવે આગળના અવતારો જોઈએ.

પંચદશં વામનકં કૃત્વાગાદધ્વરં બલેઃ ।
પદત્રયં યાચમાનઃ પ્રત્યાદિ ત્સુસ્ત્રિવિષ્ટપમ્ ॥
(૧-૩-૧૯)

પંદરમો અવતાર વામનજીનો થયો. દૈત્યરાજ બલિના યજ્ઞમાં ગયા. સર્વ લઈ લેવાની ઈચ્છાથી બલિરાજા પાસેથી ત્રણ પગલાં જમીન માગી.

અવતારે ષોડશમે પશ્યન્ બ્રહ્મદ્રુહો નૃપાન્ ।
ત્રિઃસપ્તકૃત્વઃ કૂપિતો નિઃક્ષત્રામકરોન્મહીમ્ ॥
(૧-૩-૨૦)

સોળમો અવતાર પરશુરામજીનો થયો. તે વખતે રાજાઓ બ્રાહ્મણદ્રોહી થઈ ગયા હતા. આ જોઈને આપે કોપ કરી એકવીસ વાર પૃથ્વીને નિક્ષત્રિય કરી.

તતઃ સપ્તદશે જાતઃ સત્યવત્યાં પરાશરાત્ ।
ચક્રે વેદતરોઃ શાખા દૃષ્ટ્વા પુંસોઽલ્પમેધસઃ ॥
(૧-૩-૨૧)

સત્તરમા અવતારમાં સત્યવતીજીના ગર્ભથી પરાશરજી દ્વારા વ્યાસજીનો અવતાર થયો. તેમણે મનુષ્યોને અલ્પબુધ્ધિવાળા જોઈને વેદરૂપ વૃક્ષની શાખાઓ કરી.

નરદેવત્વમાપન્નઃ સુરકાર્યચિકીર્ષયા ।
સમુદ્રનિગ્રહાદીનિ ચક્રે વીર્યાણ્યતઃ પરમ્ ॥
(૧-૩-૨૨)

દેવતાઓનાં કાર્ય કરવાની ઈચ્છાએ શ્રીરામચંદ્રજી રાજારૂપે પ્રગટ થયા. સમુદ્ર-નિગ્રહ વગેરે વીરતાપૂર્ણ લીલાઓ કરી. આ અઢારમો અવતાર હતો.

એકોનવિંશે વિંશતિમે વૃષ્ણિષુ પ્રાપ્ય જન્મની ।
રામકૃષ્ણાવિતિ ભુવો ભગવાનહરદ્ભરમ્ ॥
(૧-૩-૨૩)

ઓગણીસમો અને વીસમો અવતાર વૃષ્ણિ(યદુ)કુળમાં બલરામ અને કૃષ્ણ રૂપે થયો. તેમણે પૃથ્વીનો ભાર ઉતાર્યો.

તતઃ કલૌ સમ્પ્રવૃત્તે સમ્મોહાય સુરદ્વિષામ્ ।
બુદ્ધો નામ્નાજનસુતઃ કીકટેષુ ભવિષ્યતિ ॥
(૧-૩-૨૪)

ત્યારબાદ કલિયુગ સારી રીતે પ્રવૃત્ત થશે ત્યારે દેવતાઓના દુશ્મન દૈત્યને મોહ પમાડવા બિહારમાં અજિનના પુત્ર સ્વરૂપે આપનો બુદ્ધ અવતાર થશે. આ એકવીસમો અવતાર થયો. આ અવતારો પૈકી કૂર્માવતાર (કાચબાનો અવતાર) આદિકૂર્મનો, ધન્વન્તરિ વિષ્ણુનો, નૃસિંહ કાળનો, વામન વિષ્ણુનો, પરશુરામ વૈશ્વાનરનો, વ્યાસ વિષ્ણુના જ્ઞાનનો, રામ વાસુદેવનો, બળદેવજી સંકર્ષણનો, કૃષ્ણ વ્યૂહોનો અને બુદ્ધ વાસુદેવનો અવતાર છે એમ સમજવું.

બુદ્ધાવતાર કલિયુગમાં થયો. શ્રીવ્યાસજીએ આ દર્શન બુદ્ધાવતાર પહેલાં કર્યું છે અને તેનું વર્ણન અવતારોમાં ગાયું છે. શ્રીવ્યાસજીની સમાધિભાષાની આજ તો વિલક્ષણતા છે.

અથાસૌ યુગસંધ્યાયાં દસ્યુપ્રાયેષુ રાજસુ ।
જનિતા વિષ્ણુયશસો નામ્ના કલ્કિર્જગત્પતિઃ ॥
(૧-૩-૨૫)

કલિના અંતે જ્યારે યુગ સન્ધ્યાનો સમય હશે ત્યારે રાજાઓ ચોરડાકુ જેવા થઈ જશે. આ વખતે વિષ્ણુયશ નામના બ્રાહ્મણને ત્યાં જગત્પતિ પ્રભુ કલ્કિ રૂપે પ્રકટ થશે અને જગતની રક્ષા કરશે. આ બાવીસનો અવતાર થશે.

ગયા અંક સુધી કલ્કિ સુધીના અવતારો જોયા. હવે આગળ વિચાર ત્રીજા અધ્યાયનો કરીએ.

અવતારા હ્યસંખ્યેયા હરેઃ સત્ત્વનિધેર્દ્વિજાઃ ।
યથાવિદાસિનઃ કુલ્યાઃ સરસઃ સ્યુઃ સહસ્રશઃ ॥
(૧-૩-૨૬)

હે દ્વિજો (શોનકાદિ ઋષિઓ)! જેમ અક્ષય જલાશયમાંથી હજારો નહેરો નીકળે છે, તેમ સત્ત્વનિધિ ભગવાનના અસંખ્ય અવતાર થાય છે.

ઋષયો મનવો દેવા મનુપુત્રા મહૌજસઃ ।
કલાઃ સર્વે હરેરેવ સપ્રજાપતયસ્તથા ॥
(૧-૩-૨૭)

ઋષિઓ, મનુઓ, દેવો, અત્યંત બળવાન પુરુષો, મનુપુત્રો અને પ્રજાપતિઓ સહિત સર્વ, એ રક્ષણ કરવાની ઈચ્છાવાળા ભગવાનની કલા એટલે ધર્માવેશરૂપ છે.

એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ।
ઈન્દ્રારિવ્યાકુલં લોકં મૃડયન્તિ યુગે યુગે ॥
(૧-૩-૨૮)

આ સર્વ અવતારો કોઈ કળા, કોઈ અંશ, કોઈ આવેશરૂપ છે. કૃષ્ણ પણ આવા જ હશે એવું સમજવું નહીં, કારણ કે કૃષ્ણતો સર્વ અવતારોના અવતારી છે. તેથી ‘સ્વયં ભગવાન’ છે. એઓ દૈત્યોથી પીડિત આ લોકની યુગે યુગે રક્ષા કરે છે.

જન્મ ગુહ્યં ભગવતો ય એતત્પ્રયતો નરઃ ।
સાયં પ્રાતર્ગૃણન્ ભક્ત્યા દુઃખગ્રામાદ્વિમુચ્યતે ॥
(૧-૩-૨૯)

ભગવાનના દિવ્ય જન્મોની આ કથા અત્યન્ત ગુહ્ય છે. આ અવતાર કથાનો પ્રયત્નપૂર્વક સવાર સાંજ પ્રેમ પૂર્વક પાઠ કરનાર વ્યક્તિ સર્વ દુઃખોથી મુક્ત થઈ જાય છે.

આપણે પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં પહેલા શ્લોકથી ૨૯ શ્લોકોનો વિચાર કર્યો. આ પૈકી ‘‘જગૃહે પૌરુષં’’ શ્લોક ૧-૩-૧ થી લઈને ‘‘કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્’’ (૧-૩-૨૮) એમ સાડા સત્તાવીસ શ્લોકોથી જુદા જુદા અવતારો રૂપી પ્રયોજન જોયું.

‘‘ઈન્દ્રારિ’’ (૧-૩-૨૮)થી ‘‘વિમુચ્યતે’’ (૧-૩-૨૯) એમ દોઢ શ્લોકોથી સામાન્ય પ્રયોજન કહ્યું.

(નોંધ : આપણે શ્રીમદ્ ભાગવત કહેવા માટેના ચાર પ્રયોજનોનો અત્રે વિચાર કરીએ છીએ તે સ્મરણમાં રહેવું જોઈએ.) હવે શ્લોક ૩૦ થી શ્લોક ૪૨ની વચ્ચે નીચેના ચાર વિષયો કહ્યા છે.

શ્લોક ૩૦ થી ૩૨માં જીવનો બંધ અને ભગવાનનું માહાત્મ્ય જણાવેલા છે. જીવને બંધન થયું છે. આ બંધનમાંથી જીવને મુક્તિ ભગવાન જ આપી શકે. આથી ભગવાનનું માહાત્મ્ય જાણવું જરૂરી છે. આ બે શ્લોકમાં તે કહ્યું છે.

શ્લોક ૩૩ થી ૩૪માં જીવની મુક્તિનો પ્રકાર અને મુક્તિ જણાવેલ છે. શ્લોક ૩૫ થી ૩૬માં ભગવાન નિત્યમુક્ત હોવાનું કહેલું છે. શ્લોક ૩૭માં ભગવાનની લીલાનું તથા ભગવાનનું જ્ઞાન થવું ઘણું દુર્લભ છે તેમ કહ્યું છે. શ્લોક ૩૮ થી ૪૩ સુધીમાં પહેલાંના પુરુષોએ આ વિષયનું વિવરણ કરેલ હોવાનું, તથા તે વિવરણથી હીન અધિકાર તથા મધ્યમ અધિકારવાળાઓને પણ ભક્તિ પ્રાપ્ત થતી હોવાનું જણાવ્યું છે. ૪૪મા શ્લોકથી છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર છે. ૪૫મા શ્લોકમાં ભાગવત કહેવાની પ્રતિજ્ઞા છે. હવે આ બધાનો વિચાર આપણે આગામી લેખોમાં કરીશું.

પહેલા શ્લોકથી ૨૯મા શ્લોક સુધીમાં આ ત્રીજા અધ્યાયમાં અવતારોનું વર્ણન જોયું અને શ્રીભાગવત માટેનું સામાન્ય પ્રયોજન જોયું. હવે ૩૦મા શ્લોકથી ૪૨મા શ્લોકનો વિચાર કરીએ. શ્લોક ૩૦ થી ૩૨માં ભગવાનના માહાત્મ્યનું વર્ણન છે. જીવને બંધન થયું છે. આ બંધનમાંથી મુક્તિ ભગવાન જ આપી શકે. આથી ભગવાનનું માહાત્મ્ય જાણવું જરૂરી છે.

એતદ્રૂપં ભગવતો હ્યરુપસ્ય ચિદાત્મનઃ ।
માયાગુણૈર્વિરચિતં મહદાદિભિરાત્મનિ ॥
(૧-૩-૩૦)

ભગવાન પ્રાકૃતરૂપ વગરના છે. ભગવાન ચૈતન્ય રૂપ છે. ભગવાને જ માયા રચી છે. આ માયાના મહદ્ વગેરે ગુણો છે. તેનાથી આ જગત બને છે. વાસ્તવમાં તે ભગવાનનું જ સ્થૂલ રૂપ છે.(જેમ લોખંડના ગોળામાં અગ્નિ રહે છે તેમ આ રૂપ સમજવું.)

યથા નભસિ મેઘૌઘો રેણુર્વા પાર્થિવોડનિલે ।
એવં દ્રષ્ટરિ દૃશ્યત્વમારોપિતમ બુદ્ધિભિઃ ॥
(૧-૩-૩૧)

આકાશને રૂપ નથી. અરૂપ છે. વાયુને પણ રૂપ નથી. અરૂપ છે. જેમ અરૂપ આકાશમાં મેઘ દેખાય છે અને અરૂપ વાયુમાં રજ દેખાય છે. તેમ દૃષ્ટા ભગવાનમાં મૂર્ખ લોકોએ દૃશ્યત્વનો આરોપ કર્યો છે. આકાશ અને વાયુમાં રૂપ નથી, આથી તેમાં કોઈ વસ્તુ રહી ન શકે. આમ છતાં આકાશમાં મેઘ અને વાયુમાં રજપુંજ જોઈએ છીએ. આજ રીતે ભગવાન સર્વના દૃષ્ટા હોવા છતાં એમના સ્વરૂપને નહિ જાણનારા મૂર્ખો આ ભગવાનમાં દૃશ્યત્વનો (તે તે પદાર્થોના દેખાવપણાનો) આરોપ સ્વબુધ્ધિભ્રમથી કરે છે.

અતઃ પરં યદવ્યકતમવ્યૂઢગુણવ્યૂહિતમ્ ।
અદૃષ્ટાશ્રુતવસ્તુત્વાત્સ જીવો યત્પુનર્ભવઃ ॥
(૧-૩-૩૨)

આ સ્થૂલ રૂપથી પર ભગવાનનું એક સૂક્ષ્મ અવ્યક્ત રૂપ છે. આ રૂપ સ્થૂલની માફક આકાર વગેરે ગુણવાળું નથી. તે દેખાવમાં આવી શકતું નથી. તે સાંભળવામાં આવી શકતું નથી. આ સૂક્ષ્મ શરીર છે. આત્માનો આ સૂક્ષ્મશરીરમાં પ્રવેશ થયા પછી એ જીવ તરીકે ઓળખાય છે. આનો જ વારંવાર જન્મ થાય છે.

આમ આ ત્રણ શ્લોકમાં ભગવાનનું માહાત્મ્ય જોયા પછી શ્લોક ૩૩ અને ૩૪માં જીવની મુક્તિનો પ્રકાર અને મુક્તિ જણાવે છે.

યત્રેમે સદસદ્રૂપે પ્રતિષિદ્ધે સ્વસંવિદા ।
અવિદ્યાયાડડત્મનિ કૃતે ઈતિ તદ્બ્રહ્મદર્શનમ્ ॥
(૧-૩-૩૩)

ઉપર શ્લોકમાં સત્ અને અસત્ રૂપો-સ્થૂલ અને સૂક્ષ્મ રૂપો કહ્યા. અવિદ્યાના કારણે તે આત્મામાં આરોપિત છે. જે અવસ્થામાં આત્મા-સ્વરૂપનું જ્ઞાન થાય છે, ત્યારે આ આરોપ દૂર થાય છે. આ જ વખતે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. વાસ્તવિક રીતે તો જીવેય નથી અને જડ પણ નથી. જે કંઈ છે તે બધું ભગવાન જ છે. ભગવાન જ જડ બને છે. ભગવાન જ જીવ બને છે. છતાં આપણને ભગવાન ન દેખાતાં જડ અને જીવ દેખાય છે તેનું કારણ અવિદ્યા છે. અવિદ્યા એટલે જ અજ્ઞાન. આ અજ્ઞાન જ જડ અને જીવમાં ભગવાનનું દર્શન નથી કરાવતું. આ અજ્ઞાન દૂર થાય છે આત્મજ્ઞાનથી. ત્યારે આ જડ અને જીવમાં ભગવાનનાં દર્શન થાય છે.

યદ્યેષોપરતા દેવી માયા વૈશારદીમતિઃ ।
સમ્પન્ન એવેતિ વિદુર્મહિમ્નિ સ્વે મહીયતે ॥
(૧-૩-૩૪)

ભગવાનની માયા મતિ રૂપે રહેલી છે. ભગવાન તો વિશેષ ચતુર છે. આવા ભગવાનની માયા જે મતિ(બુદ્ધિ)રૂપા છે તે પણ વિરામ પામે ત્યારે જીવ સ્વરૂપને પ્રાપ્ત કરી આનંદરૂપ થાય છે.

આગળના લેખમાં જીવનું અજ્ઞાનથી બંધન અને જીવની મુક્તિના પ્રકારનો વિચાર કર્યો. હવે ભગવાન તો નિત્ય મુક્ત જ છે તે ૩૫ અને ૩૬મા શ્લોકમાં કહે છે.

એવં જન્માનિ કર્માણિ હ્યકર્તુરજનસ્ય ચ ।
વર્ણયન્તિ સ્મ કવયો વેદગુહ્યાનિ હૃત્પતે: ॥
(૧-૩-૩૫)

ભગવાન હૃદયેશ્વર છે. વાસ્તવમાં તેમના જન્મ નથી. કર્મ પણ નથી. તત્વજ્ઞાની લોકો ભગવાનના અપ્રાકૃત જન્મ અને કર્મનું આ પ્રકારે વર્ણન કરે છે. કારણ કે ભગવાનના જન્મ અને કર્મ વેદોના અત્યંત ગૂઢ રહસ્યો છે.

સવાઈદં વિશ્વમમોઘલીલ:
સૃજ્યત્યવત્યત્તિ ન સજ્જતેડસ્મિન્ ।
ભૂતેષુ ચાન્તર્હિત આત્મતન્ત્ર:
ષાડ્વર્ગિકં જિઘ્રતિ ષડ્ગુણેશ: ॥
(૧-૩-૩૬)

આવા પુરુષોત્તમની લીલા વિફલ નથી. ભગવાનની લીલા અમોઘ છે. સફળ છે. તેઓ આ લીલા વડે આ જગતનું સર્જન, પાલન અને સંહાર કરે છે, પણ એમાં આસક્ત થતા નથી. ભગવાન ષડ્(છ) ગુણના ઈશ્વર છે. પ્રાણીમાત્રના અંત:કરણમાં ગુપ્ત રૂપે બિરાજીને જ્ઞાનેન્દ્રિય અને મનના નિયન્તાના રૂપમાં ઈન્દ્રિયોના સુખની ગંધ લે છે. આમ છતાં તે સ્વતંત્ર છે. વિષયો તેમને લેપી શકતા નથી.

આવા નિત્યમુક્ત ભગવાનની લીલા તથા તેનું જ્ઞાન થવું ઘણું જ દુર્લભ છે, તેવું ૩૭મા શ્લોકમાં કહે છે.

ન ચાસ્ય કશ્ચિન્નિપુણેન ધાતુ
શ્વૈતિજન્તુ: કુમનીષ ઉતી: ।
નામાનિ રૂપાણિ મનોવચોભિ:
સન્તન્વતો નટચર્યામિવાજ્ઞ: ॥
(૧-૩-૩૭)

એક નટ છે. તે ચેષ્ટાઓથી કરામતો કરી રહ્યો છે. આ કરામતોને એક અણજાણ માણસ સમજી શકતો નથી. આ જ રીતે ભગવાન પોતાના સંકલ્પ અને વાણી (વેદ) દ્વારા જુદા જુદા પ્રકારનાં નામ, રૂપો તથા લીલાઓ પ્રકટ કરે છે. એક દુષ્ટબુદ્ધિવાળો જીવ તર્ક, યુક્તિ કે પ્રમાણ દ્વારા ભગવાનનાં નામ, રૂપ અને લીલાને જાણી શકતો નથી.

હવે ૩૮ થી ૪૩ શ્લોકોનો વિચાર કરીએ છીએ. પહેલાના પુરુષોએ કરેલ વિવરણનો આમાં સમાવેશ છે.

સ વેદ ધાતુ: પદવીં પરસ્ય
દુરન્તવીર્યસ્ય રથાઙ્ગપાણે: ।
યોડમાયયા સંતતથાનુવૃત્ત્યા
ભજેત તત્પાદસરોજ ગન્ધમ્ ॥
(૧-૩-૩૮)

ભગવાનના શ્રીહસ્તમાં ચક્ર છે. આપના પરાક્રમો અનંત છે. લૌકિક અને વૈદિક પ્રમાણોથી તે પર છે. જે વ્યક્તિ નિત્ય નિરન્તર નિષ્કપટ ભાવથી દિવ્યગન્ધવાળા ભગવાનના ચરણોનું સેવન કરે છે તે જ વ્યક્તિ ભગવાનના સ્વરૂપ અને લીલાના રહસ્યોને જાણી શકે છે.

પહેલાના પુરુષોએ કરેલ વિવરણને આપણે જોઈએ છીએ. જે ૩૮ થી ૪૩ શ્લોકમાં છે. જે પૈકી ગયા લેખમાં ૩૮મો શ્લોક જોયેલો. હવે આગળના શ્લોક જોઈએ.

અથેહ ધન્યા ભગવન્ત ઈત્થ યદ્વાસુદેવેડખિલલોકનાથ ।
કુર્વન્તિ સર્વાત્મકમાત્મ ભાવં ન યત્ર ભૂય: પરિવર્ત ઉગ્ર: ॥
(૧-૩-૩૯)

આ શ્લોકમાં સૂતજી શૌનકાદિ ઋષિઓ માટે ધન્ય: ભગવન્ત: શબ્દો વાપરે છે. આ માટે શ્રીગીતાજીના સત્તરમાં અધ્યાયનો ત્રીજો શ્લોક પ્રમાણભૂત છે.

સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત ।
શ્રદ્ધામયોડયં પુરુષો યો યચ્છ્ર્ સ એવ સ: ॥

અહીં શ્રીકૃષ્ણ અર્જુનને આજ્ઞા કરે છે કે હે ભારત ! બધા મનુષ્યોની શ્રદ્ધા એના અંત:કરણને અનુરુપ હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે, એટલે જે પુરુષ જેવી શ્રદ્ધાવાળો છે, તે સ્વયં પણ તે જ છે.

અહીં શૌનક વગેરે ઋષિઓ આ લોકના નાથ વાસુદેવમાં આ રીતે સંપૂર્ણ આત્મભાવ કરવાવાળા છે. આથી તે બધાને ''ધન્યઃ ભગવન્તઃ'' કહ્યા. આવા સંપૂર્ણ આત્મભાવના લીધે એ બધાને ભયંકર સંસારમાં ફરી આવવાનું રહેતું નથી. આથી જ આ બધા ઋષિઓ (ભગવાનો) ધન્ય છે.

ઈદં ભાગવતં નામ પુરાણં બ્રહ્મસમ્મિતમ્ ।
ઉત્તમશ્લોકચરિતં ચકાર ભગવાનૃષિઃ ॥
(૧-૩-૪૦)

ઉત્તમશ્લોક ભગવાનના ચરિત્રરૂપ અને વેદતુલ્ય એવું આ શ્રીભાગવત પુરાણ ભગવાન વેદવ્યાસે પ્રકટ કર્યું છે.

નિઃશ્રેયસાય લોકસ્ય ધન્યં સ્વસ્ત્યયનં મહત્ ।
તદિદં ગ્રાહ્યામાસ સુતમાત્મવતાં વરમ્ ॥
(૧-૩-૪૧)

શ્રી ભાગવત લોક કલ્યાણ જેવું મુખ્ય ફળ કરનારું છે. આવું શ્રીભાગવત ધન અને કલ્યાણના સ્થાનરૂપ છે. શ્રી વ્યાસજીએ આવા ભાગવતને પ્રકટ કરીને પોતાના પુત્ર શ્રીશુકદેવજીને ભણાવ્યું છે. શ્રીશુકદેવજી જિતેન્દ્રિયોમાં શ્રેષ્ઠ છે.

સર્વ વેદેતિહાસાનાં સારં સારં સમુદ્ધૃતમ્ ।
સ તુ સંશ્રાવયામાસ મહારાજં પરીક્ષિતમ ॥
(૧-૩-૪૨)

આ શ્રીભાગવતમાં સર્વ વેદો અને ઈતિહાસોનો સાર-સાર સંગ્રહ કરેલો છે. શ્રીશુકદેવજીએ રાજા પરીક્ષિતને આવું શ્રીભાગવત સંભળાવ્યું.

પ્રાયોપવિષ્ટં ગંગાયાં પરીતં પરમર્ષિભિઃ ।
કૃષ્ણે સ્વધામોપગતે ધર્મજ્ઞાનાદિભિઃ સહ ॥
(૧-૩-૪૨)

પરીક્ષિતજી આ વખતે પ્રાયોપવેશ કરીને ઉત્તમ ઋષિઓ સાથે ગંગાજીના તટે બેઠા હતા. પ્રાયોપવેશ એટલે ''પાયો મરણાનશને મૃત્યોર્બાહુલ્યતુલ્યયોઃ ઈતિ મેદિની'' અર્થાત મરણ પર્યન્ત ખાધાપીધા વિના ત્યાં જ સ્થિતિ કરવી. આ સમયે શ્રીકૃષ્ણ ધર્મ, જ્ઞાન વગેરે સાથે પોતાના પરમધામમાં પધારી ગયા હતા. (અર્થાત્ શ્રીકૃષ્ણ આવખતે ભૂતળ પર બિરાજતા ન હતા)

કલૌ નષ્ટદશામેષ પુરાણાર્કોઽધુનોદિતઃ ।
તત્ર કીર્તયતો વિપ્રા વિપ્રર્ષેર્ભૂરિતેજસઃ ॥
(૧-૩-૪૪)

શ્રીકૃષ્ણ ધર્મ અને જ્ઞાનાદિની સાથે સ્વધામમાં પધારી ગયા. કલિયુગ વ્યાપી ગયો. લોકો અજ્ઞાનરૂપી અંધકારને કારણે નેત્રહીન બની ગયા.

ભગવાન ધર્મના રક્ષક છે. રક્ષક હોય ત્યાં સુધી ધર્મ રહી શકે, તેથી જ્યારે ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે ધર્મ અને જ્ઞાન પણ એમની સાથે જ ગયા.

કળિયુગનું સ્વરૂપ શ્યામ છે. અંધકાર પદાર્થને ઢાંકે છે. લોકોને ધર્મ અને જ્ઞાન દેખાયાં નહિ ત્યારે કળિયુગના અંધકારથી લોકો નેત્રરહિત થયા. આ સમયે આવા લોકો માટે શ્રીભાગવત પુરાણસમો સૂર્ય હમણાં ઉગ્યો છે. ભગવાને શ્રીભાગવતમાં પોતાનું તેજ ધર્યું છે. આથી શ્રીભાગવતને સૂર્યરૂપ કહ્યા. શ્રીભાગવતના પ્રાકટ્યથી ભગવત્પ્રાપ્તિનાં જે સાધન કલિના આવરણથી દેખાતા ન હતાં તે હવે શ્રીભાગવતરૂપી સૂર્યના પ્રચારથી દેખાવા લાગ્યા. આથી શ્રીભાગવત ભગવદ્રૂપ છે. જેમ રૂપ ઉદ્ધારક છે તેમ નામાત્મક ભાગવત પણ ઉદ્ધાર કરનાર છે. આ વખતે મહાતેજસ્વી શ્રીશુકદેવજી મહારાજ ત્યાં ગંગા તટે પુરાણની કથા કહી રહ્યા હતા.

આ ૪૪માં શ્લોકમાં શૌનકજીએ પ્રથમ અધ્યાય (પ્રશ્નાધ્યાય)માં પૂછેલા છ પ્રશ્નો પૈકીના છઠ્ઠા પ્રશ્નનો જવાબ પણ છે. આ છઠ્ઠો પ્રશ્ન આ પ્રકારે છે. ભગવાન કૃષ્ણ યોગેશ્વર અને બ્રાહ્મણ્ય છે. તે જ્યાં સુધી ભૂતલ પર બિરાજતા હતા ત્યાં સુધી ધર્મરક્ષા કરતા હતા. ભગવાનના પધારી ગયા પછી પણ ધર્મના કાર્યરૂપ ભગવત્સંબંધી બુદ્ધિ તો દેખાય છે. તો ધર્મ કોને શરણે ગયો? ધર્મની રક્ષા કોણે કરી? આ પ્રશ્નનો જવાબ શ્રીભાગવત છે જે આપણે ૪૪માં શ્લોકમાં જોયું.

૪૫માં શ્લોકમાં શ્રીભાગવત કહેવાની પ્રતિજ્ઞા છે જે સૂતજી આ રીતે કહે છે.

અહં ચાધ્યગમં તત્ર નિવિષ્ટ સ્તદનુગ્રહાત્ ।
સોઽહં વઃ શ્રાવયિષ્યામિ યથાધીતં યથામતિ ॥
(૧-૩-૪૫)

શ્રીશુકદેવજી જ્યારે કથા કહેતા હતા ત્યારે, તેમની કૃપાથી હું બેઠો અને શ્રીભાગવત ભણ્યો. હું જેવું ભણ્યો તેવું તમને મારી બુદ્ધિ પ્રમાણે શ્રવણ કરાવીશ.

આમ પ્રથમ સ્કન્ધના આ ત્રણ અધ્યાયોમાં પ્રથમ કક્ષાના (હીન અધિકાર વાળા) વક્તા અને શ્રોતાના ત્રણ ત્રણ ગુણો બતાવ્યા. વક્તા (૧)પરંપરાથી શ્રીભાગવત શ્રવણ કર્યું છે (૨) જ્ઞાનીની ચતુરાઈ છે અને (૩) ગુહ્યજ્ઞાન છે. જ્યારે શ્રોતામાં (૧) સુશ્રૂષા (સાંભળવાની જીજ્ઞાસા) (૨) મત્સર દોષ (ઈર્ષ્યા) વગરના (૩) શ્રવણમાં આદર. આમ બાવન કારિકાઓ વડે પ્રથમ સ્કન્ધના પહેલા પ્રકરણનો અહીં વિચાર પ્રભુકૃપાથી અને શ્રીમહાપ્રભુજીના આશિષથી સંપન્ન થયો.

આ મારી નામ સેવા મારા ગુરુદેવ નિ.લિ.ગો.૧૦૮ શ્રીવ્રજભૂષણ લાલજી મહારાજના આત્મજ અને મારા ગુરુરૂપ કાંકરોલી નરેશ પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજ શ્રીના ચરણારવિંદોમાં નિવેદિત કરું છું.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધના ત્રણ પ્રકરણો છે. શ્રીમહાપ્રભુજીના મતે આ ત્રણ પ્રકરણો આ પ્રમાણે છે (૧) સામાન્યાધિકાર પ્રકરણ - આ પ્રકરણમાં અધ્યાય- ૧ થી ૯ સુધીના છે. (૨) અસામાન્યાધિકાર પ્રકરણ- આ પ્રકરણમાં અધ્યાય ૧૦ થી ૧૮ સુધીના છે (૩) ગુણાતીતાધિકાર પ્રકરણ - આ પ્રકરણમાં એક માત્ર ૧૯મો અધ્યાય છે. પ્રથમ સ્કન્ધના ૧૯ અધ્યાયોને મતાન્તરમાં પણ ત્રણ પ્રકરણોમાં આ રીતે વહેંચવામાં આવ્યા છે. (૧) હીનાધિકાર - અધ્યાય ૧ થી ૩ (આપણે આગળની લેખમાળાઓમાં આનો વિચાર કર્યો છે.) (૨) મધ્યમાધિકાર - અધ્યાય ૪ થી ૬. આજ થી શરૂ થતી હવે પછીની લેખમાળાઓમાં આપણે આનો કિંચીત વિચાર કરીશું (૩) ઉત્તમાધિકાર પ્રકરણ - અધ્યાય ૭ થી ૧૯ જેના વિષે ભવિષ્યના લેખોમાં (મધ્યમાધિકાર પછી) વિચાર કરીશું.

શ્રીમહાપ્રભુજીએ તત્ત્વાર્થદીપ અંતર્ગત શ્રીભાગવતાર્થમાં, શ્રીભાગવતના પ્રથમ સ્કન્ધના પ્રકરણ- ૨, મધ્યમાધિકારનો વિચાર કુલ સાડાતેર કારિઓ વડે કર્યો છે. (૬૭$\frac{૧}{૨}$ મી કારિકાથી આરંભી ૮૦ મી કારિકા સુધી) આ સાડાતેર કારિકાઓ પૈકી ૬૭$\frac{૧}{૨}$મી કારિકાથી ૭૧॥ ૭૧$\frac{૧}{૨}$કારિકાઓ સુધીની પાંચ કારિકાઓમાં આ મધ્યમાધિકાર પ્રકરણનો ઉપોદ્ઘાત કરવામાં આવ્યો છે. અહીં સૂત પૌરાણિકે આગળના અધ્યાયમાં જે વચનો કહ્યાં તેનો વિચાર કરતાં આ ઉપોદ્ઘાત કર્યો છે.

પૂર્વં સમ્ભાવનામાત્રાત્ પૃષ્ટે દત્ત્વોત્તરં સ્વતઃ ॥૬૭॥
ગ્રન્થોઽપ્યસ્તીતિ તચ્છ્રુત્વા શૌનકો હર્ષસમ્પ્લુતઃ ।
સ્વરૂપોત્પત્તિહેતૂનાં પાઠાધ્યાપનયોરપિ ॥૬૮॥

શબ્દાર્થ

હવે સમ્ભાવના માત્રથી પ્રશ્ન થતાં સૂતે ઉત્તર આપ્યો, ત્યારે ''ગ્રન્થ પણ છે'' એવું સાંભળી, શૌનક હર્ષયુક્ત થયા. તરત જ એમણે શ્રીમદ્‌ભાગવતનાં સ્વરૂપ, ઉત્પત્તિ અને કારણ, તેમ જ પાઠ અને અધ્યાપન સમ્બન્ધી પ્રશ્ન કર્યા.

વિવેચન

સાધારણતયા દરેક વ્યક્તિ પોતાની ઈચ્છાથી કાર્ય કરવા પ્રેરાય છે. આ કાર્ય શાસ્ત્રસિદ્ધ છે એવી જાણ જ્યારે તે વ્યક્તિને થાય છે ત્યારે તેના હર્ષનો કોઈ પાર રહેતો નથી. શૌનકાદિ ઋષિઓને આવો અત્યંત હર્ષ થયો છે. આનું પ્રમાણ વિચારીએ. પ્રથમ અધ્યાયના અંતે ૨૩મા શ્લોકમાં શૌનકજીએ સૂતજીને આ પ્રશ્ન કર્યો.

બ્રૂહિ યોગેશ્વરે કૃષ્ણે બ્રહ્મણ્યે ધર્મવર્મણિ ।
સ્વાં કાષ્ઠા મધુનોપેતે ધર્મઃ કં શરણં ગતઃ ॥
(૧-૧-૨૩)

અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર, બ્રાહ્મણભક્ત અને ધર્મરક્ષક છે. આવા ભગવાન સ્વધામ પધાર્યા પછી ધર્મ કોને શરણે ગયો? શૌનકજી આ બતાવવાનું સૂતજીને કહે છે. સૂતજી આની સમજ ત્રીજા અધ્યાયના ૪૩મા શ્લોકમાં આપે છે.

પ્રાયોપવિષ્ટં ગણાયાં પરીતં પરમર્ષિભિઃ ।
કૃષ્ણે સ્વધામોપગતે ધર્મજ્ઞાનાદિભિઃ સહઃ ॥
(૧-૩-૪૩)

આ શ્લોકમાં કહે છે કે શ્રીકૃષ્ણ સ્વધામ (વૈકુંઠ) પધાર્યા પછી હમણાં શ્રીભાગવત નામના પુરાણરૂપ સૂર્યનું પ્રાકટ્ય થયું છે. આ જવાબ સાંભળી શૌનકજીએ એ જાણ્યું કે તેમણે પોતાની રૂચિ પ્રમાણે પ્રશ્નરૂપી વિષયમાં પ્રવૃત્તિ કરી અને સ્વરૂચિથી થયેલ આ પ્રવૃત્તિને શાસ્ત્રમાં પ્રમાણ ગણાવેલી છે. આથી અહીં શૌનકજીને ખૂબ જ હર્ષ થયો.

આવો અત્યંત હર્ષ થતાં શૌનેકજીએ ચાર પ્રકારે પ્રશ્નો સૂતજીને કર્યા.

શૌતકજીએ સૂતજીને ચાર પ્રકારના પ્રશ્નો પૂછયા.

આ ચાર પ્રશ્નો આ પ્રકારે છે. (૧) શ્રી ભાગવત વિષયક (૨) કર્તાસમ્બન્ધી (૩) વક્તા સમ્બન્ધી અને (૪) શ્રોતા સમ્બન્ધી આ પ્રશ્નો ચોથા અધ્યાયના કયા શ્લોકોમાં વણાયા છે, તે હવે આપણે જોઈશું.

ચોથા અધ્યાયની શરૂઆત ''વ્યાસ ઉવાચ'' - શ્રીવ્યાસજી બોલ્યાથી થાય છે. ચોથા અધ્યાયના પ્રથમ શ્લોકમાં શ્રીવ્યાસજી કથાનું અનુસંધાન આપે છે. શ્રીમદ્ ભાગવતમાં ''વ્યાસ ઉવાચ'' બીજા અને ચોથા અધ્યાયમાં આવે છે. શૌનકજીએ સૂતજીની પૂર્વોક્ત વાતો સાંભળી. સૂતજીની પ્રશંસા કરી અને બીજા શ્લોકમાં પૂછયું.

સૂત સૂત મહાભાગ વદનો વદતાં વર ।
કથાં ભાગવતીં પુણ્યાં યદાહ ભગવાચ્ચુકઃ ॥
(૧-૪-૨)

અર્થાત્ હે સૂતજી! આપ મહાભાગ્યશાળી છો. આપ વક્તાઓમાં શ્રેષ્ઠ છો. (શ્રીશુકદેવજીને અહીં ભગવાન કહ્યા છે.) ભગવાન શુકદેવજીએ જે

કથા કહી હતી તે જ પુણ્યમયી કથા (ભગવાન શ્રીકૃષ્ણની) કૃપા કરીને આપ અમને સંભળાવો. આમ આ શ્લોકમાં ભાગવતના સ્વરૂપ સંબંધી પ્રથમ પ્રશ્ન છે.

ત્રીજા શ્લોકમાં પૂછે છે :

કસ્મિન્ યુગે પ્રવૃત્તેયં સ્થાને વા કેન હેતુના ।
કુતઃ સઞ્ચોદિતઃ કૃષ્ણઃ કૃતવાન્ સંહિતાં મુનિઃ ॥
(૧-૪-૩)

અર્થાત્ તે કથા કયા યુગમાં, કયા સ્થાનપર અને કયા કારણથી થઈ હતી? મુનિવર શ્રીકૃષ્ણ દ્વૈપાયને (શ્રીવ્યાસજીએ) કોની પ્રેરણાથી પરમહંસોની આ સંહિતાનું નિર્માણ કર્યું હતું? આમ આ શ્લોકમાં શ્રીભાગવતની ઉત્પત્તિ સમ્બન્ધી અર્થાત્ કર્તા સમ્બન્ધી દ્વિતીય પ્રશ્ન છે.

ચોથા શ્લોકથી આઠમા શ્લોક સુધીના પાંચ શ્લોકોમાં પૂછે છે :

તસ્ય પુત્રો મહાયોગી સમદઙ્નિર્વિકલ્પકઃ ।
એકાન્તમતિરુન્નિદ્રો ગૂઢો મૂઢ ઈવેયતે ॥
(૧-૪-૪)

અર્થાત્ શ્રીવ્યાસજીના પુત્ર શ્રીશુકદેવજી મહાન યોગી, સમદર્શી, ભેદભાવરહિત, સંસારનિદ્રાથી જાગેલા અને નિરન્તર એકમાત્ર પરમાત્મામાં જ સ્થિર રહે છે. તેઓ એકાન્તમાં છુપાયેલા રહેવાના કારણે મૂઢ જેવા પ્રતીત થાય છે.

દૃષ્ટ્વાનુયાન્તમૃષિમાત્મજમપ્યનગ્નં,
દેવ્યો હ્રિયા પરિદધુર્ન સુતસ્ય ચિત્રમ્ ।
તદ્વીક્ષ્ય પૃચ્છતિ મુનૌ જગદુસ્તવાસ્તિ,
સ્રીપુમ્ભિદા ન તુ સુતસ્ય વિવિક્ત દૃષ્ટેઃ ॥
(૧-૪-૫)

શ્રીશુકદેવજી સંન્યાસ માટે વનમાં જતા હતા, તે જોઈને શ્રીવ્યાસજી પોતાના પુત્રનો પીછો કરી રહ્યા હતા, આ વખતે કેટલીક સ્ત્રીઓ સ્નાન

કરતી હતી. આ સ્રીઓએ નગ્ન શુકદેવજીને જોઈને વસ્ત્ર ધારણ ન કર્યા પણ વસ્ત્ર પહેરેલા વ્યાસજીને જોઈને લજ્જા આવતાં કપડા પહેરી લીધા. આ આશ્ચર્ય જોઈ વ્યાસજીએ સ્રીઓને એનું કારણ પૂછયું ત્યારે તે સ્રીઓએ જવાબ આપ્યો કે ‘‘આપની દષ્ટિમાં તો હજુ સ્રી-પુરુષનો ભેદ છે પણ આપના પુત્રની શુદ્ધદષ્ટિમાં આ ભેદ નથી.

કથમાલક્ષિત: પૌરૈ: સમ્પ્રાપ્ત: કુરુજાઙ્ગલાન્ ।
ઉન્મત્તમૂકજડવદ્વિચરન્ ગજસાહ્વયે ॥
(૧-૪-૬)

અર્થાત્ શ્રીશુકદેવજી કુરુજાઙ્ગલ દેશમાં પહોંચી હસ્તિનાપુરમાં વિચરતા હશે ત્યારે તો તે ઉન્મત્ત, ગૂંગા તથા જડ જેવા લાગતા હશે. નગરવાસિઓએ આવા શુકદેવજીને કઈ રીતે ઓળખ્યા?

કથં વા પાણ્ડવેસ્ય રાજર્ષેર્મુનિના સહ ।
સંવાદ: સમભૂત્તાત યત્રૈષા સાત્વતી શ્રુતિ: ॥
(૧-૪-૭)

અર્થાત્ પાંડવનન્દન રાજર્ષિ પરીક્ષિતનો આ મૌની શુકદેવજી સાથે સંવાદ કઈ રીતે થયો કે જેમાં આ ભાગવત સંહિતા કહેવામાં આવી.

સ ગોદોહનમાત્રં હિ ગૃહેષુ ગૃહમેધિનામ ।
અવેક્ષતે મહાભાગસ્તીર્થીકુર્વસ્તદાશ્રમમ્ ॥
(૧-૪-૮)

અર્થાત્ એક ગાયને દોહતાં જે સમય લાગે તેટલા સમય સુધી જ મહાભાગ્યવાન શ્રીશુકદેવજી ગૃહસ્થના દ્વારે ઉભા રહે છે અને તેટલા સમયમાં તો તે ગૃહસ્થના ઘરને તીર્થસમ બનાવી દે છે. આમ પાંચ શ્લોકોથી વક્તા સમ્બન્ધી તૃતીય પ્રશ્ન પૂછયો.

હવે ૯મા શ્લોકથી ૧૨મા શ્લોક સુધીના ચાર શ્લોકોમાં પૂછે છે :

અભિમન્યુસુતં સૂત પ્રાહુર્ભાગવતોત્તમમ્ ।
તસ્ય જન્મ મહાશ્ચર્યં કર્માણિ ચ ગૃણીહિ ન: ॥
(૧-૪-૯)

અર્થાત્ હે સૂતજી! અભિમન્યુનન્દન પરીક્ષિત ભગવાનના મહાન પ્રેમી ભક્ત હતા. આવા પરીક્ષિતના અત્યન્ત આશ્ચર્યમય જન્મ અને કર્મોનું પણ વર્ણન કરો.

સ સમ્રાટ્ કસ્ય વા હેતો: પાણ્ડૂનાં માનવર્ધન: ।
પ્રાયોપવિષ્ટોગઙ્ગાયામનાદૃત્યાધિરાટ્શ્રિયમ્ ॥
(૧-૪-૧૦)

અર્થાત્ પરીક્ષિતજી તો પાંડવવંશનું ગૌરવ વધારનારા સમ્રાટ છે. તેઓ સામ્રાજ્ય લક્ષ્મીનો પરિત્યાગ કરી મૃત્યુપર્યંત ગંગાતટે અનશન વ્રત લઈને કયા કારણથી બેઠા?

નમન્તિયત્પાદનિકેતમાત્મન:
શિવાય હાનીય ધનાનિ શત્રવ: ।
કથં સ વીર: શ્રિયમઙ્ગ દુસ્ત્યજાં
યુવૈષતોત્સ્રષ્ટુમહો સહાસુભિ: ॥
(૧-૪-૧૧)

અર્થાત્ પરીક્ષિતજી એક વીર યુવક હતા. તેમના શત્રુઓ પોત પોતાના ભલા માટે ખૂબ ધન લાવી પરીક્ષિતજીના ચરણ રાખવાની ચોકીને ભેટ કરી નમતા હતા. આવા પરીક્ષિતજીએ ત્યાગવી ન ગમે તેવી લક્ષ્મીને પોતાના પ્રાણોની સાથે ત્યાગ કરવાની ઈચ્છા કેમ કરી?

શિવાય લોકસ્ય ભવાય ભૂતયે ય
ઉત્તમશ્લોક પરાયણા જના: ।
જીવન્તિ નાત્માર્થમસૌ પરાશ્રયં
મુમોચ નિર્વિદ્ય કુત: કલેવરમ્ ॥
(૧-૪-૧૨)

અર્થાત્ જે લોકોનું જીવન ભગવાનના આશ્રયે છે, તેવા લોકો તો જગતના પરમ કલ્યાણ, અભ્યુદય અને સમૃદ્ધિ માટે જ જીવન ધારણ કરે છે. એમાં એવા લોકોનો કોઈ સ્વાર્થ હોતો નથી. આમ પરીક્ષિતજીનું શરીર બીજાઓના હિત માટે હતું તો પછી વિરક્ત થઈને પોતાના શરીરના

પરિત્યાગનો કેમ વિચાર કર્યો? આમ આ ચાર શ્લોકોથી શ્રોતા સંબંધી ચતુર્થ પ્રશ્ન કર્યો છે. ઉપર દર્શાવેલા ચાર પ્રશ્નો રૂપી આજ્ઞા શ્રીવલ્લભે શ્રીસુબોધિનીજીમાં કરી છે.

જ્યારે નિબન્ધની પ્રકાશ ટીકામાં શ્રીવલ્લભ આ પ્રમાણે આજ્ઞા કરે છે - (૧) સૂત સૂત (શ્લોક-૨)માં સ્વરૂપ પ્રશ્ન, (૨) કસ્મિન યુગે (શ્લોક-૩)માં ભાગવત-ઉપપત્તિ પ્રશ્ન (૩) કેન કુતઃ સચ્ચોદિતઃ (શ્લોક-૩)માં જ હેતુ પ્રશ્ન છે. આમ ત્રણ પ્રશ્નો કર્યા છે. ત્યાર બાદ (૧) શુકદેવજી કેવી રીતે ભાગવત સંહિતા ભણ્યા? (૨) કેવી રીતે એઓએ પઠન કરાવ્યું? (૩) રાજા પરીક્ષિતનો પ્રાયોપવેશ કેવી રીતે? વગેરેના સંદેહથી અભિમન્યુસુતં (શ્લોક-૯)માં રાજાના જન્મ સંબંધનો પ્રશ્ન છે. આમ ચાર પ્રશ્ન થાય છે.

મુખ્ય રીતે તો અહીં ત્રણ જ પ્રશ્નો સિદ્ધ છે. આ પૈકી શ્રીભાગવત સ્વરૂપ સંબંધી પ્રથમ પ્રશ્નનો ઉત્તર દ્વિતીય સ્કન્ધમાં આપવામાં આવશે. (આપણે જ્યારે પ્રભુ કૃપાથી દ્વિતીય સ્કન્ધમાં પ્રવેશીશું ત્યારે તે વિચારીશું.) બીજા પ્રવૃત્તિ સંબંધી પ્રશ્નનો ઉત્તર આ પ્રથમ સ્કન્ધના ત્રીજા ઉત્તમાધિકાર પ્રકરણમાં આપણે વિચારીશું, જ્યારે ત્રીજા પ્રશ્નનો ઉત્તર ચોથા અધ્યાયના ''દ્વાપરે'' એ ૧૪મા શ્લોક થી ૬ઠ્ઠા અધ્યાય સુધીમાં સૂતજીએ આપેલો છે.

શૌનકજીએ આવા પ્રશ્નો કેમ કર્યા? તે અંગેની આજ્ઞા ૬૯મી કારિકામાં છે :

અયુક્તત્વાત્તુ સમ્પ્રશ્નો હ્યર્થસ્યાલૌકિકત્વતઃ ।
શ્રોતુઃ સર્વપરિત્યાગાત્ શ્રવણે કિં પ્રયોજનમ્ ॥૬૯॥

પ્રશ્ન કરવાનું કારણ એ કે, એક તો અર્થ અલૌકિક છે. શ્રીશુકદેવજી ભણે અને ભણાવે એ પણ અયુક્ત છે. શ્રોતા પરીક્ષિતે રાજ્યાદિનો ત્યાગ કર્યો છતાં શ્રીભાગવત શ્રવણમાં એમનું શું પ્રયોજન હતું?

મહાનુભાવો એવી સમજ આપે છે કે શ્રીભાગવતની ઉત્પત્તિ તથા પ્રવૃત્તિના વિષયમાં જે તર્કથી વિરુદ્ધ હોય તેવું સાંભળવામાં આવે, તો પોતાને પણ ઉત્તમ ફલ પ્રાપ્ત ન થાય. વળી આ વિષય અલૌકિક છે, આથી આમાં પોતાની કલ્પના પણ ન થાય. આથી ઉપર કરેલ તર્કનો વિરોધ કઈ રીતે નથી રહેતો તે જાણવા આ પ્રશ્નો છે.

હવે ૭૦મી કારિકા :

સ્વત એવોત્તમત્વાચ્ચ કૃષ્ણાનુગ્રહણાદપિ ।
અતસ્તજ્જન્મ સમ્પ્રશ્નઃ કૃષ્ણ ભક્ત્યા પ્રસઙ્ગતઃ ॥૭૦॥

અર્થાત્ અત્રે શુકદેવજી, પરીક્ષિત કરતાં ઉત્તમ છે અને પરીક્ષિતજી પણ કૃષ્ણનો અનુગ્રહ છે. આથી શુકદેવજી અને પરીક્ષિતજીના જન્મ સંબંધી પ્રશ્નો કૃષ્ણભક્તિથી છે.

હવે ૭૧મી કારિકા :

પ્રશ્નત્રયેઽથ સમ્પન્ને હેતુપૂર્વં દ્વિધોત્તરમ્ ।
ઉપોદ્ઘાતો હેતુરૂપ સ્ત્રયાણાં રૂપમેવ ચ ॥૭૧॥

અર્થાત્ આ રીતે ત્રણ પ્રશ્નો પ્રાપ્ત થયા. હેતુપૂર્વક બે પ્રશ્નોના ઉત્તર આપવામાં આવે છે. આમ આ ઉપોદ્ઘાત હેતુરૂપ છે કારણ કે આ પ્રકરણ શ્રીભાગવતની ઉત્પત્તિનું કારણ જણાવવામાં જ સમાપ્ત થાય છે તેથી આ ઉપોદ્ઘાત શ્રીભાગવત (ની ઉત્પત્તિ)ના કારણ રૂપ છે. આ કારણોનો પણ વિચાર કરવો જોઈએ તેથી (૧) નારદે વ્યાસને શ્રીભાગવત સંબંધી બોધ કરવાનો કયો પ્રસંગ હતો? (૨) નારદે વ્યાસજીને એ બોધ કરવાનું પ્રયોજન શું હતું? અને (૩) નારદ કોણ હતા? એ ત્રણેનું સ્વરૂપ પણ જણાવવું જોઈએ જે ૪ થી ૬ સુધીના ત્રણ અધ્યાયોમાં છે. હવે કારિકા ૭૧$\frac{૧}{૨}$''**મધ્યમોઽયમુપોદ્ઘાતઃ ફલ પર્યવસાનતઃ॥**'' અર્થાત્ નારદ વિષયક ત્રણે પ્રશ્નોનું રૂપ પણ અહીં પૂછવામાં આવ્યું છે. ફલમાં જ પર્યવસાન હોવાથી આ મધ્યમ ઉપોદ્ઘાત છે.

વિવેચન : શૌનકે અહીં પ્રશ્નો કર્યા છે. આવા પ્રશ્નો પ્રથમ અધ્યાયમાં પણ કર્યા છે. પ્રથમ અધ્યાયના આ પ્રશ્નો અને તેના ઉત્તરોનો પ્રથમ હીન પ્રકરણમાં સમાવેશ કર્યો છે. તેથી અત્રે પૂછેલા પ્રશ્નો અને ઉત્તરોની ગણના પણ હીન પ્રકરણમાં જ થવી જોઈએ. આવી શંકા અત્રે અસ્થાને છે.

અગાઉના લેખમાં આપણે એ જાણ્યું હતું કે શૌનકાદિ ઋષિઓએ શ્રીસૂતજીને ચાર પ્રશ્નો કર્યા હતા. આ ચારેય પ્રશ્નો શ્રીભાગવત સંબંધી જ

છે (૧) શ્રીભાગવતના વિષયનો (૨) શ્રીભાગવતના કર્તા સંબંધી (૩) વક્તા સંબંધી (૪) શ્રોતા સંબંધી. પ્રથમ સ્કન્ધના ચોથા અધ્યાયના બીજા શ્લોકથી બારમા શ્લોક સુધી આ વિગતો સંકળાયેલી છે. અગાઉના લેખોમાં આપણે તે પણ વિચારેલું જ છે.

શ્રીમહાપ્રભુજીના મતે ચોથા અધ્યાયના ત્રીજો શ્લોક :

કસ્મિન્ યુગે પ્રવૃત્તેયં સ્થાને વા કેન હેતુના ।
કુતઃ સઞ્ચોદિતઃ કૃષ્ણઃ કૃતવાન્ સંહિતાં મુનિઃ ॥
(૧-૪-૩)

અર્થાત્ તે કથા કયા યુગમાં કયા સ્થાન પર અને કયા કારણથી થઈ હતી? મુનિવર શ્રીકૃષ્ણ દ્વૈપાયને (શ્રીવ્યાસજીએ) કોની પ્રેરણાથી પરમ હંસોની સંહિતાનું નિર્માણ કર્યું?

આ શ્લોકમાં "કસ્મિન યુગે...થી શ્રીભાગવતની ઉત્પત્તિ તથા કેન કુતઃ સઞ્ચોદિતઃમાં હેતુ પ્રશ્ન છે.

શ્રીમહાપ્રભુજીએ પહેલાં હેતુરૂપ પ્રસંગને ૭૧$\frac{૧}{૨}$થી ૭૩ એમ કુલ દોઢ કારિકાથી કહ્યો છે.

યદ્વાક્યાત્સર્વવિશ્વાસઃ ફલે તસ્ય વિપર્યયઃ ॥૭૨॥
(૭૧$\frac{૧}{૨}$)
કલૌ ફલં તદુક્તં કિમિત્યનિર્વૃતિવર્ણનમ્ ।
ઉત્તરં ચ કૃતિશ્ચૈકં નારદસ્ય ફલં પૃથક્ ॥૭૩॥

શબ્દાર્થ : વ્યાસજીના વાક્યથી બધાને વિશ્વાસ આવે છે. આજ વ્યાસજીને ફલમા વિપર્યય થયો અર્થાત્ ફલમાં ઉલટું થઈ પડ્યું. ॥૭૨॥ (૭૧$\frac{૧}{૨}$)

આવા વ્યાસજીએ જે કહ્યું તેમાં કલિકાલ વિશે ફળ શું? આ રીતે કદી વ્યાસજીના ખેદનું વર્ણન કરવામાં આવ્યું છે. વ્યાસજીના ખેદ પછી નારદજીએ ઉત્તર આપ્યો. આ ઉત્તરમાં નારદજીએ પોતે જે કૃતિ કરી તેનું વર્ણન કર્યું. આ પ્રસંગોમાં વ્યાસજી અને નારદજીને પ્રાપ્ત થયેલ ફલ જુદી જુદી જાતના છે.

વિવેચન : પ્રથમ સ્કન્ધના ચોથા અધ્યાય (બીજા મધ્યમાધિકાર પ્રકરણનો પહેલો - અધ્યાય)માં વ્યાસજીનો ખેદ વર્ણવ્યો છે. આ ખેદ શ્રીભાગવતની પ્રેરણામાં હેતુરૂપ છે.

પ્રથમ સ્કન્ધના પાંચમા અધ્યાય (બીજા મધ્યમાધિકાર પ્રકરણનો બીજો - અધ્યાય)માં નારદજીએ વ્યાસજીને આપેલ ઉત્તર છે અને નારદજીએ પોતાના બાલ્યકાલ વગેરેનું કરેલું વર્ણન છે. આથી આ અધ્યાયની કથા શ્રીભાગવતની પ્રેરણા માટે યુક્તિ રૂપ છે.

પ્રથમ સ્કન્ધના છઠ્ઠા અધ્યાય (બીજા મધ્યમાધિકાર પ્રકરણનો ત્રીજો - અધ્યાય)માં નારદજીના ફલનું વર્ણન છે. નારદજીને પ્રાપ્ત થયેલું આ ફલ શ્રીવ્યાસજીના ફલથી જુદું છે પણ તેમાંથી શ્રીવ્યાસજીને પ્રેરણા થાય છે તે તો સ્પષ્ટ છે.

શૌનકજીના જીજ્ઞાસા સભર પ્રશ્નનો સૂતજીએ ઉત્તર આરંભ્યો.

દ્વાપરે સમનુપ્રાપ્તે તૃતીયે યુગપર્યયે ।
જાતઃ પરાશરાદ્યોગી વાસવ્યાં કલયા હરેઃ ॥
(૧-૪-૧૪)

અર્થ : યુગક્રમના ત્રીજા આવર્તનમાં દ્વાપર યુગ આવ્યો. આ વખતે (ઉપરિચર) વસુની પુત્રી વાસવીમાં પરાશર મુનિ દ્વારા વ્યાસજી પ્રકટ થયા. વ્યાસજીની ભગવાનની કલારૂપ છે.

બ્રહ્માજીના એક દિવસને કલ્પ કહે છે. આ એક કલ્પમાં ચાર યુગનું એક હજારવાર આવર્તન થાય છે. બ્રહ્માજીનો પ્રથમ કલ્પ (દિવસ) બ્રહ્મકલ્પ નામથી ઓળખાય છે. આ કલ્પમાં જ્યારે ત્રીજીવાર યુગનો આરંભ થયો ત્યારે સત્યયુગ અને ત્રેતાયુગમાં તો ધર્મ બદલાયો નહિ, પરન્તુ દ્વાપર યુગ સંદેહનો સમય છે. દ્વાપર યુગમાં ધર્મની દ્વિ-પરતા હોય. અર્થાત્ ધર્મની વ્યવસ્થા શ્રુતિ અને સ્મૃતિ એ બંને પ્રમાણે હોય આથી દ્વાપર કહેવાયો. સત્યયુગ અને ત્રેતાયુગમાં ધર્મની એકમાત્ર શ્રુતિને આધારે વ્યવસ્થા હોય છે. દ્વાપર યુગમાં આથી લોકોને સંદેહ થવા લાગ્યો. આ વખતે ભગવાને વ્યાસજી રૂપે ભૂતલ ઉપર પધારી સંદેહનિવર્તક શ્રીભાગવતાદિ શાસ્ત્રનો પ્રચાર કર્યો.

સકદાચિત્ સરસ્વત્યા ઉપસ્પૃશ્ય જલં શુચિ ।
વિવિક્તદેશ આસીન ઉદિતે રવિમણ્ડલે ॥૧૫॥

અર્થ : કોઈ એક વખત મહર્ષિ વ્યાસ સૂર્યોદય સમયે શ્રીસરસ્વતીજીના પવિત્ર જલનું આચમન કરી એકાન્તમાં એકલા બેઠા હતા.

પરાવરજ્ઞઃ સ ઋષિઃ કાલેનાઽવ્યક્તરંહસા ।
યુગધર્મવ્યતિકરં પ્રાપ્તં ભુવિ યુગે યુગે ॥૧૬॥

અર્થ : કાળનો વેગ સ્પષ્ટ દેખાતો નથી. આવા કાળથી પૃથ્વીમાં યુગધર્મનો ફેરફાર પ્રાપ્ત થયો. શ્રીવ્યાસજી ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનું જ્ઞાન ધરાવે છે આથી જ પ્રત્યેક યુગમાં થતું ધર્મોનું પરિવર્તન અને કાલે કરેલ ભૌતિક પદાર્થોના સ્વરૂપની શક્તિનો હ્રાસ શ્રીવ્યાસજીએ જોયો.

ભૌતિકાનાં ચ ભાવાનાં શક્તિહ્રાસં ચ તત્કૃતમ્ ।
અશ્રદ્ધાનાશ્નિસત્વાન્ દુર્મેધાન્ હસિતાયુષઃ ॥૧૭॥

આ શ્લોકની પ્રથમ પંક્તિનો અર્થ ઉપરની સંગતિમાં જોયો. બીજી પંક્તિમાં કહે છે કે વ્યાસજી લોકોની શક્તિની ક્ષીણતાને, અશ્રદ્ધાને, નિર્બળતાને, દુર્બુદ્ધિને અને અલ્પ આયુષ્યને જાણી ગયા.

દુર્ભગાંશ્ચ જનાન્ વીક્ષ્ય મુનિર્દિવ્યેન ચક્ષુષા ।
સર્વવર્ણાશ્રમાણાં યદ્ધ્યો હિતમમોઘદક્ ॥૧૮॥

અર્થ : વ્યાસજીએ દિવ્ય દષ્ટિથી મનુષ્યોને દુર્ભાગી જોયા. મનુષ્ય કર્મ કરે તેવું ભાગ્ય થાય છે. કાળ સારો હોય તો બુદ્ધિ સારી હોય. આથી કર્મ પણ સારું થાય. આવા મનુષ્ય સુભગ થાય છે. આજ રીતે કાળ ખરાબ હોવાથી બુદ્ધિ બગડે અને તેથી કર્મ ખરાબ થાય. આવા મનુષ્ય દુર્ભગ છે. આથી વ્યાસજીએ સર્વ વર્ણ તથા આશ્રમનું હિત કરવાનું વિચાર્યું.

ચાતુર્હોત્રં કર્મશુદ્ધ પ્રજાનાં વીક્ષ્ય વૈદિકમ્ ।
વ્યદધાદ્ યજ્ઞસન્તત્યૈ વેદમેકં ચતુર્વિધમ્ ॥૧૯॥

અર્થ : ચાતુર્હોત્ર એક પ્રકારનો યજ્ઞ છે. આ યજ્ઞ ચાર વ્યક્તિઓ (હોતા)થી કરવામાં આવે છે. આ યજ્ઞ શુદ્ધ વૈદિક કર્મ રૂપ છે. આથી યજ્ઞનો વિસ્તાર કરવા એક જ વેદના ચાર પ્રકારમાં વિભાગ કર્યા.

ઋગ્યજુઃસામાથર્વાખ્યા વેદાશ્ચતાર ઉદ્ધૃતાઃ ।
ઈતિહાસ પુરાણ ચ પગ્ચમો વેદ ઉચ્યતે ॥૨૦॥

અર્થ : ઋગ્વેદ, યુજર્વેદ, સામવેદ અને અથર્વવેદ એવા ચાર પ્રકારે એક વેદની વહેંચણી કરી. ઈતિહાસ અને પુરાણ પંચમ વેદ કહેવાય છે.

વૈદિક યજ્ઞમાં હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા એમ ચાર કર્તા હોય છે. આ પૈકી હોતા ઋગ્વેદથી; અધ્વર્યુ યજુર્વેદથી; ઉદ્ગાતા સામવેદથી અને બ્રહ્મા અથર્વવેદથી કામ કરે છે.

તત્રર્ગ્વેદધરઃ પૈલઃ સામગો જૈમિનિઃ કવિઃ ।
વૈશમ્પાયન એવૈકો નિષ્ણાતો યજુષામુત ॥૨૧॥

આ ચાર વેદો પૈકી પૈલ મુનિએ ઋગ્વેદ ધારણ કર્યો. સામગાનમાં જૈમિની મુનિ નિપુણ હતા. કેવલ વૈશંપાયન, મુનિ યુજર્વેદમાં નિષ્ણાત હતા.

અર્થવાઙ્ગિં રસામાસીત્ સુમન્તુર્દારુણો મુનિઃ ।
ઈતિહાસ પુરાણાનાં પિતા મે રોમહર્ષણઃ ॥૨૨॥

દારુણ એવા સુમન્તુ અથર્વવેદના ગ્રાહક થયા. અથર્વવેદમાં અભિચાર જેવા ઉગ્ર પ્રયોગો છે. તેનું આચરણ કરનાર ઉગ્ર બને છે, સુમન્તુ તેથી ઉગ્ર બનેલા માટે તેમને દારૂણ સુમન્તુ કહ્યા છે. અને મારા (સૂતજીના) પિતા રોમહર્ષણ ઈતિહાસ તથા પુરાણ ભણ્યા.

ત એત ઋષયો વેદં સ્વં સ્વં વ્યસ્યન્નનેક ધા ।
શિષ્યૈઃ પ્રશિષ્યૈસ્તચ્છિષ્યૈર્વેદાસ્તે શાખિનોઽભવન્ ॥૨૩॥

એ સર્વ ઋષિઓ પોતપોતાના વેદનો વિભાગ કરતા આવ્યા. આમ કરતાં શિષ્યો અને એમનાય શિષ્યો દ્વારા વેદ અનેક શાખાવાળા થયા.

ત એવ વેદા દુર્મેધૈર્ધાર્યન્તે પુરુષૈર્યથા ।
એવં ચકાર ભગવાન્ વ્યાસઃ કૃપણવત્સલઃ ॥૨૪॥

બુદ્ધિહીન લોકોને પણ વેદના અર્થ સમજાય માટે વ્યાસજી દીન પર કૃપાળુ થયા અને વેદના વિભાગ કરવા સમર્થ બન્યા.

સ્ત્રીશુદ્રદ્વિજબન્ધૂનાં ત્રયી ન શ્રુતિગોચરા ।
કર્મશ્રેયસિ મૂઢાનાં શ્રેય એવં ભવેદિહ ।
ઈતિ ભારતમાખ્યાનં કૃપયા મુનિના કૃતમ્ ॥૨૫॥

અર્થ : સ્ત્રીઓ, શુદ્રો અને સંસ્કાર હીન બ્રાહ્મણને કાને વેદ પડવો જોઈએ નહીં. આથી આવા અજ્ઞાની જીવો પાસે કલ્યાણ થાય તેવું કોઈ કર્મરૂપી સાધન નથી. આથી આવા જનોના હિતનો વિચાર કરી. વ્યાસજીએ કૃપા કરી મહાભારતનું આખ્યાન રચ્યું.

એવં પ્રવૃતસ્ય સદા ભૂતાનાં શ્રેયસિ દ્વિજાઃ ।
સર્વાત્મકેનાપિ યદા નાતુષ્યદ્હૃદયં તતઃ ॥૨૬॥

અર્થ : આ પ્રમાણે સર્વકાળ સર્વ પ્રકારના પ્રયત્નોથી વ્યાસજી પ્રાણીમાત્રના કલ્યાણમાં પ્રવૃત્ત થયા છતાં એમનું હૃદય સંતુષ્ટ ન થયું. હૃદયમાં અસંતોષ રહ્યો.

નાતિપ્રસીદદ્ધૃદયઃ સરસ્વત્યાસ્તટે શુચૌ ।
વિતર્કયન્ વિવિત્કસ્થ ઈદં પ્રોવાચ ધર્મવિત્ ॥૨૭॥

અર્થ : જ્યારે હૃદયમાં સંતોષ ન થયો ત્યારે અત્યંત ઉદાસ બન્યા. તેઓ તો ધર્મવેત્તા છે. સરસ્વતી નદીના પવિત્ર એવા તટે એકાન્ત પ્રદેશમાં બેઠેલા વ્યાસજી આ પ્રમાણે બોલ્યા.

ધૃત વ્રતેન હિ મયા છન્દાંસિ ગુરવોઽગ્નયઃ ।
માનિતા નિર્વ્યલીકેન ગૃહીતં ચાનુશાસનમ્ ॥૨૮॥

અર્થ : મેં વેદવ્રત બ્રહ્મચર્યાદિનું આચરણ કર્યું છે. વેદ, ગુરુ અને અગ્નિને માન આપ્યું છે. આમાં કોઈજ કપટભાવ રાખ્યો નથી. વળી લોકો ધર્મમાં પ્રવૃત્તિવાળા થાય તે માટે અધ્યાપન પણ કરાવ્યું છે.

ભારતવ્યપદેશેન હ્યામ્નાયાર્થશ્ચ દર્શિતઃ ।
દૃશ્યતે યત્ર ધર્માદિઃ સ્ત્રીશૂદ્રાદિભિરપ્યુત ॥૨૯॥

અર્થ : મહાભારતની રચનાનું મિષ (બહાનું) કરી તેમાં વેદોનો અર્થ દર્શાવ્યો છે, જેથી મહાભારતમાં સ્ત્રી, શૂદ્રો વગેરેમાં પણ ધર્મ પુરુષાર્થ દેખાય છે.

તથાપિ બત મે દૈહ્યો હ્યાત્મા ચૈવાત્મના વિભુઃ ।
અસમ્પન્ન ઈવાભાતિ બ્રહ્મવર્ચસ્યસત્તમઃ ॥૩૦॥

અર્થ : તો પણ બ્રહ્મવર્ચસ્વવાળાઓમાં અતિ શ્રેષ્ઠ મારો દેહાભિમાની, સર્વસમર્થ આત્મા, જીવાત્મા સાથે સાચે જ અપ્રસન્ન હોય એમ જણાય છે.

વ્યાસજી બ્રહ્મવર્ચસ્વવાળા મુનિઓમાં શ્રેષ્ઠ છે. ઉપર કરેલા વિવિધ પ્રયત્નો છતાં તેમને તેમનો આત્મા અધૂરો જણાય છે. વ્યાસજીનો આત્મા ઓજસ્વી હોવા છતાં ય કંઈક ઉણપના કારણે શોભતો નથી, તેવું તેઓ પ્રતીત કરે છે.

કિંવા ભાગવતા ધર્મા ન પ્રાયેણ નિરુપિતાઃ ।
પ્રિયાઃ પરમહંસાનાં ત એવ હ્યચ્યુતપ્રિયાઃ ॥૩૧॥

અર્થ : અચ્યુત ભગવાનને પરમહંસોના પ્રિય ભગવત્સંબધવાળા ધર્મો પ્રિય છે. વ્યાસજી વિચારે છે શું આ ભગવદ્ ધર્મોનું મેં વિશેષ પ્રમાણમાં નિરૂપણ નથી કર્યું?

તસ્યૈવં ખિલમાત્માનં મન્યમાનસ્ય ખિદ્યતઃ ।
કૃષ્ણસ્ય નારદોઽભ્યાગાદાશ્રમં પ્રાગુદાહૃતમ્ ॥૩૨॥

અર્થ : વ્યાસજી આ રીતે ખેદ કરતા હતા. આત્માની ઉણપને જોતા આશ્રમમાં બેઠા હતા. ત્યાં જ આશ્રમમાં નારદજી આવ્યા.

તમભિજ્ઞાય સહસા પ્રત્યુત્થાયા ગતં મુનિઃ ।
પૂજ્યામાસ વિધિવન્નારદં સુરપૂજિતમ્ ॥૩૩॥

અર્થ : નારદજીને આવેલા જોઈને વ્યાસજી શીઘ્રતાથી સન્મુખ ઉભા થયા. દેવોથી પૂજાયેલા નારદજીનું વિધિવત્ પૂજન કર્યું.

આમ આ ચોથા અધ્યાય (મધ્યમ અધિકાર પ્રકરણનો પહેલો અધ્યાય)માં વ્યાસજીની ચિંતાનું વર્ણન તથા નારદજીએ વ્યાસજીને શ્રીભાગવત રચવાની પ્રેરણા કરી તે પ્રસંગનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ટૂંકમાં આ અધ્યાય એ સમજાવે છે કે શ્રીવ્યાસજીનો ખેદ જ શ્રીભાગવતની પ્રેરણામાં હેતુરૂપ છે.

અહીં અધ્યાય ૪ પૂર્ણ થયો.

(કારિકા - ૭૨ થી ૭૩)

પ્રથમ સ્કન્ધના બીજા પ્રકરણને મધ્યમાધિકાર કહે છે. તેમાં અધ્યાય ચાર થી છ સુધીના છે. બીજા પ્રકરણનો પ્રથમ અધ્યાય (સળંગ ચોથો અધ્યાય) આપણે જોયો. હવે બીજા પ્રકરણના બીજા અધ્યાય (સળંગ પાંચમા અધ્યાય) વિષે વિચારીશું. આ અધ્યાયના પહેલા સાત શ્લોકો આગલા અધ્યાય (સળંગ ચોથા અધ્યાય)ના શેષ રૂપ છે. આ સાત શ્લોકોની તે અધ્યાય સાથે સંગતિ છે. આથી પહેલા સાત શ્લોકોને કંઈક સમજીએ :-

સૂત ઉવાચ-

અથ તં સુખમાસીન ઉપાસીનં બૃહચ્છ્રવા: ।
દેવર્ષિ: પ્રાહ વિપ્રર્ષિં વીણાપાણિ: સ્મયન્નિવ ॥૧-૫-૧॥

સૂતજીએ કહ્યું- નારદજી વ્યાસાશ્રમે પધાર્યા છે. શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસે તેમનું વિધિવત્ પૂજન કર્યું છે. ત્યારબાદ નારદજી સુખપૂર્વક બિરાજ્યા છે. નારદજી ઉત્તમ કીર્તિવાળા છે. પાણિ(હાથ)માં વીણા ધારણ કરી છે. પાસે વ્યાસજી બિરાજ્યા છે. જાણે કે મંદ મંદ હાસ્ય કરતા હોય એમ નારદજી વ્યાસજીને કહેવા લાગ્યા.

નારદ ઉવાચ-

પારાશર્ય મહાભાગ ભવત: કશ્ચિદાત્મના ।
પરિતુષ્યતિ શારીર આત્મામાનસ એવ વા ॥ ૧-૫-૨॥

અર્થાત્

હે મહાભાગ્યશાળી અને પરાશરજીના પુત્ર વ્યાસજી, આપનો શરીરાભિમાની આત્મા અને મન પ્રસન્ન તો છે ને!

જિજ્ઞાસિતં સુસમ્પન્નમપિ તે મહદદ્ભુતમ્ ।
કૃતવાન્ ભારતં યસ્ત્વં સર્વાર્થ-પરિબૃંહિતમ્ ॥ ૧-૫-૩॥

આપની જીજ્ઞાસા તો સારી રીતે અવશ્ય પણે પૂર્ણ થઈ ગઈ છે. કારણકે આપે મહાભારતની રચના કરી છે. આ રચના ખૂબ અદ્ભુત છે. તે ધર્મ વગેરે બધા પુરુષાર્થોથી પરિપૂર્ણ છે.

જિજ્ઞાસિતમધીતં ચ યત્તત્ બ્રહ્મ સનાતનમ્ ।
અથાપિ શોચસ્યાત્માનમકૃતાર્થ ઈવ પ્રભો ॥ ૧-૫-૪॥

સનાતન બ્રહ્મત્વને આપે જાણ્યું છે. વેદનું અધ્યયન પણ કર્યું છે. આપ સમર્થ છો તો પછી હે વ્યાસજી! અકૃતાર્થ પુરુષની જેમ શોક કેમ કરો છો?

વ્યાસ ઉવાચ-

અસ્ત્યેવ મે સર્વમિદં ત્વયોક્તં
તથાપિનાત્મા પરિતુષ્યતે મે ।
તન્મૂલમવ્યક્તમગાધબોધં
પૃચ્છામહે ત્વાડડત્મભવાત્મભૂતમ્ ॥ ૧-૫-૫ ॥

હે નારદજી, આપ અગાધ જ્ઞાની છો તેમજ બ્રહ્માજીના પુત્ર છો. આપે કહેલું સર્વ મને પ્રાપ્ત થયું છે. આમ છતાં મારું ચિત્ત પ્રસન્ન થતું નથી. આનું ગૂઢ મૂળ કારણ શું છે તે આપને પૂછું છું.

સ વૈ ભવાન્ વેદ સમસ્તગુહ્યમુપાસિતો
યત્પુરુષ: પુરાણ: ।
પરાવરેશો મનસૈવ વિશ્વં સૃજત્યવત્યત્તિ
ગુણૈરસઙ્ગઃ ॥ ૧-૫-૬ ॥

પુરાણ પુરુષોત્તમ ભગવાન સ્થાવર જંગમના ઈશ્વર છે. તે અસંગ છે. માત્ર મનથી જ ગુણોની મારફતે આ વિશ્વને સર્જે છે, પાળે છે, પોષે છે અને લીન પણ કરે છે. આવા ભગવાનની આપે ઉપાસના કરી છે. આ સમસ્ત ગૂઢ જ્ઞાનને આપ જાણો છો.

વ્યાસ ઉવાચ :

ત્વં પર્યટન્નર્ક ઈવ ત્રિલોકીમન્તશ્ચરો
વાયુરિવાત્મ સાક્ષી ।
પરાવરે બ્રહ્મણિ ધર્મ તો વ્રતૈ:
સ્નાતસ્ય મે ન્યૂનમલં વિચક્ષ્વ ॥૧-૫-૭॥

નારદજી! આપ સૂર્યની જેમ ત્રણેય લોકમાં વિચરનારા છો. વાયુની જેમ સર્વના અંત:કરણમાં ફરનાર, સર્વના આત્માના સાક્ષી છો. મેં યોગના

અનુષ્ઠાન અને નિયમોથી પરબ્રહ્મ અને શબ્દબ્રહ્મ બંનેની પૂર્ણ પ્રાપ્તિ કરી છે, છતાં મારામાં જે કમી છે તે તમે કૃપા કરી મને બતાવો.

આમ આ પાંચમાં અધ્યાયમાં આગળના ચોથા અધ્યાયના અનુસંધાન કરાવતા સાત શ્લોકો આપણે જોયા. હવે બાકીના તેત્રીસ શ્લોકોનો કંઈક વિચાર કરીશું.

પ્રથમ સ્કન્ધ મધ્યમાધિકાર કારિકા ૭૨ થી ૭૩

પ્રથમ સ્કન્ધના મધ્યમાધિકારના બીજા અધ્યાય (સળંગ પાંચમો અધ્યાય)ના સાત શ્લોકો જોયા બાદ હવે આ જ અધ્યાયના બાકીના ૩૩ શ્લોકોનું અવગાહન કરીશું. આ શ્લોકો પ્રેરણારૂપ છે. આ શ્લોકો પૈકી પણ (૧) ૮મા શ્લોકથી ૧૪મા શ્લોક સુધીમાં નારદજીએ વ્યાસજીને ખેદનું કારણ બતાવ્યું છે. (૨) શ્લોક ૧૫ થી ૨૨ સુધીમાં પ્રભુના ગુણગાનનું સમર્થન કરી નારદજીએ વ્યાસજીને પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. (૩) ૨૩ મા શ્લોકથી ૪૦મા શ્લોક સુધી નારદજીએ પોતાની કરણીનું નિરૂપણ કર્યું છે.

હવે આપણે (૧) ૮મા શ્લોકથી ૧૪મા શ્લોકનો વિચાર કરીશું. અહીં નારદજીએ વ્યાસજીને ખેદનું કારણ બતાવ્યું છે -

નારદ ઉવાચ :

ભવતાનુદિતપ્રાયં યશો ભગવતોઽમલમ્ ।
યેનૈવાસૌ ન તુષ્યેત મન્યે તદ્દર્શનં ખિલમ્ ॥ ૧-૫-૮ ॥

નારદજીએ કહ્યું કે, આપે નિર્મળ, વિશુદ્ધ યશનું વિશેષ રીતે વર્ણન કર્યું નથી; જે વર્ણનથી અથવા જે ધર્માદિકથી શ્રીહરિ પ્રસન્ન ન થાય, તે ધર્માદિક અને જ્ઞાન અપૂર્ણ છે, એમ હું માનું છું.

યથા ધર્માદયશ્ચાર્થા મુનિવર્યાનુકીર્તિતાઃ ।
ન તથા વાસુદેવસ્ય મહિમા હ્યનુવર્ણિતઃ ॥ ૧-૫-૯॥

હે મુનિવર્ય વ્યાસજી! આપે જેટલા પ્રમાણમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનું મુખ્યત્વે વર્ણન કર્યું છે, તેટલી માત્રામાં વાસુદેવ ભગવાનના મહિમા (ગુણગાન)ને વર્ણવ્યો નથી.

ન યદ્વચશ્ચિત્રપદં હરેર્યશો
જગત્પવિત્રં પ્રગુણીત કર્હિચિત્ ।
તદ્વાયસં તીર્થમુશન્તિ માનસા ન યત્ર
હંસા નિરમન્ત્યુ શિકક્ષયાઃ॥ ૧-૫-૧૦ ॥

અર્થાત્ વચન ભલે રમણીય અને અલંકારિક ભાષાવાળું હોય પણ જો તે વચન જગતને પવિત્ર કરનાર શ્રીહરિના યશને કોઈપણ પ્રકારે વર્ણવતું ન હોય તો તે વચન કાકતીર્થ (કાગડાનું તીર્થ) છે, એવું વિવેકશાળી પુરુષો કહે છે. આવા કાકતીર્થમાં માનસનિવાસી હંસો કોઈ પણ કાળે રમતા નથી, કારણ કે તેઓ તો સુંદર સ્થાનમાં વસનારા છે.

તદ્વાગ્વિસર્ગો જનતાઘવિપ્લવો
યસ્મિન્પ્રતિશ્લોકમબદ્ધવત્યપિ ।
નામાન્યનન્તસ્ય યશોઽઙ્કિતાનિ યચ્છૃણ્વન્તિ
ગાયન્તિ ગૃણન્તિસાધવઃ ॥૧-૫-૧૧॥

જે વચનો ભલે છંદમાં ન હોય કે અલંકારવાળા ન હોય પણ તે વચનો જનતાના પાપ સમૂહોનો નાશ કરનાર અનન્ત ભગવાનના ઉજ્જવલ યશથી વિભૂષિત હોય તો સાધુ પુરુષો તે વચનોને સાંભળે છે, ગાય છે અને ગ્રહણ કરે છે.

નૈષ્કર્મ્યમપ્યચ્યુતભાવવર્જિતં ન શોભતે
જ્ઞાનમલં નિરંજનમ્ ।
કૃતઃ પુનઃ શશ્વદભદ્રમીશ્વરે ન ચાર્પિતં
કર્મ યદપ્યકારણમ્ ॥ ૧-૫-૧૨॥

નિષ્કામ કર્મને દર્શાવનારું નિરંજન બ્રહ્મ સંબંધી જ્ઞાન હોય પણ જો તે અચ્યુત ભગવાનમાં ભક્તિભાવ વિનાનું હોય તો તે જ્ઞાન શોભતું નથી. સકામ કર્મ તો સાધન અને ફલ દશામાં દુઃખમય છે. આવું સકામ કામ જો ભગવાનને અર્પિત ન કર્યું હોય તો પછી તે શોભે જ ક્યાંથી?

અથો મહાભાગ ભવાનમોઘદૃક
શુચિશ્રવાઃ સત્યરતો ધૃતવ્રતઃ ।

ઉરુક્રમસ્યાડખિલબન્ધમુક્તયે
સમાધિનાડનુસ્મર તદ્વિચેષ્ટિતમ્ ॥ ૧-૫-૧૩॥

વ્યાસજીને મહાભાગ્યશાલી, સફળ દૃષ્ટિવાળા પવિત્ર યશવાળા, સત્યપરાયણ અને વ્રત ધારણ કરનારા કહીને નારદજી તેમને કહે છે કે જ્ઞાન કે કર્મ ભક્તિ વગર શોભતાં નથી માટે સર્વ લોકના સમસ્ત બંધનોની નિવૃત્તિ માટે સમાધિમાં અવલોકન કરી મહાન પરાક્રમશાલી પ્રભુનાં લીલા ચરિત્રોનું સ્મરણ કરો.

તતોડન્યથા કિંચન યદ્વિવક્ષતઃ
પૃથગ્દૃશસ્તત્કૃતરુપનામભિઃ ।
ન કર્હિચિત્ક્વાપિ ચ દુઃસ્થિતા મતિર્લભેત
વાતાહતનૌરિવા સ્પદમ્ ॥૧-૫-૧૪॥

પુરુષ ભગવાનના ગુણાનુવાદ સિવાય અન્ય કંઈ પણ વર્ણન કરવા ઈચ્છે ત્યારે ભગવાને કરેલાં રૂપ તથા નામથી ભિન્ન દૃષ્ટિ હોય છે. આથી તેની મતિ કોઈ વખત ક્યાંય પણ સ્થિર થઈને રહી શકતી નથી. પરિણામે પવનના સપાટાથી હાલમડોલ સ્થિતિવાળી નૌકાની સમાન પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી શકતી નથી.

હવે ૧૫મા શ્લોકથી ૨૨મા શ્લોકનો વિચાર કરીશું. અહીં નારદજી ઉત્તમ શ્લોક પ્રભુના ગુણગાનનું સમર્થન કરે છે. અને વ્યાસજીના પ્રશ્નનો ઉત્તર આપે છે.

જુગુપ્સિતં ધર્મકૃતેડનુશાસતઃ
સ્વભાવરક્તસ્ય મહાન્ વ્યતિક્રમઃ ।
યદ્વાક્યતો ધર્મ ઈતીતરઃ સ્થિતો
ન મન્યતે તસ્ય નિવારણં જનઃ ॥૧-૫-૧૫॥

જીવો પાકૃત છે. આથી સ્વભાવથી જ વિષયોમાં લોલુપ થઈ જાય છે. આવા જીવોને ધર્મમાં પ્રવૃત્ત કરવા શ્રીવ્યાસજીએ કર્મ બતાવ્યાં. આ કર્મો કામ્યકર્માદિ પ્રકારનાં હતાં. આથી જીવ એવું સમજે કે 'સકામ કર્મ એજ સાચો ધર્મ છે. જ્યારે શ્રીવ્યાસજી આવી આજ્ઞા કરે છે, આથી જીવ બીજા કોઈના ઉપદેશથી આ સમજનું નિવારણ નહીં કરે - આથી નારદજી શ્રીવ્યાસજીને કહે છે કે આપના હાથે અજાણતાં મોટો અન્યાય થયો છે.

પ્રભુના ગુણગાનનું સમર્થન કરતાં શ્રીનારદજી હવે શ્રીવ્યાસજીને કહે છે : (આ માટે ૧૫ થી ૨૨ સુધીના શ્લોકો પ્રથમ સ્કન્ધના પાંચમા અધ્યાયમાં છે તે પૈકી ૧૫મો શ્લોક અગાઉના લેખાંકમાં જોયો.)

વિચક્ષણોડસ્યાર્હતિ વેદિતું
વિભોરનન્તપારસ્ય નિવૃત્તિતઃ સુખમ્ ।
પ્રવર્તમાનસ્ય ગુણૈરનાત્મનસ્તતો
ભવાન્દર્શય ચેષ્ટિતં વિભોઃ ॥
(૧-૫-૧૬)

પરમાત્મા દેશકાળથીય પર છે. પરમાત્મા વ્યાપક છે. પરમાત્માના સ્વરૂપનો અનુભવ એ જ સુખનો અનુભવ. આવું સુખ નિર્વિકલ્પક છે. આ સુખનો તો કોઈ, વિરલ અને વિચક્ષણ પુરુષ જ અનુભવ કરવા સમર્થ નીવડે છે. કારણ આવો પુરુષ સર્વ કામ્યકર્મોથી નિવૃત્ત થયેલ હોય છે. પ્રાયઃ મોટા ભાગના જીવો તો દેહાદિકમાં આસક્ત હોય છે. આ જીવો સત્ત્વાદિ ગુણો વડે પ્રવૃત્તિઓ આચરતા હોય છે. આવા મોટા ભાગના જીવોને સમર્થ પ્રભુનાં સ્વરૂપનો સુખાત્મક અનુભવ નથી થઈ શકતો માટે આવા જીવો માટે ભગવાનનાં લીલા ચરિત્રો દર્શાવવા માટે નારદજી અહીં શ્રીવ્યાસજીને સમજાવે છે.

ત્યક્ત્વા સ્વધર્મં ચરણામ્બુજં
હરેર્ભજન્નપક્વોડથ પતે તતો યદિ ।
યત્ર ક્વ વાલદ્રુમભૂદમુષ્ય કિં કો વાર્થ
આપ્તોડભજતાં સ્વધર્મતઃ ॥
(૧-૫-૧૭)

શ્રીનારદજી અત્રે સકામ કર્મયુક્ત સ્વધર્મ અને હરિના ચરણકમળને ભજવાના ધર્મની સરખામણી કરે છે. આ બંનેમાં હરિના ચરણકમળને ભજવાનો ધર્મ શ્રેષ્ઠ છે તેવું સમજાવે છે.

સકામ સ્વધર્મનું આચરણ જો ન થાય તો જીવની અપક્વ દશા બને. આ દશામાં તે માર્ગથી ચ્યુત થઈ જાય. આનાથી જીવને અમંગળ થાય - શ્રીનારદજી આવી શંકા નહિ કરવા કહે છે. શ્રીહરિના ચરણકમલનું ભજન સર્વ અમંગલ દૂર કરનારું છે. (મંગલ રૂપ નિધાન, સાંવરો મંગલ રૂપ નિધાન) હરિ એટલે જ સર્વ અમંગલોનું હરણ કરનારા - આવા જીવોની રક્ષા પ્રભુ કરે જ છે.

હવે જે સકામ કર્મને જ ધર્મ માને અને આચરણ કરે પરંતુ ભગવાનને ન ભજે એવાને શો મહાન લાભ મળ્યો? એમ નારદજી પૂછે છે અને જવાબ આપે છે કે તેવાઓને કંઈ મહાન લાભ મળતો નથી.

તસ્યૈવ હેતોઃ પ્રયતેત કોવિદો
ન લભ્યતે યદ્ભ્રમતામુપર્યધઃ ।
તલ્લભ્યતે દુઃખવદન્યતઃ સુખં
કાલેન સર્વત્ર ગભીરરંહસા ॥
(૧-૫-૧૮)

ભગવદ્ ભક્તિથી મળતું સુખ ઉપરના સ્વર્ગાદિ લોકોમાં તેમજ નીચેના પાતાલાદિ લોકોમાં ફરવાથી પ્રાપ્ત થતું નથી. જીવ કોઈપણ યોનિમાં હોય છતાં તેને વિષયસુખની પ્રાપ્તિ થાય છે જ. તે ગંભીર વેગવાળા કાળનો પ્રભાવ છે. આ કાળ જીવની ઈચ્છા ન હોય છતાં પણ દુઃખ આપે છે. આ જ રીતે તે કાળ સર્વત્ર વિષય સુખને પણ મેળવી આપે છે. આથી વિચક્ષણ જ્ઞાની પુરુષે તો ભગવદ્ભક્તિના જ સુખનો પ્રયત્ન કરવા જેવો છે. આ સુખ કાલથી ન મળે. પ્રભુના ચરણ કમલોની શરણાગતિ અને સેવાથી મળે.

ન વૈ જનો જાતુ કથઞ્ચનાવ્રજેન્મુકુન્દ-
સેવ્યન્યવદઙ્ગ સંસૃતિમ્ ।
સ્મરન્મુકુન્દાઙ્ઘ્ર્યુપગૂહનં
પુનર્વિહાતુમિચ્છેન્ન રસગ્રહો યતઃ ॥
(૧-૫-૧૯)

શ્રીનારદજી ઉત્તમશ્લોક પ્રભુના ગુણાનુવાદનું સમર્થન કરતાં શ્રીવ્યાસજીને કહે છે કે હે વ્યાસજી! ભગવત્સેવા ન કરનાર મનુષ્ય વિમુખ બને છે. તેવો મનુષ્ય દુર્ગતિને પામે છે. જે મનુષ્યે ભગવાનને સેવ્યા છે તેને તો ભગવત્સેવામાં રસાસ્વાદનો અનુભવ થાય છે. આવો મનુષ્ય વારંવાર ભગવાનના ચરણારવિંદોના આલિંગનનું સ્મરણ કરે છે. મનુષ્ય તેને છોડવાની ઈચ્છા જ કરતો નથી. આવા જીવો માટે ભગવાન પણ મુકુન્દ બની જાય છે અને મુકુન્દને સેવનાર મનુષ્ય કોઈ કાળે, કોઈ પણ રીતે દુર્ગતિને પામતો નથી.

ઈદં હિ વિશ્વં ભગવાનિવેતરો યતો
જગત્સ્થાનનિરોધસંભવાઃ ।
તદ્ધિ સ્વયં વેદ ભવાંસ્તથાપિ વૈ
પ્રાદેશમાત્રં ભવતઃ પ્રદર્શિતમ્ ॥
(૧-૫-૨૦)

ઈદં હિ વિશ્વં ભગવાનિવેતરઃ આ વાક્યમાં ત્રણ પ્રકારના અર્થ સમાયા છે. આ અર્થ પ્રકાર અધિકાર પર આધારિત છે.

(૧) ઉત્તમ અધિકારીની સમજ છે 'ઈદં વિશ્વં હિ ભગવાન્' આ વિશ્વ ભગવાન જ છે. 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' - આ સઘળું બ્રહ્મ જ છે - આવી ભાવનાવાળાને આવી સમજ આવે.

(૨) મધ્યમ અધિકારીની સમજ છે 'ભગવાન્ ઈદં વિશ્વમ્' - આ વિશ્વ ભગવાન જેવું છે. ભગવાન નથી.

(૩) ઈદં વિશ્વં ભગવાન્ ઈતરઃ આ સમજ હીન અધિકારીની છે. તે એમ માને છે કે આ સર્વ વિશ્વ છે. ઈશ્વર અલગ છે.

ખરેખર તો આ વિશ્વ ભગવાનનું જ સ્વરૂપ છે. આમ છતાં ભગવાન વિશ્વથી જુદા પણ છે. તેમનાથી જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નિરોધ થાય છે. શ્રીનારદજી જાણે છે કે વ્યાસજીને પણ આની જાણકારી છે જ તેથી કહે છે કે માત્ર સંકેતરૂપે - દિશાસૂચન રૂપે આ કહું છું -

ત્વમાત્મનાઽઽત્માનમવેહ્યમોઘદૃક્
પરસ્યપુંસઃ પરમાત્મનઃ કલામ્ ।

અજં પ્રજાતં જગતઃ શિવાય
તન્મહાનુભાવાભ્યુદયોડધિગણ્યતામ્ ॥
(૧-૫-૨૧)

વ્યાસજી અમોઘ દૃષ્ટિવાળા છે. તેથી તેઓ જાણે છે કે પોતાનો આત્મા અજન્મા છે. છતાં જગતના કલ્યાણ માટે પરમાત્માના કલાવતારથી તેઓ અવતરેલ છે. આથી જ હવે મહાન પ્રભાવશાળી શ્રીહરિનાં મંગલ ચરિત્રો વર્ણવવા નારદજી કહે છે.

ઈદં હિ પુંસસ્તપસઃ શ્રુતસ્ય વા
સ્વિષ્ટસ્ય સૂક્તસ્યચ બુદ્ધિદત્તયોઃ ।
અવિચ્યુતોડર્થઃ કવિભિર્નિરૂપિતો
યદુત્તમ શ્લોક ગુણાનુવર્ણનમ્ ॥
(૧-૫-૨૨)

મનુષ્ય તપ કરે, શાસ્ત્રનું અધ્યયન કરે, યજ્ઞ-યાગ કરે, ઉત્તમ પ્રવચન કરે, જ્ઞાન મેળવે કે દાન કરે, આ બધાનું અખંડિત ફળ કયું? કવિજનો કહે છે કે ઉત્તમ ચરિત્રવાળા ભગવાનના ગુણોનું વર્ણન જ ફળ છે.

આમ ભગવાનના ગુણાનુવાદનું સમર્થન શ્રીનારદજીએ ૧-૫-૧૫ થી ૧-૫-૨૨ સુધીના શ્લોકોમાં કર્યું છે.

અગાઉના લેખમાં પ્રથમ સ્કન્ધના પાંચમા અધ્યાય (મધ્યમ અધિકારનો બીજો અધ્યાય)માં ૮મા શ્લોક (ભવતા...) થી (ઈદં હિ પુંસઃ) ૨૨ મા શ્લોકનો વિચાર કર્યો.

તે અગાઉના લેખમાં એ પણ જોયું કે આ પાંચમા અધ્યાયના પહેલા સાત શ્લોકો ચોથા અધ્યાયના શેષરૂપ છે.

પાંચમા અધ્યાયમાં કુલ ૪૦ શ્લોક છે. આ પૈકી પહેલા સાત શ્લોક ચોથા અધ્યાયના શેષરૂપ છે. શ્લોક ૯ થી ૨૨ સુધીના પંદર શ્લોકમાં પૈકી સાત શ્લોક (૮ થી ૧૪ શ્લોક)માં નારદજીએ વ્યાસજીના ખેદનું કારણ બતાવ્યું છે અને બાકીના આઠ શ્લોક (૧૫ થી ૨૨ શ્લોક)માં ઉત્તમ શ્લોક પ્રભુના ગુણગાનનું સમર્થન કરી વ્યાસજીના પ્રશ્નોનો ઉત્તર આપ્યો છે.

પાંચમા અધ્યાયના છેલ્લા ૧૮ શ્લોક (શ્લોક ૨૩ થી ૪૦)માં નારદજી પોતાની કરણીનું નિરૂપણ વ્યાસજી આગળ કરે છે. આ શ્લોકનું અવગાહન હવે કરીશું.

અહં પુરાતીતભવેડભવં મુને
દાસ્યાસ્તુ કસ્યાશ્ચન વેદવાદિનામ્ ।
નિરૂપિતો બાલક એવ યોગિનાં
શુશ્રૂષણે પ્રાવૃષિ નિર્વિવિક્ષતામ્ ॥
(૧-૫-૨૩)

નારદજી પોતાના ચરિત્રનું વર્ણન કરે છે. પૂર્વ કલ્પમાં મારા ગત જન્મમાં હું દાસી માતાથી જન્મ્યો હતો. મારી દાસી માતા વેદવાદી ઋષિઓની સેવામાં રહી હતી. ચાતુર્માસમાં આ યોગીઓ એક જ સ્થળે નિવાસ કરતા. તેમની શુશ્રૂષા માટે હું બાલ્યાવસ્થાથી જ જોડાયો.

નારદજી પહેલા દાસીના પુત્ર હતા પછી બ્રહ્માના પુત્ર થયા અને ભગવાનના ભક્તોમાં શ્રેષ્ઠ થયા. આ બધું ભક્તિથી જ થયું છે. શ્રોતામાં જે ગુણો જોઈએ અને જે દોષો દૂર કરવાના છે તે બધા સ્વદૃષ્ટાન્તથી કહ્યા છે.

તે મય્યપેતાખિલચાપલેડર્ભકે
દાન્તેડધૃતક્રીડનકેડનુવર્તિની ।
ચક્રુઃ કૃપાં યદ્યપિ તુલ્યદર્શનાઃ
શુશ્રૂમાણે મુનયોડલ્પભાષિણિ ॥
(૧-૫-૨૪)

આ મુનિવરો સર્વત્ર સમદૃષ્ટિવાળા હતા. નારદજી બાળક છે છતાં સમગ્ર પ્રકારની ચંચલતા ત્યજી દીધી છે. ઈન્દ્રિયોને નિયમમાં રાખી છે. રમકડાંમાં રસ નથી લીધો. મુનિઓની આજ્ઞા મુજબ વર્તન રાખ્યું છે. મિતભાષી અને સેવાપરાયણ રહ્યા છે. મુનિઓએ આ બાલક પર અપાર કૃપા કરી છે.

નારદજીની મા ઋષિના ત્યાં દાસી હતી. ત્યાં સનકાદિ ચાર ઋષિ વર્ષાકાળમાં રોકાયા. બાલ નારદજી તે બધાની સેવામાં નિયુક્ત

થયા. આ રીતે બાલ નારદજીને સત્સંગ મળ્યો. સત્સંગ ભક્તિમાં મુખ્ય સાધન છે.

આ શ્લોકમાં સેવકના અલંકારો બતાવ્યા - (૧) કાર્યદક્ષતા (૨) દીનતા (૩) આજ્ઞાધીનતા (૪) મિતભાષિતા (૫) કાર્યતત્પરતા. સંતના ગુણો ગણાવ્યા - (૧) કૃપાલુતા - કારણ વગર કૃપા કરવી (૨) સમદૃષ્ટિ - જીવના ગુણદોષ તરફ ન જોવું અને સહાય કરવી (૩) પ્રયોજન વિના બોલવું નહીં.

નારદજી પોતાની કરણી શ્રીવ્યાસજીને કહી રહ્યા છે. ગયા લેખમાં તે પૈકી ૨૩ અને ૨૪મો શ્લોક જોયો હતો.

ઉચ્છિષ્ટલેપાદ્યનુમોદિતો દ્વિજૈઃ
સકૃત્સ્મ ભુંજે તદપાસ્તકિલ્બિષઃ ।
એવં પ્રવૃત્તસ્ય વિશુદ્ધચેતસસ્તદ્ધર્મ
એવાત્મરુચિઃ પ્રજાયતે ॥૧-૫-૨૫॥

નારદજી એ મુનિઓની અનુજ્ઞાથી પરમહંસોની પ્રસાદી લેતા, પોતું કરતા, પાત્ર માંજવા વગેરે કાર્યો કરતા. નારદજી એક જ વાર ભોજન કરતા. આ પ્રકારની સેવાથી નારદજી સઘળા પાપ રહિત થયા. રોજ જ આ પ્રકારનું વર્તન કરતા હોવાથી તેઓ વિશુદ્ધ અંતઃકરણવાળા થયા. પરિણામે તેમના મનની અભિરૂચિ પરમેશ્વરની આરાધના-રૂપી ધર્મમાં જ પેદા થઈ.

નારદજીની પ્રવૃત્તિ પોતાના બધા દોષો દૂર કરવા માટેની હતી. આથી બ્રાહ્મણો પણ તેમના ઉપર અનુગ્રહ કરવા લાગ્યા. આમ નિર્દોષતાપૂર્વક સેવા ભક્તિમાં બીજું સાધન છે.

તત્રાન્વહં કૃષ્ણકથાઃ
પ્રગાયતામનુગ્રહેણાશ્રૃણવં મનોહરાઃ ।
તાઃ શ્રદ્ધયા મેઽનુપદં વિશ્રૃણ્વતઃ
પ્રિય શ્રવસ્યઙ્ગ મમાભવદ્રુચિઃ ॥૧-૫-૨૬॥

શ્રીકૃષ્ણકથાઓ મનોરંજન કરનારી છે. મુનિઓ આશ્રમમાં આવી કથાનું ગાન પ્રતિદિન કરતા. તેમના અનુગ્રહથી નારદજી પણ તે કથાઓ

પ્રેમથી શ્રવણ કરતા. કથાના પ્રત્યેક પદ અને પ્રત્યેક અક્ષરનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ બાલ નારદે કર્યું. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણમાં બાલ નારદજીને રુચિ ઉત્પન્ન થઈ

તસ્મિંસ્તદા લબ્ધરુચેર્મહામુને,
પ્રિયશ્રવસ્યસ્ખલિતા મતિર્મમ ।
યયાહમેતત્સદસત્સ્વમાયયા પશ્યે,
મયિ બ્રહ્મણિ કલ્પિતં પરે ॥૧-૫-૨૭॥

નારદજીની બુદ્ધિ હવે ભગવાનમાં સ્થિર થઈ. આથી તેમને લાગ્યું કે તેઓ જગતથી પર બ્રહ્મરૂપ છે. તેઓમાં રહેલા સ્થૂળ શરીર વગેરે માયાએ કલ્પેલાં છે એમ તે જોવા લાગ્યા.

ઈત્થં શરત્પ્રાવૃષિકાવૃતૂંહરેર્વિશ્રૃણ્વતો
મેઽનુસવં યશોઽમલમ્ ।
સંકીર્ત્યમાનં મુનિભિર્મહાત્મભિર્ભક્તિઃ
પ્રવૃતાઽઽત્મરજસ્તમોપહા ॥૧-૫-૨૮॥

આ મહામના મુનિઓ શ્રી હરિનો નિર્મળ યશ સમય અનુસાર ગાતા. શરદ અને વર્ષાઋતુ પર્યંત આ ક્રમ રહ્યો. બાળ નારદજી તે શ્રવણ કરતા હતા. આથી તેમના અંતઃકરણમાં ભગવાન માટે અત્યંત દૃઢ ભક્તિ ઉત્પન્ન થઈ. આ ભક્તિ રજોગુણ તથા તમોગુણનો નાશ કરનારી છે.

તસ્યૈવં મેઽનુરક્તસ્ય પ્રશ્રિતસ્ય હતૈનસઃ ।
શ્રદ્દધાનસ્ય બાલસ્ય દાન્તસ્યાનુચરસ્ય ચ ॥૨૯॥
જ્ઞાનં ગુહ્યતમં યત્તત્સાક્ષાદ્‌ભગવતોદિતમ્ ।
અન્વવોચન્ ગમિષ્યન્તઃ કૃપયા દીનવત્સલાઃ ॥૩૦॥

બાળનારદ ભક્તોમાં અનુરાગવાળા, વિનયી, નિષ્પાપ, શ્રદ્ધાળુ, જિતેન્દ્રિય અને અનુચર બન્યા. આવેલા મહાપુરુષો તો દીનવત્સલ અને જ્ઞાની છે જ. જ્યારે તેઓ એ સ્થળેથી ગયા ત્યારે જતાં જતાં તે બાળનારદજીને અતિશય ગુપ્ત એવું દિવ્યજ્ઞાન આપ્યું. આ જ્ઞાન સાક્ષાત્ ભગવાને ઉપદેશેલું હતું. શાસ્ત્રનો અર્થ સમજાય તે ગુહ્ય જ્ઞાન છે. શાસ્ત્રનું

તત્ત્વ સમજાય તે ગુહ્યતર જ્ઞાન છે. ઈશ્વરના સાક્ષાત્કારથી મળતું જ્ઞાન ગુહ્યતમ જ્ઞાન છે. નારદજીને ગુહ્યતમ જ્ઞાન પ્રાપ્ત થયું છે.

નારદજી પોતાનાં ચરિત્રનું વર્ણન શ્રીવ્યાસજી આગળ કરી રહ્યા છે. તે પૈકીના શ્લોકોનું હવે અવગાહન કરીશું.

યેનૈવાહ ભગવતો વાસુદેવસ્ય વેધસઃ ।
માયાનુભાવમવિદં યેન ગચ્છન્તિ તત્પદમ્ ॥
(૧-૫-૩૧)

નારદજીને ગુહ્યતમ જ્ઞાન પ્રાપ્ત થયું. આ જ્ઞાન ઋષિઓએ નારદજીને કૃપા કરી આપ્યું. આ ઋષિઓ ચાતુર્માસ ગાળવા આશ્રમમાં આવેલા. બાળ નારદની સેવાથી તેઓ પ્રસન્ન થયા તેથી જતાં જતાં ગુહ્યતમ જ્ઞાન આપતા ગયા હતા.

આ ગુહ્યતમ જ્ઞાનથી ભગવાન વાસુદેવની માયાના પ્રભાવને નારદજીએ જાણ્યો. ભગવાન વાસુદેવ જ સર્વના સર્જક છે. આ પ્રકારના જ્ઞાનથી જ પરમપદની પ્રાપ્તિ થાય છે.

એતત્સંસૂચિતં બ્રહ્મસ્તાપત્રયચિકિત્સતમ્ ।
યદીશ્વરે ભગવતિ કર્મ બ્રહ્મણિ ભાવિતમ્ ॥
(૧-૫-૩૨)

નારદજી આ શ્લોકમાં ત્રિવિધ તાપને દૂર કરવાનું સાધન સમજાવે છે. આ સાધન કયું? જવાબ છે ભગવાન ષડ્ઐશ્વર્ય સંપન્ન છે. આથી જે કંઈ કર્મ કરીએ તે આવા ભગવાનમાં યોજી દેવા એજ ત્રિવિધ તાપ દૂર કરનારું સાધન.

વિષ જીવનો પ્રાણ હરે છે. આવા વિષને સારી રીતે શુદ્ધ કરીને અનુપાન સાથે તેનો ઉપયોગ થાય તો તે હવે અમૃતનું કામ કરે છે. આજ રીતે કર્મ તો સંસારને ઉત્પન્ન કરનાર છે તેથી કર્મ ત્યાજ્ય છે. પણ આ જ કર્મ ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવામાં આવે અથવા ભગવત્સેવા માટે કરવામાં આવે તો એ જ કર્મ ફળરૂપ બને.

તાપ ત્રિવિધ છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. આ ત્રણેય તાપો દૂર કરવાનું સાધન એટલે કર્મને પ્રભુમાં યોજી દેવા. દૃષ્ટાંતથી

આ સમજીએ. અડદ કફ કરનાર છે. આથી કફવાળામાં તે કફની વૃદ્ધિ કરશે છતાંય કોઈ યુક્તિથી જો અડદ અપાય તો તે કફને દૂર પણ કરી શકે છે, એટલું જ નહીં તેવા અડદ અન્ય રોગોને પણ મટાડે છે. આ જ રીતે કર્મને પણ ભગવદર્પણ કરવાથી સંસારને મટાડે છે, એટલું જ નહીં પણ ભગવત્કૃપા સંપાદક થાય છે.

આમયો યશ્ચ ભૂતાનાં જાયતે યેન સુવ્રત ।
તદેવહ્યામયં દ્રવ્યં ન પુનાતિ ચિકિત્સિતમ્ ॥
(૧-૫-૩૩)

જે પદાર્થથી પ્રાણીઓને રોગ ઉત્પન્ન થાય છે. તેજ પદાર્થની ચિકિત્સા કરીને ઉપયોગ કરાય તો તે રોગનાશક થઈ જાય છે.

એવં નૃણાં ક્રિયાયોગાઃ સર્વે સંસૃતિહેતવઃ ।
ત એવાત્મવિનાશાય કલ્પન્તે કલ્પિતાઃ પરે ॥
(૧-૫-૩૪)

આ પ્રમાણે મનુષ્યોના બધા કર્મયોગ સંસાર પરંપરા પ્રાપ્ત કરાવનારા છે. પણ આ બધા કર્મો ભગવાનમાં નિષ્કામ ભાવે સમર્પણ કરવામાં આવે તો તે કર્મના ફળરૂપ સંસારનો નાશ કરનારા બને છે.

કર્મ સ્વસ્વરૂપમાં હોય તો જ સંસાર પરંપરા રૂપી આધિભૌતિક તાપ કરી શકે. પણ પ્રભુને અર્પણ કરતાં જ એ જાતે કર્મ જ રહેતું નથી. આથી હવે તે આધિભૌતિક તાપ નહીં કરી શકે. અગ્નિમાં ઘાસ પડે તો તે સ્વરૂપથી જ નષ્ટ થાય છે. તે જ પ્રમાણે ભગવદર્પિત કર્મનું પણ સમજવું. આથી જ સ્વાભાવિક, લૌકિક, સંસાર સર્જક, પૂર્વકૃત કે ભવિષ્યમાં થનાર કર્મોનો વિનિયોગ ઈશ્વરમાં કરાય તો કોઈ કર્મ બંધન કર્તા ન બને.

અગાઉના લેખોમાં આપણે જોયું કે મધ્યમ અધિકારીઓનું પ્રકરણ ૪, ૫ અને ૬ એમ ત્રણ અધ્યાયોનું છે. આ પૈકી ચોથા અધ્યાયમાં વ્યાસજીના ખેદનું નિરૂપણ કર્યું છે. પાંચમાં અધ્યાયમાં નારદજીના ઉત્તરનું અને બાલ્યકાળ વગેરેનું વર્ણન છે. આ વર્ણન વ્યાસજીને ભાગવતની પ્રેરણા માટે યુક્તિરૂપ છે. છઠ્ઠા અધ્યાયમાં નારદજીના ફલનું વર્ણન છે. આ ફલનું વર્ણન

છઠ્ઠા અધ્યાયના તેત્રીસ શ્લોકો સુધી કહ્યું છે. આ શ્લોકોનું હવે ક્રમશઃ અવગાહન કરીશું.

સૂત ઉવાચ :

એવં નિશમ્ય ભગવાન્ દેવર્ષેર્જન્મ કર્મચ ।
ભૂયઃ પપ્રચ્છ તં બ્રહ્મન્વ્યાસ : સત્યવતી સુતઃ ॥
(૧-૬-૧)

સૂતજી શૌનકજીને કહે છે કે દેવર્ષિ નારદજીએ તેમના જન્મ અને કર્મ કહ્યા. સત્યવતીના પુત્ર ભગવાન વ્યાસજીએ તે સાંભળ્યા. ફરીથી વ્યાસજીએ નારદજીને પૂછ્યું.

વ્યાસ ઉવાચ :

ભિક્ષુભિર્વિપ્રવસિતે વિજ્ઞાનાદેષ્ટભિસ્તવ ।
વર્તમોના વયસ્યાદ્યે તતઃ કિમકરોદ્ભવાન્ ॥
(૧-૬-૨)

નારદજી! જ્યારે આપને જ્ઞાનનો ઉપદેશ કરવાવાળા મહાત્માગણ ગયા, પછી આપે શું કર્યું? તે વખતે તો આપની વય ખૂબ નાની હતી.

સ્વાયમ્ભુવ કયા વૃત્ત્યા વર્તિતં તે પરં વયઃ ।
કથં ચેદમુદસ્રાક્ષીઃ કાલે પ્રાપ્તે કલેવરમ્ ॥
(૧-૬-૩)

સ્વાયમ્ભુવ! આપની બાકીની જીદંગી કઈ રીતે વ્યતીત થઈ અને મૃત્યુના સમયે આપે કઈ રીતે આપના શરીરનો પરિત્યાગ કર્યો?

પ્રાક્કલ્પવિષયામેતાં સ્મૃતિં તે સુરસત્તમ ।
હ્યેષ વ્યવધાત્કાલ એષ સર્વનિરાકૃતિઃ ॥
(૧-૬-૪)

દેવર્ષિ ! કાલ તો બધી વસ્તુઓને નષ્ટ કરી દે છે. તે કાલે આપની આ પૂર્વકલ્પની સ્મૃતિનો કઈ રીતે નાશ ન કર્યો?

નારદ ઉવાચ :

ભિક્ષુભિર્વિપ્રવસિતે વિજ્ઞાના-દેષ્ટૃભિર્મમ ।
વર્તમાનો વયસ્યાદ્યે તત એતદકારષમ્ ॥
(૧-૬-૫)

મને જ્ઞાનનો ઉપદેશ કરવાવાળા મહાત્માઓ જ્યારે ચાલી ગયા, ત્યારે મેં આ પ્રકારે મારું જીવન વીતાવ્યું. જોકે તે સમયે મારી ઉંમર ખૂબ નાની હતી.

એકાત્મજા મે જનની યોષિન્મૂઢા ચ કિંકરી ।
મય્યાત્મજેડનન્યગતૌ ચક્રે સ્નેહાનુબંધનમ્ ॥
(૧-૬-૬)

મારી માનો હું એકમાત્ર છોકરો હતો. એક તો તે સ્ત્રી હતી. બીજું મૂઢ હતી અને ત્રીજું તે દાસી હતી. મને પણ તેના સિવાય બીજો સહારો ન હતો. મારી માએ મને સ્નેહપાશમાં જકડી રાખ્યો હતો.

સસ્વતન્ત્રા ન કલ્પાડડસીદ્યોગક્ષેમં મમેચ્છતી ।
ઈશસ્ય હિ વશે લોકો યોષા દારૂમયી યથા ॥
(૧-૬-૭)

તે મારા યોગક્ષેમની ચિંતા તો ખૂબ જ કરતી હતી, પણ તે પરાધીન હોવાથી કશું કરી શકતી નહીં. જેમ કઠપુતલી નચાવવાવાળાની ઈચ્છાથી નાચે છે એમ આ સમગ્ર લોક ઈશ્વરને આધીન છે.

નારદજી વ્યાસજીને કહી રહ્યા છેઃ

અહં ચ તદ્ બહ્મકુલે ઉષિવાં સ્તદપેક્ષયા ।
દિગ્દેશકાલાવ્યુત્પન્નો બાલકઃ પઞ્ચહાયનઃ ॥ (૧-૬-૮)

હું પણ મારી માના સ્નેહસંબંધમાં બંધાઈને તે બ્રાહ્મણના આશ્રમમાં જ રહ્યો. મારી વય માત્ર પાંચ વર્ષની હતી. મને દિશા, દેશ અને કાલ સંબંધી જ્ઞાન ન હતું.

એકદા નિર્ગતાં ગેહાંદુહન્તીં નિશિ ગાં પથિ ।
સર્પોડદશત્પદા સ્પૃષ્ટઃ કૃપણાં કાલ ચોદિતઃ ॥ (૧-૬-૯)

એક દિવસ મારી મા ગાય દોહવા રાત્રિ સમયે ઘરની બહાર ગઈ. રસ્તામાં તેનો પગ સાપને સ્પર્શ્યો. તે સાપે તેને ડંખ દીધો. એ સાપનો શું દોષ? કાલની તે પ્રેરણા હતી.

તદા તદહમીશસ્ય ભક્તાનાં શમભીપ્સતઃ ।
અનુગ્રહં મન્યમાનઃ પ્રતિષ્ઠં દિશમુત્તરામ્ ॥(૧-૬-૧૦)

હું સમજ્યો, ભક્તોનું મંગલ ઈચ્છતા ભગવાનનો આ પણ એક અનુગ્રહ જ છે. ત્યારબાદ હું ઉત્તર દિશામાં ચાલી નીકળ્યો.

સ્ફીતાઞ્જન પદાંસ્તત્ર પુરગ્રામવ્રજાકરાન્ ।
ખેટખર્વટવાટીશ્ચ વનાન્યુપવનાનિ ચ ॥(૧-૬-૧૧)

તે માર્ગમાં મને અનેક ધન ધાન્યથી સંપન્ન દેશ, નગર, ગામ, અહીરોની વસ્તી, ખીણો, ખેતર, અગ્નિહોત્ર કરનાર ખર્વટ, વન-ઉપવન અને

ચિત્રધાતુવિચિત્રાદ્રીનિ ભ ભગ્નભુજદ્રુમાન ।
જલાશયાઞ્છિવજલાન્નલિનીઃ સુરસેવિતાઃ ॥(૧-૬-૧૨)

રંગબેરંગી ધાતુઓવાળા વિચિત્ર પર્વત દેખાયા. ક્યાંક ક્યાંક જંગલી વૃક્ષો હતાં, જેની મોટી મોટી શાખાઓ હાથીઓએ તોડી નાખી હતી. શીતલ જળથી ભરેલા જળાશયો હતાં, જેમાં દેવતાઓને કામમાં આવે તેવાં કમળ હતાં.

ચિત્રસ્વનૈઃપત્ર રથૈ ર્વિભ્રમદ્ભ્રમરશ્રિયઃ ।
ન લવેણુશરસ્તમ્બકુશકીચકગહ્વરમ્ ॥(૧-૬-૧૩)

તે કમળ પર પક્ષીઓ જાતજાતની બોલી બોલતાં હતાં અને ભ્રમરો મંડારાતા હતા. આ બધું જોતો હું આગળ વધ્યો ત્યાં એક જંગલ હતું. તેમાં નેતર, વાંસ, બરૂ અને પોલા વાંસનું ગાઢ જંગલ જોયું.

એક એવાતિયાતોઽહમદ્રાક્ષં વિપિનં મહત્ ।
ઘોરં પ્રતિભયાકારં વ્યાલોલૂકશિવાજિરમ્ ॥(૧-૬-૧૪)

આ જંગલ સર્પો, ઘુવડો અને શિયાળોનું તો ઘર જ હતું. ભયને પણ ભય પમાડે તેવું તે ખતરનાક અને લાંબુ ચોડું હતું.

પરિશ્રાન્તેન્દ્રિયાત્માહં તૃટ્પરીતોબુભૂક્ષિતઃ ।
સ્નાત્વા પીત્વા હ્રદે નદ્યા ઉપસ્પૃષ્ટોગતશ્રમઃ ॥(૧-૬-૧૫)

ચાલતાં ચાલતાં મારું શરીર અને ઈન્દ્રિયો શિથિલ બની. મને ખૂબ તરસ લાગી. ભૂખ્યો તો હતો જ. ત્યાં એક નદી મળી. તેમાં મેં સ્નાન, જલપાન અને આચમન કર્યું. એનાથી મારો થાક દૂર થયો.

નારદજી વ્યાસજીને આગળ કહે છે :

તસ્મિન્નિર્મનુજેઽરણ્યે પિપ્પલોપસ્થ આસ્થિતઃ ।
આત્મનાઽઽત્માનમાત્મસ્થં
યથાશ્રુતમચિન્તયમ્ ॥૧-૬-૧૬॥

તે નિર્જન વનમાં એક પીપળાની નીચે આસન લગાવી હું બેસી ગયો. તે મહાત્માઓ પાસેથી જેવું મેં સાંભળ્યું હતું, હૃદયમાં રહેતા પરમાત્માના તે સ્વરૂપનું હું મનમાં ને મનમાં ધ્યાન કરવા લાગ્યો.

ધ્યાયતશ્ચરણામ્ભોજં ભાવનિર્જિતચેતસા ।
ઔત્કણ્ઠ્યાશ્રુકલાક્ષસ્યહૃદ્યાસીન્મે શનૈર્હરિઃ ॥૧-૬-૧૭॥

પ્રથમ ચરણારવિંદનું ધ્યાન કરતાં જ ચિત્ત ભાવવિવશ થયું, ઉત્કંઠા વધવા લાગી, નેત્રમાં આંસુ ઉભરાઈ આવ્યા અને ધીમે ધીમે મારા હૃદયમાં મને હરિનાં દર્શન થયાં.

પ્રેમાતિભરનિર્ભિન્નપુલકાંગોઽતિ નિર્વૃતઃ ।
આનન્દસમ્પ્લવે લીનો નાપશ્યમુભયં મુને ॥૧-૬-૧૮॥

વ્યાસજી ! તે સમયે ઉત્કટ પ્રેમભાવથી મારું રોમે રોમ પુલકિત થઈ ઉઠ્યું. હૃદય અત્યંત શાન્ત અને શીતલ થઈ ગયું. તે આનન્દના પૂરમાં હું એવો તો ડૂબી ગયો કે મને મારું અને ધ્યેય વસ્તુનું જરા પણ ભાન ન રહ્યું.

રૂપં ભગવતો યત્તન્મનઃ કાન્તં શુચાપહમ્ ।
અપશ્યન્ સહસોત્તસ્થે વૈકલવ્યાદ્દુર્મના ઈવ ॥૧-૬-૧૯॥

ભગવાનનું તે અનિર્વચનીય રૂપ બધા જ શોકનો નાશ કરવાવાળું અને મનને અતિ લોભાવનાર હતું. એકદમ તે સ્વરૂપને ન જોતાં હું ખૂબ વિકલ થયો અને દુઃખી થઈ આસન પર ઉભો થયો.

દિદૃક્ષુસ્તદહં ભૂય: પ્રણિધાય મનોહૃદિ ।
વીક્ષમાણોડપિ નાપશ્યમવિતૃપ્ત ઈવાતુર: ॥૧-૬-૨૦॥

તે સ્વરૂપનું દર્શન ફરી કરવાનું મને મન થયું. મનને હૃદયમાં લગાવી વારંવાર દર્શનની ચેષ્ટા કરી પણ તે સ્વરૂપ હું જોઈ ન શક્યો. હું અતૃપ્તિથી આતુર બની ગયો.

એવં યતન્તં વિજને મામાહાગોચરો ગિરામ્ ।
ગંભીરશ્લક્ષ્ણયા વાચા શુચ: પ્રશમયન્નિવ ॥૧-૬-૨૧॥

આ પ્રકારે નિર્જન વનમાં મને પ્રયત્ન કરતો જોઈ સ્વયં ભગવાને (જે વાણીનો વિષય નથી) ગંભીર અને મધુર વાણીથી મારા શોકને શાંત કરતાં કહ્યું:

હન્તાસ્મિઞ્જન્મનિ ભવાન્ન માં દ્રષ્ટુમિહાર્હતિ ।
અવિપક્વકષાયાણાં દુર્દર્શોડહં
કુયોગિનામ્ ॥૧-૬-૨૨॥

ભગવાને નારદજીને કહ્યું કે મને ખેદ છે કે આ જન્મે તું મારા દર્શન કરી શકીશ નહીં. જેની વાસનાઓ પૂર્ણ રીતે શાંત થઈ ન હોય તેવા અધકચરા યોગીઓને મારાં દર્શન ખૂબ જ દુર્લભ છે.

નારદજીને થયેલ ફલનું વર્ણન છઠ્ઠા અધ્યાયના તેત્રીસ શ્લોકોમાં છે. અત્યાર સુધી આપણે ૨૨ શ્લોકો જોયા. હવે આગળ જોઈએ.

સકૃદ્ યદ્ દર્શિતં રૂપમેતત્કામાય તેડનઘ ।
મત્કામ: શનૈક: સાધુ: સર્વાન્મુઞ્ચતિ હ્યચ્છયાન્ ॥
(૧-૬-૨૩)

નારદજી ભગવાનના સ્વરૂપનું ધ્યાન મનમાં ને મનમાં કરે છે. ધીમે ધીમે તેમના હૃદયમાં પ્રભુ પ્રગટ થાય છે. એ ભગવાન નારદજીને કહે છે કે, હે નિષ્પાપ બાલક તારા હૃદયમાં મને પ્રાપ્ત કરવાની લાલસા જાગૃત કરવા માટે જ મેં એક વાર તને મારા રૂપની ઝાંખી કરાવી છે. મને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો સાધક ધીરેધીરે હૃદયની સંપૂર્ણ વાસનાઓને સારી રીતે ત્યજી દે છે.

સત્સેવયા દીર્ઘયા તે જાતા મયિ દૃઢા મતિ: ।
હિત્વાવદ્યમિમં લોકં ગન્તા મજ્જનતામસિ ॥
(૧-૬-૨૪)

ઓછા કાલની સંતસેવાથી જ તારી ચિત્તવૃત્તિ મારામાં સ્થિર થઈ ગઈ છે. હવે તું આ પ્રાકૃત મલિન શરીરને ત્યજી મારો પાર્ષદ બની જઈશ.

મતિર્મયિ નિજદ્ધ્રેયં ન વિપદ્યેત કર્હિચિત્ ।
પ્રજાસર્ગનિરોધેડપિ સ્મૃતિશ્ચ મદનુગ્રહાત્ ॥
(૧-૬-૨૫)

મને પ્રાપ્ત કરવાનો તારો આ દૃઢ નિર્ધાર ક્યારેય કોઈપણ પ્રકારે નહીં તૂટે. સમસ્ત સૃષ્ટિના પ્રલય પછી પણ મારી કૃપાથી તને મારી સ્મૃતિ કાયમ રહેશે.

એતાવદુક્ત્વો પરરામ તન્મહદ્,
ભૂતંનભોલિંગમલિંગમીશ્વરમ્ ।
અહં ચ તસ્મૈ મહતાં મહીયસે,
શીર્ષ્ણાવનામં વિદધેડનુકમ્પિત: ॥
(૧-૬-૨૬)

આકાશ સમાન અવ્યક્ત, સર્વશક્તિમાન મહાન પરમાત્મા આટલું કહીને ચૂપ થયા. પ્રભુની આ કૃપાનો અનુભવ કરીને મેં તે શ્રેષ્ઠોમાં પણ શ્રેષ્ઠતમ ભગવાનને મસ્તક ઝુકાવી પ્રણામ કર્યા.

નામાન્યનન્તસ્ય હતત્રપ: પઠન્,
ગુહ્યાનિ ભદ્રાણિ કૃતાનિ ચ સ્મરન્ ।
ગાં પર્યટંસ્તુષ્ટમના ગતસ્પૃહ:
કાલં પ્રતીક્ષન્ વિમદો વિમત્સર: ॥
(૧-૬-૨૭)

ત્યારથી હું લજ્જા-સંકોચ છોડીને ભગવાનના અત્યંત રહસ્યમય અને મંગલમય મધુર નામો તથા લીલાઓનું કીર્તન અને સ્મરણ કરવા લાગ્યો. સ્પૃહા અને મદ-મત્સર મારા હૃદયમાંથી પહેલેથી જ નિવૃત્ત થઈ

ગયા હતા, હવે હું આનંદથી કાળની પ્રતીક્ષા કરતો પૃથ્વી પર પર્યટન કરવા લાગ્યો.

એવં કૃષ્ણમતેર્બ્રહ્મન્નસક્તસ્યામલાત્મન: ।
કાલ: પ્રાદુરભૂત્કાલે તડિત્સૌદામની યથા ॥
(૧-૬-૨૮)

નારદજી વ્યાસજીને કહે છે કે આ પ્રકારે ભગવાનની કૃપાથી મારું હૃદય શુદ્ધ થઈ ગયું. આસક્તિ જતી રહી અને હું શ્રીકૃષ્ણ પરાયણ થયો. કેટલાક સમય પછી, જેમ એકાએક વીજળી પડે છે તે જ રીતે મારા સમયે મારું મૃત્યુ આવ્યું.

પ્રયુજ્યમાને મયિ તાં શુદ્ધાં ભાગવતીં તનુમ્ ।
આરબ્ધકર્મનિર્વાણો ન્યપતત્ પાઞ્ચભૌતિક: ॥
(૧-૬-૨૯)

મને શુદ્ધ ભગવત્પાર્ષદ શરીર પ્રાપ્ત થવાનો અવસર આવ્યો. પ્રારબ્ધ કર્મ સમાપ્ત થયા. મારા પંચભૂતના શરીરનો નાશ થઈ ગયો.

દેવર્ષિ નારદજીને જે ફલ પ્રાપ્ત થયું છે, તેનું વર્ણન આપણે જોઈ રહ્યા છીએ. આ વર્ણન પ્રથમ સ્કન્ધના છઠ્ઠા અધ્યાયમાં થયું છે. કુલ તેત્રીસ શ્લોકોમાં આ દર્શાવાયું છે. અત્યાર સુધી ૨૯ શ્લોકો આપણે જોયા છે. હવે આગળ જોઈશું.

કલ્પાન્ત ઈદમાદાય શયાનેડમ્ભસ્યુદન્વત: ।
શિશયિષોરનુપ્રાણં વિવેશેડન્તરહં વિભો: ॥
(૧-૬-૩૦)

જ્યારે કલ્પ (બ્રહ્માજીનો દિવસ)નો અન્ત આવે છે તે સમયે ભગવાન નારાયણ પ્રલયકાલના સમુદ્રના જલમાં શયન કરે છે. આ સમયે ભગવાનના હૃદયમાં શયન કરવાની ઈચ્છાથી બ્રહ્માજી પણ પ્રવેશ કરે છે. બ્રહ્માજી પોતાની સમગ્ર સૃષ્ટિ સાથે ભગવાનના હૃદયમાં પ્રવેશ કરે છે. નારદજી વ્યાસજીને કહે છે કે બ્રહ્માજી જ્યારે ભગવાનના હૃદયમાં સકલ સૃષ્ટિ સાથે પ્રવેશ્યા ત્યારે બ્રહ્માજીના શ્વાસની સાથે હું પણ ભગવાનના હૃદયમાં પ્રવેશ કરી ગયો.

સહસ્રયુગપર્યન્તે ઉત્થાયેદં સિસૃક્ષત: ।
મરીચિમિશ્રા ઋષય: પ્રાણેભ્યોડહં ચ જજ્ઞિરે ॥
(૧-૬-૩૧)

એક હજાર ચતુર્યુગો વીતી ગયા બાદ બ્રહ્માજી જાગ્યા અને એમણે સૃષ્ટિ કરવાની ઈચ્છા કરી. ચતુર્યુગ એટલે સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગના વર્ષોનો સરવાળો. સત્યયુગ = ૪૦૦૦ દેવ વર્ષ. ત્રેતાયુગ = ૩૦૦૦ દેવવર્ષ. દ્વાપરયુગ = ૨૦૦૦ દેવ વર્ષ. કલિયુગ = ૧૦૦૦ દેવવર્ષ. દરેક યુગના આરંભ અને અંતમાં સંધિ કાળ હોય. આના ક્રમશ: ૪૦૦, ૩૦૦, ૨૦૦ અને ૧૦૦ દેવવર્ષ છે. એટલે કે ૧૦૦૦ દેવ વર્ષ. બંને તરફ ગણતાં તે બમણાં એટલે કે ૨૦૦૦ દેવવર્ષ થાય. આમ એક ચતુર્યુગમાં ૪૦૦૦ + ૩૦૦૦ + ૨૦૦૦ + ૧૦૦૦+ ૨૦૦૦ (સંધિ)ના ગણતાં કુલ ૧૨૦૦૦ દેવવર્ષ થયા. આમ બ્રહ્માજી એક હજારવખત આવા ચતુર્યુગો (૧૦૦૦ × ૧૨૦૦૦ દેવવર્ષો) વીત્યા પછી જાગ્યા. જાગ્યા પછી સૃષ્ટિ કરવાની ઈચ્છા કરી. આથી એમની ઈન્દ્રિયોથી મરીચિ વગેરે ઋષિઓ પ્રકટ થયા. અને તેમની સાથે નારદજી પણ પ્રગટ થયા.

અન્તર્બહિશ્ચ લોકાંસ્ત્રીન્ પર્યેમ્યસ્કન્દિતવ્રત: ।
અનુગ્રહાન્મહાવિષ્ણોરવિઘાતગતિ: ક્વચિત્ ॥
(૧-૬-૩૨)

ત્યારથી ભગવાનની કૃપા દ્વારા નારદજી વૈકુંઠ અને ત્રણે લોકમાં બહાર અને અંદર કોઈપણ જાતની રોકટોક વગર વિચરણ કરવા લાગ્યા. નારદજીના જીવનનું વ્રત ભગવદ્ભજન છે. અને ત્યારથી તે અખંડરૂપે ચાલતું રહ્યું છે.

દેવદત્તામિમાં વીણાં સ્વરબ્રહ્મવિભૂષિતામ્ ।
મૂર્ચ્છયિત્વા હરિકથાં ગાયમાનશ્ચરામ્યહમ્ ॥
(૧-૬--૩૩)

ભગવાને નારદજીને વીણા દીધી છે. આ વીણા સ્વરબ્રહ્મથી વિભૂષિત છે. સંગીતના ષડ્જ (સા), રિષભ (રે), ગાન્ધાર (ગ), મધ્યમ (મ), પંચમ

(૫), ધૈવત (ધ) અને નિષાદ્ (નિ) સ્વરો બ્રહ્મવ્યંજક છે. આથી તે બ્રહ્મરૂપ છે. નારદજી આવી વીણા પર તાન છેડીને ભગવાનની લીલાઓનું ગાન કરતા કરતા જગતમાં વિચરે છે.

આમ અહીં નારદજીના ફલને સમજાવતા શ્લોકોની રજૂઆત થઈ. નારદજીને જે ફલ આ રીતે થયું તે આ છઠ્ઠા અધ્યાયના અર્થરૂપ છે. આ સાથે ૭૨ અને ૭૩મી (અરધી) કારિકાનું વિવેચન શ્રીમહાપ્રભુજીની કૃપાથી સંપન્ન થયું. આજે માગશર સુદ ૧૫ છે. આ વિવરણ મારા ગુરુદેવના પુત્ર ગો. શ્રી વ્રજેશકુમારજી (શ્રીકાંકરોલી નરેશ)ના પુત્ર ગો. શ્રી વાગીશકુમારજીના બંને લાલ શ્રીવેદાંત રાજા અને શ્રીસિદ્ધાંતરાજાના ચરણકમલોમાં નિવેદિત કરું છું.

હવે મધ્યમાધિકાર પ્રકરણમાં શ્રોતા અને વક્તાના અધિકારનો નિર્દેશ કરવામાં આવે છે. આ માટેની કારિકાઓ-

તદીયત્વં ચ તત્ત્વં ચ મધ્યમોત્તમયોઃ ફલે।
સત્સંગો જ્ઞાનવિજ્ઞાને કર્મનિર્ણય એવ ચ ॥૭૪॥
ઉક્તસ્યાનુભવાન્તત્વં વર્ણિતં નારદેન હિ ।
શબ્દબ્રહ્મણિ નિષ્ણાતો ન પરસ્નાનતઃ પુરા ॥૭૫॥
ફલં ભવેદિતિ સ્વસ્ય ફલાધ્યાયનિરૂપણમ્ ।
શ્રોતુઃ ફલં નાવતારાદવતારફલં ફલમ્ ॥૭૬॥
તદુક્તમન્યશેષત્વાદુત્તરત્ર ન મધ્યમે ॥૭૬½॥

અર્થ તદીયત્વં.... ફલે - ભગવદીયપણું અને ભગવત્પણું ક્રમશઃ મધ્યમ અને ઉત્તમ પ્રકરણનું ફલ છે.

સત્સંગો... નારદેન હિ = સત્સંગ, જીવસ્વરૂપનું જ્ઞાન, ભગવત્સ્વરૂપનું જ્ઞાન, તે માટે ભગવાનમાં સર્વ કર્મનું અર્પણ કરવું એ કર્મનો નિર્ણય, અને આનો સમાધિમાં અનુભવ આ બધાનું નારદજીએ નિરૂપણ કર્યું.

શબ્દબ્રહ્મણિ... નિરૂપણમ્ = શબ્દબ્રહ્મ અર્થાત્ વેદમાં જ્ઞાનવાળો થાય, પરંતુ જો પરબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્રમાં મગ્ન ન થાય તો ત્યાં સુધી ફલ ન થાય, તેથી પોતાને મળેલા ફલ સંબંધી અધ્યાયનું નિરૂપણ કર્યું.

શ્રોતુઃ... મધ્યમે = શ્રોતા વ્યાસજી અંશાવતાર હોવાથી એમનું તદીયપણું ગણાતું નથી; પરંતુ વક્તા નારદજી પાસેથી શ્રવણ કર્યું, તેથી તદીયપણું અને અવતારનું ફલ વ્યાસજીને સિદ્ધ થયું. ઉત્તમ અધિકારીને માટે શ્રીભાગવતનું નિર્માણ કર્યાની કથા ઉત્તમ પ્રકરણમાં કહી છે. મધ્યમ પ્રકરણમાં નથી કહી.

વિવેચન : શ્રીભાગવતનો પ્રથમ સ્કન્ધ અધિકાર લીલાનો છે. દેશકાળ પ્રમાણે આ સ્કન્ધના ત્રણ પ્રકરણો છે. (૧) હીન અધિકાર (૨) મધ્યમ અધિકાર (૩) ઉત્તમ અધિકાર. આ અધિકારો શ્રોતા અને વક્તાના છે. હીન અધિકારમાં શ્રોતા તરીકે શોનકાદિ ઋષિઓ છે. વક્તા તરીકે સૂતજી છે. આ બાબત અગાઉની લેખમાળામાં આપણે જોઈ છે.

આ લેખથી મધ્યમઅધિકારવાળા શ્રોતા અને વક્તા વિષે વિચારીશું. અહીં શ્રોતા તરીકે શ્રીવ્યાસજી છે. વક્તા તરીકે શ્રીનારદજી છે. મધ્યમ પ્રકરણના ત્રણ અધ્યાયો છે. ચોથો, પાંચમો અને છઠ્ઠો. મધ્યમ પ્રકરણમાં ભગવદીયપણું (તદીયપણું) એ ફલ છે. જ્યારે ઉત્તમ અધિકાર વિષે અવગાહન કરીશું ત્યારે જોઈશું કે ઉત્તમ પ્રકરણમાં ભગવત્પણું (તાદશી) એ ફલ છે.

મધ્યમ અધિકારમાં ભગવદીયપણું એ ફલ છે. તે આ પ્રકારનું છે. (૧) ભગવાન પોતાના કાર્ય માટે આરંભથી જ કાંઈક (કોઈકને ભગવદીય) કરે છે. અહીં તે ભગવદીયને સાધન કરવાની જરૂર રહેતી નથી. (૨) બીજા જનો સાધનો કરી ભગવદીયપણું પ્રાપ્ત કરે છે. ચોથા અને પાંચમા અધ્યાયમાં વ્યાસજીનું ભગવદીયપણું દર્શાવ્યું છે. અને પાંચમા અને છઠ્ઠા અધ્યાયમાં નારદજીનું ભગવદીયપણું દર્શાવ્યું છે.

મધ્યમ પ્રકરણમાં વ્યાસજીને અને નારદજીને અનુક્રમે શ્રોતા અને વક્તાના અધિકાર પ્રાપ્ત થયાનું જણાવ્યું છે. શ્રીવ્યાસજીએ વેદોના વિભાગ કર્યા. મહાભારતની રચના કરી. ''ભારત'' (મહાભારતમાં) શ્રીવ્યાસજીએ સૌ લોકોને લૌકિક તથા એલૌકિક કલ્યાણ મળે તે માટે આખ્યાન કર્યું છે. કારણ કે વેદમાં સૌનો અધિકાર નથી. જેને યજ્ઞોપવીત મળ્યું હોય તેનો જ અધિકાર છે. આથી જેને યજ્ઞોપવીત સંસ્કાર નથી મળ્યા એનાથી ગાયત્રી

ન બોલાય. વેદના મંત્રો પણ ન બોલાય. સ્ત્રીને પતિ દ્વારા યજ્ઞમાં વેદ સંબંધ છે. આ રીતે બ્રાહ્મણ વગેરેના સેવકો (શુદ્રો સહિત) ને પણ મંત્ર શ્રવણ મળે છે. પરંતુ સ્વતંત્ર રીતે સ્ત્રી, શુદ્ર, પતિત, સંસ્કારરહિત બ્રાહ્મણ વગેરેને શ્રુતિ શ્રવણનો અધિકાર નથી. આ બધા માટે શ્રીવ્યાસજીએ ''ભારત'' રચ્યું છે. મહાભારતમાં વેદના અર્થને પ્રકટ કર્યો છે.

શ્રીવ્યાસજીએ એક વેદના ચાર ભાગ કર્યા. યજ્ઞમાં ચાર ઋત્વિજોની જરૂર પડે. (૧) હોતા (૨) અધ્વર્યુ (૩) ઉદ્‌ગાતા અને (૪) બ્રહ્મા. આ ચારેયના કાર્યો અલગ છે. વેદના ચાર ભાગો (૧) ઋગ્વેદ (૨) યજુર્વેદ (૩) સામવેદ અને (૪) અથર્વવેદ છે. ઋગ્વેદથી હોતા, યજુર્વેદથી અધ્વર્યુ, સામવેદથી ઉદ્‌ગાતા અને અથર્વવેદથી બ્રહ્મા કામ કરે છે.

શ્રીવ્યાસજીએ વ્રત કર્યા છે. અગ્નિ, ગુરુ વગેરેને માન પણ આપ્યું છે. તેમની આજ્ઞાનું પાલન કર્યું છે. ઉપર જણાવ્યા પ્રમાણે પરોપકાર ધર્મ પણ કર્યો છે. તેમનામાં બ્રહ્મતેજ પણ છે. છતાંય તેમને શાંતિ મળતી નથી. પ્રસન્નતા પ્રાપ્ત થતી નથી. આ કારણે વ્યાસજીને ખેદ થયો. વ્યાસજીનો આ ખેદ જ તે ભગવદીય છે તેવું દર્શાવે છે. કારણ કે ખેદ કરાવનારા પણ ભગવાન જ છે. જે ભગવદીય હોય છે તેને ભગવાન ખેદ કરાવે છે. ભગવાનથી જે ઉદાસીન હોય તેને ભગવાન આ રીતે ખેદ કરાવતા નથી. ચોથા અધ્યાયના ૨૦ મા શ્લોકથી ૩૨ મા શ્લોકમાં વ્યાસજીની આ ખિન્નતાનું વર્ણન જોવા મળે છે. આ શ્લોકોનો ટૂંક સાર ઉપરના ફકરાઓમાં લખ્યો છે.

શ્રીનારદજીએ બીજાં સાધનો કરી ભગવદીયપણું પ્રાપ્ત કર્યું છે. અને આ સાધનોનો વૃત્તાંત કહ્યો છે. પ્રથમ સાધન સત્સંગ છે. પાંચમા અધ્યાયના શ્લોકો ૨૩ થી ૩૨ સુધીમાં સત્સંગરૂપ સાધનનું વર્ણન છે. શરૂઆતના લેખોમાં આ શ્લોકોનું ભાષાંતર રજૂ કર્યું છે. (તે જોવા વિનંતી) ત્યાર બાદ છઠ્ઠા અધ્યાયમાં બીજું સાધન જીવસ્વરૂપનું જ્ઞાન, તે પછી ત્રીજું સાધન ભગવત્સ્વરૂપનું જ્ઞાન, પછી ચોથું સાધન કર્મનો નિર્ણય અને તે પછી પ્રભુસાક્ષાત્કાર કહેવામાં આવ્યો છે. આમાં કર્મ નિર્ણય એ જ કે કર્મોનું ભગવાનમાં સમર્પણ કરવું.

વ્યાસજી તો ભગવાનની જ્ઞાન કલાનો સંપૂર્ણ અવતાર છે. આથી તેઓ ભગવદીય હતા જ છતાં નારદજીના ઉપદેશનું શ્રવણ કર્યા પછી જ તેમને ભગવદીયપણાની પ્રાપ્તિ થઈ છે. વ્યાસજી અવતાર હોવા છતાં શ્રોતા તરીકેનું ફલ આમ શ્રવણ પછી મળ્યું છે. પ્રશ્ન એ થાય છે કે વ્યાસજીને ફલ મળ્યું તો શ્રીભાગવતનું નિર્માણ આ પ્રકરણમાં કેમ નહીં. એનું કારણ એ જ કે ભાગવત રચના ઉત્તમ અધિકાર માટે છે. નારદજીના કહેવાથી વ્યાસજીને ફલ છે તેથી આ પ્રકરણમાં ભાગવત નિર્માણ ન કહે તો વાંધો નથી.

આ પ્રકરણ અહીં મધ્યમ જ કેમ કહેવાય? તેના જવાબમાં નીચેની કારિકાઓ કહે છે.

પ્રતિબન્ધનિવૃત્તિશ્ચ સાધના ચરણં તથા ॥૭૭॥
રાગાભાવાત્ ફૂલં કૃષ્ણવાક્યાન્મધ્યમમીરિતમ્ ।
દુઃખાભાવાત્ સ્વતન્ત્રવાદ્ ભયાભાવારસ સંસૃતેઃ ॥૭૮॥
ફલત્વં સ્ફુરણં ચાપિ સર્વદાવાન્તરં ફલમ્ ।
અર્થઃ પ્રતિબન્ધનિવૃત્તિશ્ચ... કૃષ્ણ વાક્યાન્મધ્યમમીરિતમ્

પ્રતિબંધનું નિવારણ, સાધનનું આચરણ, રાગનો અભાવ થવાથી ભગવદીયપણા રૂપ ફલ નારદજીને છે. નારદજીને કૃષ્ણવાક્યથી (આકાશવાણી) મધ્યમ ફલરૂપ ભગવદીયપણું મળ્યું છે.

દુઃખાભાવાત્..... ફલમ્ - આના લીધે દુઃખનો અભાવ હોવાથી, સ્વતન્ત્રપણું અને ભયનો અભાવ હોવાથી સંસૃતિનું ફલપણું અને સદાપ્રભુનું હૃદયમાં સ્ફુરણ એવું અવાન્તર ફલ છે.

વિવેચન : શ્રી ભાગવતની રચના હવે થનારા ઉત્તમ અધિકારીઓ (પરીક્ષિતજી શ્રોતા તરીકે અને શ્રીશુકદેવજી વક્તા તરીકે) માટે છે. આ પ્રકરણમાં વ્યાસજી તથા નારદજી મધ્યમઅધિકારી છે તેવું સિદ્ધ નીચે મુજબ થઈ શકે છે.

(૧) વ્યાસજીને અન્ય સાધનો (ભગવાનના ગુણગાન સિવાય)માં આસક્તિ હતી. તે ભગવદીયપણામાં બાધા કરનારી હતી. નારદજીના ઉપદેશથી તે દૂર થઈ.

નારદજીને તેમનાં માતા ભગવદીયપણું પ્રાપ્ત કરવામાં અડચણરૂપ હતાં. માતાને સર્પદંશ થતાં આ અડચણ દૂર થઈ.

(૨) વ્યાસજીએ નારદજીની પૂજા વગેરે સાધનો કર્યાં. નારદજીએ સનકાદિનું સેવન વગેરે સાધનો કર્યાં.

(૩) વ્યાસજીને નારદજીના ઉપદેશ પછી બીજા સાધનોનો આગ્રહ ન રહ્યો. પોતાની ખામીઓ જણાવવા નારદજીને વિનંતી કરી. પ્રથમ સ્કંધના પાંચમાં અધ્યાયના સાતમા શ્લોકમાં આ વર્ણન છે. (અગાઉના લેખમાં ભાષાંતર જોવા વિનંતી). નારદજીને જગતમાંથી પ્રીતિ નિવૃત્ત થઈ ગઈ છે. આ જ રાગનો અભાવ. શ્રીમહાપ્રભુજીએ 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં આજ્ઞા કરી છે - 'સ્નેહાદ્ રાગ વિનાશ: સ્યાદાસક્ત્યા સ્યાદ્ગૃહારૂચિ:'

આમા ત્રણ કારણોથી વ્યાસજીને અને નારદજીને ભગવદીયપણું છે. અહીં એક એવી શંકા થાય કે નારદજી તો દેવર્ષિ હતા. તે ભગવદીય કેવી રીતે હોઈ શકે? તો તેનો જવાબ એ કે ભગવાને આકાશવાણીથી તેમને કહેલું કે 'તું મારો સેવક થઈશ' (૧-૬-૨૩). આમ ભગવાનના વચનથી તે ભગવદીય છે. આથી ભગવદીયપણા રૂપ મધ્યમ ફલ પ્રાપ્ત થયું. ત્યાર પછી નારદજીનો પુનર્જન્મ થયો (૧-૬-૨૯ થી ૧-૬-૩૧). આ જન્મમાં પણ તેઓ મધ્યમઅધિકારી જ રહ્યા, કારણ કે આ જન્મે સંસારમાં આવતાં તેમને દુ:ખ થયું નથી. તેઓ પરતંત્ર નથી થયા. સ્વતંત્ર રહ્યા છે. (૧-૬-૩૨) સંસાર કે તેના વિષયોનો ભય નારદજીને ન હતો (૧-૬-૩૩). તેમને સદાય ભગવાનનાં દર્શન પણ થતાં હતાં. આમ નારદજી ભગવદીય છે. ભગવાનમાં તેમને પ્રેમ છે. આથી જ નારદજીનો પુનર્જન્મ છે, છતાંય તેમનો અધિકાર મધ્યમ ફલરૂપ જ છે.

મધ્યમ અધિકારીઓ શ્રીવ્યાસજી અને નારદજી છે. અગાઉના લેખમાં જોયું કે નારદજીને સાધનની અપેક્ષા હતી. વ્યાસજીને તે નથી. આમ કેમ? તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

નાત્મવત્કરણં યુક્તં બોધનં પ્રીણનાદ્ધરે: ॥૭૯॥
અવિશ્વાસાત્ સ્વકથનં વારિતં નારદેન વૈ ।
સત્યં તદિતિ વિજ્ઞાનાત્ સ્તુતિસ્તસ્યાત્રપૂરણમ્ ॥૮૦॥

અર્થ : નાત્મવત્કરણં ... પ્રીણનાદ્ધરે: - નારદજીને જે રીતે સંન્યાસીઓ પાસેથી બોધન થયું તે પ્રમાણે વ્યાસજીને કરવાનું ન હતું, કારણ કે હરિ ભગવાનની વ્યાસજી ઉપર પ્રીતિ હતી.

અવિશ્વાસાત્... સ્તુતિસ્તસ્યાત્રપૂરણમ્ - અવિશ્વાસને લીધે નારદજીએ ભાગવત કહેવાનું બંધ રાખ્યું. નારદજીએ જે કહ્યું 'તે સાચું' એવું વિશેષજ્ઞાન થતાં સૂતજીએ નારદજીનાં વખાણ કર્યાં. આ રીતે આ મધ્યમ પ્રકરણ પૂર્ણ થાય છે.

વિવેચન : નારદજીને સંન્યાસી સાધુઓએ જ્ઞાનનો બોધ કર્યો છે. નામાન્યનન્તસ્ય (૧-૬-૨૬) પ્રમાણે ભગવાનના નામ અને લીલાનાં ગાન કર્યા છે. વ્યાસજીને તે જરૂર નથી. કારણ તે ભગવાનની પૂર્ણ જ્ઞાનકલાના અવતાર છે અને ભગવાનની પ્રીતિ વ્યાસજી પર છે.

એક પ્રશ્ન એ થાય કે નારદજીએ વ્યાસજીને પરંપરાથી પ્રાપ્ત થયેલું ભાગવત કેમ ન કહ્યું? તેના બે કારણો મહાનુભાવો કહે છે. એક તો શ્રીભાગવતની પરંપરા તે સમયે લોકમાં પ્રસિદ્ધ ન હતી. આથી તે વિષયમાં સર્વની સંમતિ ન હતી. બીજું એ કે શરૂઆતમાં વ્યાસજીને નારદ ઉપર વિશ્વાસ ન હતો. આથી સૂત પરંપરાથી શ્રી ભાગવત શૌનકને સંભળાવ્યું તે પ્રમાણે નારદજીએ 'બ્રહ્માના ધામમાં હું જે શ્રીભાગવત્ ભણ્યો તે હું તમને કહું છું' એવું વ્યાસજીને નથી કહ્યું પણ 'સમાધિ વડે પ્રભુલીલાનું સ્મરણ કરો' (૧-૫-૧૩) આવું કહ્યું.

સૂતજીને તો શ્રીભાગવત શ્રીવ્યાસની સમાધિ પછી પ્રાપ્ત થયું છે આથી નારદજી એ વ્યાસજીને જે કહ્યું, છે તે બધું સાચું છે તેવું તેમને માલૂમ પડ્યું. આથી જ (૧-૬-૩૮) શ્લોકમાં સૂતજીએ નારદજીનાં વખાણ કર્યાં. નારદજીનું કહેલું સૂતજીને ગળે ઉતરી ગયું. આથી સૂતજીએ નારદજીની સ્તુતિ પણ કરી.

વ્યાસજીનો વિચાર કરીએ તો વ્યાસજી તો સૂતજી પહેલા થયા છે. વ્યાસજીની સમાધિ બાદ શ્રીભાગવતજી થયેલાં આથી વ્યાસજીને સમાધિ પછી જ શ્રીભાગવતજી જોતાં નારદજીના વાક્યમાં વિશ્વાસ થયો. જો

સમાધિ પહેલાં નારદજીના વાક્યમાં વિશ્વાસ હોત તો નારદજી જેવા બોલતા બંધ થયા કે તરત વ્યાસજીએ નારદજીનાં વખાણ કર્યાં હોત. વળી વ્યાસજીને અન્યમાં આસક્તિ છે અને શિષ્યો પણ છે. આથી ખરેખર તે પ્રથમ (હીન) અધિકારમાં આવવા જોઈએ. પણ તેમ નથી કારણ કે વ્યાસજીએ(૧-૫-૬) પ્રમાણે નારદજીનું સ્તવન કર્યું છે. નારદજીનાં સ્વરૂપનું જ્ઞાન પણ પ્રથમ થયું છે આથી જ 'નારદજીમાં વિશેષ ઉત્કર્ષવાળું જ્ઞાન છે' તેવું વ્યાસજી જાણે છે. આથી શૌનકજીની જેમ તેમનો (હીન) પ્રથમ અધિકાર ન કહેવાયો.

આ જ રીતે પરીક્ષિતજીને શુકદેવજીના વાક્યમાં જેવો વિશ્વાસ છે તેવો વિશ્વાસ વ્યાસજીને પ્રથમમાં નારદજીના વાક્યમાં નથી. આથી વ્યાસજી ઉત્તમ અધિકારી પણ ન કહેવાય.

આમ મધ્યમ અધિકાર સિદ્ધ થાય છે અને આ પ્રકરણ, (મધ્યમ અધિકાર અધ્યાય ૪-૫-૬) અહીં સંપન્ન થાય છે.

આ પ્રકરણનું લેખન પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ચિમનલાલજી મહારાજશ્રી (ગોકુલ)ના ચરણારવિંદોમાં નિવેદિત કરું છું.

અગાઉ મધ્યમ અધિકાર પ્રકરણનો વિચાર કર્યો. કુલ ૧૩॥ કારિકાઓમાં તે વર્ણન છે. (કારિકા ૬૭॥ થી કારિકા ૮૦ સુધી). હવે ત્રીજા ઉત્તમ અધિકાર પ્રકરણનો વિચાર કરીશું. આનું વર્ણન કારિકા ૮૧ થી ૧૩૩ સુધી કુલ ત્રેપન કારિકાઓમાં થયું છે.

ઉત્તમ અધિકાર પ્રકરણની શરૂઆત સાતમા અધ્યાયથી થાય છે. અહીં પ્રથમ શ્લોકમાં શૌનકજીએ સૂતજીને પ્રશ્ન કર્યો છે.

નિર્ગતે નારદે સૂત ભગવાન બાદરાયણ: ।
શ્રુતવાંસ્તદભિપ્રેતં તત: કિમકરોદ્વિભુ: ॥ (૧-૭-૧)

હે સૂતજી, વ્યાસ ભગવાને નારદજીનો અભિપ્રાય સાંભળ્યો. નારદજી ત્યાંથી પધારી ગયા. નારદજીના ગયા પછી શ્રીવ્યાસજીએ શું કર્યું?

આ પ્રશ્નના અનુસંધાનમાં નીચે મુજબ કારિકાઓ છે.

ઉપોદ્‌ઘાતો ગ્રન્થમાત્રે પ્રશ્ન એકસ્તત: કૃત: ।
વક્તુશ્ચાપિ પૃથક્પ્રશ્ન: ફલસિદ્ધેસ્તુ પૂર્વવત્ ॥૮૧॥

અર્થ : નારદજીના ગયા બાદ વ્યાસજીએ શું કર્યું? તેનો જવાબ કે વ્યાસજીએ શ્રીભાગવત સંહિતા કરી. આથી આ ગ્રંથમાં ઉપોદ્ઘાત થયો. આમ શૌનકજીના પ્રથમ પ્રશ્નનો આ ઉત્તર થયો. બીજો પ્રશ્ન કર્યો. આ પ્રશ્ન આ ત્રીજા પ્રકરણના વક્તા સંબંધી છે. આ બંને પ્રશ્નો પરસ્પર સંકળાયેલ છે. બીજો પ્રશ્ન પ્રથમના અનુવાદરૂપ છે. શ્રી શુકદેવજીને મુક્તિરૂપ ફળ સિદ્ધ થયું તેવું બતાવ્યું છે.

માહાત્મ્યં સર્વનિર્ધારો યસ્માદત્રૈવ વર્ણિત: ।
શ્રુતિમાત્રાત્તતો ભક્તિરવિશ્વાસાન્નરાગિણ: ॥૮૨॥

અર્થ : અહીં શ્રીભાગવતમાં ભગવાનનું માહાત્મ્ય અને સન્દેહના નિવારણ માટે સર્વ વસ્તુના નિર્ણયનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સાંભળવા માત્રથી ભક્તિ થાય છે. પણ અવિશ્વાસ હોવાથી જે રાગી છે તેને તો ભક્તિ થતી નથી.

ફલે સિદ્ધઽપિ સેવ્યેયં વિષયેત્કર્ષત: કૃતે: ।
અત અવૈષ્યવિજ્ઞાનાદાત્મજ્ઞાપન સૂચનમ્ ॥૮૩॥

અર્થ : ભક્તિરૂપ ફલ સિદ્ધ થાય છે છતાં પણ શ્રી ભાગવતનો વિષય ઉત્તમ છે. વ્યાસજીની આ સર્વોત્કૃષ્ટ કૃતિ છે. તેથી આ કૃતિનું અવશ્ય સેવન કરવાનું છે.

નારદજીએ આગળ કહ્યું છે 'ભગવાનના ગુણ શ્રવણાદિકમાં પ્રવૃત્ત થાય તેને ભગવત્પ્રીતિ થાય.' શ્રીભાગવતજી ઉત્તમ કૃતિ છે તેનું જ્ઞાન કરાવવા જ આ વાત નારદજીએ કહી છે.

વિવેચન : આ લેખની શરૂઆતમાં જ આપણે જોયું કે શૌનકજીએ સૂતજીને પ્રશ્ન કર્યો કે 'શ્રીવ્યાસજીએ શું કર્યું? ત્યારે સૂતજીએ શ્લોક ૨ થી ૮ સુધીમાં જવાબો આપ્યા છે. આમાં ગ્રંથની ઉત્પત્તિ સંબંધી ઉત્તરો છે. હવે શ્લોક ૨ થી ૮ સુધી આપણે જોઈએ.

બ્રહ્મનદ્યાં સરસ્વત્યામાશ્રમ: પશ્ચિમેતટે ।
શમ્યાપ્રાસ ઈતિ પ્રોક્ત ઋષીણાં સત્રવર્ધન: ॥૧-૭-૨॥

અર્થ : બ્રહ્મ નદી સરસ્વતીના પશ્ચિમ તટે શમ્યાપ્રાસ નામનો આ આશ્રમ છે. ત્યાં ઋષિઓના યજ્ઞો ચાલતા રહે છે.

નારદજીના ગયા પછી વ્યાસજીએ શું કર્યું? તેવા શૌનકજીના પ્રશ્નનો જવાબ સૂતજી આપી રહ્યા છે.

તસ્મિન્ સ્વ આશ્રમે વ્યાસો બદરીષણ્ડમણ્ડિતે ।
આસીનોઽપ ઉપસ્પૃશ્ય
પ્રણિદધ્યૌ મનઃ સ્વયમ્ ॥૧-૭-૩॥

ત્યાં વ્યાસજીનો પોતાનો આશ્રમ છે. આ આશ્રમની ચારે બાજુ બોરના સુંદર વનો છે. આશ્રમ તેનાથી શોભી રહ્યો છે. આ આશ્રમમાં બેસીને વ્યાસજીએ આચમન કર્યું અને (ભગવાનની જેવી ઈચ્છા હશે તે પ્રમાણે પ્રેરણા કરશે એમ વિચારી) મનને સ્થિર કર્યું.

ભક્તિયોગેન મનસિ સમ્યક્ પ્રણિહિતેઽમલે ।
અપશ્યત્પુરુષં પૂર્વં માયાં ચ તદયાશ્રયામ્ ॥૧-૭-૪॥

નારદજીએ કહેલા ભક્તિયોગથી મનને પૂર્ણતયા એકાગ્ર અને નિર્મળ કરીને સમાધિ કરી. તેમાં આદિપુરુષ ભગવાન અને તેમના આશ્રયે રહેલી માયાને જોઈ.

યયા સમ્મોહિતો જીવ આત્માનં ત્રિગુણાત્મકમ્ ।
પરોઽપિ મનુતેઽનર્થં તત્કૃતં ચાભિપદ્યતે ॥૧-૭-૫॥

જીવ તો ત્રણેય ગુણોથી અતીત છે. પણ આ માયાથી મોહિત થઈ જીવ પોતાને ત્રિગુણાત્મક માની લે છે. અને આ માન્યતાને લીધે જન્મ-મરણ રૂપ અનર્થને પ્રાપ્ત કરે છે.

અનર્થોપશમં સાક્ષાદ્ભક્તિયોગમધોક્ષજે ।
લોકસ્યાજાનતો વિદ્વાંશ્ચક્રે સાત્વતસંહિતામ્ ॥૧-૭-૬॥

આ અનર્થોને દૂર કરનારું સાક્ષાત્ સાધન છે અધોક્ષ જ ભગવાનમાં ભક્તિયોગ. સંસારના જીવો આ સાધન નથી જાણતા તેથી તેમને જણાવવા માટે શ્રીભાગવત સંહિતાની રચના કરી.

યસ્યાં વૈ શ્રૂયમાણાયાં કૃષ્ણે પરમપુરુષે ।
ભક્તિરુત્પદ્યતે પુંસઃ શોકમોહભયા પહા ॥૧-૭-૭॥

આ સંહિતાના શ્રવણમાત્રથી પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણમાં પરમપ્રેમમયી ભક્તિ ઉત્પન્ન થાય છે. આ ભક્તિ જીવનો શોક, મોહ અને ભયને દૂર કરે છે.

સ સંહિતાં ભાગવતીં કૃત્વાનુક્રમ્ય ચાત્મજમ્ ।
શુકમધ્યાપયામાસ નિવૃત્તિનિરતં મુનિઃ ॥૧-૭-૮॥

આ ભાગવત સંહિતા રચી, એને પૂર્વાપર અનુક્રમ આપી સ્વપુત્ર શુકદેવજીને ભણાવી. શુકદેવજી નિવૃત્તિને શ્રેષ્ઠ માનનારા છે.

આમ શ્લોક ૨ થી ૮ સુધીમાં શ્રીભાગવતગ્રન્થની ઉત્પત્તિ કહી. હવે વક્તા શુકદેવજી સંબંધી બીજો પ્રશ્ન શૌનકજીએ સૂતજીને કર્યો.

સ વૈ નિવૃત્તિનિરતઃ સર્વત્રોપેક્ષકો મુનિઃ ।
કસ્ય વા બૃહતિમેતાત્મારામઃ સમભ્યસત્ ॥૧-૭-૯॥

શુકદેવજી તો નિવૃત્તિ પરાયણ છે. એમને કોઈ વસ્તુની અપેક્ષા નથી. આત્મામાં રમણ કરનારા છે. આવા શુકમુનિ એ વિશાળ ગ્રંથનું અધ્યયન કેમ કર્યું?

ઉત્તમ અધિકાર પ્રકરણમાં શુકદેવજી વક્તા છે. તેમના સંબંધી પ્રશ્ન શૌનકજીએ કર્યો છે, જે ગયા લેખના અંતે જોયું. હવે તેનો પ્રત્યુત્તર સૂતજી શ્લોક ૧૦ થી આપી રહ્યા છે.

અગાઉના લેખમાં (૧-૭-૭) જોયું કે શ્રીભાગવતના શ્રવણ માત્રથી ભક્તિ ઉત્પન્ન થાય છે. અહીં એક પ્રશ્ન થાય કે આજકાલ આમ કેમ નથી બનતું? આનો જવાબ છે અવિશ્વાસ. સાંપ્રત આધુનિક જીવોને શ્રીભાગવતમાં કહેલા વિષયમાં વિશ્વાસ નથી. તેઓને તો સંસાર સંબંધી સ્ત્રી, પુત્ર, ધન વગેરે વિષયોમાં પ્રેમ છે. આથી શ્રીભાગવતમાં વિશ્વાસ થતો નથી. આ જીવો અવિશ્વાસી છે. રાગી છે. જેને વિશ્વાસ છે. રાગરહિત છે તેમને જ શ્રવણ માત્રથી ભક્તિ ઉત્પન્ન થાય. બીજાને નહીં. આ જ વાત સૂતજી શ્લોક ૧૦ અને ૧૧માં નિર્ધારિત કરે છે. આ બે શ્લોકો આપણે જોઈએ.

આત્મારામાશ્ચ મુનયો નિર્ગ્રન્થા અપ્યુરુક્રમે ।
કુર્વન્ત્યહૈતુકીં ભકિત-મિત્થમ્ભૂતગુણો હરિઃ
॥૧-૭-૧૦॥

સૂતજી કહે છે કે આત્મામાં રમનાર, મનન કરનાર અને અહંતા મમતાની ગ્રંથિ ધરાવનાર ભક્તો પણ ઉરુક્રમ ભગવાનની અલૌકિક નિષ્કામ ભક્તિ કરતા જ રહે છે, કારણકે હરિના ગુણો જ એવા છે કે જે પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વભાવવાળા ભક્તોને આનંદ આપી પોતાની તરફ ખેંચી લે છે.

હરેર્ગુણાક્ષિપ્તમતિર્ભગવાન્ બાદરાયણઃ ।
અધ્યગાન્મહદાખ્યાનં નિત્યં વિષ્ણુજનપ્રિયઃ
॥૧-૭-૧૧॥

શુકદેવજી તો ભગવદ્ ભક્તોને અત્યંત પ્રિય છે. સ્વયં ભગવાન વેદવ્યાસના પુત્ર છે. ભગવાનના ગુણોએ એમના હૃદયને પોતાની તરફ ખેંચી લીધું અને તેઓ આ મોટું આખ્યાન ભણ્યા.

પ્રવૃત્તિમાં પડેલા અને સંસારની ધમાલમાં મચ્યા રહેલાઓને પણ ભક્તિની પ્રાપ્તિ થાય તેવો આ ગ્રંથ છે. કારણકે પ્રવૃત્તિમય અને વિષય લાલસામાં રાચનારા ઊંચા વિષયમાં પ્રવૃત્તિ કરે છે. ઉત્તમ વિષય પ્રાપ્ત થાય તે માટે હલકા વિષયોનો ત્યાગ કરે છે. આથી વિષયી લોકો પણ આનું શ્રવણ કરે તે માટે શ્રીભાગવતને મોક્ષનું સાધન કહ્યું નથી પણ એમ કહ્યું કે મુક્ત જીવો પણ આ શ્રીભાગવતનું શ્રવણ કરવાની પ્રવૃત્તિ કરે છે. વિષય જો સુંદર અને ઊંચા પ્રકારનો હોય તો લોકો તેને પસંદ કરે જ છે. આ કૃતિ અતિ સુંદર છે આથી શ્રીભાગવતના શ્રવણ વગેરે માટે જે પ્રવૃત્તિ કરે છે તેને તેમાં દૃઢ વિશ્વાસ થાય છે. આમ અહીં એવું સિદ્ધ થાય છે કે વ્યાસજીએ ફલ પ્રાપ્ત કરાય તેવું શ્રીભાગવત નારદજીના ઉપદેશથી રચેલું છે. આમ અહીં સાતમા અધ્યાયના અગિયાર શ્લોકોનો અર્થ બતાવ્યો. હવે પછી પ્રવૃત્તિના સંબંધવાળો ઉત્તર વિસ્તારથી કહેશે.

સાંપ્રત સમયમાં શ્રીભાગવત શ્રવણ માટે સુંદર આયોજનો થઈ (ક્રમશઃ) રહ્યાં છે. કથાકારો પણ સિદ્ધાંતો તથા ભાવપક્ષથી શ્રીમહાપ્રભુજીની વાણીનું પાન કરાવી જ રહ્યા છે પણ ઉપર મુજબ, જે શ્રોતાઓને વિશ્વાસ છે તેમને તો શ્રીભાગવત શ્રવણ તરત ફલિત થાય છે જ. દેખાદેખી કે વહેવાર સાચવનારા કે અવિશ્વાસુઓને ભક્તિ ન થાય તે પણ દેખાઈ રહ્યું છે.

વકતા શુકદેવજી સંબંધી નિરાકરણ આગળની કારિકાઓમાં (કારિકા ૮૧ થી ૮૩) કર્યું છે. હવે શ્રોતા પરીક્ષિતજીના જન્મ વગેરે કહેવા જોઈએ, એવું કેટલાક માને છે. આ ન્યાયે સાતમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મ વગેરે વિશે કહેવું જોઈએ, પણ પરીક્ષિતની આ કથા તો છેક બારમા અધ્યાયમાં કહી છે.

સાતમા અધ્યાયમાં નારદ પ્રેરણાથી વ્યાસજીનું સમાધિમાં ભાગવતદર્શન, અશ્વત્થામાએ કરેલો સૂતેલા દ્રૌપદીપુત્રોનો વધ, મૂંઝાયેલા અર્જુનની કૃષ્ણ શરણાગતિ અને અશ્વત્થામાનો પરાભવ આટલી કથા છે.

આઠમા અધ્યાયમાં અપમાનિત અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી દુઃખી ઉત્તરાની કૃષ્ણ શરણાગતિ, ગર્ભસ્થ પરીક્ષિતની રક્ષા, ઉપકાર કૃષ્ણજ્ઞાનથી કુન્તીસ્તુતિ અને યુધિષ્ઠિર સંતાપની કથા છે.

નવમા અધ્યાયમાં યુધિષ્ઠિરને ભીષ્મોપદેશ અને ભીષ્મસ્તુતિ છે. દસમા અધ્યાયમાં પાંડવોનું સુખ, સૌની પ્રભુપરાયણતા અને કૃષ્ણનું દ્વારકા પ્રસ્થાન કહેવામાં આવ્યું છે.

અગિયારમા અધ્યાયમાં કૃષ્ણના દ્વારકાગમનથી ઉત્સવ અને ભક્તસુખની કથા છે.

બારમા અધ્યાયમાં કૃષ્ણરક્ષિત પરીક્ષિતનો જન્મોત્સવ આવે છે.

આમ ઉપરના પાંચ અધ્યાયો પરીક્ષિતના જન્મના અંગ તરીકે ગણાવ્યા છે. તેની પાછળ બે મતો છે. (૧) અન્યનો મત (૨) સ્વમત (શ્રીમહાપ્રભુજીનો મત)

અન્ય મત માટે નીચેની ૮૪મી કારિકા છે.

સ્વપરપ્રતિબન્ધોનં સ્ફીતં રાજ્યં જહૌ નૃપઃ ।
ઈતિ વૈરાગ્યદાર્ઢયોકત્યૈ પ્રોક્તા દ્રૌણિજ્યા દયઃ ॥૮૪॥
ઈતિ કેચિદિહ પ્રાહુઃ

અર્થ : અહીં કેટલાક કહે છે કે પોતાના તેમજ પારકાના વાંધા સિવાયનું ઉજજવલ રાજ્ય રાજાએ છોડ્યું. આ પ્રમાણે વૈરાગ્ય દ્દઢ કરવા માટે વચ્ચે દ્રોણપુત્ર અશ્વત્થામા ઉપરનો જય વગેરે અધ્યાયો (અંગો) કહેલા છે.

વિવેચન : ઉપર અધ્યાય ૭ થી અધ્યાય ૧૨ સુધીના વિષયોની સમજ આપી છે. કેટલાક લોકો અધ્યાય ૭ થી ૧૧ સુધી એ પાંચ અધ્યાયો વૈરાગ્ય જણાવનારા છે એમ કહે છે. પરીક્ષિત માટે યુધિષ્ઠિર વગેરે પોતાના છે. ભીષ્મ વગેરે પારકા છે. પરીક્ષિતે પ્રાયોપવેશ વ્રત લીધું અર્થાત્ મરણ પર્યંત ઉપવાસ આદર્યા. પરીક્ષિતનો આ વૈરાગ્ય છે. જો પરીક્ષિતના પોતાના અને પારકા હયાત હોત તો પરીક્ષિત રાજા બની ન શકે. આવા સંજોગોમાં પરીક્ષિતનો વૈરાગ્ય ઉત્તમ ન ગણાત. પણ આપણે જાણીએ છીએ કે પ્રભુકૃપાથી પરીક્ષિતને ઘણું સમૃદ્ધ રાજ્ય પ્રાપ્ત થયું હતું વળી તેમાં અંતરાય રૂપ બને તેવા સગાં તથા શત્રુઓ રહ્યા ન હતા. આ પરિસ્થિતિમાં પણ પરીક્ષિતનો વૈરાગ્ય સામાન્ય ન બનતાં ઉત્તમ પ્રકારના ઉત્કર્ષવાળો છે. આમ ભગવત્કૃપાથી ઉજજવલત્વ, સ્વત્વ, પરત્વ પણ સાધી શકાયું.

શ્રોતા પરીક્ષિતજીના જન્મ પહેલાં પાંચ અધ્યાયો છે. તેનું કારણ અન્ય મત પ્રમાણે ૮૪ અને ૮૫$\frac{૧}{૨}$મી કારિકામાં જોયું. હવે આ મતમાં જે કહ્યું તે યોગ્ય નથી તેવું નીચેની કારિકાઓથી સમજાવે છે.

નૈતત્ સાધુતરં વચઃ ।
દ્રૌણેર્જયે ન સોઽસ્ત્યેવ ન દાતુઃ પ્રતિબન્ધતા ॥૮૫॥
ન ચ કૃષ્ણકથા યુક્તા સ્તુતિર્મોહકથાપિ વા ।
પ્રતિબન્ધસ્તુ સમ્પ્રાપ્તે તસ્માદષ્ટકથા મુધા ॥૮૬॥

અર્થ : આગળ કહેલું વચન યોગ્ય નથી, કારણ કે અશ્વત્થામા ઉપરના વિજયમાં વૈરાગ્યનો ઉત્કર્ષ સિદ્ધ થતો નથી જ. યુધિષ્ઠિર રાજ્ય આપનાર છે. તે માનો કે હોય તો પણ એ પ્રતિબંધ રૂપ નથી. આ જ રીતે શ્રીકૃષ્ણકથા, કૃષ્ણ સ્તુતિ અને યુધિષ્ઠિરને મોહ થયો એ કથા પણ બંધ બેસતી નથી. આથી અધ્યાય ૧૨ થી ૧૯ સુધીની કથાનું મહત્ત્વ જ ન રહે. ફોગટ જાય.

વિવેચન : અશ્વત્થામા ઉપર અર્જુને વિજય મેળવ્યો. આ કથા સાતમા અધ્યાયના શ્લોક ૧૭ થી ૫૬ સુધીમાં છે. આ વખતે પરીક્ષિતનો જન્મ નથી થયો. હવે આ શ્લોકોને ક્રમશઃ જોઈશું.

ઈતિ પ્રિયાં વલ્ગુવિચિત્ર જલ્પૈઃ
સ સાન્ત્વયિત્વાચ્યુતમિત્ર સૂતઃ ।
અન્વાદ્રવર્દંશિત ઉગ્રધન્વા
કપિધ્વજો ગુરુપુત્રંરથેન ॥૧-૭-૧૭॥

અર્જુને સુંદર અને કંઈક બડાઈવાળાં વાક્યોથી દ્રૌપદીને શાન્ત કરી. ભગવાન જેના મિત્ર તથા સારથિ છે તેવો અર્જુન બખ્તર ધારણ કરી, મોટું ધનુષ લઈ અને રથમાં સવાર થઈ ગુરુપુત્રની પાછળ પડ્યો.

તમાપતન્તં સ વિલક્ષ્ય દૂરાત્
કુમારહોદ્વિગ્નમના રથેન ।
પરાદ્રવત્પ્રાણપરીપ્સુરુર્વ્યાં
યાવદ્ગમં રુદ્રભયાદ્યથાર્કઃ ॥૧૮॥

બાળકોને મારનાર અશ્વત્થામાએ દૂરથી તેની પાછળ આવતાં અર્જુનને રથમાં જોયો. આ સાથે જ ઉદ્વિગ્ન ચિત્તથી પોતાના પ્રાણ બચાવવા પૃથ્વી પર દોડ્યો. અશ્વત્થામાની આ દોટને રુદ્રના ભયથી દોડેલા સૂર્ય સાથે સરખાવી છે.

યદાશરણમાત્માનમૈક્ષત શ્રાન્તવાજિનમ્ ।
અસ્ત્રં બ્રહ્મશિરો મેને આત્મત્રાણં દ્વિજાત્મજઃ ॥૧૯॥

અશ્વત્થામાએ જોયું કે હવે રક્ષા કરનાર બીજો નથી અને ઘોડા પણ થાકી ગયા છે. ત્યારે આત્મરક્ષણ માટે કેવળ બ્રહ્માસ્ત્ર જ છેલ્લો ઉપાય છે તેમ નક્કી કર્યું.

અથોપસ્પૃશ્ય સલિલં સંદધેતત્સમાહિતઃ ।
અજાનન્નુપસંહારં પ્રાણકૃચ્છ્ર ઉપસ્થિતે ॥૨૦॥

અશ્વત્થામાને બ્રહ્માસ્ત્ર પાછું વાળવાની વિધિની ખબર ન હતી. છતાંય પ્રાણ સંકટમાં જોઈને તેણે આચમન કર્યું અને ધ્યાનસ્થ થઈ બ્રહ્માસ્ત્રનું સંધાન કર્યું.

તતઃ પ્રાદુષ્કૃતં તેજઃ પ્રચંડં સર્વતોદિશમ્ ।
પ્રાણાપદમભિપ્રેક્ષ્ય વિષ્ણું જિષ્ણુરુવાચ હ ॥૨૧॥

બાણ છૂટતાં સર્વદિશામાં પ્રચંડ તેજ દેખાણું. અર્જુનને આ આપત્તિ બાધા રૂપ લાગી આથી તે ભગવાનને કહેવા લાગ્યો.

અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રને જોઈને અર્જુન કૃષ્ણને કહેવા લાગ્યો :

કૃષ્ણકૃષ્ણમહાબાહો ભક્તાનામભયંકર,
ત્વમેકોદહ્યમાનાનામપવર્ગોઽસિ સંસૃતેઃ ॥૨૨॥

હે કૃષ્ણ, આપની ક્રિયાશક્તિ અનંત છે. બીજાઓને ભય ઉપસ્થિત થાય તે પછી તેમનું પાલન આપ કરો છો. પણ ભક્તોની પાસે તો ભયને આપ ફરકવા દેતા નથી. તેમને ભયમુક્ત જ રાખો છો. આપથી બહિર્મુખ લોકો બળતા જ રહે છે. જન્મમરણ રૂપી સંસારની મોટી આગમાંથી ઉગારનાર આપ જ છો.

ત્વમાદ્યઃ પુરુષઃ સાક્ષાદીશ્વરઃ પ્રકૃતેઃ પરઃ ।
માયાં વ્યુદસ્યચિચ્છક્ત્યા કૈવલ્યે
સ્થિત આત્મનિ ॥૨૩॥

તમે આદ્યપુરુષ છો. સાક્ષાત્ ઈશ્વર છો, પ્રકૃતિથી પર છો. આપની ચિત્ શક્તિથી માયાને દૂર કરી કેવળ આત્મામાં સ્થિતિ કરો છો.

સ એવ જીવ લોકસ્ય માયા મોહિતચેતસઃ ।
વિધત્સે સ્વેન વીર્યેણ શ્રેયો ધર્માદિલક્ષણમ્ ॥૨૪॥

માયાથી જીવોના ચિત્ત મોહ પામ્યા છે. આવા લોકોના ધર્મ રૂપ કલ્યાણ આપ સ્વપરાક્રમથી કરી આપો છો.

તથાયં ચાવતારસ્તે ભુવો ભારજિહીર્ષયા ।
સ્વાનાં ચાનન્યભાવાનામનુધ્યાનાય ચાસકૃત્ ॥૨૫॥

આપનો અવતાર પૃથ્વીનો ભાર ઓછો કરવાની ઈચ્છાથી અને અનન્ય ભાવવાળા ભક્તો આપનું નિરંતર સ્મરણ અને ધ્યાન કરી શકે તે માટે છે.

કિમિદંસ્વિત્કુતો વેતિ દેવદેવ ન વેદ્મ્યહમ્ ।
સર્વતોમુખમાયાતિ તેજઃ પરમદારુણમ્ ॥૨૬॥

હે કૃષ્ણ, આપ તો દેવોના કાર્ય સિદ્ધ કરનારા છો. આ પરમ દારુણ તેજ ક્યાંથી ચોતરફ આવે છે અને એ શું છે? એ હું કાંઈ જાણતો નથી.

શ્રીભગવાન અર્જુનને કહે છે :

વેત્થેદં દ્રોણપુત્રસ્ય બ્રાહ્મમસ્ત્રં પ્રદર્શિતમ્ ।
નૈવાસૌ વેદસંહારં પ્રાણબાધ ઉપસ્થિતે ॥૨૭॥

તું જાણે છે કે દ્રોણના પુત્ર અશ્વત્થામાનું આ બ્રહ્માસ્ત્ર છે. એ બ્રહ્માસ્ત્રને પાછું ખેંચવાની કળા જાણતો નથી. પ્રાણ સંકટ આવેલું જોઈ એણે આ બ્રહ્માસ્ત્ર છોડી મૂક્યું છે.

ન હ્યસ્યાન્યતમં કિંચિદસ્ત્રં પ્રત્યવકર્શનમ્ ।
જહ્યસ્ત્રતેજ ઉન્નમસ્ત્રાજ્ઞો હ્યસ્ત્રતેજસા ॥૨૮॥

બ્રહ્માસ્ત્રનું નિવારણ કરનાર બીજું કોઈ અસ્ત્ર નથી. તું અસ્ત્ર વિદ્યા જાણે છે. આથી બ્રહ્માસ્ત્ર વડે વધેલા આ બ્રહ્માસ્ત્રને શાંત કર.

સૂતજી પ્રસંગનું આગળ વર્ણન કરતાં શૌનકજીને કહે છે.

શ્રુત્વા ભગવતા પ્રોક્તં ફાલ્ગુનઃ પરવીરહા ।
સ્પૃષ્ટ્વાપસ્તં પરિક્રમ્ય બ્રાહ્મં બ્રાહ્માય સંદધે ॥૨૯॥

અર્જુન શત્રુઓના વીરોને મારવા સમર્થ છે. તેણે ભગવાનનું કથન સાંભળ્યું. આચમન કર્યું. પ્રભુની પરિક્રમા કરી, બ્રહ્માસ્ત્રના નિવારણ માટે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો.

સંહત્યાન્યોન્યમુભયોસ્તેજસી શરસંવૃતે ।
આવૃત્ય રોદસી ખં ચ વવૃધાતેઽર્કવહ્નિવત્ ॥૩૦॥

બાણોથી વીંટળાયેલા તે બંને બ્રહ્માસ્ત્રોનું તેજ પ્રલયકાલીન સૂર્ય અને અગ્નિ સમાન પરસ્પર ટકરાઈ પૂરા આકાશ અને દિશાઓમાં ફેલાઈ ગયું અને વધવા લાગ્યું.

દૃષ્ટ્વાસ્ત્રતેજસ્તુ તયોર્ત્રીંલ્લોકાન્ પ્રદહન્મહત્ ।
દહ્યમાનાઃ પ્રજાઃ સર્વાઃ સાંવર્તકમમંસત ॥૩૧॥

આ બંને અસ્ત્રોની વધતી લપેટો ત્રણે લોકને બાળનારી હતી. આથી પ્રજા બળવા લાગી. એને જોઈ બધા એવું સમજ્યા કે પ્રલયકાળનો આ સાંવર્તક અગ્નિ છે.

અર્જુને અશ્વત્થામા પર વિજય મેળવ્યો તેનું વર્ણન ચાલી રહ્યું છે.

પ્રજોપપ્લવમાલક્ષ્ય લોકવ્યતિકરં ચ તમ્ ।
મતં ચ વાસુદેવસ્ય સંજહારાર્જુનો દ્વયમ્ ॥૩૨॥

તે આગથી પ્રજા અને લોકોનો નાશ થતો અર્જુને જોયો. ભગવાનની આજ્ઞા લઈ તે બંને તેજને શાંત કર્યાં.

તત આસાદ્ય તરસા દારુણં ગૌતમી સુતમ્ ।
બબન્ધામર્ષતા મ્રાક્ષ:પશુંરશનયા યથા ॥૩૩॥

પછી તરત ક્રૂર અશ્વત્થામાને પકડી, લાલ નેત્રવાળા અર્જુને જેમ પશુને દોરડાથી બાંધે તેમ તેને બાધ્યો.

શિબિરાયનિનીષન્તં દામ્ના બદ્ધ્વા રિપું બલાત્ ।
પ્રાહાર્જુનં પ્રકુપિતો ભગવાનમ્બુજેક્ષણઃ ॥૩૪॥

શત્રુને દોરડાથી બાંધીને અર્જુન જબરજસ્તીથી તેને સેનાના પડાવ તરફ લઈ જતો હતો. આ જોઈને કમળનેત્ર ભગવાન કુપિત થયા અને કહ્યું.

મૈનં પાર્થાર્હસિત્રાતું બ્રહ્મબન્ધુમિમં જહિ ।
યોઽસાવના ગસઃ સુપ્તાનવધીન્નિશિબાલકાન્ ॥૩૫॥

ભગવાને અર્જુનને કહ્યું હે પાર્થ, આ બ્રાહ્મણોમાં અધમ છે. તે રક્ષણ કરવા યોગ્ય નથી.એણે રાતમાં સૂતેલા નિરપરાધી બાળકોને માર્યા છે. એને તો મારી જ નાખ.

મતં પ્રમત્તમુન્મત્તં સુપ્તં બાલં સ્ત્રિયં જડમ્ ।
પ્રપન્નં વિરથં ભીતં ન રિપુંહન્તિ ધર્મવિત્ ॥૩૬॥

જે મદિરા પીધેલો હોય, ભૂતના આવેશવાળો હોય, સૂતેલો, બાળક, સ્ત્રી, જડ, શરણે આવેલો, રથ વગરનો અને ભયવાળો શત્રુ હોય તેને ધર્મ જાણનાર મારતો નથી.

સ્વપ્રાણાન્ યઃ પરપ્રાણૈઃ પ્રપુષ્ણાત્યઘૃણઃ ખલઃ ।
તદ્વધસ્તસ્ય હિશ્રેયો યદ્દોષાદ્યાત્યધઃ પુમાન્ ॥૩૭॥

બીજાના પ્રાણને લઈને જે પોતાના પ્રાણને પોષે છે તેવાને મારવો એ એનું ભલુ કરવા જેવું છે. કારણ એવો માણસ એ દોષથી અધમ નરકોટિમાં જાય છે. આવાને મારવાથી તે પાપ કરતો બચે છે. એમાં એનું કલ્યાણ છે. આમ એને મારવો ધર્મરૂપ છે.

પતિશ્રુતં ચ ભવતા પાંચાલ્યૈ શ્રૃણ્વતો મમ્ ।
આહરિષ્યે શિરસ્તસ્ય યસ્તે માનિનિ પુત્રહા ॥૩૮॥

મારા સાંભળતાં તેં દ્રૌપદીને કહ્યું છે ‘હે માનિની, તારા પુત્રને મારનારનું મસ્તક ઉતારી તારી પાસે લાવીશ.’

તદસૌ વધ્યતાં પાપ આવતાય્યાત્મબંધુહા ।
ભર્તુશ્વ વિપ્રિયં વીર કૃતવાન્ કુલ પાંસનઃ ॥૩૯॥

તે કુલના કલંકરૂપ છે. તેણે તારા પુત્રોનો વધ કર્યો છે. અને તેના સ્વામી દુર્યોધનને પણ દુઃખી કર્યો છે. આથી તેને મારી નાખ. સૂતજી હવે શૌનકજીને કહે છે.

એવં પરીક્ષતા ધર્મંપાર્થઃ કૃષ્ણેન ચો દિતઃ ।
નૈચ્છદ્ધન્તું ગુરુસુતં યદ્યપ્યાત્મહનં મહાન્ ॥૪૦॥

શ્રીકૃષ્ણે અર્જુનની પરીક્ષા કરવા આ પ્રકારે એને પ્રેરણા કરી. પણ અર્જુન મહાન હૃદયવાળો છે. અશ્વત્થામાએ તેના પુત્રોની હત્યા કરી હતી છતાં અર્જુનના મનમાં ગુરુપુત્રને મારવાની ઈચ્છા ન થઈ.

અથોપેત્ય સ્વશિબિરં ગોવિન્દપ્રિય સારથિઃ ।
ન્યવેદયત્તં પ્રિયાયૈ શોચન્ત્યા આત્મજાન્ હતાન્ ॥૪૧॥

ત્યારબાદ પોતાના મિત્ર અને સારથિ શ્રીકૃષ્ણની સાથે તે પોતાની યુદ્ધ છાવણીમાં પહોચ્યો. પોતાના મૃત્યુ પામેલા પુત્રોનો શોક કરતી દ્રૌપદીને અશ્વત્થામા સોંપી દીધો.

તથાઽહતં પશુવત્ પાશબદ્ધમવાઙ્મુખં કર્મજુગુપ્સિતેન।
નિરીક્ષ્ય કૃષ્ણાય કૃતં ગુરોઃ
સુતં વામસ્વભાવા કૃપયા નનામ ચ ॥૪૨॥

દ્રૌપદીએ જોયું કે અશ્વત્થામાને પશુની જેમ બાંધીને લાવવામાં આવ્યો છે. નિંદિત કાર્ય કરવાથી તેનું મોં નીચે ઝૂકેલું છે. અનિષ્ટ કરવાવાળા ગુરુપુત્રને આ પ્રકારે અપમાનિત જોઈને દ્રૌપદીનું હૃદય કૃપાથી ભરાઈ ગયું. તેણે અશ્વત્થામાને નમસ્કાર કર્યા.

ગુરૂપુત્ર અશ્વત્થામાને પશુની જેમ બાંધીને અર્જુન તેને દ્રૌપદી પાસે લાવ્યો છે. દ્રૌપદીથી આ સહન ન થયું અને તેણે કહ્યું.-

ઉવાચ ચાસહન્ત્યસ્ય બંધનાનયનં સતી ।
મુચ્યતાં મુચ્યતામેષ બ્રાહ્મણો નિતરાં ગુરુઃ ॥૪૩॥

દ્રૌપદીએ કહ્યું: આને છોડી દો, છોડી દો. એ બ્રાહ્મણ છે. આપણા માટે અત્યંત પૂજનીય છે.

સરહસ્યો ધનુર્વેદઃ સવિસર્ગોપ સંયમઃ ।
અસ્ત્રગ્રામશ્ચ ભવતા શિક્ષિતો યદનુગ્રહાત્ ॥૪૪॥

કેમ કે રહસ્ય સહિત ધનુર્વેદ તમે જેની પાસે ભણ્યા છો કે જેમાં અસ્ત્રો ફેંકવાના અને પાછાં ખેંચી લેવાના પ્રકાર આવી જાય છે તથા બધી જાતના અસ્ત્રો તમે જેના અનુગ્રહથી શીખ્યા છો,

સ એષ ભગવાન દ્રોણઃ પ્રજા રૂપેણ વર્તતે ।
તસ્યાત્મનોऽર્ધપત્ન્યા સ્તે નાન્વગાદ્વીરસૂઃ કૃપી ॥૪૫॥

તે જ ભગવાન દ્રોણાચાર્ય પુત્રરૂપે આ છે. આ દ્રોણના અર્ધાંગિની કૃપી છે. પોતાના વીર પુત્રની મમતાના લીધે તે પોતાના પતિ પાછળ બળી મુઆ નથી.

તદ્ ધર્મજ્ઞ મહાભાગ ભવદ્ભિર્ગૌરવં કુલમ્ ।
વૃજિનં નાર્હતિ પ્રાપ્તં પૂજયં વન્દ્યમભીક્ષ્ણશઃ ॥૪૬॥

હે મહાભાગ્યવાન્ આર્યપુત્ર! તમે તો ખૂબ ધર્મજ્ઞ છો. જે ગુરૂવંશની નિત્ય પૂજા અને વંદના કરવી જોઈએ. તેને દુઃખ પહોંચાડવાનું કાર્ય યોગ્ય નથી.

મા રોદીદસ્ય જનની ગૌતમી પતિદેવતા ।
યથાહં મૃતવત્સાऽऽર્તા રોદિમ્યશ્રુમુખી મુહુઃ ॥૪૭॥

બાળકોના મરવાથી હું જેમ દુઃખી થઈ રડી રહી છું, મારી આંખોમાંથી

વારંવાર આંસુ નીકળ્યા કરે છે. તે રીતે તેની માતા ગૌતમી, જે પતિવ્રતા છે તે ન રડે.

યૈઃ કોપિતં બ્રહ્મકુલં રાજન્યૈરજિતાત્મભિઃ ।
તત્ કુલં પ્રદહત્યાશુ સાનુબંધં શુચાર્પિતમ્ ॥૪૮॥

ઈન્દ્રિયોને નહિ જીતનારા જે રાજાઓ બ્રાહ્મણના કુળને કોપવાળું કરે છે, તે સમગ્ર કુળ બ્રાહ્મણના કોપથી શોકયુકત થઈ નાશ પામે છે. હવે સુતજી શૌનકજીને કહે છે.

ધર્મ્યં ન્યાય્યં સકરુણંનિર્વ્યલીકં સમંમહત્ ।
રાજા ધર્મ સુતો રાજ્ઞ્યાઃ પ્રત્યનન્દદ્વચો દ્વિજાઃ ॥૪૯॥

હે બ્રાહ્મણો! દ્રૌપદીની વાત ધર્મ અને ન્યાયને અનુકૂલ હતી. તેમાં કપટ ન હતું. કરુણા અને સમતા હતી. આથી રાજા યુધિષ્ઠિરે દ્રૌપદીનાં આ શ્રેષ્ઠ વચનો આવકાર્યાં.

નકુલઃ સહદેવશ્વ યુયુધાનો ધનંજયઃ ।
ભગવાન દેવકીપુત્રો યે ચાન્યે યાશ્ચ યોષિતઃ ॥૫૦॥

નકુલ, સહદેવ, સાત્યકિ, અર્જુન, શ્રીકૃષ્ણ અને ત્યાં ઉપસ્થિત સર્વેએ દ્રૌપદીની વાતનું સમર્થન કર્યું.

તત્રાહામમર્ષિતો ભીમસ્તસ્ય શ્રેયાન્ વધઃ સ્મૃતઃ ।
ન ભર્તુર્નાત્મનશ્ચાર્થેયોऽહન્
સુપ્તાન્ શિશૂન્વૃથા ॥૫૧॥

તે સમયે ભીમે ક્રોધ કરીને કહ્યું , સુતેલા બાળકોને ન તો પોતાના માટે કે પોતાના સ્વામી માટે જેણે માર્યા છે તેનો તો વધ જ ઉત્તમ છે.

નિશમ્ય ભીમગદિતં દ્રૌપદ્યાશ્ચ ચતુર્ભુજઃ ।
આલોકય વદનં સખ્યુરિદમાહ હસન્નિવ ॥૫૨॥

ભીમનું આમ કહેવું થયું. દ્રૌપદીનું તેથી જુદું જ બોલવું થયું, ત્યારે ચતુર્ભુજ ભગવાન અર્જુનની તરફ જોઈને હસતા હસતા બોલ્યા.

બ્રહ્મબંધુર્ન હન્તવ્ય આતતાયી વધાર્હણઃ ।
મયૈવોભયમામ્નાતં પરિપાહ્યનું શાસનમ્ ॥૫૩॥

પતિત બ્રાહ્મણનો વધ ન થાય અને આતતાયીને મારી નાખવો જોઈએ - શાસ્ત્રોમાં મેં જ આ બંને વાતો કહી છે. આથી મારી બંને આજ્ઞાઓનું પાલન કર.

કુરુ પ્રતિશ્રુતં સત્યં યત્તત્સાન્ત્વયતા પ્રિયામ્ ।
પ્રિયં ચ ભીમસેનસ્ય પાંચાલ્યા મહ્યમેવ ચ ।।૫૪।।

તેં દ્રૌપદીને સાંત્વના આપતાં જે પ્રતિજ્ઞા કરી હતી તેને પણ સત્ય કર. સાથે ભીમસેન, દ્રૌપદી અને મને જે પ્રિય છે તે પણ કર.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા પણ કહ્યું અને પ્રભુને પ્રિય હોય તે કરવા પણ કહ્યું. હવે અર્જુને શું કર્યું? તે સૂતજી કહી રહ્યા છે.

અર્જુન : સહસાઽઽજ્ઞાય હરેર્હાર્દમથાસિના ।
મણિં જહારમૂર્ધન્યં દ્વિજસ્ય સહમૂર્ધજમ્ ।।૫૫।।

ભગવાનના અભિપ્રાયને અર્જુન તરત સમજી ગયો અને તલવાર લઈ બ્રાહ્મણના માથામાં જે મણિ હતો તે શિખાની સાથે કાઢી લીધો.

વિમુચ્ય રશનાબદ્ધં બાલહત્યાહતપ્રભમ્ ।
તેજસા મણિના હીનં શિબિરાન્નિરયાપયત્ ।।૫૬।।

દોરડાથી કરેલું તેનું બંધન છોડી નાખ્યું. બાળકોની હત્યાથી તે શ્રીહીન તો બની જ ગયો હતો. હવે તેની શિખામાંથી મણિ લઈ લેતા તે નિસ્તેજ બન્યો તેને મુકામમાંથી કાઢી મૂક્યો.

અગાઉના લેખમાં આપણે વિચારતા હતા કે સાતમાથી બારમા સુધીના અધ્યાયો પરીક્ષિતનો વૈરાગ્ય જણાવનારા છે. આ મતનું નિરસન શ્રીમહાપ્રભુજી એ રીતે કરે છે કે અર્જુને અશ્વત્થામા પર વિજય મેળવ્યો. (અધ્યાય ૭ શ્લોક ૧૭ થી ૫૪ સુધીમાં આ કથા છે. તેનું ભાષાંતર અગાઉ કરેલું જ છે). આ વખતે પરીક્ષિતનો જન્મ પણ થયો ન હતો. તો પછી તેને રાજ્ય મળ્યાનું અને તે રાજ્યનો અંતરાય તેથી દૂર થયાનું કઈ રીતે સંભવે? તેથી આ વિજય પરીક્ષિતના અંતરાયને દૂર કરનારો નથી.

આ જ રીતે યુધિષ્ઠિરે પરીક્ષિતને રાજ્ય આપ્યું છે. પ્રથમ સ્કન્ધના પંદરમા અધ્યાયના ૩૭ અને ૩૮ માં શ્લોકમાં આ સ્પષ્ટ છે.

યુધિષ્ઠિરસ્તત્પરિસર્પણં બુધઃ પુરે ચ
રાષ્ટ્રે ચ ગૃહે તથા ઽઽત્મનિ ।
વિભાવ્ય લોભાનૃતજિહ્મહિંસનાદ્ય
ધર્મચક્રં ગમનાય પર્યધાત્ ।।૧-૧૫-૩૭।।

બુદ્ધિમાન યુધિષ્ઠિરે કલિના પ્રચારને દેશમાં, ગામમાં, ઘરમાં અને શરીરમાં અને આ રીતે લોભ, અસત્ય, કપટ, હિંસા વગેરે અધર્મોને દાખલ થયેલ જાણી પૃથ્વી છોડી જવાનો નિશ્ચય કર્યો.

સ્વરાટ્પૌત્રંવિનયિનમાત્મનઃ સુસમંગુણૈઃ ।
તોયનીવ્યાઃ પતિં ભૂમેરભ્યષિંચદ્ગજાહ્વયે
।।૧-૧૫-૩૮।।

પોતાનાથી ભગવદીયપણામાં જે ઓછો નથી અને જે વિનયી છે તેવા પોતાના પૌત્રનો આખી પૃથ્વીના સમ્રાટ તરીકે હસ્તિનાપુરમાં અભિષેક કર્યો. આમ યુધિષ્ઠિર પણ તે પરીક્ષિત માટે અંતરાય રૂપ નથી. આજ રીતે અધ્યાય ૭ થી અધ્યાય ૧૧ સુધીના વિષયોને પરીક્ષિતના રાજ્ય સાથે કોઈ સંબંધ નથી. આથી આ વિષયોથી પણ પરીક્ષિતના રાજ્યને અંતરાય થયો તેવું ન કહેવાય. બારમા અધ્યાયમા પરીક્ષિતના જન્મોત્સવ પછી, તેરમા અધ્યયમાં ધૃતરાષ્ટ્રની મુક્તિ, ચૌદમા અધ્યાયમાં યુધિષ્ઠિરે દ્વારકાથી આવેલ અર્જુનને પૂછેલા શંકા પ્રશ્નો, પંદરમા અધ્યાયમાં અર્જુન દ્વારા પ્રભુના સ્વધામ પધાર્યાના સમાચાર, સોળમા અધ્યાયમાં પરીક્ષિતનો દિગ્વિજય, સત્તરમા અધ્યાયમાં પરીક્ષિતે કરેલ કલિનિગ્રહ કહેલ છે. કૃપા તો ત્યાગમાં બંધન કરનારી છે. આથી બારમા જન્માધ્યાયનો ત્યાગ કરી, સાત, આઠ, નવ, દસ, અગિયાર, તેર, ચૌદ અને પંદર એ આઠેય અધ્યાયોની કથા વ્યર્થ બને. આમ અગાઉ દર્શાવેલ અન્ય મત બરોબર નથી, તેમ સિદ્ધ થયું. શ્રીમહાપ્રભુજીના મતમાં આ અધ્યાયો આગળ પાછળ સંબંધવાળા છે, તે હવે આપણે જોઈશું.

પુરુષત્રાયશુદ્ધસ્ય જનનેડપિ કૃપાવત: ।
સર્વત્યાગે સતાં સંગે વિશ્વાસ: સર્વથા ભવેત્ ॥૮૭॥
ઈતિ તસ્યાધિકારિત્વસિદ્ધયૈ પાંડવવર્ણનમ્ ।
અપૃષ્ટં ચ પ્રતિજ્ઞાતં તસ્માન્નાસ્ત્યત્ર દૂષણમ્ ॥૮૮॥

અર્થ : જેના ત્રણ પૂર્વજ શુદ્ધ હોય, જેને જન્મ થવામાં પણ પ્રભુની કૃપા હોય, તે સર્વત્યાગ કરે અને સત્પુરુષનો સંગ કરે, ત્યારે સર્વ રીતે વિશ્વાસ થાય. આ રીતે એ પરીક્ષિતનો અધિકાર સિદ્ધ કરવા પાંડવોનું વર્ણન છે. શૌનકે એ સંબંધી પ્રશ્ન પૂછયો નથી, છતાંય સૂતજીએ કહેવાની પ્રતિજ્ઞા કરી છે. તેથી અહીં કંઈજ દૂષણ નથી.

વિવેચન : ઉત્તમ અધિકાર માટે ત્રીજું પ્રકરણ છે. તેમાં અધ્યાય ૭ થી ૧૯ નો સમાવેશ છે. કુલ તેર અધ્યાયો થશે. આ પૈકી સાતમા અધ્યાયથી અગિયારમા અધ્યાય સુધીના પાંચ અધ્યાયનો અર્થ અન્ય મતે અગાઉ જોયો. શ્રી મહાપ્રભુજીએ તે મત યોગ્ય નથી તે પણ સમજાવ્યું. હવે આપશ્રી સ્વમત આ પાંચ અધ્યાયો (૭ થી ૧૧) માટે દર્શાવે છે. શાસ્ત્ર કહે છે કે જન્મમાં પંચાગ્નિ શુદ્ધિનું કારણ છે. પરીક્ષિત જન્મથી શુદ્ધ છે. એમ આ પાંચ અધ્યાયો સમજાવે છે.

સાતમા અધ્યાયમાં, વ્યાસજીનું સમાધિમાં કરેલ ભાગવત દર્શન, અશ્વત્થામાએ કરેલો દ્રૌપદીના સૂતેલા પુત્રોનો વધ, મૂંઝાયેલા અર્જુનની કૃષ્ણ શરણાગતિ અને અશ્વત્થામાનો પરાભવ, આટલી કથા છે. આમ અહીં ભાગવતના મુખ્ય શ્રોતા પરીક્ષિતની પિતૃશુદ્ધિનું નિરુપણ છે.

આઠમા અધ્યાયમાં, અપમાનિત અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી દુ:ખી ઉત્તરાની કૃષ્ણ શરણાગતિ, ગર્ભસ્થ પરીક્ષિતની રક્ષા, ઉપકારક કૃષ્ણજ્ઞાનથી કુન્તીસ્તુતિ તથા યુધિષ્ઠિરના સંતાપની કથા છે. આમ અહીં પરીક્ષિતની માતૃશુદ્ધિનું નિરૂપણ છે.

નવમા અધ્યાયમાં ભીષ્મોપદેશ અને ભીષ્મસ્તુતિ છે. અહીં પરીક્ષિતની પોષકાન્ન શુદ્ધિ-નિરૂપણ છે.

દશમા અધ્યાયમાં પાંડવોનું સુખ, સૌની પ્રભુ પરાયણતા અને કૃષ્ણનું દ્વારકા પ્રસ્થાન આટલી કથા છે. અહીં પરીક્ષિતની સ્વજન-સંસર્ગ-શુદ્ધિ નિરૂપણ છે.

અગિયારમા અધ્યાયમાં કૃષ્ણના દ્વારકાગમનથી ઉત્સવ, ભક્તસુખ, આટલી કથા કહી છે. અહીં પરીક્ષિતના આગન્તુક - દોષાભાવથી સર્વશુદ્ધિનું નિરૂપણ છે.

આમ પરીક્ષિતના જન્મમાં પાંચ શુદ્ધિઓ બતાવી. આથી જ બારમા અધ્યાયમાં કૃષ્ણરક્ષિત પરીક્ષિતનો જન્મોત્સવ છે. આમ અહીં પરમ કૃપાથી મુખ્યશુદ્ધિનું નિરૂપણ છે.

બીજ એ શરીરના કારણ રૂપ છે. આ બીજને દુષ્ટ પરંપરાથી પાંચ પ્રકારની અશુદ્ધિ થાય છે. આ અશુદ્ધિઓનું નિવારણ ઉપર મુજબ આપણે જોયું. આથી જ બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મ સમયે ભગવાને પોતે જ પરીક્ષિત પર કૃપા કરી છે જે શ્લોક ૭ થી ૧૧ માં જણાય છે.

માતુર્ગર્ભગતો વીર: સ તદાભૃગુનન્દન ।
દદર્શ પુરુષં કશ્ચિદ્દહ્યમાનોડસ્ત્રતેજ સા ॥૧-૧૨-૭॥

સૂતજી શૌનક ઋષિને કહે છે કે ઉત્તરાના ગર્ભમાં સ્થિત તે વીર શિશુ પરીક્ષિત જ્યારે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી બળવા લાગ્યો, ત્યારે તેણે જોયું કે એની આંખોની સામે એક જ્યોતિર્મય પુરુષ છે.

અંગુષ્ઠમાત્રમમલં સ્ફુરત્પુરટમૌલિનમ્ ।
અપીચ્યદર્શનં શ્યામં તડિગસસમચ્યુતમ્ ॥૮॥
શ્રીમદ્દીર્ઘચતુર્બાહું તપ્તકાંચનકુંડલમ્ ।
ક્ષતજાક્ષં તદાપાણિમાત્મન: સર્વતોદિશમ્
પરિભ્રમન્તમુલ્કાભાં ભ્રામયન્તં ગદાં મુહુ: ॥૯॥

તે દેખાવમાં તો અંગૂઠાના માપના છે, પણ સ્વરૂપ ખૂબ જ નિર્મળ છે. અતિસુંદર શ્યામ શરીર છે. વીજળી જેવું ચમકતું પીતાંબર ધારણ કર્યું છે. મસ્તક ઉપર સોનાનો મુકુટ ઝળકી રહ્યો છે. તેમને ખૂબ જ સુંદર લાંબી લાંબી ચારભૂજાઓ છે. કાનોમાં તપાયેલ સોનાના સુંદર કુંડલ છે. આંખોમાં લાલિમા છે. હાથમાં ઉંબાડિયા જેવી ગદાને વારંવાર ઘુમાવે છે અને સ્વયં શિશુની ચારે બાજુ ઘૂમી રહ્યા છે.

અસ્ત્ર તેજ: સ્વગદયા નીહારમિવ ગોપતિ: ।
વિધમન્તં સંનિકર્ષે પર્યૈક્ષત ક ઈત્યસૌ ॥૧૦॥

જેમ સૂર્ય પોતાના કિરણોથી ઝાકળને ભગાવે છે, તે પ્રમાણે તે ગદા દ્વારા બ્રહ્માસ્ત્રના તેજને શાંત કરતા જાય છે. આ પુરુષને પોતાની નજીક જોઈને તે ગર્ભસ્થ શિશુ વિચારવા લાગ્યું કે આ કોણ છે?

વિધૂય તદમૈયાત્મા ભગવાન્ધર્મગુબ્ વિભુઃ।
મિષતો દશમાસસ્ય તત્રૈવાન્તર્દધે હરિઃ ॥૧૧॥

આ પ્રકારે તે દસ માસના ગર્ભસ્થ શિશુની સામે જ ધર્મરક્ષક જાણી ન શકાય તેવા ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્માસ્ત્રના તેજને શાંત કરીને અંતર્ધાન થયા.

આ જ રીતે બારમા શ્લોકમાં કાલ સ્વરૂપે પ્રભુએ કરેલી કૃપાનું વર્ણન છે.

તતઃ સર્વગુણોદર્કે સાનુકૂલગ્રહોદયે ।
જજ્ઞે વંશધરઃ પાણ્ડોર્ભૂયઃ પાંડુરિવૌજસા ॥૧૨॥

ત્યારબાદ અનુકૂલ ગ્રહોના ઉદયયુક્ત અને સમસ્ત સદ્ગુણોને વિકસિત કરનાર શુભ સમયમાં પાંડુના વંશધર પરીક્ષિતનો જન્મ થયો. જન્મ સમયે જ તે બાળક એટલો તેજસ્વી લાગતો હતો કે જાણે સ્વયં પાંડુએ જ ફરી જન્મ લીધો હોય.

હવે ૧૩મા અધ્યાયથી ૧૯મા અધ્યાયનો અર્થ જોઈએ. પિતા મુક્ત ન થાય તો પુત્રની મુક્તિમાં વાંધો આવે. આ દૂર કરવા ૧૩,૧૪ અને ૧૫ અધ્યાયો છે, તેરમા અધ્યાયમાં વિદૂરજીના ઉપદેશથી ધૃતરાષ્ટ્રની મુક્તિ છે. આ બીજમુક્તિ છે. ચૌદમા અધ્યાયમાં યુધિષ્ઠિર અપશુકનો જોઈ ચિંતા કરે છે અને દ્વારકાથી આવેલ અર્જુનને શંકાપ્રશ્નો કરે છે.

પંદરમા અધ્યાયમાં પ્રભુનું સ્વધામગમન સાંભળી વૈરાગ્યથી પાંડવ-પ્રસ્થાન મુક્તિ છે.

સોળમો અને સત્તરમો અધ્યાય કાળ વગેરેનો વાંધો દૂર કરવા માટેના છે. સોળમા અધ્યાયમાં પરીક્ષિતના લૌકિક સામર્થ્યનો સૂચક દિગ્વિજય અને ભૂમિ-ધર્મના સંવાદના શ્રવણની કથા છે.

સત્તરમા અધ્યાયમાં પરીક્ષિત-ધર્મ સંવાદ છે. પરીક્ષિતના અલૌકિક સામર્થ્યનો સૂચક કલિનિગ્રહ છે. ત્યારબાદ.

અઢારમા અધ્યાયમાં અદ્ભુત કર્મવાળા પ્રભુની શાપરૂપ કૃપા છે. અહીં પરીક્ષિતના વૈરાગ્યને પ્રકટ કરતા, રાજ્યત્યાગમાં કારણભૂત ઋષિકુમારે આપેલ તક્ષક દાહ શાપની કથા છે. અને છેલ્લા...

ઓગણીસમાં અધ્યાયમાં પરીક્ષિત શ્રોતા બને છે તે કથા છે. રાજ્યનો ત્યાગ કરી પરીક્ષિત ગંગાકિનારે આવે છે. પ્રાયોપ્રવેશ કરે છે. અર્થાત્ અન્ન જળનો ત્યાગ કરે છે. ઋષિઓનો સમાગમ થાય છે. શ્રી શુકનું આગમન થાય છે. સત્સંગ થાય છે. પ્રશ્નો પૂછાય છે.

આમ પરીક્ષિતની શુદ્ધિ, પરીક્ષિતનો ત્યાગ અને પરીક્ષિતને પ્રાપ્ત થતો સત્સંગ ક્રમશઃ જોયા. આનાથી પરીક્ષિતને શ્રી ભાગવતમાં વિશ્વાસ થાય છે. શ્રી ભાગવતના શ્રવણમાં વિશ્વાસ જ મુખ્ય અંગ છે. તેનાં ત્રણ મુખ્ય સાધનો છે. (૧) સત્સંગ (૨) સર્વત્યાગ (૩) પરમશુદ્ધિ - આમ શ્રી મહાપ્રભુજીના મત પ્રમાણે તેર અધ્યાયો (૭ થી ૧૯)થી પરીક્ષિતને શ્રોતાનો અધિકાર પ્રાપ્ત થાય છે. બીજા કોઈના મત પ્રમાણે આમ થતું નથી.

શૌનકે પાંડુના પુત્રોના મૃત્યુ સંબંધી પ્રશ્ન નથી પૂછ્યા છતાં સૂતજીએ પ્રતિજ્ઞા કરી છે કે પરીક્ષિતના જન્મ, કર્મ તથા મોક્ષ અને પાંડુપુત્રોનું મૃત્યુ જે શ્રીકૃષ્ણની કથામાં પરિણમે છે તે હું તમને કહીશ.

આ પ્રતિજ્ઞામાં 'અને' શબ્દ ભગવાનની પાંડવો ઉપરની કૃપા સૂચવે છે અને 'જે કૃષ્ણની કથામાં પરિણમે છે' એવું કહ્યું તે એમ સમજાવે છે કે શુદ્ધિ જ અધિકારનું મૂળ છે. આ અર્થ શ્રી ભાગવતમાં જ સૂચવેલો છે. આથી આમાં જરાયે દોષ સંભવતો નથી.

પરીક્ષિતજીને ઉત્તમ શ્રોતા કહ્યા છે. સનકાદિક મુનિવરો તો સ્વયંશુદ્ધ છે, તો પછી શ્રોતા તરીકે તે કેમ નથી? વળી પરીક્ષિતજી તો પ્રથમ રાગી હતા. પછી વિરક્ત થયા. આમ છતાંય પરીક્ષિતજીને શા માટે શ્રોતા કહ્યા? તેના જવાબમાં શ્રીમહાપ્રભુજી ૮૯ મી કારિકામાં આજ્ઞા કરે છે કે

વિદ્યમાને સમુદ્ધારસ્તત્રત્યાનાં સ્વયં કૃતઃ।
સ્વાભાવે તુ કથૈવ સ્યાદિત્યનન્તર ઉકતવાન્ ॥૮૯॥

અર્થ: ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર ભૂતલે વિરાજતા હતા ત્યાં સુધી ભૂમિપર વસનારાઓનો ઉદ્ધાર થયો. પ્રભુની ગેરહાજરીમાં પ્રભુકથા જ ઉદ્ધાર કરનારી છે. આથી ત્યારબાદ શ્રીભાગવત કહ્યું.

વિવેચન : માત્ર પરીક્ષિતજીનો અધિકાર કહેવો તેટલું જ કારણ નથી. શ્રીમદ્ભાગવત જ બધાનો ઉદ્ધાર કરનાર છે, તે પણ નિશ્ચિત કરવાનું છે. આ કારણથી સનકાદિક ઋષિઓને શ્રોતા તરીકે ન લેતાં રાજાને શ્રોતા બનાવ્યા. ભગવાન ભૂતલે પ્રકટયા અને જયાં સુધી બિરાજયા ત્યાં સુધી પોતાના સ્વરૂપ બલથી જ બધાંને મુકત કર્યા. ભગવાન પધારી ગયા પછી તો શ્રીભાગવત જ મુકત કરનાર છે. તે સિવાય અન્ય ઉપાય નથી. આ વસ્તુ પ્રતિપાદિત કરવા પ્રભુના પધાર્યા પછી પરીક્ષિતજીનો જન્મ છે. એમની મુકિત શ્રીભાગવતથી જ થઈ છે.

એક વિચાર એ પણ થાય કે પરીક્ષિતજીની શુદ્ધિ જ કહેવી જોઈએ, પણ અહીં પાંડવો અને પ્રભુનું વર્ણન છે. આમ કેમ? તેના જવાબમાં શ્રીમહાપ્રભુજી ૯૦મી કારિકા કહે છે.

ઐહિકેડપિ સમસ્તં હિ યેષાં કૃષ્ણાનુભાવિતમ્ ।
તદ્વંશે વ્યવધાનેન જાતઃ શ્રદ્ધાત્ર તસ્ય હિ ॥૯૦॥

અર્થ : આ લોકમાં જેમને શ્રીકૃષ્ણચંદ્રનો સકલ અનુભવ છે, તેવાઓના વંશમાં કાંઈ પણ વિચ્છેદ વગર રાજા પરીક્ષિતજી જન્મ્યા છે. અહીં કારણ પરીક્ષિતજીની શ્રદ્ધા જ છે.

વિવેચન : પરીક્ષિતજીને શ્રીભાગવતમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. આ શ્રદ્ધારુપી શુદ્ધિ જણાવવા માટે પાંડવોનું વર્ણન છે. આમ શુદ્ધિના વિષયમાં કશી મુશ્કેલી નથી.

આથી એમ વિચાર આવે કે આખું મહાભારત જ ભગવાનને પરાયણ રહીને શ્રીવ્યાસજીએ કહેવું જોઈતું હતું. તેના સમાધાન માટે શ્રી મહાપ્રભુજી ૯૧, ૯૨ કારિકા કહે છે.

યત્રપાંડવસામર્થ્ય પ્રતીત્યાપિ વિભાવ્યતે ।
તત્ત્યકત્વા કૃષ્ણસામર્થ્યં કેવલં યત્ર તત્કથા ॥૯૧॥

અનન્યશરણત્વાય રક્ષણાશકિતતઃ સ્વતઃ ।
પુત્ર મારણમારભ્ય મુકત્યન્તા વર્ણતે સ્ફૂટા ॥૯૨॥

અર્થ : જ્યાં જોવા માત્રથી પણ પાંડવોનું સામર્થ્ય ધારવામાં આવે તેનો ત્યાગ કરી કેવલ શ્રીકૃષ્ણચંદ્રનું સામર્થ્ય જેમાં છે તેવી કથા અહીં છે. અનન્ય શરણ જણાવવા માટે પાંડવોની પોતાની રક્ષણ ન કરવારૂપ અશકિતથી પુત્રોનું અશ્વત્થામાથી મરણ શરૂ કરી, મુકિત સુધીની કથા સ્ફૂટ કહેવામાં આવે છે.

વિવેચન : બધે સ્થળે પ્રભુનું સામર્થ્ય છે. એ જ વાસ્તવિકતા છે. અશ્વત્થામા સામે થયેલ અર્જુનનો વિજય વાસ્તવમાં તો પ્રભુને લીધે જ છે. આથી દ્રૌપદીના પુત્રો સૂતા હતા એમ કહીને કથાનો આરંભ કર્યો અને પાંડવોના સ્વર્ગારોહણ સુધીની ભારતકથા કહી જે કૃષ્ણને કેન્દ્રમાં રાખીને કહી છે. આના દ્વારા પાંડવોની પ્રભુમાં અનન્ય શરણાગતિ બતાવે છે. પાંડવો પોતે રક્ષણ કરવા અસમર્થ હતા. કૃષ્ણ કૃષ્ણ મહાભાગ! શ્લોકમાં (શ્રીભાગવત ૧-૭-૨૨) તે સ્પષ્ટ છે. આમ આ કથા શ્રદ્ધા રૂપ શુદ્ધિ જણાવવા માટે છે.

પાંડવોની શુદ્ધિ જણાવવા મોક્ષની વાત કેમ કરી હશે? તે સમજાવવા શ્રીમહાપ્રભુજી ૯૨ અને ૯૩ કારિકા કહે છે.

તેષામમુકતૌ ભોગાર્થં પ્રતિબન્ધોભવેત્કવચિત્।
પિતુઃ સમ્મુખયુદ્ધે હિ મૃતત્વાત્ કૃષ્ણબાંધવાત્ ॥૯૩॥
ચંદ્રાંશત્વાદ્દેવ ભાવાત્ પ્રતિબન્ધો ન વિદ્યતે ॥૯૩ $\frac{૧}{૨}$ ॥

અર્થ : પરીક્ષિતજીના પૂર્વજો મુકત ન થાય તો તેઓ રાજય વગેરેનો ભોગ જરૂર કરત. આનાથી પરીક્ષિતજીને પ્રતિબંધ થઈ શકે. પરીક્ષિતજીના પિતા અભિમન્યુ યુદ્ધમાં મરણ પામ્યા. વળી એ કૃષ્ણના સગા હતા. તેથી તેમનામાં ચંદ્રનો અંશ હતો. તેથી દેવભાવ પણ હતો. આના લીધે પરીક્ષિતરાજાને પ્રતિબંધ ન થયો.

વિવેચન : ઘણાને શંકા થાય કે અભિમન્યુ અકાળે મર્યા છે. આનાથી પરીક્ષિતજીને પ્રતિબંધ થઈ શકે છે. આવી શંકા દૂર કરવા સ્મૃતિની આજ્ઞા જોઈએ.

દ્વાવિમૌ પુરુષૌ લોકે સૂર્યમંડલભેદિનૌ ।
પરિવ્રાડયોગયુકતશ્ચરણે ચાભિમુખો હતઃ

અર્થાત્ યોગમુકત સંન્યાસી અને બીજો રણમાં સામે મોઢે મરનાર આ બંને પુરુષો સૂર્યમંડલને ભેદતા ઉત્તમ ગતિ પામે છે. આથી અભિમન્યુ મુકત જ છે. વળી તે શ્રીકૃષ્ણચંદ્રના ભાણેજ છે. ચંદ્રવંશમાં પ્રકટેલ હોવાથી દેવ છે. આમ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ક્રમશઃ ત્રણ રીતે પરીક્ષિતજીને કોઈ જ પ્રતિબંધ નથી.

રાજા પરીક્ષિતને મોક્ષ માટે કોઈ જ પ્રતિબંધ નથી. એ જોયું. હવે સાતમા, આઠમા અને નવમા અધ્યાયનો અર્થ-(અધ્યાયાર્થ) દોઢ કારિકાથી રજૂ કરે છે.

પાંડવાનાં દ્વિધા દુઃખ ભિન્નાભિન્નવિભેદતઃ ॥૯૪॥
અભિન્નં પરતોઽજ્ઞાનાદ્વિધાજ્ઞાનં દ્વિધા પુનઃ ।
બ્રહ્મજીવવિભેદેન ત્રિધા તદ્ધિ ફલિષ્યતિ ॥૯૫॥

અર્થ : ભિન્ન અને અભિન્ન એવા ભેદથી પાંડવોને દુઃખ બે પ્રકારનું છે. તેમાં અભિન્ન શત્રુથી અને અજ્ઞાનથી બે પ્રકારનું. ફરી બ્રહ્મ અને જીવના ભેદથી અજ્ઞાન બે પ્રકારનું. આમ અભિન્ન ત્રણ પ્રકારનું થશે

વિવેચન : પાંડવોને બે પ્રકારનું દુઃખ થયું છે.(૧) શરીર દ્વારા એટલેકે પોતાના દેહથી થયેલું. (૨) પોતાના દેહથી જુદા હોય તેવા (પુત્ર) દ્વારા થયેલું. પુત્ર વગેરે ભિન્ન કહેવાય તેથી ભિન્ન પ્રકારનું દુઃખ. પોતાના દેહથી થયેલું અભિન્ન પ્રકારનું કહેવાય.

પોતાના દેહથી થયેલ અભિન્ન પ્રકારનું દુઃખ બે પ્રકારનું છે (અ) અજ્ઞાનથી થયેલું.(બ) શત્રુથી થયેલું.

દેહથી થતા અભિન્ન પ્રકાર પૈકી અજ્ઞાનથી થતું દુઃખ પણ બે પ્રકારનું છે.

(૧) જીવના સંબંધવાળું (૨) બ્રહ્મના સંબંધવાળું.

આમ દેહથી થતું અભિન્ન પ્રકારનું દુઃખ ત્રણ પ્રકારનું થશે. (૧) શત્રુથી (૨) જીવસંબંધી અજ્ઞાનથી (૩) બ્રહ્મસંબંધી અજ્ઞાનથી.

આને સ્પષ્ટ કરતાં કહે છે-૯૬-૯૭ કારિકા

અતોઽધ્યાયત્રયં તત્ર પ્રથમે સ્વેષ્ટપૂરણાત્
દુઃખહાનિર્હરેરેવ તદર્થં સ્તોત્રમીરિતમ્॥૯૬॥
દુઃખે સુખે તથા મુક્તૌ સ્તોત્રંકુર્યાદિતિ ત્રિધા
અધિકારે સ્તુતિઃપ્રોક્તા તત્તદાસક્તિવારિકા ॥૯૭॥

અર્થ : આથી જ એ દુઃખ નિવારવા માટે ત્રણ અધ્યાય છે. તેમાં પ્રથમ અધ્યાયમાં ઈચ્છિત પૂર્ણ થવું અને શત્રુ અશ્વત્થામાને જીતવો એ દુઃખની હાનિ હરિથી જ. એ માટે જ ત્યાં સ્તુતિ કહેવામાં આવી છે. દુઃખમાં, સુખમાં તેમજ મુક્તિમાં સ્તુતિ કરવી, એ માટે દરેકની આસક્તિનું નિવારણ કરવા અધિકારમાં ત્રણ પ્રકારે સ્તુતિ કહેવામાં આવી છે.

વિવેચન : ઉત્તમ અધિકાર પ્રકરણના પ્રથમ ત્રણ અધ્યાય (૭-૮-૯) ઉપર દર્શાવેલ ત્રણ દુઃખ દૂર કરવા માટેના છે.

સાતમા અધ્યાયમાં પુત્રોના વધથી થયેલું દુઃખ અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી ઉત્પન્ન થયેલું દુઃખ કહ્યું છે.

અથોપસ્પૃશ્ય સલિલં સંદધે તત્સમાહિતઃ ।
અજાનન્નુપસંહારં પ્રાણકૃચ્છ્ર ઉપસ્થિતે ॥૧-૭-૨૦॥

અશ્વત્થામાને બ્રહ્માસ્ત્ર પાછું વાળતા આવડતું ન હતું તેમ છતાં પ્રાણસંકટ જોઈ તેણે આચમન કર્યું. ધ્યાનસ્થ થઈ બ્રહ્માસ્ત્રનું સંધાન કર્યું.

તતઃપ્રાદુષ્કૃતં તેજઃ પ્રચંડં સર્વતોદિશમ્ ।
પ્રાણાપદમભિપ્રેક્ષ્ય વિષ્ણું જિષ્ણુ રુવાચ હ ॥૨૧॥

બ્રહ્માસ્ત્રના લીધે બધી દિશાઓમાં એક વિશાળ પ્રચંડ તેજ ફેલાઈ ગયું. અર્જુને જોયું કે હવે તેના પ્રાણ સંકટમાં છે ત્યારે તેણે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી.

બ્રહ્માસ્ત્રના પ્રભાવથી દુઃખ થયું છે. અર્જુન તેમાંથી ઉગારવા શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે. અર્જુનની તે ઈચ્છા ભગવાન પૂર્ણ કરે છે

વેત્થેદં દ્રોણપુત્રસ્ય બ્રાહ્મમસ્ત્રં પ્રદર્શિતમ્ ।
નૈવાસૌ વેદ સંહારં પ્રાણબાધ ઉપસ્થિતે ॥
(૧-૭-૨૭)

ભગવાન અર્જુનને કહે છે કે આ અશ્વત્થામાએ છોડેલું બ્રહ્માસ્ત્ર છે. તેને આ અસ્ત્ર પાછું વાળતાં નથી આવડતું, પણ તેને પ્રાણ સંકટ આવ્યું છે, તેથી તેણે તેનો ઉપયોગ કર્યો છે, તે વાત તું સમજ.

નહ્યસ્યાન્યતમં કિંચિદસ્ત્રં પ્રત્યવકર્શનમ્ ।
જહ્યસ્ત્રતેજ ઉન્નદ્ધમસ્ત્રજ્ઞો હ્યસ્ત્રતેજસા ॥૨૮॥

ભગવાન કહે છે કે બીજા કોઈ પણ અસ્ત્રમાં તેને દબાવવાની શક્તિ નથી. અર્જુન તું શસ્ત્રાસ્ત્ર વિદ્યાને સારી રીતે જાણે જ છે. બ્રહ્માસ્ત્રના તેજથી જ તે બ્રહ્માસ્ત્રની પ્રચંડ આગને શાંત કરી દે.

આમ અર્જુનની ઈચ્છા પૂરી થઈ. ભગવાન જ તે દુ:ખ દૂર કરે છે. અર્જુને ભગવાનની સ્તુતિ કરી છે. પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયમાં ૨૨ થી ૨૬ શ્લોકોમાં તે છે.

કૃષ્ણ કૃષ્ણ મહાબાહો ભકતાનામભયંકર ।
ત્વમેકોદહ્યમાના-નામપવર્ગોઽસિ સંસૃતે: ॥૨૨॥

હે કૃષ્ણ! તમે જ સચ્ચિદાનંદસ્વરુપ પરમાત્મા છો. તમારી શકિત અનંત છે. તમે જ ભકતોને અભય આપવા વાળા છો. સંસારની આગમાં બળતા જીવોનો ઉદ્ધાર કરનારા એક માત્ર તમે જ છો.

ત્વમાદ્ય: પુરુષ: સાક્ષાદીશ્વર: પ્રકૃતે: પર: ।
માયાં વ્યુદસ્ય ચિચ્છકત્યા
કૈવલ્યે સ્થિત આત્મનિ ॥૨૩॥

તમે પ્રકૃતિથી પર રહેનારા આદિપુરુષ સાક્ષાત્ પરમેશ્વર છો. પોતાની સ્વરુપ શક્તિથી બહિરંગ અને ત્રિગુણાત્મક માયાને દૂર કરીને પોતાના અદ્વિતીય સ્વરૂપમાં સ્થિત છો.

સ એવ જીવલોકસ્ય માયામોહિતચેતસ: ।
વિધત્સે સ્વેનવીર્યેણ શ્રેયો ધર્માદિલક્ષણમ્ ॥૨૪॥

આપ પોતાના પ્રભાવથી માયા મોહિત જીવોને માટે ધર્માદિરુપ કલ્યાણનું વિધાન કરો છો.

તથાયં ચાવતારસ્તે ભુવો ભારજિહીર્ષયા ।
સ્વાનાં ચાનન્યભાવનામનુધ્યાનાય ચાસકૃત્ ॥૨૫॥

આપનો આ અવતાર પૃથ્વીનો ભાર હરવા માટે તથા આપના અનન્ય પ્રેમી ભકતજનોના નિરંતર સ્મરણ-ધ્યાન કરવા માટે છે.

કિમિદં સ્વિત્કુતો વેતિ દેવદેવ ન વેદ્મ્યહમ્ ।
સર્વતોમુખમાયાતિ તેજ: પરમદારુણમ્ ॥૨૬॥

હે સ્વયંપ્રકાશસ્વરુપ શ્રીકૃષ્ણ, આ ભયંકર તેજ બધી બાજુએથી મારી તરફ આવી રહ્યું છે. આ શું છે? કયાંથી કેમ આવે છે? તેની મને જરાય ખબર નથી.

ભગવાને જ દુ:ખ દૂર કર્યું છે. શત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરાવ્યો છે. આનું વર્ણન પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયમાં શ્લોક ૨૯ થી ૫૬ સુધીમાં છે.

શ્રુત્વાભગવતા પ્રોક્તં ફાલ્ગુન: પરવીરહા ।
સ્પૃષ્ટવાપસ્તં પરિક્રમ્ય બ્રાહ્મં બ્રાહ્માય સંદધે ॥૨૯॥

સૂતજી કહે છે કે અર્જુન વિપક્ષી વીરોને મારવામાં ખૂબ પ્રવીણ હતા. ભગવાનની વાત સાંભળી તેણે આચમન કર્યું અને ભગવાનની પરિક્રમા કરીને બ્રહ્માસ્ત્રના નિવારણ માટે બ્રહ્માસ્ત્રનું જ સંધાન કર્યું.

સંહત્યાન્યોન્યમુભયોસ્તેજસી શરસંવૃતે ।
આવૃત્ય રોદસી ખં ચ વવૃધાતેઽર્કવહ્નિવત્ ॥૩૦॥

બંને બ્રહ્માસ્ત્રો બાણોથી વિંટળાયેલા હતા. તેના તેજ પ્રલયકાળના સૂર્ય અને અગ્નિ જેવા હતા. પરસ્પર ટકરાઈને તે પૂરા આકાશમાં તથા સર્વે દિશાઓમાં ફેલાઈ ગયા અને વધવા લાગ્યા.

દૃષ્ટવાસ્ત્રતેજસ્તુ તયોસ્ત્રીલ્લોકાન્ પ્રદહન્મહત્ ।
દહ્યમાના: પ્રજા: સર્વા: સાંવર્તકમમંસત ॥૩૧॥

બંને અસ્ત્રોમાંથી વધતી જવાળાઓની લપેટો ત્રણે લોકને બાળતી હતી તેને જોઈને બધા સમજ્યા કે આ પ્રલયકાળનો સાંવર્તક અગ્નિ છે.

પ્રજોપપ્લવમાલક્ષ્ય લોકવ્યતિકરં ચ તમ્ ।
મતં ચ વાસુદેવસ્ય સંજહારાર્જુનો દ્વયમ્ ॥૩૨॥

તે આગથી પ્રજા અને લોકોનો નાશ થતો હતો. તે જોઈને ભગવાનની અનુમતિથી અર્જુને બંને અસ્ત્રોને પાછા વાળી દીધા.

તતઆસાદ્યતરસા દારુણં ગૌતમીસુતમ્ ।
બબન્ધામર્ષતામ્રાક્ષઃ પશું રશનયા યથા ॥૩૩॥

અર્જુનની આંખો ક્રોધથી લાલ થતી હતી. તેણે ઝપટ મારીને ક્રૂર અશ્વત્થામાને પકડી લીધો. અને જેમ કોઈ દોરડાથી પશુને બાંધી લે તેમ બાંધી દીધો.

શિબિરાય નિનીષન્તં દામ્ના બદ્ધા રિપું બલાત્ ।
પ્રાહાર્જુનં પ્રકુપિતો ભગવાનમ્બુજેક્ષણઃ ॥૩૪॥

અશ્વત્થામાને બલપૂર્વક બાંધીને અર્જુન જયારે શિબિરની તરફ તેને લઈ જતો હતો, ત્યારે ગુસ્સે થયેલ કમલનયન ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું.

મૈનં પાર્થાર્હસિ ત્રાતું બ્રહ્મબન્ધુમિમં જહિ ।
યોડસાવનાગસઃ સુપ્તાનવધીન્નિશિ બાલકાન્ ॥૩૫॥

હે અર્જુન! આ અધમ બ્રાહ્મણને છોડવો યોગ્ય નથી. તેને તો મારી જ નાખ. તેણે રાતે સૂતેલા નિરપરાધ બાળકોની હત્યા કરી છે.

મત્તં પ્રમત્તમુન્મત્તં સુપ્તં બાલં સ્ત્રિયં જડમ્ ।
પ્રપન્નં વિરથં ભીતં ન રિપું હન્તિ ધર્મવિત્ ॥૩૬॥

અસાવધ, મતવાલા, પાગલ, સૂતેલા, બાલક, સ્ત્રી, વિવેક જ્ઞાન વગરના, શરણાગત, રથહીન અને ભયભીત શત્રુને ધર્મવેત્તા પુરુષ ક્યારેય મારતો નથી.

સ્વપ્રાણાન્ યઃ પરપ્રાણૈઃ પ્રપુષ્ણાત્યઘૃણઃ ખલઃ ।
તદ્વધસ્તસ્ય હિ શ્રેયો યદ્દોષાદ્યાત્યધઃ પુમાન્ ॥૩૭॥

પણ જે દુષ્ટ અને ક્રૂર પુરુષ બીજાઓને મારી પોતાના પ્રાણોનું પોષણ

કરે છે, એનો તો વધ જ એના માટે કલ્યાણકારી છે, કારણ તેવી આદતો સાથે જો તે જીવે તો વધારે પાપો કરે છે. અને પાપોના કારણે તે નરકગામી બને છે.

પ્રતિશ્રુતં ચ ભવતા પાંચાલ્યૈ શૃણ્વતો મમ ।
આહરિષ્યે શિરસ્તસ્ય યસ્તે માનિનિ પુત્રહા ॥૩૮॥

મારી સામે જ તેં દ્રૌપદી આગળ પ્રતિજ્ઞા કરી હતી કે હે માનવતી! જેણે તારા પુત્રોનો વધ કર્યો છે, તેનું માથું હું ઉતારી લાવીશ.

તદસૌ વધ્યતાં પાપ આતતાય્યાત્મબંધુહા ।
ભર્તુશ્ચવિપ્રિયંવીર કૃતવાન્ કુલપાંસનઃ ॥૩૯॥

આ પાપી કુલાંગાર આતતાયીએ તારા પુત્રોનો વધ કર્યો છે અને પોતાના સ્વામી દુર્યોધનને પણ દુઃખ પહોંચાડયું છે. માટે તેને મારી જ નાંખ.

એવં પરીક્ષતા ધર્મં પાર્થઃ કૃષ્ણેન ચોદિતઃ ।
નૈચ્છદ્ધન્તું ગુરુસુતં યદ્યપ્યાત્મહનં મહાન્ ॥૪૦॥

અર્જુનની ધર્મ પરીક્ષા લેવા ભગવાન શ્રીકૃષ્ણે તેને આ પ્રકારે પ્રેરણા કરી, પણ અર્જુનનું હૃદય મહાન હતું. અશ્વત્થામાએ જોકે એના પુત્રોની હત્યા કરી હતી, છતાં પણ અર્જુનના મનમાં ગુરુપુત્રને મારવાની ઈચ્છા ન થઈ.

અથોપેત્ય સ્વશિબિરંગોવિન્દપ્રિયસારથિઃ ।
ન્યવેદયત્તં પ્રિયાયૈ શોચન્ત્યાઆત્મજાન્ હતાન્ ॥૪૧॥

તે પછી પોતાના મિત્ર અને સારથિ શ્રીકૃષ્ણની સાથે તે પોતાની યુદ્ધ શિબિરમાં પહોંચ્યા. ત્યાં પોતાના મૃતપુત્રો માટે શોક કરતી દ્રૌપદીને તેને સોંપી દીધો.

તથાડડહૃતં પશુવત્ પાશબધ્ધ
મવાઙ્ મુખં કર્મજુગુપ્સિતેન ।
નિરીક્ષ્ય કૃષ્ણાપકૃતં ગુરોઃ સુતં
વામસ્વભાવા કૃપયા નનામ ચ ॥૪૨॥

પશુની જેમ બાંધીને લાવેલ અશ્વત્થામાને દ્રૌપદીએ જોયો. તેણે નિંદિત

કર્મ કરેલું. તેથી તેનું મોં નીચે ઝૂકી પડેલું હતું. પોતાનું અનિષ્ટ કરનાર ગુરુપુત્ર અશ્વત્થામાને આ રીતે અપમાનિત જોઈને દ્રૌપદીનું કોમલ હૃદય કૃપાથી ભરાઈ આવ્યું અને તેણીએ અશ્વત્થામાને નમસ્કાર કર્યા.

ઉવાચ ચાસહન્ત્યસ્ય બન્ધનાનયતં સતી ।
મુચ્યતાં મુચ્યતામેષ બ્રાહ્મણો નિતરાં ગુરુઃ ॥૪૩॥

ગુરુપુત્રને આ પ્રકારે બાંધીને લાવેલો જોઈ સતી દ્રૌપદીથી સહન ન થયું. તેણીએ કહ્યું - છોડી દો. આને છોડી દો. આ બ્રાહ્મણ છે. આપણે માટે તે અત્યંત પૂજનીય છે.

સરહસ્યો ધનુર્વેદઃ સવિસર્ગોપસંયમઃ ।
અસ્ત્રગ્રામશ્ચ ભવતા શિક્ષિતો યદનુગ્રહાત્ ॥૪૪॥
સ એષ ભગવાન દ્રોણઃ પ્રજા રુપેણ વર્તતે।
તસ્યાત્મનોઽર્ધં પત્ન્યાસ્તેનાન્વગાદ્વીરસૂઃ કૃપી ॥૪૫॥

જેની કૃપાથી આપે રહસ્યની સાથે ધનુર્વેદ અને પ્રયોગ તથા ઉપસંહાર સાથે સંપૂર્ણ શસ્ત્રાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તે આપના આચાર્ય દ્રોણ જ પુત્રના રૂપમાં આપની સામે ઊભા છે. તેમની પત્ની કૃપી પોતાના વીર પુત્રની મમતાથી જ પોતાના પતિનું અનુગમન ન કરી શકી. તે હજુ જીવે છે.

તદ્ ધર્મજ્ઞ મહાભાગ ભવદ્ભિ ગૌરવં કુલમ્ ।
વૃજિનં નાર્હતિ પ્રાપ્તું પૂજ્યં વન્દ્યમભીક્ષ્ણશઃ ॥૪૬॥

મહાભાગ્યવાન્ આર્યપુત્ર! આપ તો ખૂબ ધર્મજ્ઞ છો. જે ગુરુવંશની નિત્ય પૂજા અને વંદના કરવી જોઈએ, તેને દુઃખ પહોંચાડવું તે આપના માટે યોગ્ય કાર્ય નથી.

મા રોદીદસ્ય જનની ગૌતમી પતિદેવતા ।
યથાહં મૃતવત્સાઽઽર્તા રોદિમ્યશ્રુમુખીમુહુઃ ॥૪૭॥

જેમ આપણા બાળકોના મરવાથી હું દુઃખી થઈ રડી રહી છું અને મારી આખોમાંથી વારંવાર અશ્રુ નીકળી રહ્યાં છે, તે જ રીતે તેની માતા પ્રતિવતા ગૌતમી ન રડે.

યૈઃકોપિતંબ્રહ્મકુલંરાજન્યૈરજિતાત્મભિઃ ।
તત્કુલંપ્રદહવ્યાશુ સાનુબંધંશુચાર્પિતમ્ ॥૪૮॥

જે ઉચ્છૃંખલ રાજા પોતાના ખરાબ કૃત્યોથી બ્રાહ્મણકુલને ગુસ્સે કરે છે, તે કુપિત બ્રાહ્મણકુલ તે રાજાઓને સપરિવાર શોકાગ્નિમાં નાંખીને તરત ભસ્મ કરી દે છે.

ધર્મ્યં ન્યાયંસકરુણં નિર્વ્યલીકં સમં મહત્ ।
રાજા ધર્મસૂતો રાજ્ઞ્યાઃ પ્રત્યનન્દદ્વચો દ્વિજાઃ ॥૪૯॥

હે શૌનકાદિ ઋષિઓ। દ્રૌપદીની વાત ધર્મ અને ન્યાયને અનુકૂલ હતી. તેમાં કપટ ન હતું. કરૂણા અને સમતા હતી, આથી રાજા યુધિષ્ઠિરે રાણીના આ હિતભરેલા વચનોનું અભિનંદન કર્યું.

નકુલઃ સહદેવશ્ચ યુયુધાનો ધનંજયઃ ।
ભગવાન દેવકીપુત્રો યે ચાન્યેયાશ્ચ યોષિતઃ ॥૫૦॥

નકુલ, સહદેવ, સાત્યકિ, અર્જુન, સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ અને ત્યાં મોજુદ બધાં સ્ત્રી-પુરુષોએ દ્રોપદીની વાતનું સમર્થન કર્યું.

તત્રહામર્ષિતો ભીમસ્તસ્યશ્રેયાન્ વધઃ સ્મૃતઃ ।
ન ભર્તુર્નાત્મનશ્ચાર્થે યોઽહન્સુપ્તાન્શિશૂનવૃથા ॥૫૧॥

તે વખતે ભીમસેને ક્રોધ કરીને કહ્યું કે જેણે સુતેલા બાળકોને ન પોતાના માટે કે ન પોતાના સ્વામી માટે, પણ વ્યર્થ જ મારી નાખ્યા, તેનો તો વધ જ ઉત્તમ છે.

નિશમ્ય ભીમગદિતં દ્રૌપદ્યાશ્ચચતુર્ભુજઃ ।
આલોક્ય વદનં સખ્યુરિદમાહ હસન્નિવ ॥૫૨॥

ભગવાને દ્રૌપદીની વાત સાંભળી. ભીમસેનની વાત સાંભળી અને હસતાં હસતાં અર્જુન તરફ જોઈને કહ્યું.

બ્રહ્મબન્ધુર્નહન્તવ્ય આતતાયી વધાર્હણઃ ।
મયૈવોભયમામ્નાતં પરિપાહ્યનુશાસનમ્ ॥૫૩॥

ભગવાને કહ્યું 'પતિત બ્રાહ્મણનો વધ ન કરવો જોઈએ અને

આતતાયીને મારી જ નાંખવો જોઈએ'. શાસ્ત્રોમાં મેં જ આ બંને વાતોને કહી છે. એટલે મારી બંને આજ્ઞાનું પાલન કરો.

કુરુ પ્રતિશ્રુતં સત્યં યત્તત્સાન્ત્વયતા પ્રિયામ્ ।
પ્રિયં ચ ભીમસેનસ્ય પાંચાલ્યા મહ્યમેવ ચ ॥૫૪॥

ભગવાન અર્જુનને કહે છે કે તેં દ્રૌપદીને સાંત્વન આપતી વખતે જે પ્રતિજ્ઞા કરી હતી તેને પણ સત્ય કર અને સાથે ભીમસેન, દ્રૌપદી અને મને જે પ્રિય છે તે પણ કર.

અર્જુનઃ સહસાઽઽજ્ઞાય હરેર્હાર્દમથાસિના ।
મણિં જહારમૂર્ધન્યં દ્વિજસ્ય સહમૂર્ધજમ્ ॥૫૫॥

સૂતજી કહે છે કે અર્જુન ભગવાનના હૃદયની વાત તરત પામી ગયો અને તેણે પોતાની તલવારથી અશ્વત્થામાના મસ્તકનો મણિ વાળ સાથે ઉતારી લીધો.

વિમુચ્ય રશનાબધ્ધં બાલહત્યાહતપ્રભમ્ ।
તેજસા મણિના હીનં શિબિરાન્નિરયાપયત્ ॥૫૬॥

સૂતજીએ કહ્યું કે બાળકોની હત્યા કરવાથી અશ્વત્થામા પહેલેથી જ શ્રીહીન થઈ ગયો હતો. હવે તે મણિ અને બ્રહ્મતેજ વગરનો થઈ ગયો. પછી તેને દોરડાનાં બંધન ખોલીને શિબિરમાંથી કાઢી મૂક્યો.

શાસ્ત્રો કહે છે કે માથે મુંડન કરવું, ધન લઈ લેવું અને સ્થાનમાંથી બહાર કાઢી મૂકવું - આ ત્રણ અધમ બ્રાહ્મણોના વધ બરાબર છે. આવા માટે આનાથી અતિરીકત શારીરિક વધનું વિધાન નથી. પુત્રોના મૃત્યુથી દ્રૌપદી અને પાંડવો બધા જ શોકાતુર હતા. તેમણે પોતાના મૃત ભાઈઓ-સંબંધીઓની દાહાદિ અન્ત્યેષ્ટિ ક્રિયા કરી.

સ્વજનોના તર્પણ માટે ગંગાતટે આવ્યા. મૃતકોને જલદાન દીધું. ગંગાજલમાં પુનઃ સ્નાન કર્યું. યુધિષ્ઠિર રાજાને ભગવાને રાજ પાછું અપાવ્યું. દ્રૌપદીના વાળનો સ્પર્શ કરનારા રાજાઓનો વધ કરાવ્યો. રાજા યુધિષ્ઠિર પાસે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરાવ્યા. ભગવાન હવે દ્વારકા જવા માટે સાત્યકિ અને ઉદ્ધવની સાથે રથમાં બિરાજયા. તે વખતે તેમણે જોયું કે ઉત્તરા ભયભીત થઈ દોડતી દોડતી સામેથી આવી રહી છે.

અશ્વત્થામાએ પાંડવોના વંશને નિર્બીજ કરવા ફરી બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો હતો. તેના બાળતાં બાણો ઉત્તરા તરફ ઝડપથી આવી આવી રહ્યાં હતાં. ઉત્તરાએ પોતાના ગર્ભને બચાવવા માટે કૃષ્ણને વિનંતી કરી. ભગવાને ઉત્તરાના ગર્ભની રક્ષા કરી.

હવે પુનઃ ભગવાન દ્વારકા જવા લાગ્યા ત્યારે કુંતીએ પોતાના પુત્રો તથા દ્રૌપદીને સાથે રાખી શ્રીકૃષ્ણની સ્તુતિ કરી.

ઉત્તરાના ગર્ભની રક્ષા કરનાર ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કુંતીજી કરી રહ્યાં છે. પ્રથમ સ્કંધના આઠમા અધ્યાયમાં શ્લોક ૧૮ થી ૪૨ સુધી તેનું નિરૂપણ છે.

નમસ્યે પુરુષં ત્વાઽઽદ્યમીશ્વંર પ્રકૃતેઃ પરમ્ ।
અલક્ષ્યંસર્વભૂતાનામન્તર્બહિરવસ્થિતમ્ ॥૧-૮-૧૮॥

આપ સમસ્ત જીવોની બહાર અને અંદર એકરસ સ્થિત છો, છતાં પણ ઈન્દ્રિયો અને વૃત્તિઓથી જોઈ શકાતા નથી, કારણ આપ પ્રકૃતિથી પર આદિપુરુષ પરમેશ્વર છો. હું આપને નમસ્કાર કરું છું.

માયાજવનિકારછન્નમજ્ઞાધોક્ષજમવ્યયમ્ ।
નલક્ષ્યસેમૂઢદશા નટો નાટયધરો યથા ॥૧-૮-૧૯॥

આપ અધોક્ષજ છો અવ્યય છો. માયાના પરદામાં આપને ઢાંકેલા રાખો છો. હું અબોધ સ્ત્રી છું. આપને કઈ રીતે જાણી શકું? મૂઢ લોકો વેષ ધારણ કરેલ નટને જુએ છતાં ઓળખી ન શકે તેમ આપ દેખાવ છો છતાં પણ નથી દેખાતા.

તથા પરમહંસાનાં મુનીનામમલાત્મનામ્ ।
ભક્તિયોગવિધાનાર્થં કથં પશ્યેમ હિ સ્રિયઃ
॥૧-૮-૨૦॥

શુદ્ધ હૃદયવાળા વિચારશીલ અને જીવનમુકત પરમહંસોના હૃદયમાં પોતાની પ્રેમયુકત ભક્તિના સર્જન માટે અવતાર ધર્યો છે. અમે અલ્પબુદ્ધિવાળી સ્ત્રીઓ આપને કઈ રીતે ઓળખી શકીએ?

કૃષ્ણાય વાસુદેવાય દેવકીનન્દનાય ચ ।
નંદગોપકુમારાય ગોવિન્દાય નમો નમઃ ॥૧-૮-૨૧॥

આપ શ્રીકૃષ્ણ છો. વાસુદેવ છો. દેવકીનંદન છો. નંદગોપના કુમાર છો. ગોવિંદ છો. આપને અમે વારંવાર પ્રણામ કરીએ છીએ.

નમઃ પંકજનાભાય નમઃ પંકજમાલિને ।
નમઃ પંકજ નેત્રાય નમસ્તે પંકજાઙ્ઘ્રયે ॥૧-૮-૨૨॥

આપની નાભિથી બ્રહ્માજીનું જન્મસ્થાન કમલ પ્રકટ થયું છે. આપ સુંદર કમલોની માલા ધારણ કરો છો. આપના નેત્ર કમલ સમાન વિશાળ છે. કોમળ છે અને આપના ચરણમાં કમલનું ચિન્હ છે. આવા હે શ્રીકૃષ્ણ અમે વારંવાર આપને નમન કરીએ છીએ.

યથાઋષીકેશ ખલેન દેવકી કંસેન
રુદ્ધાતિચિરં શુચાર્પિતા ।
વિમોચિતાહં ચ સહાત્મજા વિભો
ત્વયૈવ નાથેન મુહુર્વિપદ્ગણાત્ ॥૧-૮-૨૨॥
વિષાન્મહાગ્નેઃ પુરુષાદદર્શના
દસત્સભાયા વનવાસકૃચ્છ્રતઃ ।
મૃધે મૃધેઽનેકમહારથાસ્ત્રતો
દ્રૌણ્યયસ્ત્રતશ્ચાસ્મ હરેઽભિરક્ષિતાઃ ॥૧-૮-૨૩॥

હે ઋષિકેશ! જેમ આપે દુષ્ટ કંસ દ્વારા કેદ કરેલી અને લાંબા સમયથી શોકગ્રસ્ત દેવકીની રક્ષા કરી હતી, તે જ રીતે પુત્રોની સાથે મારી પણ આપે વારંવાર મુશ્કેલીઓથી રક્ષા કરી છે. આપ જ અમારા સ્વામી છો. આપ સર્વશકિતમાન છો. આપે અમને જે બચાવ્યાં છે તે હું કઈ રીતે ગણાવું? ઝેરથી, લાક્ષાગૃહની ભયાનક આગથી, હિડિમ્બ જેવા રાક્ષસોની દ્ષ્ટિથી, દુષ્ટોની જુગટુ સભાથી, વનવાસ દરમ્યાનની વિપત્તિઓથી, અનેક વખત યુદ્ધોમાં અનેક મહારથીઓના શસ્ત્રાસ્ત્રોથી અને હમણાં હમણાં આ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પણ આપે જ અમારી રક્ષા કરી છે.

વિપદઃ સન્તુ નઃ શશ્વત્તત્ર તત્ર જગદ્ગુરો ।
ભવતો દર્શનં યત્સ્યાદપુનર્ભવદર્શનમ્ ॥૧-૮-૨૫॥

હે જગદ્ગુરુ! અમારા જીવનમાં સર્વદા પગલે પગલે વિપત્તિઓ આવતી રહે; કારણકે વિપત્તિઓમાં જ નિશ્ચિત રૂપથી આપનાં દર્શન થયા કરે છે અને આપનાં દર્શન થયા બાદ જન્મ-મૃત્યુના ચકકરમાં આવવું પડતું નથી.

જન્મૈશ્વર્યશ્રુતશ્રીભિરેધમાનમદઃ પુમાન્।
નૈવાર્હત્યભિધાતું વૈ ત્વામકિંચન ગોચરમ્॥૧-૮-૨૬॥

ઊંચા કુલમાં જન્મ, ઐશ્વર્ય, વિદ્યા અને સંપત્તિના કારણે જેઓ ઘમંડી બન્યા છે તે મનુષ્યો તો આપનું નામ પણ લઈ શકતા નથી કારણકે આપ તો એવા લોકોને દર્શન આપો છો જે અકિંચન છે.

નમોઽકિંચનવિત્તાય નિવૃત્તગુણવૃત્તયે ।
આત્મારામાય શાન્તાય કૈવલ્યપતયેનમઃ ॥૧-૮-૨૭॥

આપ નિર્ધનોનું પરમ ધન છો. લૌકિક ગુણો અને તેની વૃત્તિઓ આપને સ્પર્શી નથી શકતી. આપ આપનામાં જ વિહાર કરો છો. શાન્ત સ્વરુપ છો. આપ જ કૈવલ્ય મોક્ષના અધિપતિ છો. આપને હું વારંવાર નમસ્કાર કરું છું.

મન્યે ત્વાં કાલમીશાનમના દિનિધનં વિભુમ્ ।
સમં ચરન્તં સર્વત્ર ભૂતાનાં યન્મિથઃ કલિઃ ॥૧-૮-૨૮॥

હું આપને કાલરૂપ, અનાદિ, અનન્ત, સર્વવ્યાપક, બધાના નિયન્તા, પરમેશ્વર સમજું છું. જગતના સમસ્ત પદાર્થો અને પ્રાણીઓ પરસ્પર ટકરાઈ વિષમતાના કારણે પરસ્પર વિરુદ્ધ થઈ રહ્યા છે, પણ આપ બધામાં સમાનરૂપથી વિચરી રહ્યા છો.

નવેદકશ્ચિદ્ભગવંશ્ચિકીર્ષિતં તવેહમાનસ્યનૃણાં વિડમ્બનમ્ ।
ન યસ્ય કશ્ચિદ્યિતોઽસ્તિ કર્હિચિદ્ દ્વેષ્યશ્ચ યસ્મિન્
વિષમા મતિર્નૃણામ્ ॥૧-૮-૨૯॥

ભગવાન! આપ જયારે મનુષ્યો જેવી લીલા કરો છો ત્યારે આપ શું કરવા ઈચ્છો છો તે કોઈ જાણતું નથી. આપના કયારે કોઈ પ્રિય નથી અને અપ્રિય નથી. આપના સંબંધે લોકોની બુદ્ધિ જ વિષમ થઈ જાય છે.

જન્મકર્મચ વિશ્વાત્મન્ન જસ્યાકર્તુરાત્મનઃ ।
તિર્યઙ્નૃષિષુ યાદઃ સુતદત્યન્તવિડમ્બનમ્ ॥૧-૮-૩૦॥

આપ વિશ્વના આત્મા છો. વિશ્વરૂપ છો. આપ જન્મ લેતા નથી અને કર્મ પણ કરતા નથી. છતાં પણ પશુ-પક્ષી, મનુષ્ય, ઋષિ, જલચર વગેરેમાં આપ જન્મ લો છો અને તે યોનિઓને અનુરુપ દિવ્ય કર્મ પણ કરો છો. આ આપની લીલા તો છે.

ગોપ્યાદદેત્વયિ કૃતાગસિ દામ તાવદ્ યાતે
દશાશ્રુકલિલાંજન સમ્ભ્રમાક્ષમ્ ।
વક્ત્રં નિનીય ભયભાવનયા સ્થિતસ્ય
સામાં વિમોહયતિ ભીરપિયદ્બિભેતિ ॥૧-૮-૩૧॥

બાળપણમાં જયારે આપે દૂધની માટલી ફોડી યશોદા મૈયાને ખિજાવ્યાં હતાં અને એમણે આપને બાંધવા હાથમાં દોરડું લીધેલું, ત્યારે આપની આંખોમાં આંસુ છલકી આવેલા, કાજલ ગાલ પર વહેતું હતું. નેત્રો ચંચલ થઈ રહ્યાં હતાં અને ભયની ભાવનાથી આપે આપના મુખને નીચેની તરફ ઝુકાવી લીધું હતું. આપની તે વખતની લીલાની છબીનું ધ્યાન કરતાં હું મોહિત બની જાઉં છું. ભય જેનાથી ભયભીત થાય છે, તેની આ દશા!

કેચિદાહુરનંજાતં પુણ્યશ્લોકસ્ય કીર્તયે ।
યદોઃ પ્રિય સ્વાન્વવાયે મલયસ્યેવ ચંદનમ્ ॥૧-૮-૩૨॥

આપ અજન્મા હોવા છતાં આપે જન્મ કેમ લીધો? આના કારણમાં કોઈ કોઈ મહાપુરુષ એમ કહે છે કે મલયાચલની કીર્તિનો વિસ્તાર કરવા માટે. તેમાં ચંદન પ્રકટ થાય છે, તે જ રીતે પોતાના પ્રિય ભક્ત પુણ્યશ્લોક રાજા યદુની કીર્તિનો વિસ્તાર કરવા જ આપે એના વંશમાં અવતાર ગ્રહણ કર્યો છે.

અપરે વસુદેવસ્ય દેવકયાં યાચિતોડભ્યગાત્ ।
અજસ્ત્વમસ્ય ક્ષેમાય વધાય ચ સુરદ્વિષામ્ ॥૧-૮-૩૩॥

બીજા લોકો એમ કહે છે કે વસુદેવ અને દેવકીએ પૂર્વજન્મમાં (સૂતપા અને પૃથ્વીના રૂપમાં) આપ પાસે વરદાન પ્રાપ્ત કર્યું હતું, આથી આપ

અજન્મા હોવા છતાં પણ જગતના કલ્યાણ અને દૈત્યોના નાશ માટે એમના પુત્ર બન્યા.

ભારાવતારણાયાન્યે ભુવો નાવ ઈવોદધૌ ।
સીદન્ત્યા ભૂરિ ભારેણ જાતો હ્યાત્મભુવાર્થિતઃ ॥૧-૮-૩૪॥

કેટલાક એમ કહે છે કે આ પૃથ્વી દૈત્યોના અત્યંત ભારથી સમુદ્રમાં ડૂબતા જહાજની માફક ડગમગાતી હતી-પીડિત હતી, ત્યારે બ્રહ્માની પ્રાર્થનાથી એનો ભાર ઉતારવા જ આપ પ્રકટ થયા.

ભવેડસ્મિન્ કિલશ્યમાનાનામ વિદ્યાકામકર્મભિઃ ।
શ્રવણસ્મરણાર્હાણિ કરિષ્યન્નિતિ કેચન ॥૧-૮-૩૫॥

કોઈક મહાપુરુષ એમ કહે છે કે જે લોકો આ સંસારમાં અજ્ઞાન, કામના અને કર્મોના બંધનમાં જકડાઈ પીડિત થતા હતા, તેવા માટે શ્રવણ અને સ્મરણ કરવા યોગ્ય લીલા કરવાના વિચારથી જ આપે અવતાર ગ્રહણ કર્યો છે.

શ્રૃણ્વન્તિ ગાયન્તિ ગૃણન્ત્યભીક્ષ્ણશઃ
સ્મરન્તિ નન્દન્તિ તવેહિતં જનાઃ ।
ત એવ પશ્યન્ત્યચિરેણ તાવંક
ભવપ્રવાહોપરમં પદામ્બુજમ્ ॥૧-૮-૩૬॥

ભક્તો વારંવાર આપના ચરિત્રનું શ્રવણ, ગાન, કીર્તન અને સ્મરણ કરીને આનંદિત થયા કરે છે. તેઓ તરત આપના તે ચરણકમલોનું દર્શન કરે છે. આ ચરણ કમલો જન્મ મૃત્યુના પ્રવાહને સદા માટે રોકી લે છે.

અપ્યદ્ય ન સ્ત્વં સ્વકૃતેહિત પ્રભો જિહાસસિ સ્વિત્સુહૃદૌડનુજીવિનઃ ।
યેષાં ન ચાન્યદ્ભવતઃ પદાંભુજાત્
પરાયણં રાજસુ યો જિતાંહસામ્ ॥૧-૮-૩૭॥

ભક્તો માટે કલ્પતરુ એવા પ્રભુ! શું હવે આપ આપના આશ્રિત અને સંબંધી અમને બધાંને છોડીને જવા ઈચ્છો છો? આપ જાણો છો કે આપના ચરણકમલો સિવાય અમને બીજા કોઈનો સહારો નથી. પૃથ્વી પરના રાજાઓના તો અમે આમેય વિરોધી થઈ ગયાં છીએ.

કે વયં નામ રુપાભ્યાં યદુભિઃ સહ પાંડવાઃ ।
ભવતોઽદર્શનં યર્હિ હૃષીકાણામિવેશિતુઃ ॥૧-૮-૩૮॥

જેમ જીવ વિના ઈન્દ્રિયો શકિતહીન થઈ જાય છે, તે જ રીતે આપના દર્શન વગર યદુવંશિયો અને અમારા પુત્ર પાંડવોના નામ તથા રુપનું અસ્તિત્વ જ શું રહે?

નેયં શો ભિષ્યતે તત્ર યથેદાનીંગદાધર ।
ત્વત્પદૈરંકિતાભાતિ સ્વલક્ષણવિલક્ષિતૈઃ ॥૧-૮-૩૯॥

હે ગદાધર! આપના વિલક્ષણ ચરણચિહ્નોથી અંકિત આ કુરુ જાંગલ દેશની ભૂમિ આજે જેવી શોભી રહી છે, તેવી આપના ચાલ્યા ગયા બાદ નહીં રહે.

ઈમે જનપદાઃ સ્વૃદ્ધાઃ સુપકવૌષધિવીરુધઃ ।
વનાદ્રિનદ્યુદન્વન્તો હ્યેધન્તે તવ વીક્ષિતેઃ ॥૧-૮-૪૦॥

આપની દૃષ્ટિના પ્રભાવથી જ આ દેશ, પાકેલી ફસલો તથા લતા વૃક્ષોથી સમૃદ્ધ થઈ રહ્યો છે. આ વન પર્વત, નદી અને સમુદ્ર પણ આપની દૃષ્ટિથી વૃદ્ધિ પામી રહ્યાં છે.

અથ વિશ્વેશ વિશ્વાત્મન્ વિશ્વમૂર્તે સ્વકેષુ મે ।
સ્નેહપાશમિમં છિન્ધિ દૃઢં પાંડુષુ વૃષ્ણિષુ ॥૧-૮-૪૧॥

આપ વિશ્વના સ્વામી છો. વિશ્વના આત્મા છો. અને વિશ્વરૂપ છો. યદુવંશીઓ અને પાંડવોમાં મારી ખૂબ મમતા થઈ ગઈ છે. કૃપા કરીને આપ સ્વજનો સાથે જોડાયેલી સ્નેહની ગાંઠને કાપી નાંખો.

ત્વયિમેઽનન્યવિષયા મતિર્મધુપતેઽસકૃત્ ।
રતિમુદ્વહતા દદ્ધા ગંગેવૌઘમુદન્વતિ ॥૧-૮-૪૨॥

હે મધુપતિ કૃષ્ણ! જેમ ગંગાની અખંડ ધારા સમુદ્રને મળતી રહે છે, તે જ રીતે મારી બુદ્ધિ બીજે ન જતાં આપને જ નિરંતર પ્રેમ કરતી રહે.

શ્રીકૃષ્ણ કૃષ્ણસખ વૃષ્ણ્યૃષભાવનિધ્રુગ્ રાજન્યવંશદહનાનપવર્ગવીર્ય ।
ગોવિન્દ ગોદ્વિજ સુરાર્તિહરાવતાર યોગેશ્વરાખિલગુરો
ભગવન્નમસ્તે ॥૧-૮-૪૩॥

હે શ્રીકૃષ્ણ! અર્જુનના વ્હાલા સખા, યદુવંશના શિરોમણિ! આપ પૃથ્વીને ભારરૂપ રાજાના વેશધારી દૈત્યોને બાળવા માટે અગ્નિ સ્વરૂપ છો. આપની શકિત અનંત છે.

ગોવિંદ! આપનો આ અવતાર ગાય, બ્રાહ્મણ અને દેવતાઓના દુઃખ મટાવવા માટે જ છે. યોગેશ્વર! ચરાચરના ગુરુ ભગવન્!હું આપને નમસ્કાર કરું છું.

હવે દાદા ભીષ્મ મુક્તિ માટે સ્તુતિ કરે છે. નવમા અધ્યાયમાં (આ પ્રકરણના ત્રીજા અધ્યાયમાં) આ સ્તુતિ છે. અહીં જીવ સંબંધી અજ્ઞાનનું નિવારણ છે. જયારે કુન્તીજીની સ્તુતિમાં બ્રહ્મ સંબંધી અજ્ઞાનનું નિવારણ કરવા સ્તુતિ હતી.

ઈતિ મતિરુપકલ્પિતા વિતૃષ્ણા ભગવતિ સાત્વતપુંગવે વિભૂમ્નિ ।
સ્વસુખમુપગતે કવચિદ્વિહર્તું પ્રકૃતિમુપેયુષિ યદ્ ભવપ્રવાહઃ॥૧-૯-૩૨॥

ભીષ્મદાદાનો મૃત્યુનો સમય છે. તેમની બુદ્ધિ અનેક પ્રકારના સાધનોના અનુષ્ઠાનથી શુદ્ધ અને કામનારહિત થઈ ગઈ છે. આવી બુદ્ધિ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં સમર્પિત કરે છે. કૃષ્ણ યદુવંશ શિરોમણિ છે. સદા સર્વદા પોતાના આનંદમય સ્વરૂપમાં સ્થિત રહે છે. કોકવાર લીલા કરવાની ઈચ્છાથી પ્રકૃતિનો સ્વીકાર કરે છે. જેનાથી આ સૃષ્ટિ પરંપરા ચાલે છે.

ત્રિભુવનકમનં તમાલવર્ણં રવિકર ગૌરવરામ્બંર દધાને ।
વપુરલકકુલાવૃતાનનાબ્જં વિજયસખે રતિરસ્તુ મેઽનવદ્યા ॥૧-૯-૩૩॥

શ્રીકૃષ્ણનું શરીર ત્રિભુવન સુંદર અને શ્યામ તમાલ જેવું સાંવલું છે. આપશ્રી પર સૂર્યકિરણો જેવું શ્રેષ્ઠ પીતાંબર લહેરાઈ રહ્યું છે. કમલ વદન પર વાંકડીયા વાળની લટો લટકી રહી છે. આવા અર્જુન-સખા શ્રીકૃષ્ણમાં નિષ્કપટ પ્રીતિ ભીષ્મદાદા માંગે છે.

યુધિ તુરગરજોવિધૂમ્રવિષ્વક્ કચલુલિતશ્રમવાર્ય લંકૃતા સ્યે ।
મમ નિશિતશરૈર્વિભિદ્યમાન ત્વચિ વિલસત્કવચેઽસ્તુ કૃષ્ણ આત્મા
॥૧-૯-૩૪॥

ભીષ્મદાદા યુદ્ધસમયની શ્રીકૃષ્ણની વિલક્ષણ છબી યાદ કરે છે. પ્રભુના મુખકમલ પર વાંકડિયા વાળ લહેરાતા હતા. તેના પર ઘોડાની ખરીની ધૂળ લાગવાથી મેલા લાગતા હતા. પ્રસ્વેદની નાની નાની બુંદો શોભાયમાન થઈ રહી હતી. તે વખતે ભીષ્મના તીખા બાણો પ્રભુની ત્વચાને વીંધી રહ્યા હતા. કવચમંડિત સુંદર ભગવાન શ્રીકૃષ્ણને ભીષ્મદાદા શરીર, અંતઃકરણ, આત્મા સહિત સમર્પે છે.

સપદિસખિવચોનિશમ્યમધ્યે નિવપરયોર્બલયો રથં નિવેશ્ય ।
સ્થિતવતિ પરસૈનિકા યુરક્ષ્ણા હૃતવતિ પાર્થસખેરતિર્મમાસ્તુ
॥૧-૯-૩૫॥

અર્જુને દૂરથી કૌરવોની સેનાના મુખ્ય લોકોને જોયા ત્યારે, સ્વજનોને મારવા તે પાપ છે, તેવું સમજી તે વિમુખ થઈ ગયો. ત્યારે તેને ગીતાના રૂપમાં આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો અને તે દ્વારા તેના અજ્ઞાનનો નાશ કર્યો. ભીષ્મ આવા પરમપુરુષ કૃષ્ણના ચરણોમાં પ્રીતિ માગે છે.

સ્વનિગમમપહાય મત્પ્રતિજ્ઞા મૃતમધિકર્તુમવપ્લુતો રથસ્થઃ ।
ધૃતરથચરણોઽભ્યયાચ્ચલદ્ગુર્હરિરિવ
હન્તુમિમં ગતોત્તરીયઃ ॥૧-૯-૩૭॥

ભીષ્મે પ્રતિજ્ઞા લીધી હતી કે શ્રીકૃષ્ણને શસ્ત્ર ગ્રહણ કરાવીશ. એને સત્ય કરવા પ્રભુએ શસ્ત્ર ગ્રહણ ન કરવાની પ્રતિજ્ઞા તોડી દીધી. તે પોતાના રથ પરથી નીચે કૂદી પડયા. સિંહ જેમ હાથીને મારવા તેની પર તૂટી પડે તેમ રથના પૈડાને લઈ તે ભીષ્મ પર પડેલા. આ વખતે કૃષ્ણ વેગથી દોડતા હતા, આથી તેમના ખભા પરનો દુપટ્ટો નીચે પડયો અને પૃથ્વી કાંપવા લાગી.

શિતવિશિખહતો વિશીર્ણદંશઃ ક્ષતજપરિપ્લુત આતતાયિનો મે ।
પ્રસભમભિસસાર મદ્ વધાર્થં સભવતુ મે
ભગવાન્ ગતિર્મુકુન્દઃ ॥૧-૯-૩૮॥

ભીષ્મ પોતાની જાતને આતતાયી કહે છે. યાદ કરે છે એ સમય જયારે તેમણે તીખાં બાણો મારી-મારીને શ્રીકૃષ્ણના શરીરના કવચને તોડી નાખેલું.

આનાથી આપનું શરીર લોહીલુહાણ થઈ રહ્યું હતું. તે વખતે અર્જુનના રોકવાના પ્રયત્નોને ન ગણકારી કૃષ્ણ, ભીષ્મને મારવા તેમની તરફ દોડી રહ્યા હતા. આમ છતાં શ્રીકૃષ્ણ ભીષ્મ પ્રતિ અનુગ્રહ અને ભક્તવત્સલતાથી પરિપૂર્ણ હતા. ભીષ્મ કહે છે કે આવા કૃષ્ણ એક માત્ર મારી ગતિ-આશ્રય થાય.

વિજયરથ કુટુંબ આત્તતોત્રે ધૃતહયરશ્મિનિ તચ્છ્રિવેક્ષણીએ ।
ભગવતિ રસિરસ્તુ મે મુમૂર્ષો
યંમહિ નિરીક્ષ્ય હતા ગતાઃ સ રુપમ્ ॥૧-૯-૩૯॥

શ્રીકૃષ્ણ, અર્જુનના રથની રક્ષામાં સાવધાન હતા. શ્રીકૃષ્ણના ડાબા હાથમાં ઘોડાઓની લગામ અને જમણા હાથમાં ચાબુક હતી. આથી શ્રીકૃષ્ણની શોભા અપૂર્વ બની ગઈ હતી. તે વખતે મહાભારતના યુદ્ધમાં મરવાવાળા વીરો આ છબીનાં દર્શન કરતાં સારુપ્યમોક્ષને પ્રાપ્ત કરતા હતા. આવા પાર્થસારથિ કૃષ્ણમાં પરમ પ્રીતિ ભીષ્મજી મરણ સમયે ઈચ્છે છે

લલિતગતિવિલાસવણ્ગુહાસ પ્રણયાનિરીક્ષણકલ્પિતોરુમાનાઃ ।
કૃતમનુકૃતવત્ય ઉન્મદાન્ધાઃ પ્રકૃતિમગન્ કિલ યસ્ય ગોપવધ્વઃ
॥૧-૯-૪૦॥

ભીષ્મદાદાં રાસ પ્રસંગનું સ્મરણ કરે છે. શ્રીકૃષ્ણની લટકીલી સુંદર ચાલ, હાવભાવ યુક્ત ચેષ્ટાઓ, મધુરહાસ્ય અને પ્રેમભરેલું જોવાની રીતથી ગોપીઓ પ્રભુના અંતર્ધાન થયા બાદ પ્રેમના ઉન્માદમાં મતવાલી બની, પ્રભુની લીલાઓનું અનુકરણ કરતી તન્મય બની ગઈ હતી.આવા શ્રીકૃષ્ણમાં તે પરમ પ્રેમ માગે છે.

મુનિગણનૃપવર્યસંકુલેઽન્તઃ સદસિ યુધિષ્ઠિરરાજસૂય એષામ્ ।
અર્હણમુપપેદ ઈક્ષણીયો મમ
દશિગોચર એષ આવિરાત્મા ॥૧-૯-૪૧॥

યુધિષ્ઠિરે કરેલ રાજસૂય યજ્ઞ પ્રસંગનું સ્મરણ કરે છે. યજ્ઞ થઈ રહ્યો છે. સભામાં મોટા મોટા રાજાઓ ઉપસ્થિત છે. આ વખતે તે બધા તરફથી

સૌ પ્રથમ પૂજા દર્શનીય ભગવાન કૃષ્ણની થઈ. ભીષ્મદાદાની નજર સમક્ષ જ આ બન્યું છે. તે જ પ્રભુ જે બધાના આત્મા છે તે આજે મારા મૃત્યુ સમયે મારી સામે ઠાડા છે.

તમિમમહમજં શરીરભાજાં હૃદિ હૃદિ ધિષ્ટિતમાત્મકલ્પિતાનામ્ ।
પ્રતિદશમિવ નૈકધાર્કમેકં સમધિગતોઽસ્મિ
વિધૂત ભેદમોહઃ ॥૧-૯-૪૨॥

સૂર્ય એક જ છે પણ અનેક આંખોથી અનેક રૂપોમાં દેખાય છે. આ જ રીતે અજન્મા ભગવાન શ્રીકૃષ્ણ અનેક શરીરધારીઓને રચી તેમના હૃદયમાં અનેક રૂપથી જણાય છે. વાસ્તવમાં તો બધાના હૃદયમાં બિરાજમાન તે એક જ છે. આવા ભગવાન શ્રીકૃષ્ણમાં ભેદ-ભ્રમ રહિત થઈ હું પ્રાપ્ત થઈ ગયો છું.

આગળ કુન્તાજીની સ્તુતિ હતી. તે બ્રહ્મ સંબંધી અજ્ઞાનનું નિવારણ કરતી હતી. ભીષ્મસ્તુતિ જીવ સંબંધી અજ્ઞાનનું નિવારણ કરે છે. આ માટે જ અંતમાં મુકિત કહી છે. અહીં જે સ્તુતિ છે તેનાથી અધિકાર સિદ્ધ થાય છે. સ્તુતિ કરનારાઓ ભગવદીય છે. દુઃખ દૂર કરવા માટે તે સ્તુતિ ન જ કરે પણ ભક્તિ કરવાનો અધિકાર મળે તે માટે જરૂર છે. સંસારના જુદા જુદા પદાર્થોમાંથી આસકિત દૂર કરવા આ સ્તુતિ સાધનરૂપ છે. જુદા જુદા પદાર્થો પ્રાપ્ત કરવાની પ્રેરણાને ભગવાન આ સ્તુતિને લીધે અટકાવે છે.

આમ આપણે અશ્વત્થામાએ પાંડવોના સૂતેલા પુત્રોને માર્યા, બ્રહ્માસ્ત્ર છોડયું, અર્જુને કૃષ્ણની સ્તુતિ કરી તે જોયું. પૃથાની અને ભીષ્મની સ્તુતિ પણ જોઈ.

અર્જુને જયારે સ્તુતિ કરી ત્યારે યુધિષ્ઠિર રાજા વિદ્યમાન હતા. આથી મોટા હોવાને નાતે તેમણે સ્તુતિ કરવી જોઈતી હતી. પણ તેમ ન થતાં અર્જુને કરી તેનું કારણ સમજાવે છે.

અર્જુનઃ સર્વમુખ્યત્વાત્ પૃથા નૈકટ્યતો વરા ।
સર્વજયેષ્ઠસ્તથા ભીષ્મઃ કર્ત્તારઃ ક્રમતોઽવરાઃ ॥૯૮॥

અર્જુન સર્વમાં મુખ્ય હોવાથી, પૃથાજી નિકટનાં સગાં હોવાથી અને ભીષ્મ સર્વથી મોટેરા હોવાથી ઉત્તમ છે. ભીષ્મ કરતાં કુંતીજી અને તેનાથી અર્જુન ઉત્તમ છે.

સર્વથા સંસ્તુવીતેતિ મુખ્યે ફલતિ સર્વદા ।
સર્વત્ર ભકતરક્ષા હિ સામાન્યેન વિશેષતઃ ॥૯૯॥

હંમેશા સ્તુતિ કરવી જ જોઈએ. તે હંમેશા મુખ્ય રીતે ફળે છે. સર્વત્ર સામાન્ય અને વિશેષતઃ ભકતરક્ષા જ છે.

અત્યાસકત્યા પિ તદ્રક્ષા ભજનોત્સાહવર્ધિકા ॥૯૯ $\frac{૧}{૨}$॥

અર્થાત્ : અતિ આસક્તિ વડે પણ ભક્તની રક્ષા ભજનમાં ઉત્સાહ વધાવનારી છે.

વિવેચન : અર્જુનને મુખ્ય ગણ્યા, તેનું કારણ એ જ કે અર્જુનમાં નરનો અંશ છે શ્રીગીતાજીમાં પણ દસમા વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણ અર્જુનને પોતાની વિભૂતિઓનું વર્ણન સંભળાવે છે. ત્યાં કહે છે.

વૃષ્ણીનાં વાસુદેવોઽસ્મિ પાંડવાનાં ધનંજયઃ ।
મુનીનામપ્યંહ વ્યાસઃ કવીનામુશના કવિઃ ॥૩૭॥

આમ પાંડવોમાં અર્જુન (ધનંજય) એ ભગવાનની વિભૂતિ (શ્રેષ્ઠ કૃતિ) છે. આમ અર્જુન મુખ્ય છે. અને તેથી જ યુધિષ્ઠિરની ઉપસ્થિતિ હોવા છતાં અર્જુન ભગવાનની સ્તુતિ કરે છે.

કુંતાજી પ્રભુના ફોઈ છે. પ્રભુ સાથેનો તેમનો આ સંબંધ જ તેમને શ્રેષ્ઠતા આપે છે. શ્રીકૃષ્ણની બાલલીલામાં જયારે કૃષ્ણે માટલી ફોડી અને યશોદામાને ખીજ આવી ત્યારે યશોદામાએ હાથમાં દોરડી લીધી.પ્રભુને બાંધવાનો ઉદ્યમ કર્યો. ત્યારે પ્રભુની આંખમાં આંસુ હતા. કુંતાજીએ આ લીલાનું દર્શન કર્યું છે. ભય પણ જેનાથી ભય પામે તેવા શ્રીકૃષ્ણની આ દશા પૃથાજીને કૃષ્ણના ફોઈ હોવાના સંબંધે જ જોવા મળી છે.

ભીષ્મમાં લૌકિક ઉત્કર્ષ છે. અને આ ઉત્કર્ષને લીધે જ તેમનું શ્રેષ્ઠત્વ છે. આમ અર્જુન, કુંતાજી અને ભીષ્મ શ્રેષ્ઠ છે. આ ત્રણેયમાં પ્રથમ અર્જુન

શ્રેષ્ઠ છે. એ પછી ઉત્તરોત્તર કાંઈક ન્યૂનતા છે. અર્થાત્ અર્જુન પછી કુંતાજી (પૃથાજી) અને તે પછી ભીષ્મદાદા. સ્તુતિ ઘણાં કરે છે. પણ ભગવદીયોએ કરેલ સ્તુતિમાં વિશેષતા છે. એ જયારે પ્રભુનું સ્તવન કરે છે ત્યારે સ્તવન કરાયેલા પ્રભુ અતિ આસક્તિથી રક્ષા કરે છે. આ પ્રકારની રક્ષા ભજનમાં ઉત્સાહ વધારનારી હોય છે. આથી અહીં કોઈ પણ પ્રકારની પ્રાકૃતતા નથી.

આપણે અગાઉ સાતમા અધ્યાયનું અવગાહન કર્યું છે. ત્યાં જે શ્લોકો છે તેનો વાકયવિભાગ આપણે જોઈ લઈએ

શરૂમાં શૌનકનો પ્રશ્ન છે. સૂતની તે કહેવાની પ્રતિજ્ઞા છે. હવે તે પછીના શ્લોકોનું તાત્પર્ય જોઈએ (શૌનક-સૂતનીવાત પ્રથમ બાર શ્લોકોમાં છે.) તેથી હવે શ્લોક ૧૩ થી ૧૫ 'યદા મૃધે...... કિરીટમાલી' આ ત્રણ શ્લોકોમાં દ્રૌપદીનો વિલાપ છે.

શ્લોક ૧૬ થી ૧૭ 'તદા શુચસ્તે......ગુરુપુત્રં રથેન' માં વાણી અને ક્રિયા વડે સાધન છે.

શ્લોક ૧૮ થી ૨૧ 'તમાપતન્તં...... રુવાચ હ' એ ચાર શ્લોકોમાં પરસ્પર અસ્ત્રનું ફેંકવાનું વર્ણન છે.

શ્લોક ૨૨ થી ૨૫ 'કૃષ્ણ કૃષ્ણ...... ચાસકૃત્' એ ચાર શ્લોકોમાં અર્જુને કરેલી સ્તુતિ છે.

શ્લોક ૨૬ 'કિમિદ...... પરમદારુણમ્' માં અર્જુને કરેલો પ્રશ્ન છે.

શ્લોક ૨૭ થી ૨૮ 'વેત્થેદં...... હ્યસ્ત્રતેજસા' માં પ્રભુએ અર્જુનને આપેલ જવાબ છે.

શ્લોક ૨૯ 'શ્રુત્વા...... સંદધે' પ્રકીર્ણ શ્લોક છે.

શ્લોક ૩૦ થી ૩૪ 'સંહત્યાન્યોન્ય...... ભગવાન અંમ્બુજેક્ષણ:' આ પાંચ શ્લોકથી અસ્ત્ર પાછું ખેંચવા સાથે અશ્વત્થામાનું બંધન કહ્યું છે.

શ્લોક ૩૫ થી ૩૯ 'મેનં પાર્થાર્હસિ...... કૃતવાન્ કુલપાંસન:' આ પાંચ શ્લોકોથી અશ્વત્થામાનો વધ કરવા માટે ભગવાનનાં વચન છે.

શ્લોક ૪૦ મો પ્રકીર્ણ છે.

શ્લોક ૪૧ થી ૪૮ 'અથોપેત્ય...... શુચાર્પિતમ્' સુધીના આઠ શ્લોકોમાં દ્રૌપદીનાં વચન છે.

શ્લોક ૪૯ થી ૫૦ 'ધર્મ્યં...... યોષિત:' આ બે શ્લોકોથી સૂતે કરેલી દ્રૌપદીની પ્રશંસા છે.

શ્લોક ૫૧ 'તત્રાહામર્ષિતો...... શિશૂનવૃથા' માં ભીમનું વચન છે.

શ્લોક ૫૨ થી ૫૪ 'નિશમ્ય...... મહ્યમેવચ' આ ત્રણ શ્લોકમાં અશ્વત્થામાનું રક્ષણ કરવા ભગવાનનાં વચન છે.

શ્લોક ૫૫ થી ૫૭ 'અર્જુન:...... દૈહિક:' આ ત્રણ શ્લોકોમાં અશ્વત્થામાનું મુંડન અને મોચનનું વર્ણન છે.

છેલ્લા શ્લોક ૫૮ 'પુત્ર શોકાતુરા:...... ચક્રુર્નિર્હરણાદિકમ્' માં મરી ગયેલા પુત્રોનો સંસ્કાર કર્યો તે વર્ણન છે.

આમાં શરૂઆતમાં દ્રૌપદીએ કરેલ વિલાપ છે. ત્યાં એક આશંકા ઉઠે છે: 'દ્રૌપદીજી તો પ્રભુનાં ભક્ત હતાં. ભક્તો માને છે કે બધે સ્થળે પ્રભુની ઈચ્છાથી જ કાર્યો થાય છે. આથી પુત્રોનું મરવું તે પણ ભગવદ્ઈચ્છા જ છે. તો પછી દ્રૌપદીજી કેમ રડ્યાં? આનું સમાધાન કારિકા ૧૦૦ થી ૧૦૪ સુધીમાં આપેલું છે. શ્રીમહાપ્રભુજીની પણ આજ્ઞા છે - વિવેકધૈર્યાશ્રય' માં કે વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાત કરિષ્યતિ. આથી જ દ્રૌપદીના રૂદનનું કારણ સમજવા જેવું છે.

શ્રી મહાપ્રભુજી દ્રૌપદીજીના વિલાપનું કારણ સમજાવે છે.

સુતાનાં નિધનં વિપ્રાદયુદ્ધ ઈતિ રોદનમ્ ।।૧૦૦।।
સાન્ત્વનં ચ પ્રિયાર્થં હિ ન સત્ય વચનં મતમ્ ।
ભક્તેષ્ટપૂરણાત્ કૃષ્ણો ન વારયતિ દોષવિત્ ।।૧૦૧।।

અર્થ : એક બ્રાહ્મણથી પુત્રોનું મરણ થયું. આ મરણ પણ યુદ્ધમાં ન થયું. આ માટે રડે છે.

આ વખતે અર્જુને જે વચન કહ્યું છે તે પ્રિયાના સાંત્વન માટે જ છે. તે સત્યવચન નથી જ. ભગવાન શ્રીકૃષ્ણ દોષને જાણનાર, ભક્તની ઈચ્છા પૂર્ણ કરનાર છે. આથી અર્જુનને શિર ન લાવવાનું કહેતા નથી.

વિવેચન : શાસ્ત્રમાં આજ્ઞા છે- 'બ્રાહ્મણાન્નિધનં પ્રાપ્ય નારકી ભવતિ ધ્રુવમ્- બ્રાહ્મણના હાથે મૃત્યુ થતાં નરકમાં ગતિ થાય છે. તે ચોક્કસ છે. વળી જે જગ્યાએ મર્યા તે યુદ્ધભૂમિ નથી. આ પરિસ્થિતિમાં પોતાના પુત્રોની સદ્ગતિ નહીં થાય તેવું જાણીને દ્રૌપદીજી રૂદન કરે છે. આનાથી ભગવાન કૃપા કરે અને મરેલા પુત્રોનો ઉદ્ધાર કરે. આ કારણથી દ્રૌપદીજી રડ્યા છે.'

અર્જુન અશ્વત્થામાનું શિર લાવવાની પ્રતિજ્ઞા કરે છે. દ્રૌપદીજીને માત્ર દિલાસો આપવા માટે જ આ કહ્યું છે. આ વચન સત્ય નથી કારણકે શાસ્ત્રમાં કહ્યું છે સ્ત્રીષુનર્મ વિવાહેચ વૃત્યર્થે પ્રાણસંકટે। ગોબ્રાહ્મણાર્થે હિંસાયાં નાનૃતં સ્યાજજુગુપ્સિતમ્ (ભા-૮-૧૯-૪૩) અર્થાત્ સ્ત્રીઓ આગળ મજાકમાં, વિવાહમાં, વૃત્તિમાં, પ્રાણસંકટમાં, ગાય-બ્રાહ્મણના લાભ માટે અને કોઈની હિંસા થતી અટકાવવા, આટલા પ્રસંગોએ ખોટું બોલવું તે નિંદનીય નથી- પ્રભુ ભક્તોનું અપ્રિય ન જ કરે આથી અર્જુનને અટકાવતા નથી. આ પ્રસંગથી એ સમજાય છે કે ભક્તોએ શાસ્ત્રમાંથી જાણીને જે કરવાનું છે તે જ કરવું.

સમર્થત્વાત્ પ્રેમસિદ્ધયૈ દૈત્યાંશત્વાત્તથા વચઃ।
ભીમસ્યાસન્યાવતારાત્ સહજદ્વેષભાવતઃ ॥૧૦૨॥

અર્થ : પ્રભુ દરેક કાર્ય કરવા માટે સમર્થ છે. પ્રેમની સિદ્ધિ માટે અર્જુનને અટકાવતા નથી. અશ્વત્થામા દૈત્યનો અંશ છે, આથી જ પ્રભુ એને મારી નાખવાનું કહે છે. ભીમ પોતે પ્રાણવાયુનો અવતાર છે. આથી તે સહજ દ્વેષભાવવાળો છે. આથી તે પણ અશ્વત્થામાને મારવા કહે છે.

વિવેચન : ભગવાન ભક્તોનું પ્રિય કરનારા છે.અશ્વત્થામા દૈત્યનો અંશ છે. આથી પ્રભુએ અર્જુને શિર લાવવાની પ્રતિજ્ઞા લીધી એને ટેકો આપ્યો છે. ભીમ પ્રાણવાયુરૂપ વેદાત્મા છે. વેદમાં અસુરોને મારવા માટે કહ્યું છે. આથી ભીમમાં સહજ દ્વેષ હોય તે સ્વાભાવિક છે. આથી જ તે અર્જુનની પ્રતિજ્ઞાનું અનુમોદન કરે છે.

સંહારશક્તેર્દ્રૌપદ્યા ઉભયોઃ સમતા હરેઃ।
ઉભયાત્મકત્વકથનં સર્વપ્રિય હિતાય હિ ॥૧૦૩॥

અર્થ : દ્રૌપદીજી સંહારશકિત છે આથી એ અશ્વત્થામાને જીવતો રાખવાનું કહે છે. આથી બંને વાકયોનું સરખાપણું છે. પ્રભુએ મારવાનું અને ન મારવાનું આમ બે વાત કહી છે. તે બધાનું ભલું તથા પ્રિય કરવા માટે છે.

વિવેચન : દ્રૌપદીજી અશ્વત્થામાને મુક્ત કરવા માટે કહે છે. કારણકે દ્રૌપદીજી સંહારશક્તિનું સ્વરૂપ છે. સંહાર કાર્ય દૈત્યોનું છે. સંહારશકિત આથી દૈત્યોનો પક્ષ કરે છે. આથી દ્રૌપદીજી અશ્વત્થામાને મુકત કરવા કહે છે કારણકે તે દૈત્યોનો અંશ છે. મારી નાંખવું અને ન મારવું આ બે વાત પ્રભુ કરે છે. તેમાં જ બધાનું ભલું છે. ૫૪ મા શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે.

કુરુ પ્રતિશ્રુતં સત્યં યત્તત્સાન્ત્વયતા પ્રિયમ્ ।
પ્રિયંચ ભીમસેનસ્ય પાંચાલ્યામહ્યમેવ ચ ॥૧-૭-૫૪॥

અર્થાત્ દ્રૌપદીને સાંત્વન આપતા જે પ્રતિજ્ઞા કરી છે તે પણ સત્ય કર અને જોડે જોડે ભીમસેન, દ્રૌપદી અને મને પ્રિય છે તે પણ કર.

અર્જુનસ્ય તુ વિજ્ઞાન માવે શિત્વાન્ન ચાન્યથા ।
આતુરત્વ વિલાપશ્ચ પૂર્વવત્ સુપ્તમારણમ્ ॥૧૦૪॥

અર્થ : અર્જુન આવેશાવતાર છે. તે પ્રભુની આજ્ઞા સમજી ગયો. સૂતેલા પુત્રોને મારી નાખ્યા તેથી જ દ્રૌપદીની આતુરતા અને વિલાપ છે

વિવેચન : અર્જુન ભગવાનના આવેશનો અવતાર છે. આથી ઉપર મુજબની પ્રભુની આજ્ઞાને તે સમજી ગયો. આથી તેણે તલવારથી વાળ સહિત અશ્વત્થામાના માથાના મણિને ઉતારી લીધો અને તેને મુકત કરી દીધો. આમ અહીં કોઈપણ જાતનો વિરોધ નથી.

પ્રભુકૃપાથી હવે આઠમા અધ્યાયની કારિકાઓનું અવગાહન કરીશું. આ અધ્યાયના પહેલા બે શ્લોકોમાં પ્રભુએ આપેલું સાંત્વન છે. શ્લોક પાંચથી આઠમાં પ્રભુની દ્વારકા જવાની તૈયારી, નવમા અને દસમા શ્લોકમાં ઉત્તરાએ કરેલી સ્તુતિ, ૧૧ થી ૧૭ શ્લોકમાં ગર્ભની. તથા પાંડવોની રક્ષા, ૧૮ થી ૪૩ શ્લોકમાં કુન્તીજીએ કરેલી સ્તુતિ, ૪૪

અને ૪૫ શ્લોકમાં સૂતજીએ કરેલ સ્તુતિનું અનુમોદન અને ૪૬ થી ૫૨ સુધી યુધિષ્ઠિરના શોકનું વર્ણન છે. આ પૈકી ઉત્તરાએ કેમ સ્તુતિ કરી? તે કહે છે.

અશ્વત્થામાએ બીજીવાર અસ્ત્ર ફેકયું. ઉત્તરાના ગર્ભનો નાશ કરવાનો તેનો ઈરાદો છે. પ્રશ્ન એ થાય છે કે પ્રભુએ તેની મતિ કેમ આવી કરી? તેનું કારણ પુનરસ્ત્રસમુત્ક્ષેપો ગર્વાભાવાય કારિતઃ। અર્થાત્ જે અસ્ત્ર ફેંકવામાં આવ્યું એ એટલા માટે કે પાંડવોને ગર્વ ન થાય.

અશ્વત્થામાએ પ્રથમ વાર અસ્ત્ર છોડયું ત્યારે તેનો ઉપસંહાર કરેલો જ છે, આથી ગર્વ ન થવો જોઈએ. છતાંય ગર્વ ન થવા દેવો તેવું કેમ કહે છે? અર્જુને પ્રથમ બ્રહ્માસ્ત્ર વાળેલું તેનો ગર્વ ન રહે તે માટે આ ફરી પ્રયોગ કરાવ્યો.

અનિવર્ત્યં નિવર્ત્યં ચ બ્રહ્માસ્ત્રં દ્વિવિધં મતમ્ ॥૧૦૫॥
અનિવર્ત્યસમુત્ક્ષેપો નાસ્ત્યેવ મરણેડપિ હિ ।
શાસ્ત્રાદ્દેવાતયોઃ સિદ્ધિસ્તેજ સ્તેન મહદ્ભવેત્ ॥૧૦૬॥
સર્વોપાયપરિભ્રષ્ટો મૃતકલ્પો ગુરોઃ સુતઃ ।
અત્યુપાસનયા પ્રાપ્તં બ્રહ્માસ્ત્રં ક્ષિપ્તવાન્ પિતુઃ ॥૧૦૭॥

અર્થ : બ્રહ્માસ્ત્ર બે પ્રકારનું છે. પાછું ન ફરે અને પાછુ ફરે.

મરણ ચોકકસ હોય તો પણ પાછું ન ફરે તેવા બ્રહ્માસ્ત્રને ફેંકવામાં નથી જ આવતું. બ્રહ્માસ્ત્રની સિદ્ધિ શાસ્ત્રથી અને દેવથી એમ બે પ્રકારે છે. આથી બ્રહ્માસ્ત્રનું તેજ મોટું છે.

જ્યારે બધા ઉપાય ખલાસ થયા અને ગુરુનો પુત્ર (અશ્વત્થામા) મરણ તુલ્ય થઈ ગયો. ત્યારે તેણે બ્રહ્માસ્ત્ર ફેંકયું. આ તેણે તેના પિતાની ખૂબ જ સેવા કરીને પ્રાપ્ત કરેલું હતું.

વિવેચન : બ્રહ્માસ્ત્ર બે પ્રકારનાં છે (૧) વાળી ન શકાય (૨) વાળી શકાય. પહેલું બ્રહ્માસ્ત્ર વાળી શકાય તેવું હતું. આથી ભગવાનના કહેવાથી અર્જુને તે વાળેલું તેથી અર્જુનને ગર્વ થાય. આવો ગર્વ ન રહે તે માટે ભગવાને જ અશ્વત્થામાને પાછું ન વાળી શકાય તેવું બ્રહ્માસ્ત્ર છોડવાની પ્રેરણા કરી. ખરેખર તો મૃત્યુ સામે હોય તોપણ આવું બ્રહ્માસ્ત્ર ન છોડાય, કારણકે તે શાસ્ત્ર અને દેવથી પ્રાપ્ત થયેલું હોવાથી તેનું તેજ ખૂબ જ અધિક હોય છે.અશ્વત્થામાએ તેના પિતાની ખૂબ સેવા કરી તે પ્રાપ્ત કરેલું. મણિ જવાથી અશ્વત્થામા મરવા જેવો જ થઈ ગયેલો તેથી તેણે તે છોડયું. અર્જુનથી તે વાળી શકાય તેમ નહોતું. ભગવાને પણ તેને પાછું ન વાળ્યું પણ સુદર્શનથી પાંડવોનું રક્ષણ કર્યું. આનાથી અર્જુન સહિત પાંડવોનો ગર્વ દૂર થઈ ગયો.

શ્રી ઠાકોરજીએ પાંડવોના ગર્વનો નાશ કર્યો, ગર્વના કારણરૂપ તેમના વંશ પરીક્ષિતનું ઉત્તરાના ગર્ભમાં રક્ષણ કર્યું. પાંડવોના વંશને બંધ પડવા દીધો નહીં. આનું કારણ કહે છે.

ઉત્તરા પરમા ભકતા રોહિણ્યંશા હરેઃ સુહૃત્ ।
શરણાગમનં કૃષ્ણસ્તુતિપૂર્વં ચ દર્શનમ્ ॥૧૦૮॥

અર્થાત્ ઉત્તરા પરમ ભકત છે. રોહિણીના અંશ રૂપ છે. તેથી પ્રભુના સુહૃદ છે. આથી તે પ્રભુને શરણે આવ્યાં, સ્તુતિ કરી અને બ્રહ્માસ્ત્રનું દર્શન થયું.

ઉત્તરાયાસ્તુ ભકત ત્વજ્ઞાપનાયાવન તથા ।
કૃષ્ણદૂરત્વતઃ પૂર્વં પ્રવિષ્ટસ્ય તથાવનમ્ ॥૧૦૯॥

અર્થાત્ ઉત્તરા ભકત છે એ જણાવવા માટે પ્રભુએ રક્ષણ કર્યું છે. પહેલાં બ્રહ્માસ્ત્ર ગર્ભમાં પ્રવેશ્યું એનું કારણ એ જ કે ભગવાન કૃષ્ણ તે વખતે ખૂબ દૂર હતા, પણ ત્યાર પછી આવીને રક્ષણ કર્યું.

પરીક્ષિતનું જ્ઞાન સિદ્ધ થાય તે માટે હરિ ઉદરમાં ઘણા વખત સુધી રહ્યા. અન્યના તેજનો લય પ્રભુમાં જ થાય છે તેથી પ્રકાર કહેવામાં નથી આવ્યો.

આસકિતર્ગર્વાભાવેન ભજનાર્થં યતઃ સ્તુતિઃ ।
પ્રતિભાતઃ કૃતેશ્ચાપિ જ્ઞાતઃ કૃષ્ણો વિશેષતઃ ॥૧૧૧॥

અર્થાત્ ગર્વ નહોતો તેથી જ આસકિત થઈ. તેથી જ ભજન માટે કુંતીજીએ સ્તુતિ કરી. પ્રતિભા અને કૃતિથી પ્રભુનું વિશેષ જ્ઞાન થયું.

વિવેચન : ઉત્તરા ભક્ત છે. સર્વથી ઉત્તમ છે. આ આધિભૌતિક ઉત્કર્ષ છે. તે રોહિણીજીનો અંશ છે, તે આધ્યાત્મિક ઉત્કર્ષ છે. હરિના સંબંધવાળી ભગવદીય છે. આ આધિદૈવિક ઉત્કર્ષ છે.

આમ ત્રણ પ્રકારના ઉત્કર્ષ, ઉત્તરામાં છે. આથી ભગવાને ઉત્તરાનું પ્રિય કર્યું. તેના ગર્ભનું રક્ષણ કર્યું.

ઉત્તરા ભક્ત હોવાથી પ્રભુના શરણે આવ્યાં. રોહિણીજીનો અંશ હોવાથી સ્તુતિ કરી અને ભગવદ્ સંબંધ હોવાથી બ્રહ્માસ્ત્રનું દર્શન આગળથી કરી શક્યાં.

ભગવાને પોતાની માયાથી ગર્ભને વીંધ્યો. વળી માયા અને સુદર્શનથી ગર્ભ અને પાંડવોની રક્ષા કરી. આ જગ્યાએ બ્રહ્માસ્ત્રના લયની વાત નથી કરી, તો તેનું શું થયું? તેનો જવાબ એ કે પ્રભુ પાસે બ્રહ્માસ્ત્ર દુર્બલ છે. આથી પ્રભુમાં તેનો લય થયો. કારણ તે અસ્ત્ર પણ પ્રભુમાંથી થયું છે. કાર્યનો લય કારણમાં થાય છે. બ્રહ્માસ્ત્ર કાર્ય છે. પ્રભુ કારણ છે તેથી બ્રહ્માસ્ત્ર પ્રભુમાં મળી ગયું. આથી તેના લય વિષે કંઈ વિશેષ કહ્યું નથી.

પ્રભુએ પહેલી વાર વિદાયની તૈયારી કરી ત્યારે કુન્તીજીએ સ્તુતિ નથી કરી. તેનું કારણ એ કે તેમનામાં તે વખતે ગર્વ હતો. પછી ગર્વ જતો રહ્યો. ભગવાનમાં આસકિત થઈ. ભકિત થાય તે માટે સ્તુતિ કરી. આસકિત હોય તે જ ભજન કરે.પ્રભુમાં આસકિતના લીધે પ્રતિભા ઉત્પન્ન થઈ આથી સ્તુતિ કરી. કુંતીજીના જ્ઞાન અથવા જ્ઞાન કરાવનાર સાધન ન હતાં, છતાં ભગવાનમાં ભક્તિ થતાં, ભગવાનના સ્વરૂપનો ખ્યાલ આવ્યો. સ્તુતિ કરી.

ભગવાને ગર્ભનું તથા પાંડવોનું રક્ષણ કર્યું, આથી પણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થયું. પ્રથમ ભગવાને આ રીતે પ્રત્યક્ષથી તેમનું રક્ષણ નથી કર્યું. તેમના અંતઃ કરણમાં અનંત ગુણોથી પ્રકાશતા ભગવાન બિરાજતા હતા, પણ તેમનામાં આડખીલી હતી. ગર્વરૂપ વ્યવધાન હતું. ભગવદ્ સ્વરૂપ અંગે અજ્ઞાનરૂપી કંઈક આડું આવતું હતું. ભગવાને પ્રત્યક્ષ રક્ષણ કરતાં તે સઘળું દૂર થયું. આથી પ્રભુ સંબંધી વિશેષ જ્ઞાન થયું.

સાતમા અધ્યાયમાં શ્રીભાગવતના મુખ્ય શ્રોતા પરીક્ષિતની પિતૃશુદ્ધિનું નિરૂપણ હતું. આઠમા અધ્યાયમાં પરીક્ષિતની માતૃશુદ્ધિનું નિરૂપણ હતું.

હવે નવમા અધ્યાયમાં પોષકાન્તશુદ્ધિ નિરૂપણ છે. અહીં ભીષ્મે યુધિષ્ઠિરને કરેલ ઉપદેશ છે. શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં ભીષ્મજીનો પ્રાણત્યાગ છે.

આ અધ્યાયના કુલ ૪૯ શ્લોકો છે. જે પૈકી ૧ થી ૨૪ શ્લોકોમાં ભીષ્મ પિતામહ પાસે જવાનું અને ભીષ્મનાં વચનોનું વર્ણન છે.

૨૫ થી ૩૧ શ્લોકોમાં ત્યાંનો વૃત્તાંત છે. ૩૨ થી ૪૨ એમ અગિયાર શ્લોકોમાં ભીષ્મજીએ કરેલી કૃષ્ણસ્તુતિ છે. ૪૩ થી ૪૫ એમ ત્રણ શ્લોકોથી ભીષ્મ દાદાની મુકિતનું વર્ણન છે. ૪૬ થી ૪૯ એ ચાર શ્લોકમાં એ પછીની હકીકત છે.

મહાભારતના યુદ્ધમાં પાંડવોએ વિજય મેળવ્યો. તે પછી યુધિષ્ઠિરજીને વધ પામેલા પોતાના સ્વજનોની ખૂબ ચિંતા થઈ. તેમનું ચિત્ત વિવેક વગરનું બન્યું. સ્નેહ અને મોહને વશ તેઓ બની ગયા. યુધિષ્ઠિરને થયું કે અનેક અક્ષૌહિણી સેનાનો નાશ કર્યો. એક અક્ષૌહિણી સેનામાં ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૧૦૯૩૫૦ પૈદલ અને ૬૫૬૦૦ ઘોડેસ્વાર હોય છે (મહાભારત પ્રમાણે). યુધિષ્ઠિરને લાગે છે કે કરોડો વર્ષો સુધી નરકમાંથી તેમનો ઉદ્ધાર નહીં થાય. આઠમા અધ્યાયના અંતે યુધિષ્ઠિરની આવી સ્થિતિ બતાવી છે.

આથી એમ લાગે કે પ્રભુ સંબંધી જ્ઞાન યુધિષ્ઠિરને થયું છે તો પછી આવો અનુતાપ કેમ થયો? તે થવો જોઈએ નહીં. આવા મોહનું કારણ શું? શ્રી મહાપ્રભુજી ૧૧૨ મી કારિકામાં તે કારણ સમજાવે છે.

સર્વનિર્ણયપૂર્વં હિ યાવન્ન ગુરુણોદિતઃ ।
તાવન્મોહસ્થિતિર્જીવ ઈતિ મોહસ્ય વર્ણનમ્ ॥૧૧૨॥

અર્થ : જ્યાં સુધી સર્વનિર્ણયપૂર્વક ગુરુ વડે બોધ કરવામાં ન આવે ત્યાં સુધી જીવમાં મોહ રહે છે. આના લીધે જ યુધિષ્ઠિરના મોહનું વર્ણન છે.

વિવેચન : પાંડવોને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન સારી રીતે થયું છે, છતાં ય પાછળથી યુધિષ્ઠિરને મોહ થયો છે. શબ્દથી દોષનું શ્રવણ થાય છે. તે મોહ ઉત્પન્ન કરે છે. આ મોહ મનની કલ્પનાથી કે ભગવાનનાં દર્શનથી થયેલ જ્ઞાન દ્વારા દૂર થતો નથી. યુધિષ્ઠિરને શાસ્ત્રના શબ્દો દ્વારા જે જ્ઞાન મળ્યું તેનાથી મોહ થયો. શાસ્ત્રથી પ્રાપ્ત થતો મોહ શાસ્ત્રના પ્રકરણથી જ નિવારવો યોગ્ય છે. જયાં સુધી ગુરુ સર્વનો નિર્ણય જણાવી બોધ ન કરે ત્યાં સુધી જીવને મોહ રહે છે. તેથી યુધિષ્ઠિરના મોહનું વર્ણન છે. આથી જયાં સુધી ભીષ્મ યુધિષ્ઠિરને તેવી રીતે બોધ ન કરે ત્યાં સુધી તેનો મોહ જાય નહીં. આમ નવમા અધ્યાયમાં ભીષ્મ યુધિષ્ઠિરને બોધ કરે છે. તેથી આ અધ્યાય જીવનું સ્વરુપ જણાવવા માટે છે.

માત્ર જીવસ્વરૂપ બોધ આ અધ્યાયમાં હોય તો ભીષ્મસ્તુતિ અસંગત લાગે. આ શંકા ન થાય માટે શ્રીમહાપ્રભુજી ૧૧૩ મી કારિકા લખે છે.

ઉક્ત: સ્વાચારતો દાઢર્યજ્ઞાપનાયાં તત: સ્તુતિ: ।
મુકિતશ્ચાનુપદં તસ્ય સર્વ સન્દેહવારિકા ॥૧૧૩॥

શબ્દાર્થ : પોતાના આચારથી ભીષ્મે જે કંઈ કહ્યું તે બરોબર જ છે, એ જણાવવા ત્યાર બાદ સ્તુતિ કરી છે. ત્યાર બાદ જે મુક્તિ (ભીષ્મની) તે યુધિષ્ઠિરના બધા સંદેહો દૂર કરનારી છે.

વિવેચન : જીવ ભગવાનનું ભજન કરવાથી જ કૃતાર્થ થાય છે. આવું તત્ત્વ ભીષ્મે ઉપદેશમાં કહ્યું. આ પ્રકારનો બોધ ભીષ્મ પોતાના આચરણથી જ દઢ કરવા માગે છે તેથી ભગવાનની સ્તુતિ કરી. પોતાના આચરણથી જ બોધ દઢ થાય. (એક સંત અને છોકરો જે ગોળ ખૂબ ખાતો હતો તે પ્રસંગ છે જ). આથી ભીષ્મ સ્તુતિની સંગતિ છે જ. અહીં ભગવાનની સ્તુતિ (ભજન) એ સાધન છે. મુકિત તે ફલ છે. આમ ભગવદ્ ભજન રૂપી સાધનથી ફળ મળે છે. તેથી કોઈ સંદેહ રહેતો નથી. આમ ૭ થી ૯ અધ્યાયોમાં યુધિષ્ઠિરના સર્વ સંદેહો દૂર થયા તથા પાંડવોનું દુ:ખ દૂર થયું તે કહેવું છે.

સાત થી નવ અધ્યાયોમાં યુધિષ્ઠિરના સર્વ સંદેહો દૂર થયા અને પાંડવોનું દુ:ખ દૂર થયું તેમ કહી હવે બીજા ત્રણ અધ્યાયોનો અર્થ કહેતાં શ્રી મહાપ્રભુજી ઉપસંહાર કરે છે.

દુ:ખહાનિસ્ત્રિભિ: પ્રોકતા સુખં ચાપિ તથા ત્રિભિ: ।
સ્વસ્ય સામાન્યત: પૂર્વ કૃષ્ણ પ્રેમપુર: સરમ્ ॥૧૧૪॥

શબ્દાર્થ : ત્રણથી દુ:ખની હાનિ અને સુખ પણ ત્રણથી કહેવામાં આવ્યું છે. આ સુખ પોતાને સામાન્યત: પ્રથમ શ્રીકૃષ્ણમાં પ્રેમપૂર્વક છે.

તદુદ્રેકો વિયોગે સ્યાત્તદર્થં કૃષ્ણનિર્ગમ: ।
કૃષ્ણસૌખ્યે હિ તત્સૌખ્યમિતિ મૂલે સુખાભિધા ॥૧૧૫॥

શબ્દાર્થ : આ પ્રેમનો ઉદ્રેક વિયોગમાં થાય છે, એ માટે શ્રીકૃષ્ણચંદ્રનું હસ્તિનાપુરમાંથી નીકળવાનું છે. કૃષ્ણભગવાનના સુખમાં જ એ પાંડવોનું સુખ. તેથી જ મૂલમાં સુખનું કથન છે.

પશ્ચાશ્ચ પુત્ર સમ્પત્યા વિશેષેણોપવર્ણ્યતે ।
મુકિતસ્ત્રિભિસ્તથા પ્રોકતા બીજકાર્ય ફલૈ: સ્ફુટા ॥૧૧૬॥

શબ્દાર્થ : આ જ સુખ પછીથી પુત્રની ઉત્પત્તિ થતાં સંપત્તિથી વિશેષ વર્ણવવામાં આવ્યું છે. એજ પ્રમાણે ત્રણ અધ્યાયોથી બીજું કાર્ય અને ફલથી મુક્તિ કહેવામાં આવી છે.

વિવેચન : ૭-૮-૯ આ ત્રણ અધ્યાયોમાં પાંડવોના દુ:ખની નિવૃત્તિનું વર્ણન છે. ૧૦-૧૧-૧૨ આ ત્રણ અધ્યાયોમાં પાંડવોના સુખને કહ્યું છે અને ૧૩-૧૪-૧૫ એ ત્રણમાં તેમની મુક્તિ બતાવી છે. આનાથી એ સિદ્ધ થાય છે કે પાંડવોનું સર્વ કાંઈ કૃષ્ણને આધીન છે.

૧૦ મા અધ્યાયમાં પાંડવોનું સુખ, સૌની પ્રભુપરાયણતા તથા કૃષ્ણનું દ્વારકા પ્રસ્થાન આટલું વર્ણન છે. અહીં સ્વજન-સંસર્ગ શુદ્ધિનું નિરૂપણ છે.

૧૧ મા અધ્યાયમાં કૃષ્ણના દ્વારકાગમનથી ઉત્સવ તથા ભકતસુખનું વર્ણન છે. અહીં આગંતુક દોષાભાવથી સર્વશુદ્ધિનું નિરૂપણ છે.

૧૨ મા અધ્યાયમાં કૃષ્ણરક્ષિત પરીક્ષિતનો જન્મોત્સવ છે. અહીં પરમકૃપાથી મુખ્ય શુદ્ધિનું નિરૂપણ છે.

૧૦-૧૧-૧૨ આ ત્રણ અધ્યાયોમાં યુધિષ્ઠિર અને દ્વારકાવાસીઓના સુખના વર્ણનમાં, ભગવત્કથા આવે છે. આનું કારણ એટલું કે પ્રભુના સુખે તેઓનું સુખ છે.

૧૦ અને ૧૧ મા અધ્યાયમાં પ્રભુનું સુખ છે. પ્રભુ જે કરવા પધાર્યા છે તે કરીને સુખી થાય છે. આપનું પધારવાનું કેવળ ભકતોના ઉધ્ધાર માટે છે. ભક્તો પ્રપંચ વગરના હોય છે. તેઓ બે પ્રકારના હોય છે. પોતાના અને પારકા. આ જણાવવા દશ અને અગિયાર એમ બે અધ્યાય કહે છે.

દસમા અધ્યાયમાં કુલ ૩૬ શ્લોકો છે. તે પૈકી ૧ થી ૬ માં રાજયની સ્થિતિ, ૭ થી ૨૦ એમ ચૌદ શ્લોકોમાં પ્રભુનું દ્વારકા તરફ પ્રયાણ, ૨૧ થી ૩૦ એમ દસ શ્લોકોમાં સ્ત્રીઓનાં વાકય અને ૩૧ થી ૩૬ એમ છ શ્લોકોમાં દ્વારિકા પ્રાપ્તિ છે. અગિયારમા અધ્યાયમાં કુલ ૩૯ શ્લોકો છે. આમાં દ્વારકાવાસીઓને કૃષ્ણના આગમનથી થતા સુખનું વર્ણન છે.

બારમા અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. અહીં યુધિષ્ઠિર વગેરેને પુત્રપ્રાપ્તિ થઈ છે. તેનાથી તેમને સુખ થયું છે. તેનું વર્ણન આ કથામાં છે.

આમ ૧૦-૧૧-૧૨ અધ્યાયમાં ક્રમશઃ સંબંધીઓની શુદ્ધિ, કાળની શુદ્ધિ અને કૃપાશુદ્ધિ છે.

હવે ૧૩-૧૪-૧૫ એમ ત્રણ અધ્યાયમાં મુકિતનું વર્ણન છે.

૧૩મા અધ્યાયમાં વિદુરજીના ઉપદેશથી ધૃતરાષ્ટ્રની મુકિતનું વર્ણન છે. આ બીજ મુકિત છે. નારદે આવીને ધૃતરાષ્ટ્ર સંબંધી હકીકત યુધિષ્ઠિરજીને કહી છે.

૧૪ મા અધ્યાયમાં અપશુકન જોતાં યુધિષ્ઠિરની ચિંતા તથા દ્વારકાથી પાછા ફરેલા અર્જુનને કરેલા શંકાપ્રશ્નો છે. યુધિષ્ઠિર વગેરેને નીકળવાના કારણ રૂપ રહેલ વૈરાગ્ય એ કાર્ય થયું છે. અંહીં કાર્યરૂપ મુકિત છે.

૧૫ મા અધ્યાયમાં અર્જુન દ્વારા પ્રભુનું સ્વધામગમન સાંભળી વૈરાગ્ય થી પાંડવ-પ્રસ્થાન અને તેમની મુકિતનું વર્ણન છે. આ પાંડવોની ફલરૂપ મુકિત છે.

આમ ૧૩ મા અધ્યાયમાં ધૃતરાષ્ટ્રની મુકિતથી બીજમુકિત કહી. ૧૪ મા અધ્યાયમાં યુધિષ્ઠિર વગેરેને નીકળવાના કારણ રૂપ વૈરાગ્ય રૂપીકાર્ય છે. આ કાર્યમુકિત છે. ૧૫ મા અધ્યાયમાં પાંડવોની મુકિત કહી. આ ફલરૂપ મુકિત છે.

પાંડવોની મુકિતની સંગતિનું કારણ શ્રી મહાપ્રભુજી હવેની કારિકાઓમાં નિરૂપે છે.

પૂર્વજાનાં તથા મુકિતઃ સ્વસ્ય ત્યાગે હિ સાધનમ્ ।
ત્યાગે કૃષ્ણલયશ્ચૈવ સર્વેષામુદિતઃ સ્ફુટઃ ॥૧૧૭॥

અર્થાત્ : આ પ્રમાણે પૂર્વજોની મુક્તિ પોતાના ત્યાગમાં ચોક્કસ સાધન છે. ત્યાગ થતાં બધાંનો લય કૃષ્ણપ્રભુમાં થયો તે કહ્યું છે.

તત્રત્યાનાં તદંગત્વં ટીકાયામેવ વર્ણિતમ્ ॥૧૧૭ $\frac{૧}{૨}$॥ અર્થાત્

ત્યાં રહેલાઓને એનું અંગત્વ (સૂક્ષ્મ) ટીકામાં કહેવામાં આવ્યું છે.

વિવેચન : વડવાઓની મુકિત ન થાય તો તે પરીક્ષિતની મુકિત થવામાં અંતરાય રૂપ બની જાય. આવો અંતરાય હવે પરીક્ષિતને નથી તે બતાવવા પાંડવોની મુકિત થઈ તે બતાવ્યું.

પરીક્ષિતજીએ જાણ્યું કે વડીલો ઘર તજી વનમાં ગયા. મુકિત મેળવી. આથી તેમણે પણ ત્યાગ કરવા રૂપી સાધન કર્યું જેથી મુકિત મળી શકે. આમ પાંડવોએ કરેલા ત્યાગનું દષ્ટાંત જોઈ પરીક્ષિત પણ ત્યાગ કરે છે. ત્યાગ કરે ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુમાં લય થાય અર્થાત્ મુકિત થાય.

પાંડવોએ ધૃતરાષ્ટ્રની મુકિત સાંભળી. ત્યાર પછી શ્રીકૃષ્ણના પધારતાં થયેલા મહાન ઉત્પાતો પાંડવોના સર્વત્યાગમાં સાધન બન્યા અને પછી પ્રભુના નિર્વાણ વિશે સાંભળી તેમણે સઘળો ત્યાગ કર્યો. સર્વનો પ્રભુમાં લય થયો. આમ પાંડવોની મુકિત પરીક્ષિતની મુકિત થવામાં ઉપયોગી છે. આથી અહીં તેઓની મુકિતનું નિરૂપણ કર્યું.

પંદરમા અધ્યાયમાં અર્જુને શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. પાંડવો શ્રીકૃષ્ણમાં જ ચિત્તવાળા હતા તે સમજાવવા આ નિરૂપણ છે. આ પ્રકારની સંગતિ તત્ત્વાર્થદીપ નિબંધ રચ્યા પહેલાં શ્રીમદાચાર્યચરણે જે સૂક્ષ્મ

ટીકા કરેલી તેમાં દર્શાવી છે. પંદરમા અધ્યાયનો અર્થ પાંડવોની મુકિત જ છે. તેથી શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ અર્જુને કર્યું તેનો શું ઉપયોગ, તે વાત શ્રીમહાપ્રભુજી અહીં નિબંધમાં બતાવતા નથી.

પરીક્ષિતની મુકિતમાં હવે કોઈ અંતરાય નથી કારણકે વડવાઓની મુકિત થયેલી જ છે. સાતમા અધ્યાયથી પંદરમા અધ્યાય સુધીના નવ અધ્યાયો ગુણ રૂપ છે. તેનો અર્થ (અધ્યાયાર્થ) આપણને સમજાવ્યો અને બીજ વગેરેની શુદ્ધિ છે, તે પરીક્ષિતની મુકિત થવામાં ઉપયોગી છે. આમ તેમનો ઉપયોગ પણ સ્પષ્ટ કર્યો.

ટૂંકમાં પરીક્ષિતજીની મુકિતમાં કોઈ પ્રતિબંધ નથી તેનું નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ ૭ થી ૧૫ એમ ગુણરૂપ નવ અધ્યાયમાં કર્યું. તે સમજાવ્યું

શ્રીમહાપ્રભુજી ૧૬ થી ૧૯ એમ ચાર અધ્યાયોનો અર્થ હવેની કારિકાઓમાં સમજાવે છે. પરીક્ષિતનું ફલ જેમાં આદિ છે તેવું સાધન અધિકાર માટે દર્શાવે છે. ટૂંકમાં પરીક્ષિતનો અધિકાર દર્શાવે છે.

પરીક્ષિતસ્તથાધ્યાયચતુષ્ટયમુદીર્યતે ॥૧૧૮॥

અર્થાત્ : તેમ પરીક્ષિત રાજાની હકીકત ચાર અધ્યાયમાં કહેવાય છે.

રાજત્યાગવિભેદેન રાજયે દ્વૈવિધ્યમેવ ચ ।
સામર્થ્યસ્ય દ્વિરુપત્વાલ્લૌકિકાલૌકિકત્વતઃ ॥૧૧૯॥

અર્થાત્ : રાજય અને ત્યાગના ભેદ વડે રાજય બે પ્રકારનું છે. લૌકિક અને અલૌકિક. આથી સામર્થ્ય બે પ્રકારનું છે. (આથી રાજયના બે અધ્યાય અને ત્યાગના બે અધ્યાય છે.)

સર્વપૃથ્વીજયઃ પૂર્વાઃ કલેશ્ચાપિ તથા પરઃ ।
ધરણીધર્મ રૃવાદસ્તયોર્ભીતત્વસૂચકઃ ॥૧૨૦॥

અર્થાત્ : સર્વ પૃથ્વી જય એ પ્રથમ સામર્થ્ય છે. (લૌકિક) અને કસં ઉપરનો જય એ બીજું સામર્થ્ય (અલૌકિક) છે. પૃથ્વી અને ધર્મનો સંવાદ એ બેઉ જણાની બીક સૂચવનારા છે.

વિવેચન : સોળ થી ઓગણીસ એમ ચાર અધ્યાયો પરીક્ષિતે કરેલ એ સાધન બતાવે છે જેનાથી તેમને મુકિત મળી. આ અધ્યાયો પરીક્ષિતનો અધિકાર દર્શાવે છે.

૧૬ મા અધ્યાયમાં શ્લોક ૧ થી ૧૭ માં રાજાનો પૃથ્વીજય બતાવ્યો છે. શ્લોક ૧૮ થી ૩૫ સુધીમાં પૃથ્વી અને ધર્મનો સંવાદ છે. આ અધ્યાય પરીક્ષિતના લૌકિક સામર્થ્ય નો સૂચક છે.

૧૭ મા અધ્યાયમાં શ્લોક ૧ થી૪ સુધીમાં રાજા ધર્મ અને કલિને જુએ છે, તેનું વર્ણન છે. શ્લોક ૫ થી ૧૬ માં આ બંનેને રાજા પ્રશ્ન પૂછે છે, તેનું વર્ણન છે. શ્લોક ૧૭ થી ૨૦ માં ધર્મનું વચન છે. શ્લોક ૨૧ થી ૨૭ માં એનો વિચાર છે. શ્લોક ૨૮ થી ૩૫ માં કલિ પર શાસનનું વર્ણન છે. શ્લોક ૩૬ થી ૩૯ સુધીમાં કલિને જે સ્થાનોનું દાન કર્યુ તેનું વર્ણન છે. શ્લોક ૪૦ થી ૪૪ સુધી પરીક્ષિતે ધર્મ વગેરેને સાંત્વન આપ્યું તેનું વર્ણન છે. કલિ નિગ્રહ અહીં પરીક્ષિતના અલૌકિક સામર્થ્યને બતાવે છે.

૧૮ મા અધ્યાયમાં શ્લોક ૧ થી ૧૦ સુધી પરીક્ષિતના ચરિતનો ઉપસંહાર છે. શ્લોક ૧૧ થી ૧૭ સુધીમાં આ સંબંધે શૌનકાદિનો ફરી પ્રશ્ન છે. શ્લોક ૧૮ થી ૩૦ સુધીમાં રાજાએ કરેલ અપરાધ બતાવ્યો છે. શ્લોક ૩૧ થી ૩૭ સુધીમાં રાજાને મળેલો શાપ છે અને શ્લોક ૩૮ થી ૪૯ આ તેર શ્લોકોમાં શમીક ઋષિને થયેલા પશ્ચાતાપનું વર્ણન છે. આમ આ અધ્યાયમાં પરીક્ષિતના વૈરાગ્યને પ્રકટ કરતા, રાજય ત્યાગમાં કારણભૂત, ઋષિકુમારના તક્ષક દાહના શાપનું વર્ણન છે.

૧૯ મો અધ્યાય છેલ્લો છે. તેમાં શ્લોક ૧ થી ૩ માં રાજાના પશ્ચાતાપને કહ્યો છે. શ્લોક ૪ થી ૭ માં રાજાના પ્રાયોપવેશનવ્રતને કહ્યું છે. શ્લોક ૮ થી ૧૨ માં મુનિઓના આગમનનું વર્ણન છે. શ્લોક ૧૩ થી ૧૮ માં એમના સ્વાગત તથા સત્કારનું વર્ણન છે. શ્લોક ૧૯ થી ૨૨ સુધી રાજાની પ્રશંસા છે. શ્લોક ૨૩ થી ૨૪ માં પરીક્ષિતજી મુનિવરોને પ્રશ્ન કરે છે. શ્લોક ૨૫ થી ૩૧ માં શુકદેવજીના પધારવાનું વર્ણન છે. શ્લોક ૩૨ થી ૪૦ માં પરીક્ષિતે શુકદેવજી ને કરેલ પ્રશ્ન છે.

આમ ૧૯ મા અધ્યાયમાં પરીક્ષિત રાજભાગ કરે છે, ગંગા કિનારે તેનું પ્રાયોપવેશન, ઋષિસાથે સમાગમ, શ્રીશુક્રાચાર્યનું પધારવું, સત્સંગ અને પ્રશ્નો છે.

ટૂંકમાં ૧૬ અને ૧૭ અધ્યાયમાં રાજા સંબંધી હકીકત છે. લૌકિક અને અલૌકિક એમ બે પ્રકારનું રાજાનું સામર્થ્ય છે. આ પૈકી ભૂમિ પરનો દિગ્વિજય એ લૌકિક સામર્થ્ય છે. કલિનો નિગ્રહ અલૌકિક સામર્થ્યનો સૂચક છે.

દિગ્વિજય પછી ધરણી અને ધર્મનો સંવાદ આવે છે. આનાથી રાજાએ કલિ પર વિજય મેળવ્યો આમ ધરણી-ધર્મનો સંવાદ કલિવિજયના ભાગ રૂપે છે.

આ ત્રીજું પ્રકરણ માહાત્મ્યબોધક છે, તે જણાવતાં આપશ્રી હવેની કારિકામાં કહે છે:

તત્સ્થાસ્તેન કૃતાર્થાશ્ચ સુતસંકલિતા હતાઃ । અર્થાત્

ધરણી પર રહેતા અને ધર્મથી કૃતાર્થ થયેલાઓને પણ કલિએ હણ્યા.

યોરક્ષકસ્તયોઃ પશ્ચાત્કલિનિગ્રહતો મહાન્ ।।૧૨૧।। અર્થાત્

પાછળથી કલિ નિગ્રહ કરી ધરણી તથા ધર્મ આ બંનેને બચાવનાર મહાન પરીક્ષિત

તસ્યાપિ કૃષ્ણકથયાગતિરન્ય કથા તુકા।।૧૨૧ $\frac{૧}{૨}$।। અર્થાત્

આવા મહાન પરીક્ષિતની પણ કૃષ્ણકથાથી જ ગતિ થઈ, તો પછી બીજાની વાત જ શી કરવી?

વિવેચન : શ્રીભાગવતનું માહાત્મ્ય અહીં જાણી શકાય છે. સોળમા તથા સત્તરમા અધ્યાયનો અર્થ જોઈએ. ધરણી પર રહેનારાઓ ધર્મથી કૃતાર્થ થાય છે. આવા લોકોને પણ કલિએ પાયમાલ કર્યા.

આ વખતે પ્રભુતો ભૂતળ પરથી પધારી ગયા છે. આ વખતે પરીક્ષિત કલિ પર વિજય મેળવે છે. ધર્મ, પૃથ્વી અને પૃથ્વી પર રહેનારાઓને બચાવે છે. આમ પરીક્ષિત મહાન બને છે.

આમ પરીક્ષિત ઉત્તમ પુરુષ જ હતા. વળી એ હકીકત પણ સૂચક છે કે ભૂમિ ઉપરનાં તીર્થો, દેવો અને સાંપ્રત કલિકાલમાં કરવામાં આવતો ધર્મ, આ બધા જ નમાલા છે. કારણ તે બધા કલિને અટકાવી શકયા નથી. શ્રીમહાપ્રભુજી રચિત શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથનું અહીં સહજ સ્મરણ થાય છે.

કરાલ કલિકાલમાં જીવોને કૃતાર્થ કરનારા દરેક માર્ગો નષ્ટ થઈ ગયા છે. ધર્મનું આચરણ કરનારા કહેવાતા લોકોમાં પ્રચુરમાત્રામાં પાખંડ છે. દેશ પણ મ્લેચ્છો દ્વારા આક્રાંત છે. તેથી પાપના સ્થાનકો બની ગયા છે. ગંગા વગેરે તીર્થો તથા ક્ષેત્રો પણ દુષ્ટોથી ઘેરાઈ ગયા છે. આના લીધે ત્યાંના આધિદૈવિક દેવતાઓ પણ તિરોહિત થઈ ગયા છે. આ બધી પરિસ્થિતિમાં શ્રીકૃષ્ણાશ્રય જ ઉગારનાર છે. આતો શ્રીમહાપ્રભુજીએ આજથી ૫૦૦ વર્ષ પહેલાના કલિકાલે કરેલી અવદશા બતાવી.

પરીક્ષિતજીના સમયમાં પણ કલિકાલે પૃથ્વી અને ધર્મને ખૂબ જ દુઃખ આપ્યું છે. તે વખતે પરીક્ષિતજી તે બંનેના રક્ષક બન્યા. કલિનો નિગ્રહ કર્યો. આવા મહાન પરીક્ષિતજી જેમણે કાલ પર વિજય મેળવ્યો, તેમને પણ મોક્ષ કઈ રીતે મળ્યો? ભગવાનથી અર્થાત કૃષ્ણકથાથી. ભગવાન પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યારે તો સ્વરૂપબલથી જીવોનો ઉદ્ધાર કરે છે. પણ ભગવાન પરોક્ષ હોય, સ્વરૂપથી ભૂતલે ન બિરાજતા હોય ત્યારે તો ભગવદ્ ગુણાનુવાદથી - કૃષ્ણકથાથી કૃતાર્થતા છે. મહાન પરીક્ષિતજીને પણ મોક્ષ કૃષ્ણકથા-શ્રી ભાગવતથી જ પ્રાપ્ત થયો. પરીક્ષિતે તો કાલ પર વિજય કર્યો છે. અરે! મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરનારાઓનો મોક્ષ પણ શ્રીભાગવત થી જ છે. બીજું કોઈ પણ આવા મહાનોને મોક્ષ આપવા સમર્થ નથી, તો પછી બીજાઓને તો શ્રીભાગવત વિના મોક્ષ ન જ મળે.

આમ પરીક્ષિતજી કલિ પર વિજય મેળવે છે. અને તેથી તે મહાન છે. અને આ રીતે મહાન હોવા છતાં શ્રીભાગવત શ્રવણથી જ મુકિત મેળવે છે, જોયું.

અહીં એમ વિચાર થઈ શકે કે પ્રભુની કૃપાદષ્ટિ પાંડવો પર હતી જ. તો પછી પાંડવોએ જ કલિનો નિગ્રહ કેમ ન કર્યો? પરીક્ષિતજી તો અન્ય પ્રકારે પણ મહાન થઈ શકત. વળી શ્રીશુકાચાર્યજીએ પરીક્ષિતને

ભાગવતશ્રવણ કરાવ્યું તે શ્રીભાગવતની પ્રતિષ્ઠા સ્થાપવા માટે જ ને? આનો જવાબ શ્રીમહાપ્રભુજી હવે પછીની કારિકામાં આ રીતે આપે છે.

કૃષ્ણાસકત્યા પાંડવાનાં નોત્સાહઃ કલિનિગ્રહે ॥૧૨૨॥

અર્થાત્ કૃષ્ણ ભગવાનમાં આસક્તિને લીધે પાંડવોને કલિનો નિગ્રહ કરવામાં ઉત્સાહ ન હતો.

કલિદોષાભિભૂતાનાં ન શ્રદ્ધા હરિવર્ણને ॥૧૨૨$\frac{૧}{૨}$॥

અર્થાત્ કલિદોષ જેનામાં સવાર થઈ ગયો છે, તેવા લોકોને પ્રભુનું વર્ણન કરવામાં શ્રદ્ધા નથી હોતી.

વિવેચન : પ્રભુમાં આસકત થયેલા ભકતો સમર્થ હોય છે, પણ પ્રભુ પધારતાં જ પાંડવો ચાલ્યા જ ગયા. પોતાના પ્યારા પ્રભુ પધારી જાય પછી સમર્થ હોવા છતાં ભકતોને ભૂતળ પર રહેવું રૂચતું નથી.

લૌકિકમાં પણ દૃષ્ટાંતો જોવા મળે છે કે ખૂબ પ્રિય નેતાના નિધન પછી ઘણા લોકો આત્મહત્યા કરતા હોય છે. તેમને તેમના પ્રિય વગર જીવવું ખારૂં લાગે છે.

અલૌકિકમાં પણ શ્રીગોકુલનાથજીના ભૂતળ ત્યાગ પછી આપના ઘણા વૈષ્ણવોએ પોતાના પ્રાણ ત્યજી દીધા હતા. પોતાના પ્રિય માટે જ અસ્તિત્વ હોય. હવે પ્રિય નથી તો અસ્તિત્વનો અર્થ નથી.

આ જ રીતે પાંડવો પણ પોતાના પ્રિય પ્રભુ પધારતા, પોતાને જીવવા જેવું ન લાગતાં, તેઓ પણ ચાલ્યા ગયા. પાંડવો સમર્થ છે. કલિને હરાવી શકે તેમ છે. છતાં પ્રભુમાં આસકત તેઓ તે કાર્ય કરવા ન રહ્યા. પરીક્ષિત માટે તે કાર્ય બાકી રાખી તેને મહાન બનાવવા પણ આવું કર્યું નથી. પરીક્ષિત પાસે જે સામર્થ્ય હતું, તે પોતાનું ન હતું પણ પાંડવો પાસેથી તેને મળ્યું હતું.

વળી પરીક્ષિતજીને શ્રીભાગવતકથા કહીને શ્રીભાગવતની પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરવાનો પણ શ્રીશુકદેવજીનો ઉદ્દેશ્ય નથી. ઘણાને શંકા થાય કે જો શ્રીભાગવત મોક્ષ આપવાની ખૂબ જ શકિતવાળું હોય તો તેનું શ્રવણ ગમે તે કરે તો પણ મોક્ષ આપી શકે તો પરીક્ષિતજીનું જ અહીં કેમ પ્રયોજન?

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શ્રીભાગવત તો સમર્થ છે જ પણ ભગવદ્ ગુણગાનમાં જેને શ્રદ્ધા જ ન હોય તેને શું લાભ થવાનો? હાલમાં કલિયુગના પ્રભાવથી ઘણામાં કલિના દોષો પ્રવેશે છે. આવા લોકોને ભગવદ્ ગુણગાનમાં શ્રદ્ધા નથી હોતી. અહીં શ્રદ્ધા એ જ અધિકાર છે. જેની શ્રદ્ધા મોટી તે જ મોટો અધિકારી. પરીક્ષિતને શ્રીભાગવતમાં શ્રદ્ધા છે તેમ જણાવવા જ તેના અધિકારનું આ રીતે નિરૂપણ કર્યું. શ્રીભાગવતની વિશેષતા એ છે કે આપને શ્રવણ કરનારના અધિકારની અપેક્ષા નથી. શ્રીભાગવત તો સર્વના માટે છે, આથી એવું કહ્યું કે દેશ વગેરે જડ પદાર્થોના ગુણોમાં પ્રવૃતિ કરનારનો ઉદ્ધાર થાય તે માટે ભગવાનના ગુણો કહો.

આથી જેને શ્રીભાગવતમાં ઘણી શ્રદ્ધા હોય, તે જ તેનું શ્રવણ કરવાનો અધિકારી છે. પરીક્ષિતે કલિને ભય કર્યો આથી કલિ હવે ભગવાનના ભક્તોને નડતો નથી.

પાંડવોને પ્રભુમાં આસકિત છે. આથી પ્રભુ પધારતાં તેઓ પણ ચાલી નીકળ્યા. તેમણે કલિને કબજે કરવા ઉત્સાહ ન બતાવ્યો. તો હવે એક વિચાર આવે કે પરીક્ષિતને પણ કલિએ બાધ કર્યો છે તો તે બીજાને કઈ રીતે છોડે? આના જવાબમાં શ્રીમહાપ્રભુજી હવે આગળની કારિકાઓ કહે છે.

જ્ઞાનાગ્નિદગ્ધદેહસ્ય ન દાહો લૌકિકો મતઃ ॥૧૨૩॥ અર્થાત્

જ્ઞાનરુપી અગ્નિથી જેનો દેહ બળી ગયો છે, તેને લૌકિક દાહ મનાયો નથી.

અતઃ શાપમિષેણેશસ્તક્ષકાગ્નિમવાસૃજત્ ।
કલેઃ સ્થાનપ્રદાનાદ્ધિ બ્રાહ્મણાતિક્રમે મતિઃ ॥૧૨૪॥ અર્થાત્

આથી શાપનું મિષ (બહાનું) કરી તક્ષક રૂપી અગ્નિને પ્રભુએ છોડયો છે. રાજાએ કલિયુગને સ્થાન આપ્યાં. એને લીધે જ બ્રાહ્મણનું અપમાન કરવાની રાજાને મતિ સૂઝી

યુગાભિમાનીદેવસ્ય સ્વાધિકારપરિચ્યુતિઃ ।
નિગ્રહો રુપરક્ષાર્થં સ્થાનદાનં પ્રકીર્તિતમ્ ॥૧૨૫॥ અર્થાત્

યુગનો અભિમાની દેવ કલિ છે. તેને પોતાના અધિકારમાંથી ભ્રષ્ટ કરવો, એ જ એનો કબજો કર્યો કહેવાય. કલિનું રૂપ રાખવા માટે એને સ્થાનોનું દાન કર્યું છે.

દેશકાલાનુસારેણ શુદ્ધયશુદ્ધી પ્રકીર્તિતે ।
કલૌ ષણ્ણાં તથાપેક્ષા નાસ્તિ ધર્મોન્નતિસ્તતઃ ॥૧૨૬॥ અર્થાત્

દેશ અને કાલને અનુસરી શુદ્ધિ અને અશુદ્ધિ કહેવામાં આવી છે. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છ ની કલિયુગમાં અપેક્ષા નથી. આથી જ ધર્મની ઉન્નતિ છે.

અસિદ્ધત્વાત્તામસત્વાત્તામાસં ફલમસ્ય તુ ।
ચિત્તશુદ્ધિર્ન ચૈવ સ્યાત્પંકિલોદકપૂરવત્ ॥૧૨૭॥ અર્થાત્

એક તો કલિ તામસ છે અને એમાં એને સ્થાનદાન થયું. તેથી રાજાનો ધર્મ સિદ્ધ ન થયો. આથી રાજાને તક્ષકથી મરણ એવું તામસ ફળ મળ્યું. કાદવથી ડહોળાયેલા પાણીના પૂર માફક કલિયુગના ધર્મથી ચિત્તશુદ્ધિ થતી નથી.

માલિન્યં મલિને લોકે ન સમ્યગુપજાયતે ।
દુઃખં ચ તામસં તસ્ય મૂઢં સહ્યમલૌકિકમ્ ॥૧૨૮॥ અર્થાત્

મલિન લોકમાં મલિનતા જ હોય. એમાંથી સારું ઉપજી શકતું નથી. આથી રાજાનું દુઃખ પણ તામસ છે. વળી તીવ્ર વેદના રૂપ નથી પણ મૂઢ અને અલૌકિક છે. રાજાને તે સેહવાનું જ રહ્યું.

વિવેચન : પરીક્ષિતે ઋષિના ગળામાં મરેલો સર્પ નાખ્યો. આનું કારણ પરીક્ષિતની દુર્બુદ્ધિ છે. આનાથી તેને સર્પદંશ થયો. મૃત્યુ થયું. પરીક્ષિતની આ દુર્બુદ્ધિ કલિએ ઉત્પન્ન કરી તેવું ઘણા માને છે. શ્રી મહાપ્રભુજી સમજાવે છે કે સર્વ કાર્ય પ્રભુનું જ છે. શમીક ઋષિની અવજ્ઞા એ કલિજન્ય સંસર્ગદોષથી છે. સંસર્ગ દોષ કેટલો ભયાનક છે, એ આ પ્રસંગથી સમજાય છે. કલિને રાજાએ હરાવ્યો પછી તે રાજાના ચરણમાં પડયો. ચરણસ્પર્શ કર્યો. આટલા માત્રથી રાજાની બુદ્ધિ ફરી અને કલિને રહેવા માટે સ્થાન આપ્યાં. ઋષિની છેડતી કરી. પરિણામે તક્ષક સાપથી મર્યો. પરીક્ષિતની આ

બુદ્ધિ અધર્મને લીધે થઈ. જ્ઞાન રૂપ અગ્નિથી તેનો દેશ બળેલો હતો (ઋષિનો શ્રાપ થયો છે) આવા દેહનો લૌકિક દાહ થાય તે યોગ્ય નથી. તેથી ભગવાને બ્રાહ્મણના શાપના બહાનાથી તક્ષક (ના વિષરુપ) અગ્નિને બાળવા પ્રેરણા કરી. વિષના અગ્નિથી રાજાનો દેહ બળી ગયો.

પરીક્ષિતે કલિને રહેવાનાં સ્થાન આપ્યાં. ૧૭ મા અધ્યાયમાં શ્લોક ૩૭ થી ૩૯ સુધી આ વર્ણન છે. કલિ કહે છે.

તન્મે ધર્મભૃતાં શ્રેષ્ઠ સ્થાનં નિર્દેષ્ટુમર્હસિ ।
યત્રૈવ નિયતો વત્સ્ય આતિષ્ઠં સ્તેઽનુશાસનમ્ ॥૩૭॥

અર્થાત્ : હે ધાર્મિક શિરોમણિ!, આપ મને એવાં સ્થાન આપો જયાં હું આપની આજ્ઞાનું પાલન કરતો કરતો સ્થિર થઈ વસું. હવે સૂતજી કહે છે.

અભ્યર્થિતસ્તદા તસ્મૈ સ્થાનાનિ કલયે દદૌ ।
દ્યૂતં પાનં સ્ત્રિયઃ સૂના યત્રાધર્મશ્ચતુર્વિધઃ ॥૩૮॥

અર્થાત્ કલિયુગની પ્રાર્થના સ્વીકારી રાજા પરીક્ષિતે તેને ચાર સ્થાન આપ્યાં. દ્યૂત, મદ્યપાન, સ્ત્રી સંગ અને હિંસા. આ ચારેય સ્થાનોમાં ક્રમશઃ અસત્ય, મદ, આસકિત અને નિર્દયતા એમ ચાર પ્રકારના અધર્મ નિવાસ કરે છે.

પુનશ્ચ યાચમાનાય જાતરુપમદાત્પ્રભુઃ ।
તતોઽનૃતં મદં કામં રજો વૈરં ચ પંચમમ્ ॥૩૯॥

અર્થાત્ : કલિએ બીજાં સ્થાન પણ માગ્યાં. ત્યારે સમર્થ પરીક્ષિતે તેને રહેવા બીજું એક સ્થાન-સુવર્ણ આપ્યું. આમ કલિયુગને રહેવા પાંચ સ્થાન થઈ ગયાં. જૂઠ, મદ, કામ, વેર અને રજોગુણ.

કલિ અમૂર્ત છે. તે કાલરૂપ હોઈ આકૃતિ રહિત છે. અને સદા રહેનારો છે, તો પછી તેને વશ કઈ રીતે કરાય? અને રહેવાનું સ્થાન પણ કઈ રીતે અપાય? ત્યાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે કલિ એ કલિયુગના અભિમાનવાળો દેવ છે. આ દેવનો નિગ્રહ કરવામાં આવ્યો છે. પરીક્ષિતના સમયમાં કલિ બેસી ગયો છે, છતાં તે પ્રવૃત્ત થઈ શકયો નહીં. કલિકાલના ધર્મોની પ્રવૃત્તિ ન થવી એટલે કલિનો અધિકાર પરીક્ષિતના સમયમાં ન

રહ્યો. આ રીતે કલિને વશ કર્યો કહેવાય. પરીક્ષિતે કલિને હણ્યો નહીં. કલિના સ્વરૂપનું રક્ષણ કર્યું. આ રીતે કલિની સ્વરૂપ રક્ષા તે જ કલિને સ્થાનદાન, પાંચ સ્થાન કલિને મળ્યાં.

(૧) દ્યુત-જુગાર. કોઈપણ જાતની શરત લગાવવી. હારજીત કરવી. આમાં કલહ થવાનો જ.

(૨) મદ્યપાન-કોઈપણ પ્રકારે કેફ કરાવે તેવું પીણું. આનાથી માદકતા આવે.

(૩) સ્ત્રી સંગ- સાધારણ સ્ત્રીઓ, સારાં વસ્ત્રો, ઘરેણાં, સારું ખાવાનું અને બધી જ સગવડ જોઈએ તેવી સ્ત્રી. આવી સ્ત્રીઓ સંસારમાં અભિમુખ છે. તેથી કલહ થવાનો.

(૪) હિંસા-મારી નાખવું એને જ હિંસા ન કહેવાય. કોઈને દુભવવું તે પણ હિંસા છે. મન, કર્મ અને વચનથી હિંસા થઈ શકે છે. આનાથી કલેશ થાય.

(૫) સોનું-કલિએ પુનઃ માંગણી કરતાં આ એક સ્થાન અધિક મળ્યું. સોનું તો ભગવાનની વિભૂતિ પણ છે. સોનું એટલે ધન પણ થાય. તેના સ્વામી એટલે કુબેર. વિત્તેશો યક્ષરક્ષસામ્-યક્ષ અને રાક્ષસોમાં ભગવાન ધનના સ્વામી કુબેર છે. અહીં સોનું એટલે કલેશ કરાવે તે સોનું. તે કલિના વાસરૂપ છે. આ પાંચેય સ્વરૂપથી નહીં પણ કાર્યથી કલિના સ્થાન છે. અનૃતરૂપ દ્યુત, મદદરૂપ પાન, કામરૂપ સ્ત્રી, રજ કે ક્રોધરૂપ હિંસા અને વેરરૂપ સોનું કલિનાં સ્થાન છે.

શ્રીમહાપ્રભુજી હવે આજ્ઞા કરે છે કે કલિ અધર્મરૂપ છે. પરીક્ષિતે તેને સ્થાન આપ્યું. આથી તેણે ઋષિનું અપમાન કર્યું. આવું કાર્ય કર્યા પછી પણ રાજાને મોક્ષ પ્રાપ્તિ થઈ. આનું કારણ એ કે કલિ અત્યંત દુષ્ટ નથી. યજ્ઞ વગેરે ધર્મ આચરવામાં દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ આ છ ની શુદ્ધિ જોઈએ. આ શુદ્ધિ દેશ અને કાલ પ્રમાણે હોવી જરૂરી છે. કલિમાં એ શુદ્ધ હોવાની જરૂર નથી.

શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણાશ્રય ગ્રંથમાં ઉપરના છ અંગોની અશુદ્ધિ જુદા જુદા શ્લોકોમાં દર્શાવી છે.

સર્વમાર્ગેષુ.... આ પ્રથમ શ્લોકમાં કાલની અશુદ્ધિ

મ્લેચ્છાક્રાંતેષુ.... આ દ્વિતીય શ્લોકમાં દેશની અશુદ્ધિ

ગંગાદિતીર્થ.... આ તૃતીય શ્લોકમાં દ્રવ્યની અશુદ્ધિ (ગંગાદિ તીર્થ રૂપ દ્રવ્યો)

અહંકારવિમૂઢેષુ.... આ ચોથા શ્લોકમાં કર્તાની અશુદ્ધિ

અપરિજ્ઞાનનષ્ટેષુ.... આ પાંચમા શ્લોકમાં મંત્રોની અશુદ્ધિ

નાનાવાદવિનષ્ટેષુ.... આ છઠ્ઠા શ્લોકમાં કર્મની અશુદ્ધિ બતાવી છે.

કલિમાં અંતકાલે મૃત્યુ સમીપ પહોંચેલ રોગી ભગવાનનું સ્મરણ કરે તો તે ઉપર જણાવેલા છ સાધન વિના પોતાની મેળે જ શુદ્ધ થઈ જાય છે. કલૌ કેશવ કીર્તનાત્ આ રીતે કલિ શૂરો છે. તેથી ધર્મ પ્રાપ્તિમાં તે સહાયભૂત થતો ન હોવા છતાં પરીક્ષિતે તેના સ્વરૂપનું રક્ષણ કર્યું. આથી ધર્મની ઉન્નતિ થઈ.

પરીક્ષિતના તામસ કર્મથી પણ તેને મોક્ષની પ્રાપ્તિ થઈ. અહીં એક વિચાર આવી શકે કે આમ જ હોય તો કલિનું રક્ષણ કરવાનું કર્મ સાત્ત્વિક ગણવું જોઈએ. આવા કર્મથી ઋષિના અતિક્રમણની બુદ્ધિ થવી ન જોઈએ અને સર્પથી મૃત્યુ કેમ? શ્રી મહાપ્રભુજી આનું સમાધાન કરે છે કે કલિમાં ધર્મ થતો નથી (છઅંગની અશુદ્ધિ છે તેથી) આથી રાજાની બુદ્ધિ પણ તેવી થઈ અને તે પ્રકારે મૃત્યુ પામ્યા. કલિમાં ધર્મ થઈ શકતો હોત તો તેનું રક્ષણ સાત્ત્વિક કાર્ય ગણાય, પણ તે કાલમાં ધર્મ થઈ શકતો નથી તેથી રાજાને કલિના રક્ષણનું ફળ એવું જ મળ્યું. કલિ તામસ છે. ચાર યુગો પૈકી સત્યયુગ (કૃતયુગ) સાત્વિક છે. ત્રેતા રાજસ સાત્વિક છે. દ્વાપર રાજસ તામસ છે અને કલિ પૂર્ણતઃ તામસ છે. તામસનું રક્ષણ એ તામસ કાર્ય છે. આથી રાજાને તેવું ફળ થયું છે. પૂર આવે ત્યારે પાણી તો ઘણું હોય પણ તે કાદવથી ડહોળાયેલું હોય છે. શુદ્ધ નથી હોતું. આ જ રીતે કલિમાં કરેલા ધર્મથી ચિત્તની શુદ્ધિ પણ થતી નથી. માત્ર સ્વર્ગ વગેરે ફળ મળે છે. ટૂંકમાં આવા ધર્મથી આદર થઈ શકે તેવું ફળ પ્રાપ્ત થતું નથી.

કચરાવાળા જલના પૂરથી પદાર્થ ધોતાં તે શુદ્ધ થતો નથી. આ જ રીતે કલિમાં ધર્મ કરવાથી પણ ચિત્તશુદ્ધિ થતી નથી. ભલે પાપ ન કરીએ છતાં

કલિમાં ધર્મ કરવાથી ચિત્ત શુદ્ધિ ન થાય, કારણ કે મલિન લોકમાં મલિનતા જ હોય. સારૂં લાગે કે ગમે તેવું કાંઈ જ હોતું નથી. મલિનતા દુર્ભાગ્ય છે. તે નરકમાં નથી નાખતી પણ આ લોકમાં જ દુઃખ પ્રાપ્ત કરાવે છે. આ દુઃખ તામસ છે. મૂઢ છે (બીજાને ન જણાય તેમ આકુલતા કરાવે છે) આથી તે સહન કરવું પડે છે. આ દુઃખ અલૌકિક હોય છે અર્થાત્ લોકમાં નિંદા વગેરે ન થાય તેવું હોય છે.

કલિયુગ તામસ છે, આથી જ રાજાનું તામસ સર્પના દંશથી મરણ થયું. તે પછી રાજાનો મોક્ષ થયો. આમ કલિનો ઉત્કર્ષ વર્ણવ્યો. પણ સમજવાનું એ છે કે રાજાનો ઉત્કર્ષ એ મુખ્ય છે. બાકી બધું ગૌણ છે.

એવું કહ્યું છે કે કીર્તનાદેવ કૃષ્ણસ્ય મુક્તબંધઃ પરં વ્રજતે - અર્થાત્ પ્રભુનું કીર્તન જ સર્વ બંધનોથી મુક્ત કરાવે છે. પરબ્રહ્મ પ્રાપ્ત થાય છે. આ સ્થળે કલિનો મુખ્ય ઉત્કર્ષ સૂચિત કર્યો છે. તો અહીં એ શંકા થાય કે કલિનો આ પ્રકારનો ઉત્કર્ષ અહીં શા માટે ન કહ્યો? શ્રી મહાપ્રભુજી તેના જવાબમાં આગળની કારિકાઓથી સમજાવે છે.

ભાગવતાપ્રવૃત્તેર્હિ કીર્તનાદ્યાદરો ન હિ ।
અગ્રે તસ્ય કથાવાચ્યા સારોડયમિતિ બુધ્યતામ્ ॥૧૨૯॥

અર્થાત્ : હજુ શ્રીમદ્ ભાગવતની પ્રવૃતિ જ થયેલી નથી. આના કારણે કીર્તનથી આદર નથી. આગળ ઉપર શ્રીભાગવતની કથા કહેવાની છે. કલિયુગમાં આ જ સાર છે એમ જાણવું.

કુલ્પભેદાદ્ધારતાદિ કથયા ન વિરુધ્યતે ।
સર્વજ્ઞત્વાદૃષીણાં હિ શ્રવણાર્થં તથાડડગતિઃ ॥૧૩૦॥

અર્થાત્ : કલ્પનો ભેદ હોવાથી મહાભારતની કથા વગેરે આ કથાથી વિરુદ્ધ નથી. તેમ જ ઋષિઓ સર્વજ્ઞ હોવાથી શ્રવણ માટે અહીં તેમનું આગમન થયું છે.

વિવેચન : કલિમાં સારા ગુણ છે તેવું આગળ કહ્યું છે. શ્રીકૃષ્ણકીર્તન જ મનુષ્યને બંધનમાંથી મુકત કરીને ભગવાનને મેળવી આપે છે.

શ્રીભાગવતના ૧૨ મા સ્કન્ધના ત્રીજા અધ્યાયના ૫૧ મા શ્લોકમાં શ્રીશુકદેવજી કહે છે -

કલેર્દોષનિધે રાજન્નસ્તિ હ્યેકો મહાન્ ગુણઃ ।
કીર્તનાદેવ કૃષ્ણસ્ય મુકતસંગ પરં વ્રજેત્ ॥

અર્થાત્ : હે પરીક્ષિત! આમ તો કલિયુગ દોષોનો ખજાનો છે. આમ છતાં એનામાં એક ગુણ બહુ મોટો છે. આ ગુણ એ છે કે કલિયુગમાં કેવળ ભગવાન શ્રીકૃષ્ણનું સંકીર્તન કરવા માત્રથી બધી આસકિતઓ છૂટી જાય છે અને પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય છે.

પરીક્ષિત સાથે આ જે પ્રસંગ બન્યો તે વખતે શ્રીભાગવતની પ્રવૃત્તિ થઈ ન હતી. શ્રીભાગવતશાસ્ત્રની પ્રવૃત્તિ થાય તો જ શ્રીકૃષ્ણનાં કીતર્ન વગેરે થાય. આથી પ્રવૃત્તિ ન થાય ત્યાં સુધી કીર્તન વગેરેમાં આદર હોતો નથી. અને કીર્તનનો આદર ન હોય ત્યાં સુધી ભગવાનની પ્રાપ્તિ થતી નથી.

આ પ્રથમ સ્કંધમાં શ્રીભાગવતની પ્રવૃત્તિ થઈ તે પહેલાનું વર્ણન છે. આથી કલિની ઉત્તમતા બતાવતા તે ગુણને મુખ્યતઃ કહ્યો નથી. છેલ્લા બારમાં સ્કંધમાં તે કથા કહેવાશે. આ વખતે કલિના તે ઉત્તમ ગુણનું વર્ણન થશે. કલિનો આ જ ઉત્તમ ગુણ છે એવો સિદ્ધાંતસાર સમજવો. કલિ સ્વભાવથી દુષ્ટ છે. આથી રાજાને શમીકઋષિની છેડતીની મતિ થઈ. પણ કલિ ગુણથી ઉત્કૃષ્ટ છે પરિણામે સરવાળે મોક્ષરૂપ સારું ફલ મળ્યું છે.

પરીક્ષિતજી ઉત્તમ છે તેવું નિરૂપણ શ્રીભાગવતમાં છે. મહાભારતમાં પરીક્ષિતજીને ઉત્તમ કહ્યા નથી. આથી પ્રશ્ન થાય કે શ્રીભાગવતની પ્રવૃતિ ઉતમ કઈ રીતે કહેવાય. શ્રી મહાપ્રભુજી ૧૩૦ મી કારિકામાં આનું સમાધાન કરતાં કહે છે કે શ્રીમદ્ભાગવતની કથા સારસ્વત કલ્પની છે. જયારે મહાભારતની કથા શ્વેતવારાહ કલ્પની છે (આપણે બધા અત્યારે શ્વેત વરાહ કલ્પમાં છીએ). આમ જુદા જુદા કલ્પની કથા હોવાથી શ્રીભાગવતની કથા મહાભારતની કથાથી વિરુદ્ધ નથી-ઋષિઓ સર્વજ્ઞ છે. તેઓ જાણે છે કે શુકદેવજી કયાં અને કયારે પરીક્ષિતને શ્રીભાગવત સંભળાવશે.

આથી તેઓ યોગ્ય સમયે જયાં કથા થવાની છે ત્યાં પોતાની મેળે આવ્યા છે. આ ઓગણીસમા અધ્યાયનો અર્થ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે વ્યાસજી અને નારદજી તો મધ્યમ અધિકારી છે. આથી અહીં આવવા જોઈએ નહીં છતાં પણ સાંભળવા કેમ આવ્યા? શ્રીમહાપ્રભુજી એનું નિરાકરણ આગલી કારિકાથી આ રીતે કરે છે.

વ્યાસનારદયોશ્ચૈવ તત્પ્રવૃતિ દિદૃક્ષયા ।
અવિરક્તેર્મધ્યમત્ત્વાદ્રામસ્ય ક્રિયયાઽઽગતિઃ ।।૧૩૧।।

અર્થાત્ : વ્યાસજી અને નારદજી તેમની પ્રવૃતિ જોવાની ઈચ્છાથી પધારેલા છે. પણ તેમનામાં દૃઢ વૈરાગ્ય નથી તેથી મધ્યમ અધિકારીપણું છે. પરશુરામજી પણ પધાર્યા છે.

વિવેચન : આગળ જોયું તે પ્રમાણે ઋષિઓ સર્વજ્ઞ છે. નારદજી દેવર્ષિ છે. વ્યાસજી મહર્ષિ છે. આથી આ બંને પણ જાણે છે કે શુકદેવજી પરીક્ષિતને શ્રીભાગવત કથાનું શ્રવણ કયાં કરાવશે અને કયારે કરાવશે. આથી બંને પોતાની મેળે જ કથા સ્થળે આવ્યા છે. રાજા માટે દયા છે તેથી નથી આવ્યા. તેમને શ્રીભાગવતની પ્રવૃત્તિ જોવાની ઈચ્છા છે. શુકદેવજી પરીક્ષિતને કથા કહેશે તે જોવાની ઈચ્છા છે. ૧૯ મા અધ્યાયમાં કયા કયા ઋષિઓ પધાર્યા તેનું વર્ણન છે.

અત્રિર્વસિષ્ઠશ્ચ્યવનઃ શરદ્વાનરિષ્ટનેમિર્ભૃગુરંગિરાશ્ચ ।
પરાશરોગાધિસુતોઽથ રામઉતથ્યઈન્દ્રપ્રમદેધ્મવાહૌ ।।૯।।
મેધાતિથિર્દેવલ આર્ષ્ટિષેણો ભારદ્વાજો ગૌતમઃ પિપ્પલાદઃ।
મૈત્રેયઔર્વઃ કવષઃ કુંભયોનિર્દ્વૈપાયનો ભગવાન્નારદશ્ચ ।।૧૦।।
અન્યે ચ દેવર્ષિબ્રહ્મર્ષિવર્યા, રાજર્ષિપર્યા અરુણાદયશ્ચ ।
નાનાર્ષેયપ્રવરાન્ સમતોનભ્યર્ચ્ય રાજા શિરસા વવન્દે ।।૧૧।।

અત્રિ, વસિષ્ઠ, ચ્યવન, શરદ્વાન્, અરિષ્ટનેમિ, ભૃગુ, અંગિરા, પરાશર, વિશ્વામિત્ર, પરશુરામ, ઉતથ્ય, ઈન્દ્રપ્રમદ, ઈદમવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભારદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કવષ, અગસ્ત્ય, ભગવાન વ્યાસ, નારદ, અરુણાદિ વગેરે.

નારદજી અને વ્યાસજીનો તો મધ્યમ અધિકાર છે. કારણ બંનેમાં વૈરાગ્યની મુખ્યતા નથી. દૃઢતા નથી. શરૂઆતમાં આ બધું વિવેચન આપણે મધ્યમ અધિકારના વર્ણનમાં જોઈ ગયા છીએ. આથી બંને શ્રીભાગવતની ઉત્પત્તિના કારણરૂપ નથી છતાં બંને આવ્યા છે.

શ્રીઠાકોરજીના કેટલાક અવતારો આવેશ છે. કેટલાક જ્ઞાનશકિતના અવતારો છે. કેટલા ક્રિયાશકિતના અવતારો છે. આ પૈકી પરશુરામજી ભગવાનની ક્રિયાશકિતનો અવતાર છે. ભગવાનમાં જ્ઞાન અને ક્રિયાશકિત ઉભય બિરાજે છે. શ્રીભાગવત ભગવાનનું નામાત્મક સ્વરૂપ હોવાથી શ્રીભાગવતમાં પણ ક્રિયા અને જ્ઞાનશકિત બંને છે. આથી ભગવાનની ક્રિયાશકિતના અવતાર પરશુરામજી પણ શ્રીભાગવતનું શ્રવણ કરવા આવે તે ઉચિત જ છે.

બધો જ વિચાર કરીએ કે બધાનો વિચાર કરીએ તો એક વસ્તુ નિશ્ચિત છે કે પ્રભુ જ ઉત્તમ છે. આગળ બધા ઋષિઓની વાત કરી તે બધા ભગવાનના અંશ જ છે. તો પછી તે બધા શુકની જેમ જ ઉત્તમ કહેવાય ને? આ શંકાનું નિરાકરણ કરતાં શ્રીમહાપ્રભુજી આગળની કારિકા સમજાવે છે.

શુકઃ શિવસ્તતોઽપ્યેવમીશ્વરાજજ્ઞાન સંસ્થિતઃ ।
એતદર્થં હિ ભગવાનવતીર્ણો વૃષધ્વજઃ ।।૧૩૨।।

અર્થાત્ : શુકદેવજી એ શિવજી જ. એમાંય શિવજી પાસેથી પ્રાપ્ત થયેલ જ્ઞાન સારી રીતે ટકી શકે, તે માટે જ વૃષભધ્વજ ભગવાન અવતર્યા.

દ્વાત્રિંશલ્લક્ષણૈર્યુકતો ભકતાનાં સુરપાદપઃ ।
તત્ર પ્રશ્નદ્વયં લોકે સર્વદોષમૃતિક્રમાત્ ।।૧૩૩।।

અર્થાત્ : આ શિવજી બત્રીસ લક્ષણોથી યુક્ત તથા ભકતોના કલ્પવૃક્ષ રૂપ છે. લોકમાં હંમેશા અને મરણ સમયે એ ક્રમથી પરીક્ષિત રાજાએ બે પ્રશ્નો પૂછ્યા છે.

વિવેચન : આમ તો ભગવાન જ ઉત્તમ છે. બધા ભગવાનના જ અંશો છે. તો પછી અમુક પુરુષમાં અલૌકિક ધર્મો વધારે છે કે અમુકમાં ઓછા છે, આવો વિચાર શા માટે કરવો? જો શુક વકતા થાય તો વ્યાસ કેમ નહીં? શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શુક શિવ છે. તે પણ ભગવાનના ગુણાવતાર છે. આથી તે ઉત્તમ છે. વળી તે બ્રહ્મના જ્ઞાનવાળા છે. આમ લૌકિક રીતે

પણ તે ચઢિયાતા છે. શુકદેવજી વકતા બન્યા તેનું બીજું પણ કારણ એ છે કે ઈશ્વર પાસેથી પ્રાપ્ત કરેલું જ્ઞાન સારી રીતે ટકે છે. ઈશ્વર ન હોય તેમની પાસેથી પ્રાપ્ત કરેલું જ્ઞાન માયા વગેરેથી જતું રહે છે.

શિવજી એ શ્રીભાગવતની પ્રવૃત્તિ કરાવવા જ શુક તરીકે અવતાર લીધો છે. ભગવાન શ્રીકૃષ્ણે સર્વને મુકિત આપવા અવતાર લીધેલો. તે જ્યારે ભૂતળ ઉપરથી પધારી ગયા, ત્યારે પોતાના સ્થાને શિવજીને મૂકતા ગયા. તેથી શુક તરીકે શિવનો અવતાર થયો છે. તે ભાગવતની પ્રવૃતિ કરાવવા માટે જ છે. કાશીમાં બિરાજીને શિવજી જ્ઞાનનો ઉપદેશ કરે છે અને તે રીતે મુકિત કરે છે. છતાં વૃષધ્વજ થવા શુક તરીકે અવતાર લીધો. વૃષ એટલે વૃષભ. વૃષભ ધર્મનું ચિહ્ન છે. વૃષભ (બળદ) ને પગમાં બે ખરી છે. તે વિચાર અને આચાર બંનેનું દ્યોતક છે. ધર્મમાં એકલો વિચાર ન ચાલે. આચરણ પણ જોઈએ. (અધર્મ માટે ખર (ગધેડા) નું પ્રતિક છે. તેમાં એક જ ખરી છે. અર્થાત્ માત્ર વિચાર છે. આચરણ નથી). આમ વૃષ એટલે ધર્મને પોતાની ધજામાં સ્થાન આપવા શંકરજીએ શુક તરીકે અવતાર લીધો. આનાથી હવે ધર્મના પ્રકારે પણ સર્વને મુકિત પ્રાપ્ત કરાવી શકે. કુર્મપુરાણમાં કહ્યું છે દ્વૈપાયનાચ્છુકો જજ્ઞે ભગવાનેવ શંકરઃ અર્થાત્ ભગવાન શંકર જ દ્વૈપાયનથી શુકદેવજી તરીકે પ્રગટ થયા. શુકદેવજી માટે આવું પ્રમાણ હોવા છતાં લક્ષણોથી પણ શુકદેવજી મહાપુરુષ છે. તેઓ બત્રીસ લક્ષણવાળા છે. આ લક્ષણો વ્યકત અને અવ્યકત મળી આ પ્રકારે છે. (૧) સર્વત્ર બિરાજવું. સ્વેચ્છાથી ગમે ત્યાં પ્રકટ થઈ શકવાનું સામર્થ્ય (૨) છ ગુણ (૩) ભગવદીયપણું (૪) સ્વેચ્છાથી લીલા કરવી (૫) નિરપેક્ષ (૬) નિરોભાવ (૭) આત્મલાભ (૮) સંતોષ. આ અંતઃ સ્થિત આઠ ગુણો છે.

બાહ્ય સ્થિત ગુણો (૧ અને ૨) બે આઠ, સોળ વર્ષનું વય. (૩) સુકુમાર પાદ (૪) કર (૫) ઉરુ (૬) બાહુ (૭) ખભા (૮) ગાલ (૯) સુંદર વિશાલ લોચન (૧૦) ઉંચી નાસિકા (૧૧) માન કર્ણ (૧૨) સુંદર ભ્રૂકુટીવાળું મુખ (૧૩) શંખ જેવો કંઠ (૧૪) ઢંકાયેલા હાંસડીના હાડકાં (૧૫) વિશાલ વક્ષઃ સ્થલ (૧૬) ગોળ નાભિ (૧૭) પીપળાના પાન જેવું ઉદર (૧૮) ગૂઢચિહન (૧૯) મુખની આસપાસ વિખરાયેલા કેશ (૨૦) આજાનુ બાહુ (૨૧) ભગવાન વિષ્ણુ જેવી શોભા (૨૨) શ્યામ વર્ણ (૨૩) અતિ સુંદર તારુણ્ય (૨૪) મુખ પર રુચિર સ્મિત.

પહેલાનાં આઠ અને આ ચોવીસ મળી કુલ બત્રીસ લક્ષણા શુકજી ભકતો માટે કલ્પવૃક્ષ સમાન છે.

પરીક્ષિતજીએ ગંગા કિનારે આમરણાંત ઉપવાસ આદર્યા, ત્યારે તેમની પાસે આવવા શુકદેવજી પધાર્યા. આ વખતે રાજાએ તેમને બે પ્રશ્નો પૂછ્યા.

અતઃ પૃચ્છામિ સંસિદ્ધિં યોગિનાં પરમં ગુરુમ્ ।
પુરુષસ્યેહ યત્કાર્યં મ્રિયમાણસ્ય સર્વથા ॥૧-૧૯-૩૭॥
યચ્છ્રોતવ્યમથો જપ્યં યત્કર્તવ્યં નૃભિઃ પ્રભો ।
સ્મર્તવ્યં ભજનીયં વા બ્રૂહિ યદ્વા વિપર્યયમ્ ॥૧-૧૯-૩૮॥

પરીક્ષિતજી કહે છે કે હું આપને પરમસિદ્ધિના સ્વરુપ અને સાધનના સંબંધે પ્રશ્ન કરું છું કે જે મનુષ્ય મરણાસન્ન છે (મૃત્યુની નજીક છે) તેણે શું કરવું જોઈએ?

ભગવન, સાથે એ પણ કહો કે મનુષ્ય માત્રે શું કરવું જોઈએ? તે કોનું શ્રવણ, જપ, સ્મરણ અને ભજન કરે? કોનો ત્યાગ કરે?

આમ પરીક્ષિતજીએ ગંગાતીરે શુકદેવજીને બે પ્રશ્નો પૂછયા છે. (૧) મૃત્યુ સમયે મનુષ્યે શું કરવું જોઈએ? (૨) મનુષ્યે હંમેશ શું કરવું જોઈએ?

પ્રથમ સ્કન્ધ અહીં સંપન્ન થયો.

◆

શ્રી ભાગવતાર્થ પ્રકરણના લેખન માટે ઋણ સ્વીકાર

(૧) પ. ભ. શ્રી વસંતબેનનો જેમના હૃદયમાં શ્રીમહાપ્રભુજીએ બિરાજી મને 'વૈષ્ણવપરિવાર' માટે 'શ્રીભાગવતાર્થપ્રકરણ'ના લેખન માટે આજ્ઞા કરી.

(૨) શ્રીહરસાનીજી ટ્રસ્ટ અને તેના સર્વે સદસ્યોનો જેમણે આ લેખોને ભેટ પુસ્તકનું સ્વરૂપ આપ્યું.

(૩) પૂજ્ય શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી(નડિયાદ) નો જેમણે ભરૂચમાં 'શ્રી ભાગવત પરિવાર' શરૂ કરી મને શ્રીભાગવતાર્થપ્રકરણમાં રસ લેતો કર્યો. આપે લખેલ 'શ્રી ભાગવત રસાસ્વાદ' નો જેણે મને સ્પષ્ટ સમજ આપી.

(૪) પ. ભ. શ્રી પ્રદ્યુમ્નભાઈ શાસ્ત્રીજી, પ. ભ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજી, પ.ભ. શ્રી નિરંજનભાઈ શાસ્ત્રીજી તથા ગો.વા. શ્રી રમણલાલ શાસ્ત્રીજી (ગોકુલ) જેઓ અવારનવાર મને પ્રેરણાના પીયૂષ પાતા રહ્યા.

(૫) ભરૂચનો શ્રીભાગવત પરિવાર જે અદ્યપિ પર્યંત મારા ભાવનું પોષણ કરી રહ્યો છે.

(૬) 'વૈષ્ણવ પરિવાર' ની સાથે સંકળાયેલ વિશાળ વાચક વર્ગ તથા દેશ-પરદેશના વૈષ્ણવો જે મારા આ લેખોને વાંચી મને પ્રોત્સાહિત કરતા રહ્યા છે.

(૭) સૌ. વર્ષા જે મને મારા પ્રથમ લેખથી જ મદદરૂપ બનતી રહી છે.

(૮) મને માર્ગદર્શન આપનારાં પુસ્તકો

(અ) શ્રીમદ્ ભાગવતાર્થ પ્રકરણ-પ્રકાશક પ. ભ. શ્રી પૂનમચંદ સાંકળચંદ દોશી. શુદ્ધાદ્વૈત સંસદ-અનુવાદક પ.ભ. શ્રી કેશવરામ કા. શાસ્ત્રીજી

(બ) શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત તત્ત્વાર્થદીપ નિબંધે શ્રીભાગવતાર્થપ્રકરણ(ગુજરાતી અનુવાદ) અનુવાદક પ.ભ. નાનુલાલ નારાયણદાસ ગાંધી.

પ્રકાશક : શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડિયાદ

(૯) આ બંને પુસ્તકો મને ભેટ આપનાર વૈષ્ણવરત્ન પ. ભ. શ્રી વૈકુંઠભાઈ ભગતનો.

- પીયૂષ પરીખ